ॐ अर्हम्

卐 શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ 卐

# શ્રી આરાધનાદિ સાર સંગ્રહ

(માનવ જીવનની અમૂલ્ય આરાધના કરાવી
શિવસુખ પ્રાપક અપૂર્વ માર્ગદર્શિકા)

★

પૂ૦ પ્રવર્ત્તિની સા૦ શ્રી ગુણશ્રીજી મ૦ શ્રીના શિષ્યા સા૦
શ્રી રાજેન્દ્રજી તથા સા૦ શ્રી પ્રવીણશ્રીજીના ઉપદેશથી

★

પ્રકાશક

પંડિત છબીલદાસ કેસરીચંદ

દાનવીર શેઠ ભુલાખીદાસ નાનચંદ સંસ્થાપિત
શ્રી સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા—ખંભાત

વીર૦ સં૦ ૨૪૭૪] અમૂલ્ય [વિ૦ સં૦ ૨૦૦૪

અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ, ગવાડા દરવાજા પાસે : ખંભાત

ॐ अर्हम्

卐 શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ 卐

# શ્રી આરાધનાદિ સાર સંગ્રહ

(માનવ જીવનની અમૂલ્ય આરાધના કરાવી
શિવસુખ પ્રાપક અપૂર્વ માર્ગદર્શિકા)

★

પૂ૦ પ્રવર્ત્તિની સા૦ શ્રી ગુણશ્રીજી મ૦ શ્રીના શિષ્યા સા૦
શ્રી રાજેન્દ્રશ્રીજી તથા સા૦ શ્રી પ્રવીણાશ્રીજીના ઉપદેશથી

★

પ્રકાશક
પંડિત છબીલદાસ કેસરીચંદ
દાનવીર શેઠ ભુલાભીદાસ નાનચંદ સંસ્થાપિત
શ્રી સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા—ખંભાત

વીર૦ સં૦ ૨૪૭૪] અમૂલ્ય [વિ૦ સં૦ ૨૦૦૪

અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ, ગવાડા દરવાજા પાસે : ખંભાત

પૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી સૌભાગ્યશ્રીજી મ. ના શીષ્યા સા. ગુલાબશ્રીજી મ. તેમના શીષ્યા સા. ગુણશ્રીજી મ. ના શીષ્યા સા. ધરણેંદ્રશ્રીજી તથા સા. પ્રવિણાશ્રીજીના સદ્દુપદેશથી વેજલપુર (સ્ટેશન ખરસાલીઆ) નીવાસી ગાંધી કાન્તિલાલ વાડીલાલના ધર્મપત્ની ચંદનબેન તરફથી સ્વર્ગસ્થ પૂ. ગુણશ્રીજી મ. ના સ્મરણાર્થે ભેટ.

પ્રવર્ત્તિની સાધ્વીજી શ્રી સૌભાગ્યશ્રીજીનાં શિષ્યા

સાધ્વીજી ગુલાબશ્રીજીનાં શિષ્યા

## સાધ્વીજી શ્રી ગુણશ્રીજી મહારાજ.



જન્મ સં. ૧૯૪૫ ના શ્રાવણ વદી ૬ ખંભાત

દીક્ષા સં. ૧૯૬૨ ના માગશર સુદી ૧૧ અમદાવાદ.

સ્વર્ગવાસ સં. ૨૦૦૧ ના અષાડ વદી ૪ વેજલપુર

# સરલ સ્વભાવી શુદ્ધશ્રદ્ધાવંત સાધ્વીજી મહારાજ શ્રી

## ગુણશ્રીજી મહારાજશ્રીના જીવનનો ટુંક પરિચય

### જન્મ સ્થાન

૪૫ લાખ યોજન પ્રમાણુ માનવભૂમિના સારભૂત ભારતવર્ષ, તેમાં સારભૂત ગુજરાત પ્રદેશ તેમાં પણ અનેરા સારભૂત ખંભાત (સ્તંભતીર્થ) શહેર કે જે પ્રાચીનતાની પ્રતિમા અને પૂર્વકાલીન જૈનોના અપૂર્વ ગૌરવવાલી ભૂમિ છે. જ્યાં વસ્તુપાલ તેજપાલ નામે મહા મંત્રીઓ અને પૂજ્યપાદ હેમચંદ્રસૂરિજી તેમજ મહારાજા કુમારપાલની અપૂર્વ છાયા ફેલાયલી હતી અને નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજાએ 'જંયતિહુઅણુ' સ્તોત્રથી પ્રગટ પ્રભાવી સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ કરી હતી વળી અર્વાચીનકાળમાં પણ ૬૫ ગગનચુંબી જિનાલયોથી સુશોભિત એમ અનેક અનેરાં સ્વરૂપવંતુ શહેર છે તેમાં આ મહાન આત્માએ જન્મ લીધો હતો.

### જન્મ કુલ

તેમાંય અનેક ઉતરતા દરજ્જાનાં પણ માનવકુળો હોવાં સ્વભાવિક છે. પરંતુ તેવાં સામાન્ય કુળોમાં જન્મ ધારણ ન કરતાં ઉત્તમોત્તમ દરજ્જાવાળા વીશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં અને તેમાંય સારાય શહેરમાં અગ્રેસરતા ધરાવતા ગાંધી કુટુંબમાં કસ્તુરચંદ જેચંદભાઇને ત્યાં પુતળીબાઇની કુક્ષિરૂપ છીપમાં સ્વાતિ નક્ષત્રના બિંદુના પાકરૂપ સં. ૧૯૪૫ના શ્રાવણ શુદિ ૬ને શુક્રવારે જન્મ ધારણ કર્યો હતો.

ઉચ્ચકુળ, ઉચ્ચ નીતિ અને ઉચ્ચ વારસાવાળા કુટુંબમાં જન્મ ધારણ કરવો તે પણ મહાન્ પુણ્ય પ્રકૃતિથી જ સાંપડે છે.

### માનવ જન્મની વિશિષ્ટતા

આજે તો પાશ્ચાત્યપ્રજાની દોરવણીથી સંસ્કાર વિભૂષિત આર્યપ્રજામાં ઉતરેલાં કપડાંને ધારણ કરવારૂપ કુસંસ્કારને સંસ્કારિતાપણે

ગણાવી 'અકરૂં કાઢતાં ઉંટ પેસી જવાના' ન્યાયે જોર જમાવી દીધું છે, સ્પૃશ્યાસ્પૃશ્યની ભેળસેળતાનો પવન જોરશોરથી ફુંકાયો છે કે જેથી દરેકમાં કર્મ પરિણામની જુદાશ સગી આંખે જોઇ શકવા છતાં એક લાકડે હાંકવા જેટલી જડતાએ ઘર કરી દીધું છે.

દેવોમાં પણ જુદી જુદી નિકાયો અને નાના મોટા દેવો છે. તિર્યંચોમાં પણ જુદી જુદી જાતનાં પશુપંખીઓ છે કે જેની આપણે ઓછીવત્તી કિંમત આંકીએ જ છીએ તો પછી વિચારક એવી માનવ પ્રજામાં બધાં જ માનવ સરખાં કેમ હોઇ શકે ? અને તેમ નથી જ છતાં તેમ માનવું તે તો " કમળાના દર્દથી ધોળી વસ્તુને પીળી જોવી " તેના જેવી સ્થિતિ છે.

આમ ઉચ્ચ કુટુંબમાં જન્મ ધારણ કરી કુટુંબના વારસાગત ઉચ્ચસંસ્કારો ધારણ કરવા સાથે આત્મિક વિચારશ્રેણીમાં આગળ વધતાં સાંસારિક વાસનાઓથી ઉદ્વિગ્ન થયાં પણ જૈનસાધ્વીપણું એટલે શકરી-બેન માંથી ગુણશ્રીજીપણું મેળવી લેવું તદ્દન સુલભ નહિ હોવાથી તેમને અનિચ્છાએ પણ ખંભાતના જ રહીશ નગીનદાસ ફુલચંદભાઈ સાથે લગ્નગ્રન્થિથી જોડવામાં આવ્યાં. કારણ કે લોકમાં કહેવત પણ છે કે—'યમને દેવાય પણ યતિને ન દેવાય' એ લોકોક્તિ અનાદિ વાસનાજન્ય વિકૃતિને બરાબર સાબિત કરે છે.

આમ છતાં પણ વિરક્ત એવાં શકરીબેન સાંસારિક વમળમાં મુંઝાયાં તો નહિ જ પણ અનેક પ્રકારના વિકટ પ્રયત્નો કરવા છતાં ગુણશ્રીજીપણું ન મળતાં નાસી છુટયાં છેવટે તેમના પિતૃપક્ષની અનુમતિ થતાં અને શ્વશુરપક્ષ પણ પૂ. સૌભાગ્યશ્રીજીની અપૂર્વ વાણી પ્રકાશનમાં અંજાતાં બંનેયની અનુમતિથી પરમપવિત્ર ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી ગુણશ્રીજી નામને શોભાવવા ભાગ્યશાળી બન્યાં અને પૂ. સૌભાગ્યશ્રીજીનાં પંચમ શિષ્યા ગુલાબશ્રીજીનાં શિષ્યા તરીકે જાહેર થયાં દીક્ષાનો દિવસ સં. ૧૯૬૨ ના માગશર શુક્લા એકાદશી (મૌન એકાદશી).

## દીક્ષાની વિશિષ્ટતા

તેમની દીક્ષાની મુખ્ય વિશિષ્ટતા એ હતી કે—દીક્ષા અનુમતિ પૂર્વક થવા છતાં પણ મોહવશ પ્રાણીઓએ તેમના ઉપર તવાઈ લાવતાં તેમને કોર્ટમાં જવાબ આપવો પડયો હતો. અને કોર્ટમાં તેમને સંસારમાં જવા. તેમજ સાંસારિક સુખોની લાલચ આપવા પૂર્વક કોઈ પણ મુશ્કેલી ન પડે તેવી સગવડતા કરી આપવા ઘણું ઘણું સમજાવવામાં આવ્યું અને ઘણા ઘણા ઉલટ સુલટ પ્રશ્નો પણ કર્યા કે તમને શી મુશ્કેલી છે તે ચારિત્ર લેવું પડે છે તેનો તેઓશ્રીએ એવો સુંદર જવાબ આપ્યો કે-જો મને સાંસારિક સુખો ભોગવવાની ઇચ્છાઓ હોય તો અનેક જાતની સગવડ છે જરાય મુશ્કેલી નથી પણ તે ક્ષણધ્વંસી પૌદ્ગલિક સુખને હું સુખ માનતી જ નથી સાચું સુખ જ તેનું નામ છે કે-જે સુખની પાછળ દુખનો લવલેશ પણ ન હોય સાંસારિક સુખની પાછળ દુઃખના મોટા ડુંગરાંઓ જોવા પડે છે તેના કરતાં ચારિત્ર માર્ગનાં મન ગમતાં કષ્ટો વેઠવાં મને અનેક ગણા સુખરૂપ લાગે છે કારણ કે—ઇચ્છા પૂર્વક ભોગવેલાં દુઃખો પરિણામે મહાન્ સુખ આપનાર બને છે વળી જેની પાછળ દુઃખનો સમુદ્ર જોવો પડતો નથી, આવા જવાબથી આખી કોર્ટ છક થઇ ગઈ અને તેમને તેમના મનગમતા સુખમાં મ્હાલવામાં કોઈ આડે આવનાર ન બન્યું.

### સમુદાય

દીક્ષામાં પણ—આવો સુવિહિત સમુદાય તેમજ શાસનસમ્રાટ્ આચાર્ય શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મહારાજશ્રીનું આજ્ઞાનુવર્તીપણું પામી પોતાના આત્માને અહોભાગ્ય માનવા લાગ્યાં અને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પ્રવૃત્તિમાં આગળ વધવા લાગ્યાં જેથી તેમના પૂ. ગુરુણીજી મ. શ્રીનો અનહદ પ્રેમ વધતો હતો. અને પૂ. ચરિત્ર-નાયિકા પણ ગુરુણીજી આદિનાં વિનય વૈયાવચ્ચમાં તલ્લીન રહેતાં

હતાં. આ રીતે તેઓ પૂ. ગુરુણીજી સાથે વિહાર કરી પાલીતાણા— ગિરિરાજની છાયામાં આવી યાત્રા કરી તે ચાતુર્માસ પાલીતાણામાં કર્યું એમ તેઓશ્રીનાં ચાતુર્માસની યાદી જુદી આપવામાં આવશે અહીં માત્ર તેઓશ્રીનાં વિશિષ્ટ કાર્યોની જ નોંધ લઈશું,

પૂ. ચરિત્રનાયિકાએ જે પૂ. સાધ્વીશ્રી સૌભાગ્યશ્રીજી પાસે દીક્ષા લીધી હતી તેમનું જીવન ઘણું ઉચ્ચ કોટિનું રસિક અને પ્રૌઢતા-ભર્યું છે. જેમણે જૈનશાસનનાં મહાન્ કાર્યો એવાં સુંદર રીતે કર્યાં છે કે જે સારા સાધુ મહાત્મા માટે પણ કઠીન છે જેથી તેમની જીવન રેખા ખંભાત તેમજ બીજાં અનેક ક્ષેત્રોના હૃદયમાં હજુ સુધી પણ અનેરી છાપ પડી રહી છે.

પૂ. ચરિત્રનાયિકાની પૂર્વાવસ્થારૂપ સકરીબેનના સંબંધીઓમાં—તેઓશ્રીનાં ચાર ભાઈઓ ૧ ભીખાભાઈ ૨ મોતીલાલ ૩ જેઠાલાલ જંબુભાઈ અને ત્રણ બ્હેનો ૧ સાંકુબેન ૨ શંકરીબેન ૩ બાબરીબેન.

આમ તેઓશ્રીનું મોટું કુટુંબ હતું અને ખૂબ ધર્મ ચુસ્ત હતું અને સારાય ખંભાત શહેરમાં ઉચ્ચ આદર્શ ધરાવતું હતું જેથી ખાનદાનીયત, ઉચ્ચ સંસ્કાર ઉચ્ચ પ્રતિષ્ઠા વિગેરે માટે લખવું તે તો પુનરુક્તિ કરવા બરાબર છે. તેમનાં ત્રીજા નંબરનાં બાબરી બ્હેને પણ નાની ઉમરમાં વિધવા પણું પ્રાપ્ત થવાથી આંતરિક વૈરાગ્યરંગની ખીલવટ થતાં તેમની જ પાસે દીક્ષા લઈ તેમના ત્રીજા નંબરના શિષ્યા તરીકે ચંદ્રશ્રીજી નામ ધારણ કર્યું હતું.

જૈન સાધ્વી થવું એ એટલું બધું સ્હેલું નથી કે વેશ પહેરવાથી પતી જાય હંમેશાં ઉઘાડા પગે રહેવું, ટાઢ તાપ સહન કરવાં, સદાને માટે પગે ચાલી વિહાર કરવા, ભિક્ષાવૃત્તિથી શરીર ટકાવવું, ત્યાગ તપશ્ચર્યાનું પાલન કરવું, ગમે તેવા સંજોગોમાં પણ કડકમાં કડક ગુરુઆજ્ઞા શિરોમાન્ય કરવી, છ છ મહીને લોચાદિ કરાવવા આમ અનેક જાતનાં કષ્ટો સ્વેચ્છાએ સ્વીકારવાથી જ જૈન સાધ્વી તરીકેની લાયકાત આવે છે.

## ગુણબીજ

આ બધા ગુણોનું બીજ બાલ્યવયથી જ તેમનામાં જણાતું હતું તેમ ન હોય તો મોટી ઉંમરે પણ આવે જ ક્યાંથી! પણ બાલ્યવયમાં આચ્છાદિત રહેલા તે ગુણો આવરણ જતાં ખીલી નીકળે ૨૫ વર્ષે મહાન્ વિદ્વત્તા મેળવનાર બાલક બે વર્ષની ઉંમરે પુરૂં બોલી પણ શકતો નથી તો પછી વાંચતાં લખતાં તો કયાંથી જ આવડે છતાં તેની તે વ્યકિતમાં વખત જતાં કેટલો બધો ફરક પડે છે તો જરૂર કહેવું પડશે કે—"બાલ્યવયના આચ્છાદિત ગુણો જ મોટી ઉંમરે પ્રકાશમાં આવે છે." કદાચ કોઇ એમ કહે કે—"અભ્યાસ અને સત્સંગથી ગુણો આવે છે" તે વાત સ્થૂલ દૃષ્ટિએ ભલે વ્યાજબી લાગે પણ એકાન્તે તે માનવા યોગ્ય ન ગણાય કેમકે અભ્યાસાદિ બધી જ રીતે સરખી સામગ્રીવાળા બે બાળકોમાં એક પહેલે નંબરે જ્યારે બીજો છેલ્લે નંબરે બેસે છે. વખત જતાં એક મહાન્ વિદ્વાન તરીકે જાહેર થાય છે જ્યારે બીજો તદ્દન સામાન્યની પંક્તિમાં પણ મહા-મહેનતે આવે છે એટલે બહારની અભ્યાસાદિ સામગ્રી કરતાં પણ આંતરિક લાયકાત એ જ બંનેના ભેદનું—શક્તિનું મૂળ કારણ છે.

અંદર લાયકાત હોય તો જ મોટી ઉંમરે પણ તે ખીલે 'કુવામાં હોય તો હવાડામાં આવે' તેલ તલમાંથી નીકળે પણ રેતીને ગમે તેટલી પીલવા છતાંયે નહિ જ નીકળે માટે નક્કી થાય છે કે પ્રાણીઓમાં અમુક શક્તિઓ અમુક કાળ સુધી ઢંકાયેલી રહે છે જ્યારે પ્રસંગ આવે ખીલી નીકળે છે વખત જતાં ખીલેલી શક્તિ પણ ઢંકાવાનો પ્રસંગ આવે છે વિદ્વાન્ માણસ પણ મગજની અસ્થિરતા થતાં તદ્દન બુડથલ અને કંટાળાભરેલો બની જાય છે આથી પ્રાણીઓમાં શક્તિઓ ભિન્ન ભિન્ન પ્રકારની છે.

તેમ આપણાં ચરિત્રનાયિકામાં પણ સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રને ઢાંકનાર આવરણ ખસી જતાં આંતરિક આચ્છાદિત શક્તિઓ યોગ્ય પ્રસંગ સાંપડતાં ખીલવા માંડી કે જેની પ્રભાથી શાસન પ્રકાશિત

દેખાવા લાગ્યું. એટલે ગુણશ્રીજી એવા નામને નામ પ્રમાણે જ અપૂર્વ ગુણો કેળવી સાર્થક કરી બતાવ્યું આવું નામ ધારણ કરવાની લાયકાતવાળા કોણ હોઇ શકે તેનો જરા વિચાર કરી લઇએ.

## નામની મહત્તા

શરીર કે કર્મ રહિત શુદ્ધ પવિત્ર આત્માઓને તો કોઈપણ નામોની જરૂરીયાત રહેતી જ નથી પણ આવાં નામો તો શરીર અને કર્મસહિત આત્માઓને જ દુન્યવી વ્યહવારમાં વ્યવહારૂ બનવા માટે જ કોઇને કોઇ નામ ધારણ કરવું પડે છે.

ગુણશ્રીજી એવું નામ વ્યવહાર માટેનું હોવા છતાં તે કંઈક વિશિષ્ટતાભર્યું છે. દુનિયામાં એવાં નામો ભાગ્યે જ પડે છે અને પડે તો કોઇ વિશિષ્ટ લાયકાતવાળા માનવીઓનાં જ પડે છે.

જેનું જેટલું વધારે મહત્વનું સ્થાન તેટલી જ તેમાં સંખ્યાની ઓછાશ. સોનાની કિંમત વધારે છે જ્યારે તેને મેળવવામાં ઘણી મહેનત છે તેમ આવાં નામ ધરાવનાર વ્યકિતઓની કિંમત આંકી શકાય તેમ નથી ત્યારે સંખ્યા બહુ જ અલ્પ હોય તે સ્વભાવિક છે.

એક બાજુ એક હજાર ભિખારીને મૂકો અને બીજી બાજુએ તે હજારેનું બલ્કે સારાયે શહેરને દોરવણી આપનાર અને પાલન કરનાર એક જ વ્યક્તિ મૂકી તુલના કરતાં એક જ વ્યકિતની કિંમત જરૂર વધારે આંકવી જ પડશે. કહેવત પણ છે કે—'સો મરો પણ સોનો પાલનહાર ન મરો' માટે જ બધા માનવો બે પ્રકારના છે. જંગલી અને સામાજિક, સામાજિકમાં–પણ આર્ય અને અનાર્ય આર્યમાં પણ–વંશ પરંપરાગત શુદ્ધિવાળા અને ઈતર, વંશપરંપરાની શુદ્ધિવાળાઓમાં જવાબદારી ઉપાડી શકે તેવા અને બિનજવાબદાર, જવાબદારમાં પણ દુન્યવી જીવનવાળા અને આધ્યાત્મિક જીવનવાળા, આધ્યાત્મિક જીવનવાળાઓમાં સ્વોપકાર સાથે પરોપકારાર્થે જીવન ટકા-વવાવાળા અને કેવળ પરોપકારાર્થે જીવન ટકાવવાવાળા આમ જેમ જેમ

આગળ વધીએ તેમ તેમ ઉંચું સ્થાન આવે જ્યારે સંખ્યા ઘણી ઓછી મળતી જાય.

ઉપર જણાવેલ દરેક સ્થાનમાંથી આધ્યાત્મિક જીવનને સ્વોપકાર સાથે પરોપકારાર્થે જીવનાર ગુણશ્રીજી જેવાં નામ પ્રાપ્ત કરવાની લાયકાત ધરાવી શકે છે.

આ ઉપરથી એમ ખ્યાલ આવશે કે-ગુણશ્રીજી નામની કેટલી મહત્વભરી કિંમત છે. કેટલીયે હદસુધીનાં ઉચ્ચ સ્થાનોને વટાવ્યા બાદ જ ગુણશ્રીજી જેવાં નામ પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે આવાં નામ મેળવવા તો દૂર રહ્યાં પણ જે જીવો પામી શકવા જેટલી યોગ્યતા સુધી પણ આવતા નથી તેવા તો જગતમાં અનેક પ્રાણીઓ છે અને ક્ષણે ક્ષણે અનંત ઉપજે છે અનંત મરે છે માટે તેવા જીવોની તેટલી મહત્તા હોતી નથી કે જેટલી મહત્તા આવાં નામવાળાંઓની હોય છે.

વર્તમાન સમયની આગળ પડતી દરેક સ્ત્રીઓ જેવી કે— દેશસેવિકાઓ,, શેઠાણીઓ, પ્રમુખીઓ, લેડીડોકટરો, લેડીઇન્સપેકટરો, સેક્રેટરીઓ, કવિયત્રીઓ, પ્રતિવ્રતાઓ, બ્રહ્મચારિણીઓ, રાજરાણીઓ, દયાદેવીઓ, ગોરાણીઓ, તાપસીઓ એ બધી કરતાં સાધ્વીજી મહારાજો મહાસતી શિરોમણી ગણાય છે કારણ કે—

પ્રતિવ્રતા સ્ત્રી સતી, સમ્યક્ત્વધારી સતીતર, દેશવિરતીધર સતીતમ અને સર્વ વિરતીધરમાં અતિસતીતમ એટલે મહાસતીપણું છે.

## મહાસતીતમ જૈન સાધ્વીજીનું જીવન

જીવનભર કોઇ પણ પ્રાણીની હિંસા પોતાની ખાતર ન થાય, તેના માટે સતત જાગ્રત રહેવું પોતાના માટે જરૂરી કોઇ પણ વસ્તુનો ઉપયોગ પોતાની જાતે તો હિંસા વિનાની હોય તો જ કરી શકે તડકા અને લોકોના પગફેરથી ખુંદાયેલા રસ્તા અને જમીન ઉપર જ જીવનભર ચાલવાનું અને રહેવાનું, સચિત્ત કોઇ પણ વસ્તુને અડકાય જ નહિ. અડકવાથી તે જીવોને દુઃખ થાય પાણી માટે પણ તેમજ; નદી,

નાળાં, તળાવ, કુવા, વાવ, સમુદ્ર, સામે ભર્યા હોય, નળ વહેતા મૂકયા હોય તો પણ તેના એક ટીપાનોય ઉપયોગ તો શું ! પણ અડાયે નહિ.

ગમે તેવી કડકડતી ટાઢ, હિમ કે બરફથી અંગ ઠુંઠું થઈ જાય તો પણ અગ્નિને અડવાનું, તાપવાનું હોય જ નહિ તો પછી રાંધો લેવાની વાત જ શી ! .

ગમે તેવી ગરમી થાય મુંઝાઇ જવાય તો પણ પંખાનો તો શું ! પણ કાગળ કપડાથીયે પવન ખવાય જ નહિ.

ફળ ફુલ શાક અનાજ વિ. નો જાતે સ્પર્શ કરવાનો હોતો જ નથી. ગમે તેવી ભૂખ લાગી હોય સામે ખોરાક ભરપૂર હોય વૃક્ષો ફળાદિથી લચી પડતાં હોય તો પણ તેને અડાય જ નહિ. માત્ર માલીકે પોતાના માટે તૈયાર કરેલ હોય, અચિત્ત થયા હોય, માલીક પોતાની ઇચ્છાથી જ એટલે કોઇ પણ જાતનો સંકોચ રાખ્યા સિવાય આંપવા તૈયાર હોય તેમ છતાં ગુરુની આજ્ઞા મળી હોય તો જ કામમાં લઇ શકાય.

આમ કોઇ પણ જીવની પોતે હિંસા કરે નહીં પોતાના નિમિત્તે બીજા પાસે કરાવે નહીં અને કરનારના આરંભાદિના કાર્યોમાં સંમત ન થઇ જવાય તેનો પૂરેપૂરો ખ્યાલ રાખે.

રહેજ પણ જૂઠું ગમે તેવા સંજોગોમાંયે બોલે નહીં પોતાના કારણે બીજા પાસે પણ બોલાવે નહીં અને બોલનારમાં સંમત ન થઇ જવાય તેની પૂરેપૂરી સાવચેતી રાખે.

નહીં યાચના કરેલી કોઇ પણ વસ્તુનો પોતે ઉપયોગ કરે નહીં કરાવે નહીં અને કરનારને અનુમોદન આપે નહી.

પુરૂષ જાતિના ગમે તેવા નાના બાળકનો પણ જીવનભર સ્પર્શ નહીં કરવાનો. કારણ કે સ્મરણ માત્રથી પણ બ્રહ્મચર્યનો ભંગ ન થઇ જાય એ માટે આ જાતનાં રક્ષણોથી બ્રહ્મચર્ય પાલન માટે કડકાઇ જાળવવાની હોય છે તો પુરૂષ સહવાસ કે સંસર્ગની વાત જ શી ! બલ્કે જે જગ્યાએ પુરૂષ બેઠેલ હોય તે જગ્યાએ પણ અમુક વખત

સુધી તો બેસાય નહીં. એટલે પોતે અબ્રહ્મસેવન કરે નહીં કરાવે નહીં અને કરનારથી તદ્દન અલગ રહે. એટલે જરાય અનુમોદન અપાઇ ન જાય તેનો ખ્યાલ રાખે.

કોઇ પણ જાતનાં સાંસારિક વૃદ્ધિનાં કારણરૂપ પાઈ પૈસો દાગીના ધન ધાન્ય બાગ બગીચા દાસી દાસાદિ પરિગ્રહ હોય તેને પણ છોડી દેવાના. તો રાખવાની તો વાત જ શી ! એટલે રાખે નહીં રખાવે નહીં અને રાખનાર પ્રત્યે ઉપેક્ષા વૃત્તિ હોય. ખાવાની કે મુખમાં નાખવાની ગમે તેટલી સારી ચીજ હોય, બીજી સવારે મળે તેમ પણ ન હોય છતાં પણ સૂર્યાસ્ત પછી તો તે ચીજ પોતાનીપાસે કે બીજાની પાસે રાખી રખાવી શકાય જ નહીં.

સૂર્યોદય પછી ૪૮ મિનિટ અને સૂર્યાસ્ત પછી તો ગમે તેવા સંજોગોમાં ખોરાક પાણી લેવાય જ નહી.

આમ અનેક ગુણોવાળું જીવન જીવી બતાવવાથી જ જૈન સાધ્વી બની શકાય છે, પણ એકાંતે આત્મહિતકર છે એમ સમજાઇ ગયા પછી આત્મા આ રીતે વણાઇ જ ગયો હોય છે કે જેથી તેને આવું જીવન રસિક લાગે છે.

આમ આપણાં પૂ. ચરિત્રનાયિકા અહિંસા સંયમ અને તપની મૂર્તિ હતાં. ઓછામાં ઓછા સાધુ જીવનને યોગ્ય આ ત્રણ ન હોય તે સાધુ સાધ્વી જ નથી. તો પછી ઉપર બતાવેલ જૈન સાધુ સાધ્વીપણું તો ક્યાંથી જ આવે ! પણ આ તપસ્વીનીમાં તો તે ગુણોની ભાવના પહેલેથી ભરેલી હતી હવે તો ઓટ વિનાની ભરતીરૂપ વિકાસક્રમ ચાલુ થયો હતો અને દિન પ્રતિદિન તે ગુણો ખીલી રહ્યા હતા.

## જીવનની રસિકતા

કોઇ એવી શંકા કરી શકે છે કેઃ—ઉપરની બધી વસ્તુઓ કષ્ટરૂપ હોવાથી આવું જીવન જીવવું તે તો તદ્દન નીરસ, કઠોર અને

પ્રગટ કષ્ટમય ગણાય. એવું જીવન તો જંગલમાં રહેલ ઢોર, પશુ, પંખી પણ જીવે છે તો તેના જીવનને ઉત્તમ શી રીતે ગણાય!

તેના જવાબમાં ખરેખર! અમે પણ તેમ જ કહીયે કે—જો અનિચ્છાએ આવાં કષ્ટો લાદવામાં આવતાં હોય તો તેવું જીવન ઉત્તમ ન જ ગણાય. પણ પરિણામે ફાયદાનું અનુમાન કરવા પૂર્વક પોતાની ઇચ્છાપૂર્વક જ સ્વીકારેલાં તે કષ્ટો દુઃખરૂપ નથી થતાં પણ અનેક ગણાં આનંદરૂપ લાગે છે. દવા લેવી કે ઓપરેશન કરાવવું તે કષ્ટ હોવા છતાં ભવિષ્યના સુખને કારણે આનંદથી કરાવાય છે તેમ અહીં ભવિષ્યનું શાશ્વત સુખ મેળવવા માટે સહન કરેલું કષ્ટ કષ્ટરૂપ ન જ લાગે માટે જ્યાં કષ્ટ હોય ત્યાં જીવન નીરસ હોય તેવું એકાન્તે માનવું જરાય વ્યાજબી નથી.

વળી આ સાધ્વી જીવન બીજા પણ અનેક પ્રકારનાં આનંદ અને રસથી ભરપૂર છે. જેટલો વિદ્યાર્થીઓનાં રસોત્પાદક વિદ્યાભ્યાસમાં કલાકારને કલામાં ને વેપારીને વેપારમાં આનંદ આવે છે કે જે આનંદમાં ખાવાનું પણ ભૂલી જાય છે એટલે દુઃખ પણ સુખરૂપ બને છે તેમ આ જીવનમાં નવીન નવીન જ્ઞાનામૃત અને ઉપદેશામૃતના પાનમાં અને બીજાને તે માર્ગે દોરવામાં બીજાં કષ્ટો લક્ષ્યમાંયે આવતાં નથી. તેમજ ધાર્મિક ઉત્સવો, તીર્થયાત્રાઓ અને ગામેગામ નિસ્વાર્થે ફરતાં મળતા નવીન નવીન અનુભવોમાં આ કષ્ટપૂર્ણ જીવન પણ આનંદ અને રસપૂર્ણ બની સ્વપર કલ્યાણકર બને છે.

આ રીતે આપણાં ચરિત્રનાયિકા ગુણશ્રીજી મહારાજ પોતાનું સુદઢ જીવન ગુરૂમહાજની અપૂર્વ ભક્તિ અને છાયામાં ખીલવી ગુરૂમહારાજની સાથે નવીન નવીન અનુભવ અને જ્ઞાન મેળવવા લાગ્યાં. પણ તે બધા ગુણોમાં તેમણે ગુરૂભક્તિ અને વૈયાવચ્ચનો ગુણ ખૂબ કેળવ્યો તેના એક નમૂના તરીકે ખ્યાલ આપવામાં આવે છે કે-

**'आणाइ धम्मो' આજ્ઞામાં ધર્મ**

એક વખત તેઓશ્રી ખંભાતમાં ગુરૂમહારાજની સાથે હતાં

અને ખંભાતમાં પંડિતનો જોગ ન્હોતો; જ્યારે પૂ. ચંપાશ્રીજી (પૂ. સૌભાગ્યશ્રીજીનાં આદ્ય શિષ્યા જે હાલમાં વયસ્થવિર સર્વોપરસ્થવિર જ્ઞાનસ્થવિર અને અનુભવસ્થવિર છે અને જેમની પાસે પ્રભાશ્રીજી આદિ બહોળો સમુદાય છે) કે જેમને આપણા ચરિત્રનાયિકા દાદી ગુરૂણીજીની સમાનજ માનતાં હતાં તેઓશ્રી પેટલાદમાં ચાતુર્માસ રહેવાનાં હતાં ત્યાં પંડિતનો જોગ સારો હોવાથી ત્યાં જવા માટે દાદી ગુરૂણીજીની આજ્ઞા થતાં તેમનું દીલ ઘણું દુખાયું તેમજ સંગ છોડવો અસહ્ય થઇ પડ્યો છતાં પણ 'आणाए धम्मो' એ જૈન સૂત્ર અનુસરવામાં જ સાચી ગુરૂભક્તિ સમાયલી હોવાથી તેમને દુઃખતે દીલે પણ જવું પડ્યું કેવી અપૂર્વ ભક્તિ !

આજની કેળવણીમાંથી ગુરૂભક્તિ પ્રત્યેની હૃદયની તમન્ના દિનપ્રતિદિન ઉડતી જતી જોવાય છે. કોલેજ શિક્ષણ અને સહશિક્ષણમાં તો એ અંશે પણ જણાતું નથી ગુરૂઓની મશ્કરીઓ જ થતી જણાય છે;

એક વખત રાજનગરની એક સ્કૂલમાં એક વીદ્યાર્થીને માસ્તરે મારતાં તે માસ્તરને અદાલતમાં ઘસડાવા સાથે માફી માગવી પડી હતી અને સ્કૂલમાંથી બરતરફ થવું પડ્યું હતું. જ્યારે પૂર્વના જમાનામાં તો ગુરૂ મારે તે તો સામાન્ય બાબત છે પણ ગમે તેવી મુશ્કેલીભર્યા પ્રસંગોમાં અને ગમે તેવું કડકમાં કડક ફરમાન કરે તો પણ શિષ્ય 'પોતાનું હિતજ હશે' એ શ્રદ્ધાપૂર્વક વિચારણાની રાહ ન જોતાં સ્વીકારી જ લ્યે અને જરૂર તેમાં હિત સમાયલું જ હોય. આમ ગુણશ્રીજી મહારાજ પ્રત્યેની દાદી ગુરૂણીજીની આજ્ઞામાં હિતજ હતું કારણકે યોગ્ય ટાઇમે અભ્યાસાદિ સામગ્રી એકઠી કરવી જરૂરી હતી તેજ કારણે તે આજ્ઞા હતી પણ ગુણશ્રીજી મહારાજે તેવો વિચાર ન મૂકતાં ગુરૂઆજ્ઞા માથે ચડાવી પૂ. ચંપાશ્રીજી ની શીતળ છાયામાં પેટલાદ પધાર્યાં અને જીવનના અમૂલ્ય શણગારરૂપ અભ્યાસ સામગ્રી એકઠી કરી લીધી.

## તીર્થયાત્રા

વળી વિહારમાં તેઓશ્રી દરેકની ખૂબ ખૂબ વૈયાવચ્ચ કરતાં હતાં અને દરેક ઠેકાણેથી નવીન નવીન અનુભવો મેળવ્યે જતાં હતાં તેમાંય સમેતશિખરજી આદિ કલ્યાણક ભૂમિઓની એ વખતની કડક અને ઉગ્ર વિહારથી કરેલ તીર્થયાત્રામાં ખૂબ ખૂબ અનુભવ મેળવતાં અને ભવ્ય જીવોને સુંદર બોધ આપતાં પોતાનું જીવન સુંદર બોધપ્રદ બની ગયું કોઈને પણ કંઈક માંદગી કે તેવા પ્રસંગો હોય કે તેમનું ચિત્ત તો ત્યાંને ત્યાં જ ચોંટી રહે કારણ કે-કોઈનાય સારા કામમાં હું કેમ આવી શકું તે જ એક આંતરિક ભાવના તેમના આત્મામાં વસેલી હતી. ખરેખર માનવજાતમાં તેની જ મોટી જરૂરીયાત છે. નહિતર સામાન્ય પશુપંખીઓનું પુદ્ગલ જેમ કંઈને કંઈ ઉપયોગમાં આવે છે તેમ માનવના પુદ્ગલનો એક પણ અંશ કોયનાય ખપમાં આવતો નથી.

## ગુરૂસેવા

સં, ૧૯૯૫ની સાલના પાલીતાણાના ચાતુર્માસમાં પૂ૦ દાદી ગુરૂણીજીની તબીયત બગડતાં તેમની ભકિતમાં એટલાં બધાં તલ્લીન બની ગયાં હતાં કે-સાચું જીવન જ તે માન્યું હતું. એક ક્ષણ પણ હૃદયમાંથી તેમનો વાસ દૂર થતો ન હતો તેથી જ દાદી ગુરૂણીજીનો પ્રેમ પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બન્યાં હતાં.

આપણે વ્યવહારમાં પણ જોઈએ છીએ કે-દરેક માબાપોને વિનયી અને વિવેકી છોકરાં ઉપર ખૂબ ખૂબ ચાહના થાય છે તેવી જ રીતે આપણાં ચરિત્રનાયિકા ઉપર ગુરૂણીજીને આંતરિક પ્રેમ ઠાલવવા યોગ્ય પાત્ર મળી જતાં જરૂર ઠલવાય.

આમ તેમના સુશ્રૂષાગુણે ગુરૂણીજી તો શું પણ એકે એક વ્યક્તિનો આંતરિક પ્રેમ ખૂબ સારી રીતે સંપાદન કર્યો હતો, એટલે સેવા કરવામાં તો જાણે નવીન દીક્ષિતજ ન હોય તેટલે સુધીની લઘુતા

ધરાવતાં હતાં. અને કોઈનુંય ભલું કરવાની તકને તો જરાય જવા દેતાં જ નહીં.

આવું અપૂર્વ જીવન જીવી શકવા માટે પણ ઘણા ભવોની તૈયારી અને તેને લગતી યોગ્યતાઓ ક્રમે ક્રમે મેળવતાં આવ્યાં હોય એમ ચોક્કસ માની શકાય અને તે બધાંના પ્રતિફરૂપે જ આ જીવન આવું બોધપ્રદ નીવડયું એમ આપણે જરૂર કલ્પી શકીએ.

તેમનાં દરેક દરેક ચાતુર્માસમાં વિશિષ્ટ અને બોધપ્રદ કાર્યો ઘણાં થયાં છે તે બધાંનું વર્ણન કરવું આવશ્યક તો જરૂર છે પણ વિસ્તારના ભયથી વર્ણન કરવાની અશકયતા દિલગીરી સાથે જણાવવી પડે છે.

ગુરૂ મહારાજની તબીયત વધારે ને વધારે બગડી, છેવટે નજ સુધરી અને તેઓશ્રી પાલીતણામાં જ માગશર શુદિ ૯ મે કાળધર્મ પામ્યાં તે વખતે ગુણશ્રીજી મહારાજને તો જાણે મહાન્ આધાર તૂટી પડયો હોય, જાણે મહાન્ વિજળી પડી હોય તેવો આઘાત લાગ્યો અને સૂનસાન બની ગયાં પણ છેવટે જૈનત્વ અને તેમાંય એક અદ્‌ભૂત સાધ્વીત્વ વસેલું હોવાથી શોકમાં જ દિવસો વીતાવવા અનાવસ્યક ગણી પૂ૦ દાદી ગુરૂણીજીનાં અગ્રણી શિષ્યા પૂ૦ ચંપાશ્રીજીની આજ્ઞા શિરોમાન્ય કરી અને ગુરૂણીજીના વિશાલ સાધ્વી સમુદાયને સુંદર રીતે સાચવવા લાગ્યાં અને પોતાના અંતરાત્માનું ગમે તેમ થવા છતાં ગુરૂણીજીની ખોટ (જો કે સૂર્ય વાદળમાં છુપાઇ જતાં પ્રકાશ જરૂર ઝાંખો પડે) બીજાને ન દેખાય તેવી રીતે સાધ્વી સમુદાયની સ્થિરતામાં તત્પર બન્યાં અને શાંતિ નિમિત્તે ઘણાં ગામોમાં અટ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિ સ્નાત્રો કરાવ્યાં.

પૂ૦ ગુણશ્રીજી મહારાજનાં લગભગ ઘણાંખરાં ચાતુર્માસ દાદી ગુરૂણીજીની નિશ્રામાંજ થયાં હતાં અને તેથી જ તેમનામાં સાહજિક અને સાંઘિક ગુણો ખીલી નીકળ્યા હતા, કારણ કે, અનેક

જાતની વિદ્યા અને અનુભવ સંપાદન કરવાનો મુખ્યમાં મુખ્ય રસ્તો ગુરૂની સેવાજ છે કહ્યું પણ છે કેઃ—

**गुरुसुश्रूषया विद्याऽऽ पुष्कलेन धनेन वा ।**
**अथवा विद्यया विद्या, चतुर्थी नोपपद्यते ॥ १ ॥**

આ કહેવતમાં પણ ગુરૂ સેવાનું અગ્રસ્થાન છે લોકમાં કાલીદાસ કવીના સંબંધમાં પણ કહેવાય છે કે તેણે માત્ર કાલી દેવીના પ્રસાદથી જ વિદ્યા પ્રાપ્ત કરી છે. તેથી જ તેનું નામ કાલીનોદાસ -કાલીદાસ પડયું છે સ્યાદ્વાદ શાસ્ત્રોમાં પણ બુદ્ધિ ૪ પ્રકારની બતાવી છે ૧ ઔત્પાતિકી ૨ વૈનયિકી ૩ કાર્મિકી અને ૪ પારિણામિકી આપણાં પૂ૦ ચરિત્રનાયિકા ગુરૂસહયોગમાં તેમજ અનેક જાતના માનવોના સમાગમમાં આવી ચારે જાતની વિદ્યાવંત--અનુભવવંત બની ગયાં હતાં જેથી તેમનું જીવન એક આદર્શ સાધ્વી તરીકે ખીલી નીકળ્યું હતું.

દરેક ગામના વિહાર તથા ચતુર્માસમાં અનેક ભવ્ય જીવોને ઉપદેશ આપી વૈરાગ્યરસિક બનાવ્યા હતા અને કેટલાય મુમુક્ષુ આત્માઓને ચારિત્ર માર્ગમાં જોડયા હતા.

## અંતિમ ચાતુર્માસ

દાદી ગુરૂણીજીની હાજરી દરમ્યાન માત્ર તેમની આજ્ઞાને માથે ચડાવી પંચમહાલ જીલ્લામાં ગોધરા--વેજલપુર ચોમાસું કર્યું હતું અને ચોમાસા દરમ્યાન ત્યાં ઉપધાન વિ. સુંદર શાસન પ્રભાવિક કાર્યો થયાં હતાં વળી તે ભૂમિમાં તો ધર્મનું બીજજ તેમણે રોપ્યું એમ કહીયે તો પણ અતિશયોક્તિરૂપ નથી જ કારણ કે એ પ્રદેશમાં બધા લોકો નિશ્ચય નયને જ વળગી રહેલા હતા જેઓ ક્રિયાને બીલકુલ માનનારા નહોતા તેમને વ્યવહાર નિશ્ચય બંને નયની સમજણ આપવા પૂર્વક સ્યાદ્વાદ માર્ગમાં ખૂબ સ્થિર કર્યા જેથી આજે પણ તે પ્રદેશ પૂ૦ ગુણશ્રીજી મહારાજનો તેમજ તેમના સમુદાયનો ભારોભાર ઉપકાર માની રહ્યો છે. તેમના ગુણોથી

આકર્ષાઈ નિશ્ચય નયની એકાન્ત માન્યતા છડી એટલું જ નહિં પણ તેઓ ક્રિયામાં એટલા બધા જોડાઈ ગયા કે તેમનો જોટો ન મળે અને બહેન ધીરજ બેન, તો ચારિત્ર લેવા સુધીની હદે પહોંચ્યા જેથી આજે તે પ્રદેશનાં ઘણાં સાધ્વીજી મહારાજો તેમનાં જ શિષ્યા પ્રશિષ્યા તરીકે મોજુદ છે.

આ પ્રદેશમાં ધર્મનું વ્હેણ ખૂબ વધી જતાં તેમનો અંતરિક પ્રેમ એટલો વધી ગયો કે જાણે આગાહી રૂપજ ન હોય તેમ છેલ્લું ચાતુર્માસ એકાન્ત શાન્તિ નિમત્તે તે પ્રદેશમ વેજલપુરનું મા૧ય રાખ્યું ખંભાતથી ચાતુર્માસ માટે વિહાર કરી બોરસદ આવતાં તો તેમણે કેટલાંક સાધ્વીજીઓને બોલાવી છેલ્લી છેલ્લી સેમણો પણ કરવા લાગ્યાં ત્યાર બાદ રસ્તામાં ગોધરા સંઘની વિનંતિથી થોડો ટાઇમ ગોધરા રોકાઈ તપશ્ચર્યાદિ અનેક શાસન શોભાનાં કાર્યો કરાવી વેજલપુર પધાર્યા ત્યાં ચાતુર્માસ બેસતાં જ તબીયત નરમ થઈ વેજલપુરના સંઘે તન—મન—ધનથી ખૂબ ખૂબ ઉપચારો કરવા છતાં તબીયત નજ સુધરી આ વખતે આગમોદ્ધારક આ દે. શ્રીમત્સાગરાનંદસૂરીશ્વરજી ના પ્રશિષ્ય પૂ૦ હંસસાગરજી મ. શ્રીએ પોતાના અમૂલ્ય ટાઇમનો સુંદર ભોગ આપી છેલ્લી છેલ્લી નિઝામણા બહુ જ સુંદર રીતે કરાવી તથા સંઘી સમુદાયે પણ ખૂબ ખૂબ અંતિમ ધર્મારાધન કરાવવા સાથે વૈયાવચ્ચ કરી આ વખતે ગોધર ચાતુર્માસ રહેલ ~~પૂ૦ જિનેન્દ્રશ્રીજી~~ આદિ પણ આવી ગુરૂ સેવામાં હાજર થયાં હતાં એમ ત્રણ દિવસ જેટલી ટુંકી માંદગી ભોગવી સં. ૨૦૦૧ ના અષાડ વદી ૪ ના ૧૨ વ.ગતાં કાળધર્મ પામ્યાં.

વેજલપુરના સંઘમાં આવો કોઈ પણ વખત નહિ બનેલો બનાવ બનવાથી બને તેટલી ભક્તિ કરી જ લેવી આ આશયથી ઘણી

સામગ્રીઓ તૈયાર કરી, પાલખી શણગારી તેમાં પધરાવવામાં આવ્યાં અને અંતિમ કાર્યમાં જોઈતું કીનખાબ, ચંદન, પરચુરણ, પૈસા, ચોખા, બદામ, કાપડ વિ. કોઈ પણ વસ્તુ ખરીદી કરીને લાવવી જ પડી નથી સંઘના દરેક વ્યક્તિએ બધી વસ્તુ ઘરમાંથી કાઢી એટલું જ નહિ પણ દરેક ક્રિયાની ઉછામણી બોલાવવામાં આવી હતી અને બેન્ડ વાજાંના ગંભીર નાદ સાથે તેઓશ્રીની અંતિમ ક્રિયા કરી. જે જગ્યામાં અગ્નિ સંસ્કાર કર્યો તે જગ્યા પંચની હતી ત્યાં દેરી પગલાં પધરાવવાનું નક્કી થયું છે ઉછામણીમાં લગભગ બે હજાર મણ ઘી થયું હતું આ બધાં કાર્યોમાં પૂ૦ ગુરુશ્રીજીનાં શિષ્યા પ્રવિણાશ્રીજીના સંસારીભાઈ નગીનદાસ વાડીલાલ નાથજીભાઈનું અગ્રસ્થાન હતું આ પ્રસંગે ગોધરા સંઘ તથા ખંભાતથી પૂ૦ ગુરુ-શ્રીજીના સંસારી બધુ ગાંધી ભીખાભાઈ આદિ ખંભાતનો સંઘ આવી પહોંચ્યો હતો.

આ નિમિત્તે વેજલપુર, ગોધરા, ખંભાત, લુણાવાડા, સુરત વિ. ઘણા ગામના સંઘોએ અટ્ઠાઈ મહોત્સવો કર્યા હતા.

તેમની પાસે અનેક મુમુક્ષુ આત્માઓએ તેમાં પણ મુખ્યત્વે ઘણી ખરી કુમારિકાઓએ ઉચ્ચતમ વૈરાગ્યરંગને પ્રાપ્ત કરી ચારિત્ર અંગીકાર કર્યું છે તેમનું લિષ્ટ જુદું આપવામાં આવ્યું છે.

## પૂ૦ ગુણશ્રીજી મ. શ્રીના શિષ્યા પ્રશિષ્યાદિ પરિવારનું યંત્ર

| નંબર | સંસારી નામ | જન્મ સ્થાન | દીક્ષા સ્થળ | નામ | સાલ |
|---|---|---|---|---|---|
| ૧ | ચંચલમન. | ખંભાત | ખંભાત | જયંતશ્રીજી | ૧૯૭૯ |
| ૨ | નાનીબેન | ” | વત્રા | નંદનશ્રીજી | ૧૯૮૩ |
| ૩ | બાબરી બેન | ” | ખંભાત | ચંદ્રશ્રીજી | ” |
| ૪ | રવા બેન | ” | ” | રાજેન્દ્રશ્રીજી | ૧૯૮૮ |
| ૫ | જશીબેન | ” | ” | જિતેન્દ્રશ્રીજી | ” |
| ૬ | ધીરજબેન | વેજલપુર | પાલીતાણા | ધર્મેન્દ્રશ્રીજી | ૧૯૯૧ |
| ૭ | પ્રભાવતી | ” | ઉમરાલા | પ્રવિણાશ્રીજી | ૧૯૯૨ |
| ૮ | ગજરાબેન | નવસારી | નવસારી | સૂર્યપ્રભાશ્રીજી | ૧૯૯૭ |
| ૯ | મરઘાબેન | બોટાદ | બોટાદ | મૃગાવતીશ્રીજી | ૨૦૦૦ |

### વિશેષ હકીકત

૧ નાની ઉંમરમાં વિધવા થયેલ દીક્ષા લઈ થોડાજ ટાઇમમાં કાળ ધર્મ પામેલ.

૨ ચરિત્રનાયિકાનાં સંસારી ભાણેજ થાય

૩ કર્મગ્રંથાદિનાં સારાં અભ્યાસી નાની ઉંમરમાં વિધવા થયેલ.

૪ વિધવા થયેલાં—જેઓશ્રી હાલમાં સારાય સમુદાયને સાચવી રહ્યાં છે. અને પૂ૦ ગુણશ્રીજી મ. શ્રીની ખોટ પરે તેમ છે.

૫ વિધવા થયેલાં—પૂ૦ રાજેન્દ્રશ્રીજી મ. ના મદદનીશ અને બંનેએ સાથે જ દીક્ષા લીધેલી.

૬ ” દ્રવ્યાનું યોગનાં સારાં અભ્યાસી.

૭ સૌભાગ્યવતી—દીક્ષા લેવામાં ઘણાં ઘણાં કષ્ટ વેઠેલ છેવટે સ્વહસ્તે વેશ ધારણ કરેલ સારા અભ્યાસી અને સમુદાયમાં મદદનીશ છે.

૮ જે પતિ પત્નીએ સાથે ચારિત્ર અંગીકાર કરેલ.

૯ વિધવા થયેલાં—અનુભવશીલ.

## પ્રશિષ્યાઓનું લીસ્ટ

કોનાં શિષ્યા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | કાન્તાબેન | ખંભાત | ખંભાત | કંચનશ્રીજી | ૧૯૮૮ | ચંદ્રશ્રીજીનાં |
| ૧૧ | સુભદ્રાબેન | ” | ” | સુદર્શનશ્રીજી | ૧૯૯૧ | ” |
| ૧૨ | કમળાબેન | ” | ” | કીર્તિશ્રીજી | ” | જિનેન્દ્રજીનાં |
| ૧૩ | કાન્તાબેન | ” | ” | કુસુમશ્રીજી | ” | ચંદ્રશ્રીજીનાં |
| ૧૪ | જેઠીબેન | વેજલપુર | પાલીતાણા | જસવંતશ્રી | ” | ધરણેન્દ્રશ્રીજી |
| ૧૫ | કંચનબેન | ” | ” | કવીન્દ્રશ્રીજી | ” | જસવંતશ્રીજી |
| ૧૬ | ચંદ્રાબેન | ” | કપડવંજ | ચંદ્રકાન્તા | ૧૯૩ | કવીન્દ્રશ્રીજી |
| ૧૭ | ચંપાબેન | ખંભાત | ખંભાત | ચંદ્રપ્રભાશ્રી | ૧૯૯૪ | રાજેન્દ્રશ્રીજી |
| ૧૮ | જશીબેન | ખેડા | ખેડા | જયપ્રભાશ્રી | ૧૯૯૫ | જિનેન્દ્રશ્રી |
| ૧૯ | શાન્તાબેન | ખંભાત | ખંભાત | સ્વાં. પ્રભાશ્રી | ૧૯૯૭ | ચંદ્રશ્રીજીનાં |

૧૦ કુમારિકા—પૂ૦ રાજેન્દ્રશ્રીજી તથા જિનેન્દ્રશ્રીજીની સાથે દીક્ષા લીધેલ. ઉગતી યુવાન વયે વિષયોને તિલાંજલી આપી. હાલમાં ન્યાય વ્યાકરણાદિનાં સારાં અભ્યાસી છે.

૧૧ આ ત્રણેય કુમારિકા બેનોએ બાલ વયથી જ પોતાનું જીવન
૧૨ આદર્શ બનાવી ખૂબ વૈરાગ્યવંત બની દીક્ષા લીધી. અને અભ્યા-
૧૩ સમાં પણ ઠીક પ્રગતિ કરી છે.

૧૪ કર્મ ગ્રંથના અભ્યાસી.

૧૫ આ કુમારિકા સંસારી જશવંતશ્રીજીનાં પુત્રી થાય. વ્યાકરણનો અભ્યાસ કરી રહેલ છે.

૧૬ આ કુમારિકાએ ૧૧ વર્ષની ઉંમરે દીક્ષા લીધેલ. અને સંસારપક્ષે જશવંતશ્રીનાં પુત્રી અને કવીન્દ્રશ્રીજીનાં બેન થાય.

૧૭ નાની ઉંમરમાં વૈધવ્ય પામેલ—વ્યાકરણનાં સારાં અભ્યાસી

૧૮ વૈયાવચ્ચનો ગુણ સારો છે.

૧૯ આ કુમારિકાએને લઘુવયમાં અપૂર્વ આદર્શ કેળવ્યો અને સમેત શિખરજીની યાત્રા કરી દીક્ષા લીધી. કુસુમશ્રીજીનાં સંસારી બેન થાય તેમનાં માતુશ્રી અપૂર્વ વૈરાગ્ય વાસિત હતાં અને તેમણે ખૂબ આનંદ પૂર્વક બંને બેનોને દીક્ષા અપાવેલ પાછળથી પોતે પણ દીક્ષા લીધી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | શારદાબેન | લુણાવાડા | લુણાવાડા | સ્વયપ્રભાશ્રી | ૯૯૯ | રાજેન્દ્રશ્રીજી |
| ૨૧ | શાન્તાબેન | ગોધરા | " | શ્રીમતીશ્રીજી | " | " |
| ૨૨ | કમળાબેન | ગોધરા | બોટાદ | કલાવતીશ્રીજી | ૨૦૦૦ | પ્રવીણાશ્રીજી |
| ૨૩ | શાન્તાબેન | " | ખંભાત | શાંતિપ્રભાશ્રી | ૨૦૦૧ | ધરણેન્દ્રશ્રીજી |
| ૨૪ | કેશરબેન | ખંભાત | " | કૈલાસશ્રીજી | ૨૦૦૨ | જિનેન્દ્રશ્રીજી |
| ૨૫ | ચંદનબેન | ગોધરા | ગોધરા | ચંદ્રલતાશ્રી | ૨૦૦૨ | પ્રવીણાશ્રીજી |
| ૨૬ | મંગુબેન | ખંભાત | ખંભાત | સુવર્ણલતાશ્રી | ૨૦૦૩ | કંચનશ્રીજી |
| ૨૭ | શકરીબેન | " | " | સ્નેહલતાશ્રી | " | ગજેન્દ્રશ્રીજી |
| ૨૮ | કલાવતી | ગોધરા | અમદાવાદ | કાંતગુણાશ્રી | " | જિનેન્દ્રશ્રીજી |
| ૨૯ | હીરાબેન | " | " | હર્ષપ્રભાશ્રી | ૨૦૦૪ | " |

૨૦–૨૧ આ બંને કુમારિકા ચારિત્ર માર્ગમાં અનેક મુશ્કેલીઓ આવવા છતાં ખૂબ કડક છે.

૨૨ કુમારિકા.

૨૩ બાલ વિધવા થયેલ.

૨૪ જેમણે બે કુમારિકાઓને ખૂબ હર્ષપૂર્વક દીક્ષા અપાવી વળી સ્યાદ્વાદ માર્ગમાં ખૂબ દૃઢ છે. આજે ન્યાયવ્યાકરણાદિનો મોટી ઉંમરે પણ સુંદર અભ્યાસ કરી કરાવી રહ્યાં છે.

૨૫ સૌભાગ્યવંતી.

૨૬–૨૭ બંને સાથે દીક્ષિત થયેલ. સંસારીપણાંમા શાળાનાં આગેવાન હતાં અને અનુભવશીલ છે.

૨૮–૨૯ કુમારિકા

૧. ૩. ૧૧. ૧૩. કાળધર્મ પામ્યાં છે.

નં. ૨૪ થી ૨૯ સુધીનાં સાધ્વીજી મહારાજ પૂ. ગુણશ્રીજી મ. શ્રી કાળધર્મ પામ્યા બાદ થયેલા.

## પૂ૦ ગુરુશ્રીજી મહારાજશ્રીજનાં ચાતુર્માસનું યંત્રં

| નંબર | સાલ | સ્થળ | ઠાણાં આશરે | જિનમંદિર આશરે | ઉપાશ્રય આશરે | શ્રા. ઘર આશરે | પ્રદેશ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૨ | પાલીતાણા | ૧૫ | અનેક | અનેક | યાત્રા ધામ | કાઠીયાવાડ |
| ૨ | ૧૯૬૩ | (લશ્કર) | ૧૧ | ૨ | ૨ | ૪૦ | પૂર્વ |
| ૩ | ૧૯૬૪ | બાલુચર | ૧૧ | ૯ | ૧ | ૫૦ | પૂર્વ |
| ૪ | ૧૯૬૫ | અજીમગંજ | ૭ | ૯ | ૧ | ૫૦ | ,, |
| ૫ | ૧૯૬૬ | પેટલાદ | ૬ | ૪ | ૩ | ૬૫ | ગુજરાત |
| ૬ | ૧૯૬૭ | પાલીતાણા | ૧૫ | — | — | ... | કાઠીયાવાડ |
| ૭ | ૧૯૬૮ | ખંભાત | ૧૧ | ૬૫ | ૧૫ | ૧૦૦૦ | ગુજરાત |
| ૮ | ૧૯૬૯ | યેવલા | ૧૧ | ૧૧ | ૧ | ૧૦૦ | દક્ષિણ |
| ૯ | ૧૯૭૦ | ,, | ૧૧ | — | — | — | ,, |
| ૧૦ | ૧૯૭૧ | ખંભાત | ૧૬ | ૬૫ | — | — | — |
| ૧૧ | ૧૯૭૨ | અમદાવાદ | ૧૭ | અનેક | અનેક | ૧૦૦૦૦ | ગુજરાત |
| ૧૨ | ૧૯૭૩ | પાલીતાણા | ૧૨ | — | — | — | — |
| ૧૩ | ૧૯૭૪ | બોટાદ | ૧૫ | ૨ | ૨ | ૨૦૦ | કાઠીયાવાડ |
| ૧૪ | ૧૯૭૫ | અમદાવાદ | ૧૧ | — | — | — | — |
| ૧૫ | ૧૯૭૬ | લીંમડી | ૯ | ૨ | ૨ | ૩૦૦ | કાઠીયાવાડ |
| ૧૬ | ૧૯૭૭ | માંગરોલ | ૯ | ૨ | ૨ | ૧૦૦ | કાઠીયાવાડ |
| ૧૭ | ૧૯૭૮ | રાણપુર | ૯ | ૧ | ૧ | ૮૦ | ,, |
| ૧૮ | ૧૯૭૯ | ખંભાત | ૧૭ | — | — | — | — |
| ૧૯ | ૧૯૮૦ | અમદાવાદ | ૧૫ | — | — | — | — |
| ૨૦ | ૧૯૮૧ | ખંભાત | ૧૪ | — | — | — | — |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૧૯૮૨ | બોટાદ | ૧૪ | ૨ | — | — | — |
| ૨૨ | ૧૯૮૩ | ધોલેરા | ૧૭ | ૧ | ૨ | ૨૦ | કાઠીયાવાડ |
| ૨૩ | ૧૯૮૪ | પાલીતણા | ૧૭ | — | — | — | — |
| ૨૪ | ૧૯૮૫ | ભાવનગર | ૧૭ | ૯ | — | ૧૦૦૦ | કાઠીયાવાડ |
| ૨૫ | ૧૯૮૬ | અમદાવાદ | ૧૬ | અનેક | — | — | — |
| ૨૬ | ૧૯૮૭ | ગોધરા | ૪ | ૨ | ૪ | ૧૦૦ | ગુજરાત |
| ૨૭ | ૧૯૮૮ | ખંભાત | ૬ | ૬૫ | — | — | ” |
| ૨૮ | ૧૯૮૯ | પાલીતાણા | ૭ | અનેક | — | — | — |
| ૨૯ | ૧૯૯૦ | ખંભાત | ૧૫ | ૬૫ | — | — | — |
| ૩૦ | ૧૯૯૧ | મહુવા | ૨૧ | ૧ | ૨ | ૧૦૦ | કાઠીયાવાડ |
| ૩૧ | ૧૯૯૨ | ખંભાત | ૧૪ | ૬૫ | — | — | — |
| ૩૨ | ૧૯૯૩ | કપડવંજ | ૯ | ૯ | ૪ | ૧૦૦ | ગુજરાત |
| ૩૩ | ૧૯૯૪ | અમદાવાદ | ૬ | અનેક | — | — | — |
| ૩૪ | ૧૯૯૫ | પાલીતાણા | ૯ | ” | — | — | — |
| ૩૫ | ૧૯૯૬ | ખંભાત | ૧૨ | ૬૫ | — | — | — |
| ૩૬ | ૧૯૯૭ | સુરત | ૧૨ | અનેક | ૧૫ | ૨૦૦૦ | ગુજરાત |
| ૩૭ | ૧૯૯૮ | ખંભાત | ૧૬ | ૬૫ | — | — | — |
| ૩૮ | ૧૯૯૯ | બોટાદ | ૧૨ | ૨ | — | — | — |
| ૩૯ | ૨૦૦૦ | ખંભાત | ૩૨ | ૬૫ | — | — | — |
| ૪૦ | ૨૦૦૧ | વેજલપુર | ૭ | ૧ | ૨ | ૬૫ | — |

નોટઃ—ચાતુર્માસની કેટલીક યાદી અટકળથી આપવી પડી છે માટે સુજ્ઞજને સુધારણાની સૂચના જરૂર આપવી.

દરેક ચાતુર્માસમાં ઉપધાન, ઉજમણાં, અક્ષયનિધિ, માસખમણ, સોળભત્તાં, અષ્ટમહાસિદ્ધિ ઈત્યાદિ અનેક જાતની તપશ્ચર્યાઓ અને અન્ય અનેક શાસનોન્નકાતિરક કાર્યો કરાવી શાસનની સાચી ભક્તિ કરી હતી.

## પૂ૦ સાધ્વીજી શ્રી ચંદ્રશ્રીજી મ. શ્રીનું ટુંકવૃત્તાંત

આપણે જે સા. શ્રી ગુણશ્રીજી મ. શ્રીનું વૃત્તાંત જોઈ ગયા તેમનાં જ સંસાર પક્ષનાં બ્હેન થાય એટલે તેમના જન્મ સ્થાન કુટુંબ કે સંસ્કાર માટે તો લખવું તે પુનરૂક્તિ કરવા બરાબર છે.

જે બાબરી બ્હેનનો જન્મ સં. ૧૯૪૫માં થયો હતો અને તેમને ખંભાતના જ રહીશ શા. અંબાલાલ સાંકળચંદની સાથે લગ્નગ્રંથિથી જોડવામાં આવ્યાં હતાં બાલ્ય વયથી તેમને અભ્યાસ તેમજ સંગીતનો ખૂબ શોખ હતો તેમને ૧ શોક્ય પુત્ર હતો પણ તે બંનેનો પ્રેમ સારા માતા પુત્ર તરીકે તરી આવતો હતો ટુંક સમયમાં તેમના પતિ ગુજરી જવાથી તેમને આઘાત જરૂર લાગે પણ આ શાસનની અપૂર્વતા છે કે તે જોનાર, સમજનારને વિષયો તરફ તિલાંજલિ છૂટી સત્યમાર્ગ તરફ જોડાવે છે જેથી વાસનાઓ તરફથી મન તદ્દન અલગ બની જાય છે.

પુત્ર નાનો હોવાથી વૈરાગ્યવાસિત મન હોવા છતાં તેમને નિર્લેપ ભાવે કેટલોક ટાઇમ સંસારમાં રહેવું પડયું પણ ઘરના ગમે તેવા વ્યવસાયને પણ ટુંકમાં વ્યવસ્થિત રીતે પતાવી સારોય ટાઇમ ભણવા-ભણાવવામાં ગાળવા લાગ્યાં અને ખંભાતની શાળાનું નેતૃત્વ લીધું તેમજ પૂજા મંડળની પણ તેમણે સ્થાપના કરી. તેમજ અજીમગંજનાં રાણી મીનાકુમારીજીએ ખંભાતમાં પોતાના નામની પાઠશાળા ખોલાવી તે તેમના સંગીત તથા ધાર્મિક જ્ઞાનને આભારી છે અને તેમાં તેમણે સારૂં માન મેળવ્યું હતું.

અનુક્રમે સં. ૧૯૮૪ ના મહા શુદિ ૫ મે પૂ. સૌભાગ્યશ્રીજી મ. શ્રીજીની છાયામાં (પૂ. અમૃતવિજયજીના વરદ હસ્તે) ચારિત્ર ગ્રહણ કરી તેમનાં જ સંસારી બ્હેન ગુણશ્રીજીનાં શિષ્યા ચંદ્રશ્રીજી તરીકે જાહેર થયાં.

તેઓશ્રીને ચાર શિષ્યાઓ હતી કે જે ચારે કુમારાવસ્થાની ખીલતી યુવાનીમાં વિષયોને વિષ કરતાં પણ અધિક સમજી દીક્ષિત થઈ હતી તેમનાં નામ ૧ કંચનશ્રીજી ૨ સુદર્શનાશ્રીજી ૩ કુસુમશ્રીજી અને ૪ રવીન્દુપ્રભાશ્રીજી જેમનું વર્ણન લિષ્ટમાં આવી ગયું છે.

તેમનામાં ગુણશ્રીજી મ. શ્રીના સમસ્ત ગુણો ઉતરી આવ્યા હતા. કારણ કે એક કુટુંબનાં તો હતાં જ તેમાંય વળી એક સમુદાયનાં અને ગુરૂ શિષ્યા તરીકે મેળ સાધ્યો એટલે ગુણો આવે જ એમાં નવાઇ નથી એટલે તેમના ચરિત્રમાં આ ચરિત્રને અંતર્ગત કરી દેવામાં આવે છે.

તેમણે તીર્થ યાત્રાઓ કરવા સાથે દરેક ચાતુર્માસમાં અપૂર્વ શાસનનાં કાર્યો કરાવ્યાં છે.

છેલ્લે આગમ મંદિરની સંપૂર્ણ પ્રતિષ્ઠાવિધિ સમજણ પૂર્વક જોઈ ૭ ગાઉની પ્રદક્ષિણા કરી ત્યાર બાદ તબીયત સાધારણ બગડી અને ક્ષયરોગ લાગુ પડયો જેમાંથી બચી શકયાં નહિ અને પોતાના ગુરૂ ગુણશ્રીજી સાથેના બોટાદના ચાતુર્માસમાં ખૂબ સમાધિપૂર્વક સં. ૧૯૯૯ ના ભાદરવા વદિ ચોથે કાળ ધર્મ પામ્યાં.

આથી પૂ૦ ગુણશ્રીજી મ. શ્રી તેમજ તેમની બાળ શિષ્યાઓને ઘણું લાગી આવ્યું પણ કર્મની થીએરી સમજનારને કેવળ શોક મગ્નતા નજ શોભે એ ન્યાયે કંઇક સ્થિર થયાં અને તેમની ચારે બાલ શિષ્યાઓને પૂ૦ ગુણશ્રીજી મ. ખૂબ પ્રેમ પૂર્વક જ્ઞાન અને સંયમ ધ્યાનમાં આગળ વધારવા લાગ્યાં. ગુણશ્રીજી મ. શ્રીના સારાય સમુદાયને સાચવવામાં તેઓશ્રી અદ્વિતીય હતાં.

તેમની પાછળ થોડા જ ટાઇમમાં સુદર્શનાશ્રીજી અને કુસુમશ્રીજી પણ અસાધ્ય વ્યાધિથી સ્વર્ગસ્થ થયાં છે. હાલ બે શિષ્યાઓ કંચનશ્રીજી રવિન્દુપ્રભાશ્રીજી છે અને જ્ઞાનધ્યાનોદ્યમી છે.

તેમનામાં નીચેના ગુણો તો ખાસ તરી આવતા કે જેથી આજે પણ દરેક, ગામ સ્મૃતિ પથમાં તેઓશ્રીને રોજે રોજ લાવ્યા કરે છે.

૧ ગમે તેવા સંજોગોમાં પણ શાન્તિ જાળવવા સાથે સામુદાયિક વ્યવસ્થા ખૂબ કુશળતા ભરી હતી.

૨ ગમે તેવા કુટ સવાલોનાં હાજર જવાબી અને રસ્તો કાઢનાર હતાં.

૩ ગમે તેવા પુદ્‌ગલાનંદી માનવનું પણ વાક્‌કૌશલ્યથી હૃદય પીગળાવી આત્મમાર્ગ સન્મુખ કરનાર હતાં.

## ઉપસંહાર

આ મહાસતીતમ બંને સાધ્વીજીનો પરિચય લેખકને બહુજ અલ્પ સમય થએલ જેથી તેઓશ્રીના બધાજ ગુણોને પહોંચી વળવું અશક્ય હોય છતાં ' આકૃતિઃ ગુણાન્ કથયતિ ' એ ન્યાયે કંઇક ખ્યાલ તો આવીજ જાય અને તેથી એટલું તો જરૂર સમજી શકાયું છે કે-તેમનું મુખારવિંદ ખૂબ શાન્ત પણ પ્રસંગને અનુલક્ષી તેમાં ભીમકાન્તત્વ પણ હતું. સાધ્વી સમુદાયને દોરવણી સુંદર આપી શકતાં હતાં જન સમાજ ઉપર શાસનની સુંદર છાપ પાડવા સાથે સ્યાદ્વાદ માર્ગનું ખૂબ પોષણ કરી શકતાં હતાં ભદ્ર પરિણામી સદાને માટે આનંદી સ્વભાવવાળાં અને તદ્દન નિખાલસ પ્રકૃતિનાં હતાં. તેમનામાં ખાસ કરીને નીચેના ગુણો તરી આવતા હતા.

૧ ગુરૂ આજ્ઞા પાલનનો ગુણ અનન્ય હતો.

૨ વિનય ગુણની પરાકાષ્ઠાએ પહોંચ્યાં હતાં.

૩ વૈયાવચ્ચ સેવાસુશ્રૂષા ગુણ તો પ્રશંસાને શિખરે પહોંચે તેવો હતો.

૪ અધ્યયન અધ્યાપનમાં ખૂબ તલ્લીન હતાં.

૫ સંસ્કારી આત્માઓ પ્રત્યે તેમનો ભાવ નિઃસ્વાર્થ બુદ્ધિએ ઉત્તમ રહેતો હતો.

૬ સામાન્ય જનને પણ કંઇને કંઇ પમાડવાની બુદ્ધિએ ખૂબ સહનશીલ હતાં.

આમ આ સાધ્વીજી મહારાજનું જીવન બહુજ ઉચ્ચકોટિનું હોવાથી સ્હેજે તેનું વર્ણન લંબાઇ જાય પણ તેમ નહિ થવા દેતાં ટુંક વૃત્તાંતનોજ આશય હોવાથી બહુજ ટુંકાણમાં પતાવવું પડયું છે.

લેખકઃ—પં. છબીલદાસ કેશરીચંદ સંઘવી (દાનવીર શેઠ બુલાખીદાસ નાનચંદ સંસ્થાપિત સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા અને શ્રી. ભદ્રીબાઈ જૈન શ્રાવિકા શાળા) ઠે. દાદાસાહેબની પોળ—ખંભાત

ઇતિ ૐ શાન્તિઃ

नमोऽर्हद्भ्यः ॥

# ॥अथ सार्थं भववैराग्यशतकम्॥

**संसारम्मि असारे, नत्थि सुहं वाहि-वेअणापउरे ।**
**जाणंतो इह जीवो, न कुणइ जिणदेसिअं धम्मं॥१॥**

सं. छाया–संसारेऽसारे नास्ति सुखं व्याधि-वेदनाप्रचुरे ।
जानन्निह जीवो न करोति जिनदेशितं धर्मम् ॥१॥

(ગુજરાતી ભાષાંતર) અનેક પ્રકારની વ્યાધિઓ અને વેદનાઓથી ભરપૂર એવા આ અસાર સંસારમાં આ જીવને કોઇપણ ગતિમાં ક્ષણ માત્ર પણસુખ નથી. આવી રીતે આત્મા સંસારને અસાર જાણેછે છતાં પણ ભારેકર્મી હોવાથી વીતરાગ ભગવંતે ઉપદેશેલો દયામૂલ ધર્મ કરતો નથી, અને સંસારનો લોલુપી–લાલચુ થઇ ધર્મરત્નને ગુમાવે છે. ૧.

**अज्जं कल्लं परं परारिं, पुरिसा चिंतन्ति अत्थसंपत्तिं ।**
**अंजलिगयं व तोयं, गलंतमाउं न पिच्छन्ति ॥२॥**

**सं. छाया—अद्य कल्ये परस्मिन् परतरस्मिन् पुरुषाश्चिन्तयन्त्यर्थ-सम्पत्तिम् । अञ्जलिगतमिव तोयं गलदायुर्न पश्यन्ति ॥२॥**

(ગુ. ભા.) પુરુષો ચિંતવે છે કે–"ધનની પ્રાપ્તિ આજે થશે, કાલે થશે, પોર મળશે, પરાર મળશે, પૈસા એકઠા કરી સુખી થઇશું, પૈસો મેળવી ધર્મ કરીશું", આવી રીતે વિચારમાં ને વિચારમાં સમય ગુમાવે છે, પરન્તુ તે પુરુષો "હથેળીમાં ઝરી રહેલું પાણી જાય તેમ આયુષ્ય જાય છે" તેને જોતા નથી. ૨.

**जं कल्ले कायव्वं तं अज्जं चिय करेह तुरमाणा ।**
**बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥३॥**

**सं. छाया—यत् कल्ये कर्तव्यं, तदद्यैव कुरुध्वं त्वरमाणाः ।**
**बहुविघ्न एव मुहूर्तो; माऽपराह्णं प्रतीक्षध्वम् ॥३॥**

(ગુ. ભા.) મનુષ્યો ચિંતવે છે કે–કાલે ધર્મકાર્ય કરીશું, પરંતુ કાલ કોણે દીઠી છે?; કાલે શું થશે તેની કોને ખબર છે ? માટે હે ભવ્યો! જે ધર્મકાર્ય કાલે કરવાનું હોય તેને વિલંબરહિત આજે જ કરજો–જરા પણ ઢીલ કરશો નહીં. કાલચક્ર કાયાને ચરે છે, ધર્મ કાર્ય કરવામાં ખરેખર એક મુહૂર્ત માત્ર કાળ પણ ઘણા વિઘ્નોવાળો હોય છે. માટે પાછલા પહોરે કરવાનું હોય તેને પ્રથમ પહોરમાં જ કરી લ્યો, કારણકે ક્ષણમાંહે આયુષ્ય પૂરૂં થશે તો તે વખતે શું કરશો? ૩.

**ही ! संसारसहाव–चरियं नेहाणुरायरत्ता वि ।**
**जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसन्ति ॥४॥**

**सं. छाया–ही ! संसारस्वभावचरितं स्नेहानुरागरक्ता अपि ।**
**ये पूर्वाह्णे दृष्टास्तेऽपराह्णे न दृश्यन्ते ॥४॥**

(ગુ. ભા.) સંસારના સ્વભાવનું અતિકારમું ચરિત્ર દેખી ખરેખર ખેદ થાય છે–દિલગીરી ઉપજે છે, કારણકે સ્નેહના અનુરાગે આસક્ત અને પ્રીતિથી પરિપૂર્ણ એવા માતાપિતા, બાંધવ, સ્ત્રી વિગેરે સંબંધીઓ કે જેઓને પહેલે પહોરે સુખશાન્તિમાં દેખ્યા હતા તેઓ પાછલે પહોરે દેખાતા નથી !, સંસારનો આવો ભયઙ્કર સ્વભાવ દેખીને પણ મુગ્ધ જીવો તેમાં જ આસક્તિ રાખે છે તે આશ્ચર્ય છે! ૪.

**मा सुयह जग्गियव्वे, पलाइयव्वम्मि किस विसमेहा?**
**तिन्नि जणा अणुलग्गा, रोगो अ जरा अ मच्चू अ॥५॥**

**सं. छाया–मा स्वपित जागरितव्ये पलायितव्ये कस्माद्**
**विश्राम्यथ ? । त्रयो जना अनुलग्ना रोगश्च जरा च मृत्युश्च ॥५॥**

(ગુ. ભા.) હે જીવો ! જાગવાને ઠેકાણે સુઇ ન રહો–ધર્મકૃત્યમાં પ્રમાદ ન કરો, કારણકે કાળરૂપી પારધિ તમારી પછવાડે પડયો છે જે અણચિન્તવ્યો તમારો વિનાશ કરી દુર્લભ મનુષ્યભવ નિષ્ફલ કરી નાખશે.

વળી, જયાંથી પલાયન કરી જવું જોઇએ ત્યાં વિસામો ખાવા કેમ બેઠા છો ?, કારણકે–રોગ જરા અને મૃત્યુ એ ત્રણ ચોરો તમારી પછવાડે પડયા છે. માટે ધર્મ-કૃત્યમાં જરાપણ પ્રમાદ ન કરો, અને સંસારમાંથી જલ્દી પલાયન કરી જાઓ કે જેથી જન્મ, જરા, મૃત્યુ, રોગ અને શોક દિનો ભય સદાને માટે વિનાશ પામે. ૫.

**दिवस-निसाघडिमालं, आउसलिलं जिआण घेत्तूणं।**
**चंदाइच्चबइल्ला, कालऽरहट्टं भमाडन्ति ॥६॥**

**सं. छाया–दिवस-निशाघटीमालया आयुःसलिल जीवानां गृहीत्वा। चन्द्राऽऽदित्यबलीवर्दौ कालाऽरहट्टं भ्रमयतः ॥६॥**

(ગુ. ભા.) આ સંસારરૂપી કૂવો છે, સૂર્ય અને ચન્દ્રરૂપી રાતો અને ધોળો એવા બે બળવાન્ બળદ છે. તે સૂર્ય અને ચન્દ્રરૂપી બળદો, દિવસ અને રાત્રિ રૂપી ઘડાઓની પંકિત વડે જીવોના આયુષ્યરૂપી પાણીને ગ્રહણ કરી કાળરૂપી રેંટને ફેરવે છે–આયુષ્યરૂપી પાણી રાત્રિ દિવસ ખૂટે છે, તેમ નજરે જોવા છતાં હે ભવ્ય પ્રાણીઓ ! તમને સંસારથી ઉદાસભાવ કેમ થતો નથી ? ૬.

**सा नत्थि कला तं नत्थि, ओसहं तं नत्थि किंपि विन्नाणं।**
**जेण धरिज्जइ काया, खज्जन्ती कालसप्पेण ॥७॥**

**सं. छाया–सा नास्ति कला तन्नास्त्यौषधं तन्नास्ति किमपि विज्ञानम् । येन धार्यते कायः खाद्यमानः कालसर्पेण ॥७॥**

(ગુ. ભા.) હે ભવ્યજીવો! કાળરૂપી સર્પે ખાવા માંડેલી દેહનું જેણે કરી રક્ષણ કરીએ એવી કોઇ બહોંતેર કળામાંની કળા દેખાતી નથી, એવું કોઈ ઓસડ દૃષ્ટિગોચર થતું નથી, તેમ એવું કોઈ વિજ્ઞાન હસ્તી ધરાવતું નથી–બીજાં સર્વ જાતિનાં વિષ ઉતરે પણ ડસેલા કાળરૂપી સર્પનું વિષ ઉતરે નહીં. મહાસમર્થ પુરુષોનાં વજ્ર જેવાં શરીરને પણ કાળરૂપ સર્પ ગળી ગયો છે, તો પછી આપણા જેવાની કાચી કાયાનો શો ભરોંસો? માટે વિલમ્બ રહિત ધર્મકૃત્ય કરી લ્યો. ૭.

**दीहरफणिंदनाले, महियरकेसर दिसामहदलिल्ले ।**
**ओ ! पीयइ कालभमरो, जणमयरंदं पुहविपउमे॥८॥**

**सं. छाया–दीर्घफणीन्द्रनाले महीधरकेसरे दिशामहादले । ओ! (पश्चात्तापः) पिबति कालभ्रमरो जनमकरन्दं पृथ्वीपद्मे॥८॥**

(ગુ. ભા.) ઘણી ખેદની વાત છે કે–જેનું શેષનાગરૂપ મોટું નાળચું છે, જેના પર્વતોરૂપી કેસરા છે, જેના દસ દિશારૂપ વિશાળ પર્ણો છે એવા આ પૃથ્વીરૂપ કમળમાં, કાળરૂપ ભ્રમર, મનુષ્યરૂપ–સમગ્ર લોકરૂપ રસને પીવે છે! ભમરો કમળમાંથી એવી રીતે

રસ લે છે કે જેથી કમળને જરાપણ ઈજા થાય નહીં, વળી તે મધુરસ્વરે બોલીને પોતાના ખપ જેટલોજ થોડો થોડો રસ લે છે; પરન્તુ અહીં કાળરૂપ અસંતોષી ભમરો તો પૃથ્વીરૂપ કમળમાંથી સમગ્રલોકરૂપ રસને અનેક પ્રકારની વ્યાધિઓ અને વેદનાઓરૂપ ક્રૂરપણું વાપરી ચૂસી લે છે, એટલે કે–ક્રૂર કાળ કોઈપણ પ્રાણીનું ભક્ષણ કર્યા વિના રહેતો નથી.

લોકોમાં એવું કહેવાય છે કે–આ સમગ્ર પૃથ્વીને શેષનાગે પોતાના મસ્તક ઉપર ઉપાડી રાખી છે. આવી લોકોક્તિથી અહીં પૃથ્વીરૂપ કમળનું શેષનાગરૂપ નાળવું કહ્યું. વળી જેમ કમળમાં કેસરા હોય છે તેમ અહીં પૃથ્વીરૂપ કમળને પર્વતોરૂપ કેસરા કહ્યા, અને દસ દિશાઓ મોટાં મોટાં પાંદડાંઓને ઠેકાણે સમજવી. આવા પૃથ્વીરૂપ મોટા કમળમાંથી લોકરૂપ રસને નિરન્તર પીતાં પણ કાળરૂપ ભમરો હજુ સુધી તૃપ્ત થતો નથી, અને તૃપ્ત થશે પણ નહી ! માટે હે ભવ્ય પ્રાણીઓ ! કાળરૂપ અસંતોષી ભમરાના આસ્વાદનમાં ન અવાય એવા આત્મસ્વરૂપ પામવાના સાધન માટે પ્રમાદ ત્યાગી ઉદ્યમ કરો. ૮.

**छायामिसेण कालो, सयलजिआणं छलं गवेसंतो ।**
**पासं कह वि न मुंचइ, ता धम्मे उज्जमं कुणह ॥९॥**

छायामिषेण कालः सकलजीवानां छलं गवेषयन् ।
पार्श्वं कथमपि न मुञ्चति तस्माद् धर्मे उद्यमं कुरुध्वम् ॥९॥

(ગુ. ભા.) જે શરીરની છાયા દેખાય છે, અને નિરન્તર શરીરની સાથે જ ફરે છે, તે છાયા નથી પણ એ તો છાયાને બહાને કાળ ફરે છે. શત્રુ જેમ નિરન્તર છળ-ભેદને તાકતો ફરે છે, અને ઝપાટામાં આવતાં પોતાનું કુકૃત્ય પૂરૂં કરે છે; તેમ છાયાને બહાને રાત્રિ-દિવસ છળ-ભેદને તાકતો ક્રૂર કાળ પ્રાણીની ક્યારેય પણ કેડ મૂકતો નથી. 'પ્રાણી કયારે સ્ખલના પામે કે એને હું પકડી લઉં' આવી દુષ્ટ વાંછાયે તે રાત્રી-દિવસ છાયાને બહાને પાછળ પડેલો છે, તે ઓચિંતો જરૂર પકડી લેશે. અને તે વખતે તમને પશ્ચાતાપ થશે કે-'અરેરે ! આપણે કાંઈ ધર્મ-સાધન કરી શકયા નહી!' માટે કાળના સપાટામાં આવ્યા નથી ત્યાંસુધીમાં જિનપ્રરૂપિત ધર્મને વિષે પ્રયત્ન કરી લ્યો. ૯.

**कालम्मि अणाइए, जीवाणं विविहकम्मवसगाणं ।**
**तं नत्थि संविहाणं, संसारे जं न संभवइ ॥१०॥**

कालेऽनादिके जीवानां विविधकर्मवशगानाम् ।
तन्नास्ति संविधानं संसारे यन्न संभवति ॥१०॥

(ગુ. ભા.) અનાદિકાલને વિષે ક્રોધ, માન, માયા

અને લોભને યોગે વિવિધ પ્રકારના કર્મને વશ થયેલા જીવોને આ સંસારમાં એવો કોઈ સંબન્ધ નથી કે જે ન સંભવે, અર્થાત્ સમગ્ર સંબન્ધે આ જીવો સંસારમાં ભટકયા છે, પણ જો જિનવરનો ધર્મ સ્વીકારી રૂડી રીતે પાળે તો સંસારરૂપ ચક્રમાં ન ભમે. ૧૦.

**बंधवा सुहिणो सव्वे, पिअ-माया पुत्त-भारिया ।**
**पेअवणाओ निअत्तन्ति, दाऊणं सलिलंजलिं ॥११॥**

**सं. छाया—बान्धवाः सुहृदः सर्वे माता-पितरौ पुत्र-भार्याः ।**
**प्रेतवनाद् निवर्तन्ते दत्त्वा सलिलाञ्जलिम् ॥११॥**

(ગુ. ભા.) હે જીવ! બાંધવ મિત્રો મા બાપ, સ્ત્રી અને પુત્ર એ કોઇ તારાં સગાં નથી, પણ દેહનાં સગાં છે. કારણ કે–મૃત્યુ થયા પછી દેહને બાળી પાણીની અંજલી આપી શ્મશાનથી પોતપોતાના સ્વાર્થને સંભારતા પોતપોતાને ઘેર પાછા જાય છે, પણ તેમાંનું કોઈ વહાલું સગું તારી સાથે આવતું નથી. માટે તેઓની ખોટી મૂર્છા ત્યાગી તારી સંગાથે આવનારા ધર્મનો આદર કે જેથી તારો જલ્દી નિસ્તાર થાય. ૧૧.

**विहडन्ति सुआ विहडन्ति, बंधवा विहडन्ति**
**सुसंचिआ अत्था । इक्को कह वि न विहडइ,**

**धम्मो रे जीव ! जिणभणिओ ॥१२॥**

**सं. छाया-विघटन्ते सुता विघटन्ते बान्धवा विघटन्ते सुसञ्चिता अर्थाः। एकः कथमपि न विघटते धर्मो रे जीव ! जिनभणितः॥१२॥**

(ગુ. ભા.) હે જીવ ! દીકરાઓનો વિયોગ થાય છે, બાન્ધવો વિખુટા પડે છે, અને ઘણા પરિશ્રમથી મેળવેલી સમ્પત્તિ પણ વિયુક્ત થાય છે. એટલે કે તેમને મૂકીને તારે જવું પડશે, અથવા તને મૂકીને તેઓ ચાલ્યા જશે, પણ એક જિનરાજે કહેલા ધર્મનો કોઇ કાળે પણ વિયોગ થવાનો નથી, અર્થાત્ આ જીવને સાચું સગપણ તો ધર્મનું જ છે, બીજું સર્વ આળપંપાળ છે. માટે જિનધર્મ ઉપર સાચી શ્રદ્ધા રાખી તેનું જ સેવન કર. ૧૨.

**अडकम्पासबद्धो, जीवो संसारचारए ठाइ ।**
**अडकम्मपासमुक्को, आया सिवमंदिरे ठाइ ॥१३॥**

सं. छाया—अष्टकर्मपाशबद्धो जीवः संसारचारके तिष्ठति ।
अष्टकर्मपाशमुक्त आत्मा शिवमन्दिरे तिष्ठति ॥१३॥

(ગુ. ભા.) આ જીવ આઠ કર્મરૂપ પાશથી બંધાયેલો એવો સંસારરૂપ બન્દીખાનામાં ઠામ ઠામ ભટકે છે, અને આઠ કર્મરૂપ પાશથી મૂકાયેલો એવો મોક્ષમન્દિરમાં જઇને રહે છે, માટે હે જીવ ! તું આઠ કર્મરૂપ પાશને તોડીશ ત્યારે જ મોક્ષમન્દિરમાં જઇશ,

અને અવિનાશી સુખ પામીશ. ૧૨.

**विहवो सज्जणसंगो, विषयसुहाइं विलासललिआइं।**
**नलिणीदलग्गघोलिर-जललवपरिचंचलं सव्वं ॥१४॥**

**सं छाया-विभवः सज्जनसङ्गो विषयसुखानी बिलासललितानि।**
**नलिनीदलाग्रघूर्णयितृ-जललवपरिचञ्चलं सर्वम् ॥१४॥**

(ગુ. ભા.) આ જીવે માની લીધેલા જે સુખકારી પદાર્થો, જેવા કે-લક્ષ્મી, સગાં સંબન્ધીઓનો સંગ, તથા સ્ત્રી વિગેરેના મનોહર વિલાસે કરી સુંદર એવા પાંચે ઇન્દ્રિયોનાં વિષયસુખ, એ સર્વ અતિશય ચંચલ છે. જેમ કમળપત્રના અગ્રભાગમાં રહેલું જલબિન્દુ અતિચપલ છે તેમ એ સર્વ અતિશય ચપલ છે-થોડા કાલમાં જ હતું નહોતું થઇ જાય છે! માટે હે જીવ! આવા અસ્થિર પદાર્થોમાં શા માટે આશક્ત થાય છે? ૧૪.

**तं कत्थ बलं तं कत्थ, जुव्वणं अंगचंगिमा कत्थ?।**
**सव्वमणिच्चं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण ॥१५॥**

**सं. छाया-तत् कुत्र बलं? तत् कुत्र यौवनम्? अङ्गचङ्गिमा कुत्र?।**
**सर्वमनित्यं पश्यत दृष्टं नष्टं कृतान्तेन ॥१५॥**

(ગુ. ભા.) કાયાનું તે બળ ક્યાં ગયું? તે જુવાની ક્યાં ચાલી ગઇ? શરીરનું સૌન્દર્ય ક્યાં ગયું? તે

સર્વ રૂપ-રંગ ક્યાં ચાલ્યા ગયા? અરે વૃદ્ધાવસ્થા આવી! હે પ્રાણીઓ! આ સર્વ અનિત્ય છે તે સાક્ષાત્ જુઓ-તપાસો. જે સર્વ નાની વયમાં દેખ્યું હતુ, તે સર્વ યમરાજાએ નષ્ટભ્રષ્ટ કરી દીધું-થોડા જ વખતમાં હતું નહોતું થઈ ગયું. આ શરીરને ગમે તેટલી સાચવણીથી રાખશો તો પણ તેનું બળ સૌન્દર્ય અને જુવાની ટકવાની નથી-વિનશ્વર છે, માટે જેની કરેલી સેવા કદાપી નિષ્ફલ થતી નથી એવા ધર્મનું સેવન કરો. ૧૫.

**घणकम्मपासबद्धो, भवनयरचउप्पहेसु विविहाओ।**
**पावइ विडंबणाओ, जीवो को इत्थ सरणं से ? ॥१६॥**

सं. छाया–घनकर्मपाशबद्धो भवनगरचतुष्पथेषु विविधाः ।
प्राप्नोति विडम्बना जीवः कोऽत्र शरणं तस्य ? ॥१६॥

(ગુ. ભા.) આ જીવ નિબિડ કર્મરૂપ પાશથી બંધાયેલો એવો સંસારરૂપ નગરના ચારગતિરૂપ ચૌટામાં અનેક પ્રકારની વિડમ્બનાને પામે છે, અહીં તેનું કોણ શરણ છે? ૧૬.

**घोरम्मि गब्भवासे, कल-मल-जंबालअसुइबीभच्छे।**
**वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेण ॥१७॥**

सं. छाया–घोरे गर्भवासे कल-मलजम्बालाऽशुचिबीभत्से ।

उषितोऽनन्तकृत्वो जीवः कर्मानुभावेन ॥१७॥

(ગુ. ભા.) આ જીવ કર્મના પ્રભાવથી વીર્ય અને મળરૂપ કાદવને લીધે અપવિત્રાથી ભરપૂર અને કંપારી છૂટે એવા ગંદા ભયાનક ગર્ભવાસમાં અનન્તી વખત વસ્યો! આવા દુઃસહ દુઃખને પણ ભૂલી જઈ ફરીથી ગર્ભવાસમાં આવી દુઃખ ભોગવવાં પડે એવાં કૃત્યો કરે છે! પરન્તુ પુનઃ ગર્ભવાસમાં આવવું ન પડે એવો ઉદ્યમ કરતો નથી! ૧૭.

**चुलसीई किर लोए, जोणीणं पमुहसयसहस्साइं ।**
**इक्किक्कम्मि अ जीवो, अणंतखुत्तो समुप्पन्नो ॥१८॥**

सं. छाया—चतुरशीतिः किल लोके योनीनां प्रमुखशतसहस्राणि ।
एकैकस्यां च जीवोऽनन्तकृत्वः समुत्पन्नः ॥१८॥

(ગુ. ભા.) લોકને વિષે જીવને ઉત્પન્ન થવાનાં સ્થાનક ચોરાશી લાખ યોનિ છે. તે એક એક યોનિમાં આ જીવે અનન્તી વાર અવતાર લીધો! તોપણ હે પ્રાણી! તે ઉત્પત્તિ સ્થાનમાંથી કંટાળો પામી તું ધર્મકૃત્ય કરવામાં કેમ ઉદ્યમ કરતો નથી? ૧૮.

**माया-पिय-बंधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।**
**बहुजोणिनिवासीहिं, न य ते ताणं च सरणं च ॥१९॥**

सं. छाया—माता-पितृ-बन्धुभिः संसारस्थैः पूरितो लोकः ।

बहुयोनिनिवासिभिः न च ते त्राणं च शरणं च ॥१९॥

(ગુ. ભા.) હે જીવ! સંસારમાં રહેલા અને ચોરાશી લાખ યોનિમાં નિવાસ કરતા એવા માતા પિતા અને બન્ધુઓ વડે આ ચૌદ રાજલોક ભર્યો છે, પણ તે કોઈ તારું રક્ષણ કરવાને સમર્થ નથી, તેમ શરણ રાખવાને પણ સમર્થ નથી! માટે રક્ષણ કરવાને સમર્થ એવા જિનધર્મનું શરણ લે કે જેથી આધિ વ્યાધિ અને ઉપાધિરૂપ દુઃખથી પરિપૂર્ણ એવા આ સંસારથી મુક્ત થઈ શકે. ૧૯.

**जीवो वाहिविलुत्तो, सफरो इव निज्जले तडप्फडई ।**
**सयलो वि जणो पिच्छइ, को सक्को वेअणाविगमे?॥२०॥**

सं. छाया–जीवो व्याधिविलुप्तः शफर इव निर्जले तडप्फडयति ।
सकलोऽपि जनः प्रेक्षते कः शक्तो वेदनाविगमे ? ॥२०॥

(ગુ. ભા.) જયારે આ જીવ વ્યાધિથી ગ્રસ્ત થઈ જલ વિનાના માછલાની જેમ તડફડે છે–ટળવળે છે, હાય! ઓય! કરે છે, તે વખતે પાસે બેઠેલા સગાં સંબંધીઓ અસહ્ય દુઃખ દેખે છે છતાં તેમાંનું કોણ વેદના દૂર કરવાને સમર્થ થાય છે? અર્થાત્ કોઈ કાંઈ પણ વેદના નિવારવાને શક્તિમાન્ થતું નથી, પણ છેવટે અંત સમયે ધર્મનું શરણ બતાવે છે. માટે હે પ્રાણી! પરિણામે ધર્મનું શરણ તો કરવુંજ પડે છે,

તો પછી પ્રથમથીજ ધર્મનું શરણ લેવાને શા માટે વિલંબ કરે છે? ૨૦.

**मा जाणसि जीव! तुमं, पुत्त-कलत्ताइ मज्झ सुहहेऊ।**
**निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥२१॥**

सं. छाया—मा जानीहि जीव! त्वं पुत्र-कलत्रादि मम सुखहेतुः।
निपुणं बन्धनमेतत् संसारे संसरताम् ॥२१॥

(ગુ. ભા.) હે જીવ! તું આ સંસારને વિષે એકાંતે દુઃખના હેતુ જે પુત્ર સ્ત્રી મિત્રો વિગેરેને સુખના હેતુ જાણ નહીં, કારણ કે—સંસારમાં ભ્રમણ કરતા જીવોને એ પુત્ર સ્ત્રી મિત્રો વિગેરે સગાં સંબંધીઓ આકરા સંસારબંધનનું કારણ થાય છે પણ સંસારમાંથી છોડાવતા નથી. માટે તે સંસારબંધન કરાવનારા સગાં સંબંધીઓમાં મમત્વ ભાવ નહીં રાખતા કર્મબંધનથી મુકત કરનાર ધર્મમાં દૃઢબુદ્ધિ કર. ૨૧.

**जणणी जायइ जाया, जाया माया पिआ य पुत्तो अ।**
**अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥२२॥**

सं. छाया—जननी जायते जाया, जाया माता पिता च पुत्रश्च।
अनवस्था संसारे कर्मवशात् सर्वजीवानाम् ॥२२॥

(ગુ. ભા.) આ સંસારમાં કર્મવશથી જીવોની અવ્યવસ્થા છે, એટલે એકજ પ્રકારની સ્થિતિ રહેતી

નથી. કારણ કે-જે આ ભવમાં માતા હોય છે તે ભવાન્તરમાં સ્ત્રી પણ થાય છે, વળી જે સ્ત્રી હોય છે તે ભવાન્તરમાં માતારૂપે થાય છે. પિતા હોય તે ભવાન્તરમાં પુત્રરૂપે ઉત્પન્ન થાય છે, અને પુત્ર હોય છે તે ભવાન્તરમાં પિતારૂપે થાય છે, આ પ્રમાણે સંસારનું અનિયમિતપણું છે. સર્વ જીવો કર્મને વશ થઈ ભિન્નભિન્નરૂપે અવતાર લે છે, અને મોહાંધ થઈ મારૂં મારૂં કરે છે; પણ સમજતા નથી કે એકજ જાતની સ્થિતિ રહેવાની નથી. માટે હે જીવ ! તારી ચલ સ્થિતિનો વિચાર કર, અને સંસારની જૂઠી માયા અને મમત્વ ત્યાગી ધર્મધ્યાન ચૂક નહીં. ૨૨.

**न सा जाई न सा जोणी न तं ठाणं न तं कुलं ।**
**न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥२३॥**

सं. छाया–न सा जातिर्न सा योनिर्न तत्स्थानं न तत् कुलम् ।
न जाता न मृता यत्र सर्वे जीवा अनन्तशः ॥२३॥

(ગુ. ભા.) ચૌદ રાજલોકમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઇ યોની નથી, એવું કોઇ સ્થાન નથી, અને એવું કોઈ કુલ નથી કે જ્યાં સર્વ જીવો અનંતીવાર જન્મ્યા નથી; અને અનંતીવાર મૃત્યુ પામ્યા નથી-સર્વ જીવો સર્વ સ્થાનકે અનંતીવાર જન્મ્યા છે અને મૃત્યુ પામ્યા છે. ૨૩.

**तं किं पि नत्थि ठाणं, लोए वालग्गकोडिमित्तं पि।**
**जत्थ न जीवा बहुसो, सुह-दुक्खपरंपरं पत्ता ॥२४॥**

सं. छाया–तत् किमपि नास्ति स्थानं लोके वालाग्रकोटिमात्रमपि।
यत्र न जीवा बहुशः सुख-दुःखपरम्परां प्राप्ताः ॥२४॥

(ગુ. ભા.) લોકને વિષે વાલના અગ્રભાગના અસંખ્યાતમા ભાગ જેટલું પણ એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવો ઘણીવાર સુખદુઃખની પરંપરાને ન પામ્યા હોય. અર્થાત્ જીવો સર્વ સ્થાનમાં સુખ દુઃખની પરંપરા પામ્યા, પણ કર્મક્ષયની પરંપરા પામ્યા નહીં! ૨૪.

**सव्वाओ रिद्धिओ पत्ता सव्वे वि सयणसंबंधा।**
**संसारे ता विरमसु तत्ते जइ मुणसि अप्पाणं ॥२५॥**

सं. छाया–सर्वा ऋद्धयः प्राप्ताः सर्वेऽपि स्वजनसम्बन्धाः।
संसारे तस्माद् विरम तते यदि जानास्यात्मानम् ॥२५॥

(ગુ. ભા.) હે જીવ! સંસારને વિષે અનાદિકાલથી ભ્રમણ કરતાં તેં દેવ અને મનુષ્યાદિની સર્વ સમૃદ્ધિ-સંપદા પામી, અને સર્વની સાથે મા, બાપ, બહેન, બન્ધુ, સ્ત્રી વિગેરે સમગ્ર પ્રકારના સગપણ અનંતીવાર પામ્યો, પણ તેમાં તારી હજુસુધી સિદ્ધિ થઈ નહીં. માટે પરિણામે દુઃખકર તે સમૃદ્ધિ અને સગપણોમાં

મોહ માયા રાખ નહીં. અને આત્મસ્વરૂપને જાણવા ઇચ્છતો હોય તો સંસારથી વિરામ પામ-સંસારથી વિરક્ત થા, કે જેથી ભવભ્રમણ ટળી અક્ષયસુખ મળે. ૨૫.

**एगो बंधइ कम्मं, एगो वह-बंध-मरण-वसणाइं ।**
**विसहइ भवम्मि भमडइ, एगु च्चिअ कम्मवेलविओ॥२६**

सं. छाया-एको बध्नाति कर्म, एको वध-बन्ध-मरण-व्यसनानि ।
विषहते भवे भ्राम्यति, एक एव कर्मवञ्चितः ॥२६॥

(ગુ. ભા.) આ જીવ એકલોજ કર્મબંધ કરે છે, વધ બંધ મરણ અને આપાત્ત એકલાનેજ સહન કરવી પડે છે, પણ જે સ્ત્રી-પુત્રાદિને માટે તેં અનેક પ્રકારના પાપારંભ કર્યા તે કોઇ તારી વેદનાનો ભાગ લેવા આવશે નહીં. વળી કર્મથી ઠગાયેલો એવો આ આ જીવ એકલોજ સંસારમાં ભટકયા કરે છે, પણ જો વીતરાગના વચન ઉપર શ્રદ્ધા રાખી ધર્મમાં આસક્ત થાય તો સંસારના બંધન-છેદનાદિ દુઃખોથી છૂટે. ૨૬.

**अन्नो न कुणइ अहिअं, हिअंपि अप्पा करेइ न हु अन्नो।**
**अप्पकयं सुह-दुक्खं, भुंजसि ता कीस दीणमुहो ?२७**

सं. छाया-अन्यो न करोत्यहितं, हितमप्यात्मा करोति नैवाऽन्यः।
आत्मकृत सुख-दुःखं, भुङ्क्ष ततः कस्माद् दीनमुख ?॥२७॥

(ગુ. ભા.) હે જીવ! તું એમ ધારે છે કે-અમુક માણસે મારું બગાડ્યું, અને ફલાણાયે સુધાર્યું; એમ ધારી રાગ-દ્વેષ કરે છે. પણ આ જગત્‌માં તારું કોઈ બગાડનાર યા સુધારનાર નથી, તું પોતેજ તારું હિત યા અહિત કરે છે અને તું પોતેજ સારાં નરસાં કર્મ કરી સુખ-દુઃખને ભોગવે છે, બીજો કોઈ હિતાહિત કરતો નથી, તો પછી શા માટે દયામણું મુખ કરે છે? અને બીજાઓના દોષ દેખે છે? ૨૭.

**बहुआरंभविढत्तं, वित्तं विलसन्ति जीव ! सयणगणा।**
**तज्जणियपावकम्मं, अणुहवसि पुणो तुमं चेव ॥२८॥**

**सं. छाया—बह्वारम्भाऽर्जितं, वित्तमनुभवन्ति जीव! स्वजनगणाः।**
**तज्जनितपापकर्म, अनुभवसि पुनस्त्वमेव ॥२८॥**

(ગુ. ભા.) હે જીવ! તેં ખેતી વ્યાપારાદિ અનેક પ્રકારના આરંભ કરી, કૂડ કપટ પ્રપંચાદિ અનેક પ્રકારના અનર્થો કરી, નીચસેવાદિ અનેક પ્રકારનાં અકાર્યો કરી, અને પરદેશભ્રમણાદિ અનેક પ્રકારનાં જોખમ ખેડી મહા પરિશ્રમે ધન ઉપાર્જન કર્યું; પરંતુ તે ધનને સ્વજન-સગા સબંધીઓ વિલસે છે-ભોગવે છે, એટલે તે ધનનું ફળ તો તેઓ ભોગવે છે! પણ તે દ્રવ્ય ઉપાર્જન કરતાં બાંધેલાં અનેક પ્રકારનાં પાપકર્મો તો તારેજ ભોગવવાં પડે છે, તેઓ કોઈ

ભોગવવા આવતા નથી. માટે હે આત્મન્! કાંઇક સમજ. બીજાઓને માટે પાપના પોટલા બાંધી દુઃખી ન થા, અને ન્યાયથી ધન ઉપાર્જન કરી યથાશક્તિ ધર્મકાર્યોમાં તેનો વ્યય કર, કે જેથી તારો પરિશ્રમ ફલીભૂત થાય. ૨૮.

**अह दुक्खियाइं तह भुक्खियाइं जह चिंतियाइं डिंभाइं।**
**तह थोवंपि न अप्पा, विचिंतिओ जीव! किं भणिमो?॥**

सं. छाया-अथ दुःखितास्तथा बुभुक्षिता यथा चिन्तिता डिम्भाः।
तथा स्तोकमपि नात्मा, विचिन्तितो जीव! किं भणामः? ॥२९॥

(ગુ. ભા.) હે જીવ! તેં મૂઢ બની 'અરે! આ મારા બાળક દુખીયા છે, ભૂખ્યા છે, વસ્ત્ર રહિત છે' ઇત્યાદિ રાત્રિદિવસ ચિન્તવન કર્યું, તેઓને પડતી અગવડો ટાળવા ઇલાજો લીધા. પણ તેં તારા આત્માની થોડી પણ ચિન્તા કરી નહીં કે મેં મારા આત્માનું શું સાર્થક કર્યું? કેવલ રાત્રિ-દિવસ પરભાવમાંજ મગ્ન રહ્યો. તું મૂઢ બન્યો છે! તને કેટલો ઉપદેશ આપીએ?–વધારે શું કહીએ? ૨૯.

**खणभंगुरं सरीरं, जीवो अन्नो अ सासयसरूवो।**
**कम्मवसा संबंधो, निब्बंधो इत्थ को तुज्झ ॥३०॥**

सं. छाया-क्षणभङ्गुरं शरीरं, जीवोऽन्यश्च शाश्वतस्वरूपः।
कर्मवशात् सम्बन्धो, निर्बन्धोऽत्र कस्तव? ॥३०॥

(ગુ. ભા.) હે જીવ ! આ શરીર ક્ષણભંગુર છે–ક્ષણ વિનાશી છે–અશાશ્વતું છે, અને આત્મા તેથી જુદો શાશ્વત સ્વરૂપ છે–અવિનાશી છે. કર્મના વશથી તારો તેની સાથે સંબંધ થયો છે, તો પછી તારાથી વિરૂદ્ધ ધર્મવાળા એવા આ શરીરમાં તારી શી મૂર્છા છે? શરીર ઉપરથી મમત્વભાવ ત્યાગી આત્મસ્વરૂપમાં રમણ કર. ૩૦.

**कह आयं कह चलियं, तुमंपि कह आगओ कहं गमिही?**
**अन्नुन्नंपि न याणइ, जीव ! कुटुंबं कओ तुज्झ ?॥३१॥**

सं.छाया-कुत आगतं कुत्र चलितं, त्वमपि कुत आगतः कुत्र गमिष्यसि?।
अन्योन्यमपि न जानीथो, जीव ! कुटुम्बं कुतस्तव ? ३१॥

(ગુ. ભા.) હે આત્મન્ ! જેના ઉપર તારો ઘણો મોહ છે–ઘણી પ્રીતિ છે તે માત પીતા પત્ની પુત્ર વિગેરે કુટુંબ ક્યાંથી આવ્યું ? અને ક્યાં ગયું ? તું પણ કઈ ગતિમાંથી આવ્યો ? અને ક્યાં જઈશ ? આ પ્રમાણે કુટુંબની તને અને તારી કુટુંબને ખબર પણ નથી, તો પછી તારું એ કુટુંબ ક્યાંથી ? અને તું કુટુંબનો ક્યાંથી ? કે જેથી તું 'મારું કુટુંબ મારું કુટુંબ' કરતો ભટકે છે. ૩૧.

**खणभंगुरे सरीरे, मणुअभवे अब्भपडलसारिच्छे।**
**सारं इत्तियमेत्तं, जं कीरइ सोहणो धम्मो ॥३२॥**

सं. छाया-क्षणभङ्गुरे शरीरे, मनुजभवेऽभ्रपटलसदृक्षे ।
सारमेतावन्मात्रं, यत्क्रियते शोभनो धर्मः ॥३२॥

(ગુ. ભા.) આ ક્ષણભંગુર શરીરમાં, અને વાદળાંના ગોટાની જેમ જલ્દી વિનાશ પામતા આ મનુષ્ય ભવમાં સાર માત્ર એટલોજ છે કે-સુંદર અને દોષરહિત વીતરાગ ધર્મનું સેવન કર, તે વિના બીજો કાંઈ આ સંસારમાં સાર નથી. ૩૨.

**जम्मदुक्खं जरादुक्खं, रोगा य मरणाणि य ।**
**अहो ! दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जंतुणो॥३३**

सं. छाया-जन्मदुःखं जरादुःखं, रोगाश्च मरणानि च ।
अहो ! दुःखो हि संसारो, यत्र क्लिश्यन्ते जन्तवः ॥३३॥

(ગુ. ભા.) હે જીવ ! આ જગત્‌માં જન્મનું દુઃખ, ઘડપણનું દુઃખ, અનેક પ્રકારનાં રોગોનાં દુઃખ, તથા અનેક પ્રકારનાં મરણના દુઃખ છે. અરે ! આ સંસાર ખરેખર દુઃખમય છે, જેની અંદર પ્રાણીઓ અનેક પ્રકારના ક્લેશો ભોગવી રહ્યા છે. આવા જન્મ-મરણાદિ અનેક પ્રકારનાં દુઃખો અનુભવતા છતાં તેમાં આસક્ત થઈ રહ્યા છે એ મહા આશ્ચર્ય છે ! ૩૩.

**जाव न इंदियहाणी, जाव, न जररक्खसी परिप्फुरई ।**
**जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लिअई॥३४॥**

सं. छायां-यावन्नेन्द्रियहानिर्यावन्न जराराक्षसी परिस्फुरति।
यावन्न रोगविकारा यावन्न मृत्युः समुच्छिष्यति ॥३४॥

(ગુ. ભા.) હે જીવ! જ્યાંસુધી ઈન્દ્રિયો ક્ષીણ થઇ નથી, જ્યાંસુધી જરારૂપી રાક્ષસી વ્યાપી નથી, જ્યાં સુધી રોગવિકારો પ્રગટ થયા નથી અને જ્યાંસુધી કાળના પાશમાં સપડાયો નથી ત્યાંસુધીમાં વીતરાગ ધર્મનું સેવન કરી લે-જેમ બને તેમ જલદીથી ધર્મ-સાધન કરી લે. ૩૪.

**जह गेहम्मि पलित्ते, कूवं खणिउं न सक्कए कोइ।**
**तह संपत्ते मरणे, धम्मो कह कीरए? जीव! ॥३५॥**

सं. छाया-यथा गेहे प्रदीप्ते, कूपं खनितुं न शक्नोति कोऽपि।
तथा संप्राप्ते मरणे, धर्मः कथं क्रियते? जीव! ॥३५॥

(ગુ. ભા.) જેમ ઘરમાં ચોતરફથી આગ લાગે ત્યારે કૂવો ખોદી પાણી કાઢી બળતા ઘરને ઓલવવા કોઈપણ સમર્થ ન થાય અર્થાત્ આગ લાગે ત્યારે તું ધર્મસાધન કેવી રીતે કરી શકીશ? માટે જરા વિચાર કર! અને વિષય-કષાયથી વિરક્ત થઈ ધર્મનું શરણ કરી લે કે જેથી મરણ સમયે પશ્ચાત્તાપનો વખત ન આવે? ૩૫.

**रूवमसासयमेयं, विज्जुलयाचंचलं जए जीअं।**
**संझाणुरागसरिसं, खणरमणीअं च तारुण्णं ॥३६॥**

सं. छाया-रूपमशाश्वतमेतद्, विद्युल्लताचञ्चलं जगति जीवितम्।
सन्ध्यानुरागसदृशं, क्षणरमणीयं च तारुण्यम् ॥३६॥

(ગુ. ભા.) હે જીવ! આ શરીરનું સૌન્દર્ય અસ્થિર છે, જગત્‌માં જીન્દગી વીજળીના જેવી ચંચળ છે, અને જુવાની સાયંકાલના પંચવર્ણા રંગ જેવી ક્ષણમાત્ર રમણીય છે; માટે તે અસ્થિર અને ચંચળ અને ક્ષણ-ભંગુર ભાવોનો સેવક ન બનતાં પ્રભુસેવામાંજ ચિત્ત રાખ. ૩૬.

**गयकण्णचंचलाओ, लच्छीओ तिअसचावसारिच्छं।**
**विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव! मा मुज्झ ॥३७॥**

सं. छाया-गजकर्णचञ्चला लक्ष्म्यस्त्रिदशचापसदृक्षम्।
विषयसुखं जीवानां, बुध्यस्व रे जीव! मा मुह्य ॥३७॥

(ગુ. ભા.) હે આત્મન્ લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે, અને વિષયસુખ ઇન્દ્રધનુષ્ય જેવું ક્ષણ-ભંગુર છે; માટે જરા જાણ થા-બોધ પામ, મૂર્ખ બની મોહમૂઢ ન થા. ૩૭.

**जह संझाए सउणा-ण संगमो जह पहे अ पहिआणं।**
**सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव! ॥३८॥**

सं.छाया-यथा सन्ध्यायां शकुनानां सङ्गमो यथा पथि च पथिकानाम्।
स्वजनानां संयोगस्तथैव क्षणभङ्गुरो जीव! ॥३८॥

(ગુ. ભા.) હે જીવ! જેમ અનેક પ્રકારના પક્ષીઓ ભિન્ન ભિન્ન દિશાએથી આવીને એકઠાં થાય છે, અને સવાર થતાં પોતપોતાને મનગમતે સ્થળે ચાલ્યા જાય છે. તથા રસ્તામાં ભિન્નભિન્ન મુસાફરો એકઠા થાય છે, અને થોડો વખત વિશ્રાન્તિ લઇ પોતપોતાને રસ્તે પડે છે. તેમ આ સંસારમાં સગાં-સંબન્ધીઓનો સંબન્ધ ક્ષણભંગુર છે, તેઓ પોતપોતાના કર્મને અનુસારે ભિન્નભિન્ન ગતિમાંથી આવી એકઠા થયા છે, અને કર્મને અનુસારે સુખ-દુઃખ ભોગવી આયુષ્ય પૂર્ણ થતાં પોતપોતાને યોગ્ય ગતિમાં ચાલ્યા જશે. તો પછી શા માટે તેઓમાં મમત્વ રાખી ધર્મનો સત્ય માર્ગ ભૂલી સંસારમાં બાવરો બની ભટકે છે? ૩૮.

निसाविरामे परिभावयामि,
गेहे पलित्ते किमहं सुयामि ।
डज्झन्तमप्पाणमुवक्खयामि,
जं धम्मरहिओ दिअहा गमामि ॥३९॥

सं. छाया-निशाविरामे परिभावयामि, गेहे प्रदीप्ते किमहं स्वपिमि ।
दहन्तमात्मानमुपेक्षे, यद् धर्मरहितो दिवसान् गमयामि ॥३९॥

(ગુ. ભા.) હે જીવ! તારે પાછલી રાત્રે જાગૃત થઈ નિર્મળ ચિત્તે વિચારવું જોઇએ કે-"આ બધા

અમૂલ્ય દિવસો ધર્મ વિના ફોગટ કેમ ગુમાવું છું? અને આ શરીરરૂપી ઘર વૃદ્ધાવસ્થા, અનેક પ્રકારના રોગો, અને વ્યાધિરૂપી અગ્નિથી બળવા માંડ્યું છે છતાં તેમાં હું કેમ સૂઈ રહ્યો છું? અને તેમાં બળતા આત્માની શા માટે ઉપેક્ષા કરું છું? આ પ્રમાણે વિચારી શ્રીવીતરાગ ધર્મનું આચરણ કરી દિવસો સફળ કર, અને પ્રમાદ ત્યાગી આત્મસાધન કરી લે. ૩૯.

**जा जा वच्चइ रयणी, न य सा पडिनियत्तइ ।**
**अहम्मं कुणमाणस्स, अहला जन्ति राइओ ॥४०॥**

सं. छाया-या या व्रजति रजनी, न च सा प्रतिनिवर्तते ।
अधर्मं कुर्वतोऽफला यान्ति रात्रयः ॥४०॥

(ગુ. ભા.) જે જે રાત્રિ-દિવસ જાય છે તે પાછા આવતા નથી. ધર્મને નહીં કરનાર પ્રાણીના રાત્રી-દિવસો નિષ્ફળ જાય છે. જેટલો સમય ધર્મકરણીમાં જાય છે તેટલોજ સફળ થાય છે, માટે હે જીવ! ધર્મ-કરણી વિનાના તારા દિવસો પશુની જેમ નિષ્ફળ જાય છે તેનો વિચાર કર, અને જાગ્યા ત્યાંથી સવાર ગણી ધર્મકરણીમાં દત્તચિત્ત થા, કે જેથી દુર્લભ મનુષ્યભવ સાર્થક થાય. ૪૦.

**जस्सऽत्थि मच्चुणा सक्खं, जस्स अत्थि पलायणं ।**
**जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥४१॥**

**सं. छाया-यस्याऽस्ति मृत्युना सख्यं, यस्याऽस्ति पलायनम् ।**
**यो जानाति न मरिष्यामि, स खलु काङ्क्षेत श्वः स्यात् ॥४१**

(ગુ. ભા.) જેને મૃત્યુની સાથે ભાઈબન્ધી હોય તે કદાચ એમ વિચારે કે-મૃત્યુને સમજાવીને પણ થોડો વખત રોકી રાખીશ, અને ધર્મસાધન કરી લઈશ. પરન્તુ હે જીવ! મૃત્યુ તો તારો કટ્ટર દુશ્મન છે, તો પછી 'કાલે ધર્મસાધન કરીશ' એ પ્રમાણે શા માટે 'કાલનો' ભરોંસો રાખી પ્રમાદમાં દિવસો ગુમાવે છે? 'કાલ' કોણે દીઠી છે? આવતી કાલ સુધી જીવીશ તેની શી ખાત્રી? માટે આજેજ ધર્મ કરવાને ઉદ્યત થા, વળી જેને મૃત્યુ થકી ન્હાસી જવાનું સામર્થ્ય હોય તે કદાચ વિચારે કે પર્વત ગુફામાં અથવા એવા કોઇ નિર્ભય સ્થાનમાં પલાયન કરી જઈશ, અને કાળના સપાટામાંથી છટકી જઇશ! પણ હે આત્મા! તારી એવી શક્તિ નથી કે તુ મૃત્યુથી બચી જાય. ક્રૂર કાળ ઓચિંતો છાપો મારશે ત્યારે શું કરીશ? માટે ભવિષ્ય ઉપર આધાર રાખ નહીં, અને જે ધર્મ-સાધન કરવાનું છે તે આજેજ કરી લે. વળી એમ જાણતો હોય કે મારે મરવાનું નથી, તો કદાચ એવી

ઇચ્છા રાખે કે—આજે નહીં તો કાલે ધર્મસાધન કરીશ, તો તે યુક્ત છે. પરંતુ તારે અવશ્ય મરવાનું તો છેજ. તો પછી આગામી કાલ ઉપર શા માટે ભરોંસો રાખે છે?

કોઇની મૃત્યુ સાથે મિત્રતા નથી, કોઇ મૃત્યુના સપાટામાંથી ન્હાસી શકે તેમ નથી, તેમ દરેકને મરવાનું અવશ્ય છે; તો પછી હે આત્મા! તું ભવિષ્ય ઉપર ભરોંસો રાખ નહીં, જે ધર્મકરણી કરવાની હોય તે પ્રમાદ ત્યાગી આજેજ કરી લે. ૪૧.

**दंडकलिअं करित्ता, वच्चन्ति हु राइओ य दिवसा य ।**
**आउं संविल्लन्ता, गया वि न पुणो नियत्तन्ति ॥४२॥**

सं. छाया-दण्डकलितं कृत्वा, व्रजन्ति खलु रात्रयश्च दिवसाश्च ।
आयुः संविलयन्तो, गता अपि न पुनर्निवर्तन्ते ॥४२॥

(ગુ. ભા.) જેમ લોકો ફાળકારૂપે રહેલા સુતરને દંડ ઉપર ચડાવી ઉકેલે છે, તેમ રાત્રિ–દિવસ આયુષ્ય રૂપી સુતરને મનુષ્યભવાદિરૂપ દંડ ઉપર ચડાવી ઉકેલી રહ્યા છે—પ્રતિ દિવસ આયુષ્ય ઓછું થતું જાય છે, અને ગયેલા રાત્રિ–દિવસ પાછા આવતા નથી. ૪૨.

**जहेह सीहो व मियं गहाय,**
**मच्चू नरं णेइ हु अंतकाले ।**

न तस्स माया न पिया न भाया
कालम्मि तम्मिसहरा भवन्ति ॥४३॥

सं. छाया-यथेह सिंह इव मृगं गृहीत्वा, मृत्युर्नरं नयति खल्वन्तकाले।
न तस्य माता न पिता न भ्राता, काले तस्मिन् अंशधरा भवन्ति ॥४३॥

(ગુ. ભા.) જેમ સિંહ ટોળામાંથી મૃગલાને પકડી લઈ જાય છે, તેમ અન્તકાળે મૃત્યુ મનુષ્યને પકડી લઈ જાય છે. તે વખતે માતાપિતા કે ભાઇ કોઇપણ એક ક્ષણમાત્ર પણ રક્ષણ કરવાને સમર્થ થતું નથી. સહુ કોઈ દેખતાં કાળ લઈ જાય છે, અને સગાં સંબંધીઓ બેસી રહે છે; પણ કોઈ મરણ સમયે મરણના ભાગી થતા નથી. ૪૩.

जीअं जलबिंदुसमं, संपत्तिओ तरंगलोलाओ ।
सुमिणयसमं च पिम्मं जं जाणसु तं करिज्जासु ॥४४॥

सं. छाया-जीवितं जलबिन्दुसमं, सम्पत्तयस्तरङ्गलोलाः ।
स्वप्नसमं च प्रेम, यद् जानीयास्तत् कुरुष्व ॥४४॥

(ગુ. ભા.) આ જીન્દગી ડાભના અગ્રભાગ ઉપર રહેલા જલના બિન્દુ સમાન અસ્થિર છે. સંપત્તિઓ સમુદ્રના કલ્લોલ જેવી ચંચળ છે, એટલે કે એક ઠેકાણેથી બીજે ઠેકાણે જલદી જતી રહે છે. અને સ્ત્રી-પુત્રાદિ ઉપરનો પ્રેમ સ્વપ્ન સમાન છે, એટલે કે ક્ષણ

માત્રમાં નાશ પામે છે. હે જીવ ! આ પ્રમાણે જો તું ખરા અંતઃકરણથી જાણતો હોય તો જાણ્યા પ્રમાણે વર્તન કર–જે કાંઈ ધર્મકરણી કરવી ઘટે તે કર, અને શ્રીજિનેન્દ્રના ધર્મને સાચો જાણી તેને વિષે ઉદ્યમ કર. ૪૪.

**संझराग-जलबुब्बुओवमे,**
**जीविए य जलबिंदुचंचले ।**
**जुव्वणे य नइवेगसन्निभे**
**पावजीव ! किमियं न बुज्झसे ? ॥४५॥**

**सं.छाया-सन्ध्याराग-जलबुद्बुदोपमे, जीविते च जलबिन्दुचञ्चले । यौवने च नदीवेगसन्निभे, पापजीव ! किमिदं न बुध्यसे ? ॥४५॥**

(ગુ. ભા.) સન્ધ્યા સમયના રંગ, જલના પરપોટા અને ડાભ ઉપર રહેલા જલના બિન્દુ સમાન આ જીન્દગી ચંચલ છે–સન્ધ્યા સમયના લાલ પીળા લીલા વિગેરે રંગો ઘડી બેઘડીમાં નાશ પામે છે, પાણીના પરપોટા થોડાજ વખતમાં હતા નહોતા થઈ જાય છે, અને ડાભના અગ્રભાગ ઉપર રહેલું પાણીનું ટીપું થોડીવારમાંજ નાશ પામે છે, તેમ આ જીન્દગી ચંચળ છે, અસ્થિર છે, અને થોડીવારમાંજ નાશ પામે તેવી છે. વળી આ યૌવન નદીના પૂરના વેગ સમાન

જતાં વાર ન લાગે તેવું છે, અર્થાત્ ક્ષણિક છે. તો પણ હે પાપી જીવ! આ સર્વ ક્ષણિક જાણવા છતાં કેમ હજુ સુધી સમજતો નથી. ૪૫.

**अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणी परिअणोवि अन्नत्थ।**
**भूअबलिव्व कुडुंबं, पक्खित्तं हयकयन्तेण ॥४६॥**

सं. छाया-अन्यत्र सुता अन्यत्र, गेहिनी परिजनोऽप्यन्यत्र ।
भूतबलिरिव कुटुम्बं, प्रक्षिप्तं हत कृतान्तेन ॥४६॥

(ગુ. ભા.) ભૂત-પ્રેતાદિને નાખેલા બળી-બાકળા જેમ છિન્નભિન્ન થઇ જાય છે-ભિન્નભિન્ન વિખરાઈ જાય છે, તેમ ક્રૂર યમદેવે તારાપુત્રોને અન્યગતિમાં ફેંકી દીધા, તારી પ્રાણપ્રિયાને કોઈ બીજી ગતિમાં મૂકી દીધી, અને તારા કુટુમ્બ-કબીલાને કોઇ બીજે સ્થળે નાખી દીધા, આ પ્રમાણે યમદેવે બધાને વેર-વીખેર કરી નાખ્યા-ભિન્નભિન્ન ગતિમાં ફેંકી દીધા! અર્થાત્ મન્ત્ર સાધન કરવાવાળા પુરુષો જેમ બળી-બાકળા ભિન્નભિન્ન જગ્યાએ ફેંકે છે, તેમ યમદેવ દેખતાં દેખતા સર્વ કુટુંબને ભિન્નભિન્ન ગતિમાં નાંખી દે છે. માટે હે જીવ! તેઓ ઉપર ખોટો મમત્વ ત્યાગી આત્મ-સાધન કરવાને ઉદ્યમવંત થા. ૪૬.

**जीवेण भवे भवे, मिल्लियाइ देहाइ जाइ संसारे ।**

**ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥४७॥**

**सं. छाया-जीवेन भवे भवे, मेल्लितानि देहानि यानि संसारे।**
**तेषां न सागरैः, क्रियते सङ्ख्याऽनन्तैः ॥४७॥**

(ગુ. ભા.) આ જીવે સંસારમાં ભવોભવને વિષે જેટલા દેહ કર્યા તેની જો ગણત્રી કરવા બેસીએ તો અનંતા સાગરોપમ જેટલો કાળ ચાલ્યો જાય તો પણ ગણત્રી કરી શકીએ નહીં ! અર્થાત્ આ જીવે ભવોભવમાં ભટકી ભટકી અનંતા દેહ કરીને મૂકી દીધા છે. તો પછી હે આત્મા ! આવા ક્ષણભંગુર અને અશુચિથી ભરેલા શરીર ઉપર શા માટે મૂર્છા રાખે છે? હવે તો આવા વિનાશી શરીર ઉપરથી મૂર્છા ઉતારી અશરીરી થવાને પ્રયત્નશીલ થા. ૪૭.

**नयणोदयंपि तासिं, सागरसलिलाओ बहुयरं होइ।**
**गलियं रुअमाणीणं, माउणं अन्नमन्नाणं ॥४८॥**

**सं. छाया-नयनोदकमपि तासां, सागरसलिलाद् बहुतरं भवति।**
**गलितं रुदतीनां, मातॄणाम् अन्यान्यासाम् ॥४८॥**

(ગુ. ભા.) હે આત્મા અન્ય અન્ય ભવમાં થયેલી ભિન્ન ભિન્ન માતાઓ, કે જેઓ તારી વિપત્તિ દુઃખ અને મરણને લીધે રુદન કરતી હતી તે માતાઓના નેત્રના આંસુનું પરિમાણ કરવા બેસીએ તો સમુદ્રના

પાણીથી પણ અતિશય અધિક થઇ જાય ! અરે જીવ ! તેં અનંતી માતાઓ કરી, અને તે બધીને રોતી કકળતી મૂકી આ ભવમાં આવ્યો છે, માટે હવે પરમાર્થનો વિચાર કર, અને ફરીથી માતા ન કરવી પડે, અને જન્મ જરા તથા મરણના ફેરામાં ન ન ભટકવું પડે તેને માટે ધર્મકરણીમાં પ્રયત્નશીલ થા. ૪૮.

**जं नरए नेरइया, दुहाइ पावन्ति घोरऽणंताइ ।**
**तत्तो अणंतगुणियं, निगोअमज्झे दुहं होइ ॥४९॥**

सं. छाया-यद् नरके नैरयिकाः, दुःखानि प्राप्नुवन्ति घोराऽनन्तानि ।
ततोऽनन्तगुणितं, निगोदमध्ये दुःखं भवति ॥४९॥

(ગુ. ભા.) નરકમાં નારકી જીવો અનંતાં ઘોર દુઃખ પામે છે તે નરકનાં દુઃખથી પણ અનંતાં અધિક દુઃખો નિગોદમાં ભોગવવાં પડે છે-નિગોદમાં અનંતાં જીવોને રહેવાનું એકજ શરીર હોવાથી ઘણાં સાંકડા સ્થાનમાં રહી સમયે સમયે જન્મ-મરણાદિનાં અનંતાં દુઃખો જીવને ભોગવવાં

**तम्मिवि निगोअमज्झे, वसिओ रे जीव ! कम्मवसा ।**
**विसहन्तो तिक्खदुक्खं, अणंतपुग्गलपरावत्ते ॥५०॥**

सं. छाया-तस्मिन्नपि निगोदमध्ये, उषितो रे जीव ! कर्मवशात्
विषहमानस्तिक्ष्णदुःखं, अनन्तपुद्गलपरावर्तान् ॥५०॥

(ગુ. ભા.) રે જીવ! આવી ભયંકર નિગોદમાં પણ વિવિધ કર્મને વશ થઈ તું અનંત પુદ્ગલ પરાવર્ત સુધી ઘોર દુઃખોને સહન કરતો વસ્યો, તેં નિગોદનાં અસહ્ય દુઃખો અનંતીવાર ભોગવ્યાં, માટે હવે તેવાં દુઃખો ન ભોગવવાં પડે તે માટે વીતરાગધર્મ આરાધવાને તત્પર થા. ૫૦.

**निहरीअं कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव।**
**तत्थवि जिणवरधम्मो, पत्तो चिंतामणीसरिच्छो ॥५१॥**
**पत्ते वि तम्मि रे जीव!, कुणसि पमायं तुमं तयं चेव।**
**जेणं भवंधकूवे, पुणो वि पडिओ दुहं लहसि ॥५२॥**

सं. छाया-निःसृत्य कथमपि ततः, प्राप्तो मनुजत्वमपि रे जीव!
तत्रापि जिनवरधर्मः, प्राप्तश्चिन्तामणिसदृक्षः ॥५१॥
सं. छाया-प्राप्तेऽपि तस्मिन् रे जीव!, करोषि प्रमादं त्वं तमेव।
येन भवान्धकूपे, पुनरपि पतितो दुःखं लप्स्यसे ॥५२॥

(ગુ. ભા.) હે જીવ! તું અનેક પ્રકારની અકામ નિર્જરાએ કરીને, તથા નિગોદની ભવસ્થિતિ પૂરી કરીને મહાકષ્ટે ભાગ્યયોગે અતિદુર્લભ એવો મનુષ્ય ભવ પામ્યો, અને તેમાં પણ ચિન્તામણિરત્ન સમાન મનોવાંછિત સુખ આપનાર શ્રીજિનેન્દ્રધર્મ પામ્યો. આવો ચિન્તામણી તુલ્ય ધર્મ પ્રાપ્ત કરીને પણ જો

તું પ્રમાદ કરે છે તો ફરીથી ભવરૂપી અન્ધકૂવામાં પડી જન્મ-મરણાદિ ઘોર દુઃખ પામીશ-ફરીથી મનુષ્ય ભવ, અને તેમાં પણ જિનધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. માટે હે આત્મા ! નિદ્રા વિકથાદિ પ્રમાદ ત્યાગી ધર્મકરણીમાં ઉદ્યમશીલ થા. ૫૧-૫૨.

**उवलद्धो जिणधम्मो, न य अणुच्चिण्णो पमायदोसे ।**
**हा जीव ! अप्पवेरि !, सुबहुं परओ विसूरिहिसि ॥५३॥**

**सं. छाया-उपलब्धो जिनधर्मो, न चाऽनुचीर्णः प्रमाददोषेण ।**
**हा जीव ! आत्मवैरिक ! सुबहु परतः खेत्स्यसे ॥५३॥**

(ગુ. ભા.) હે જીવ ! તું મહાભાગ્યયોગે જિનધર્મને પામ્યો છતાં પ્રમાદદોષથી તેં આચર્યો નહીં જેથી ખરેખર ખેદ થાય છે. અરે આત્મવૈરી ! રત્ન સમાન ધર્મ પામવા છતાં ફક્ત પ્રમાદદોષથી નહીં આચરવાથી તને પરલોકમાં ઘણાં દુઃખ સહન કરવાં પડશે, અને તે વખતે તું ખેદ કરીશ માટે હવેથી પણ જાગ્યા ત્યાંથી સવાર ગણી, આત્માનો કટ્ટરશત્રુ જે પ્રમાદ તેને ત્યાગી, અપ્રમાદપણે ધર્મ કર. ૫૩.

**सोअन्ति ते वराया, पच्छा समुवट्ठियम्मि मरणम्मि ।**
**पावपणायवसेण, न संचियो जेहि जिणधम्मो ॥५४॥**

**सं. छाया-शोचन्ते ते वराकाः, पश्चात् समुपस्थिते मरणे ।**
**पापप्रमादवशेन, न सञ्चितो यैर्जिनधर्मः ॥५४॥**

(ગુ. ભા.) જેઓએ મદ, વિષય, કષાય, નિદ્રા, અને વિકથારૂપ મહાદુષ્ટ પ્રમાદને આધીન થઇ જિન-ધર્મ આદર્યો નથી તે બાપડા રાંક જીવો પછીથી મરણ આવી પહોંચતાં પશ્ચાત્તાપ કરે છે કે-"અરેરે! અમે કાંઈ ધર્મસાધન કરી શકયા નહીં, હવે પરલોકમાં શી ગતિ થશે? ધર્મ કર્યા વિના પરલોકમાં કયાંથી સુખી થઇશું? ત્યાં અતિભયંકર દુઃખો ભોગવવાં પડશે. અરેરે! હવે શું કરવું?" ઇત્યાદિ ઘણો જ શોક કરે છે. માટે હે જીવ! તું અત્યારથીજ ધર્મકરણી કરી લે, કે જેથી મરણ સમયે પશ્ચાત્તાપ કરવો ન પડે, અને પરલોકમાં કારમાં દુઃખો સહન કરવાં ન પડે. ૫૪

**धीधीधी !!! संसारं, देवो मरिउण जं तिरी होइ ।**
**मरिउण रायराया, परिपच्चइ नरयजालाए ॥५५॥**

**सं.छाया-धिग् धिग् धिक् !!! संसारं, देवो मृत्वा यत् तिर्यग भवति।**
**मृत्वा राजराजः, परिपच्यते नरकज्वालया ॥५५॥**

(ગુ. ભા.) જે સંસારમાં મહાસમૃદ્ધિવંત અને અપ્સરાઓના વિલાસો વડે સુખમાં મગ્ન થયેલો દેવ જેવો ઉત્તમ જીવ પણ મરીને તિર્યંચ થાય છે. વળી જે સંસારમાં છ ખંડનો ભોક્તા, ચોસઠ હજાર સુંદ-રીઓનો સ્વામી, તથા જેની ચોસઠ હજાર યક્ષો અને બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ રાત્રી-દિવસ સેવા

ફરી રહ્યા છે, એવો રાજાધિરાજ—મહારાજા ચક્રવર્તી પણ મરીને નરકની જ્વાલા વડે પકવાય છે, અને પરમાધામીઓએ કરેલી ભયંકર વેદનાઓને સહન કરે છે! એવા આ સંસારને ધિક્કાર હો! ધિક્કાર હો!!!૫૫.

**जाइ अणाहो जीवो, दुमम्स पुप्फं व कम्मबायहओ ।**
**धन-धन्ना-हरणाइं, घर-सयण-कुडुंब मिल्लेवि ॥५६॥**

**सं. छाया-यात्यनाथो जीवो, द्रुमस्य पुष्पमिव कर्मवातहृतः ।**
**धन-धान्या-ऽऽभरणानि, गृह-स्वजन-कुटुंबं मुक्त्वाऽपि ॥५६॥**

(ગુ. ભા.) જેમ પવનના ઝપાટાથી વૃક્ષનું પુષ્પ ખરી પડે છે, તેમ કર્મરૂપી પવનને પરાધીન થયેલો આ બીચારો અનાથ જીવ પોતે મેળવેલાં ધનધાન્ય ઘરેણાં ઘર સગા—વહાલાં અને કુટુંબને પડતા મેલી ચાલ્યો જાય છે! માટે હે આત્મન્! તું કર્મરૂપી પવનને આધીન છે, તેનો ઝપાટો લાગતાં તારે બધું છોડી ચાલ્યું જવું પડશે, તે વખતે તારી સાથે કાંઈ પણ આવનાર નથી. માટે પરિણામે જે વસ્તુ તારી સાથે આવનાર નથી તેના ઉપરથી મોહ ત્યાગી, પરભવમાં પણ સાથે આવી સુખ કરનાર જ્ઞાન દર્શન અને ચારિત્રનું આરાધન કર. ૫૬.

**वसियं गिरीसु वसियं, दरीसु वसियं समुद्दमज्झम्मि ।**
**रुक्खग्गेसु य वसियं, संसारं संसरंतेणं ॥५७॥**

सं. छाया-उषितं गिरिषूषितं, दरीषूषितं समुद्रमध्ये ।
वृक्षाग्रेषु चोषितं, संसारं संसरता ॥५७॥

(ગુ. ભા.) હે આત્મન્ ! સંસારમાં પરિભ્રમણ કરતાં તેં કેટલીએક વાર પર્વતોમાં નિવાસ કર્યો, કેટલીએકવાર વૃક્ષોના અગ્રભાગમાં પક્ષીરૂપે નિવાસ કર્યો, આવી રીતે તારે અનેક સ્થળે ભિન્નભિન્ન સ્વરૂપે નિવાસ કરવો પડયો ! તારે નિવાસ કરવાને કોઈપણ એક સ્થાન નથી, તો પછી 'મારું મારું' કરી શા માટે મિથ્યાભિમાન કરે છે ? આયુષ્ય પૂરું થતાં કર્મને અનુસારે તારે નિવાસ સ્થાન બદલવું જ પડશે, માટે મમત્વભાવ ત્યાગી સમભાવમાં લીન થા, કે જેથી અક્ષય અને નહીં બદલવું પડે તેવું સ્થાન મળે. ૫૭.

**देवो नेरइओत्ति य, कीड पयंगुत्ति माणुसो एसो ।**
**रूवस्सी य विरुवो, सुहभागी दुक्खभागी य ॥५८॥**

सं. छाया-देवो नैरयिक इति च, कीटः पतङ्ग इति मानुष एषः ।
रूपी च विरूपः, सुखभागी दुःखभागी च ॥५८॥

(ગુ. ભા.) આ જીવ કોઈ વખત દેવ થયો, કોઈ વખત નારકી થયો, કોઈ વખત તિર્યંચગતિમાં કીટ-પતંગ થયો, જ્યારે કોઈ વખત મનુષ્ય બન્યો. વળી કોઈ વખત સ્વરૂપવાન્ થયો, અને કોઈ વખત કુરૂપી થયો. વળી કોઈ વખત સુખીયો, અને કોઈ વખત

દુઃખી થઈ ઉદાસીન બન્યો. આવી રીતે આ સંસારરૂપ નાટકશાળામાં નાટકીયાની પેઠે ભિન્નભિન્ન વેશમાં ઉતરી ભિન્નભિન્ન ભાવં ધારણ કર્યા, પણ હજુસુધી અવિનાશી અને સ્થિર આત્મરૂપ પામ્યો નહીં. માટે હે આત્મા ! એ સર્વ વેશ અને ભાવોને વિનશ્વર અને અસત્ય જાણી શુદ્ધ આત્મરમણ પામવાને રાગ-દ્વેષની પરિણુતિ દૂર કર, કે જેથી તેવા વેષ ધારણ કરી કલુષિત થવું ન પડે. ૫૮.

**राउत्ति य द्रमगुत्ति य, एस सवा गुत्ति एष वेयविऊ।**
**सामी दासो पुज्जो, खलोत्ति अधणो धणवइत्ति॥ ५९॥**
**नवि इत्थ कोवि नियमो,**
**सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।**
**अन्नुन्नरूव-वेसो,**
**नडुव्व परिअत्तए जीवो ॥६०॥**

सं. छाया-राजेति च द्रमक इति च, एष श्वपाक इति एष वेदवित् ।
स्वामी दासः पूज्यः, खल इति अधनो धनपतिरिति ॥५९॥
सं. छाया-नाप्यत्र कोऽपि नियमः, स्वकर्मविनिविष्टसदृशकृतचेष्टः ।
अन्योन्यरूप-वेषो, नट इव परिवर्तते जीवः ॥६०॥

(ગુ. ભા.) આ જીવ કોઈ વખત રાજા થયો, જ્યારે કોઈ વખત ભીખારી બની ઉદરપૂર્તિ માટે ઘેરઘેર

ભટકયો, કોઈ વખત મહાક્રૂર ચંડાલ થયો, જ્યારે કોઇ વખત વેદનો જાણકાર મહાધુરંધર વિદ્વાન્ બન્યો. કોઈ વખત હજારો મનુષ્યોનો સ્વામી થયો, જ્યારે કોઈ વખત સેવક બની પરાધીન થયો, કોઇ વખત જગત્‌ને વંદનીય થયો, જ્યારે કોઈ વખત મહા નીચ દુર્જન બની જગત્‌ને ધિક્કારવા યોગ્ય બન્યો. કોઇ વખત નિર્ધન મહાદરિદ્રી થયો અને પોતાની આજીવિકાને માટે પણ વિચાર થઈ પડયો; જ્યારે કોઇ વખત કુબેર ભંડારી જેવો બેશૂમાર ધનનો સ્વામી થયો. ૫૯. આવી રીતે આ જીવને કોઇ પણ નિયમજ નથી, કારણકે આ સંસારરૂપી રંગભૂમિમાં પોતાના કર્મને અનુસારે ભિન્નભિન્ન રૂપ અને વેષને ધારણ કરી આ જીવ ભિન્નભિન્ન ચેષ્ટા કરતો ભટકયા કરે છે. માટે હે આત્મા ! હવે ચેત, તેં કર્મને આધીન થઈ આ સંસારરૂપી નાટકમાં ઘણા રૂપ વેષ અને ચેષ્ટાઓ કરી, પણ હજુસુધી તારી સિદ્ધિ થઈ નહીં. તો હવે તારી ગાઢ નિદ્રામાંથી જાગૃત થા, અને જે ક્રૂરકર્મો તને નચાવી રહ્યા છે તેઓનો ક્ષય કરવાને કર્મરહિત શ્રીવીતરાગનું રટન કર. ૬૦.

**नरएसु वेअणाओ, अणोवमाओ असायबहुलाओ।**
**रे जीव ! तए पत्ता, अणुतखुत्तो बहुविहाओ ॥६१॥**

सं. छाया-नरकेषु वेदना, अनुपमा अशातबहुलाः ।
रे जीव ! त्वया प्राप्ता, अनन्तकृत्वो बहुविधाः ॥६१॥

(ગુ. ભા.) હે જીવ ! તેં સાતે નરકોમાં, જેની ઉપમા નથી એવી દુઃખથી ભરપૂર ઘણા પ્રકારની વેદનાઓ અનન્તી વાર ભોગવી, તો પણ હજુ સુધી તારી બુદ્ધિ ઠેકાણે આવી નહીં !, માટે હે મંદમતે ! હવે પાપ કરતાં ડર રાખ કારણ કે તે પાપનાં ફળ તારે જ ભોગવવાં પડશે. ૬૧.

**देवत्ते मणुअत्ते, पराभिओगत्तणं उवगएणं ।**
**भीसणदुहं बहुविहं, अणंतखुत्तो समणुभूअं ॥६२॥**
**तिरियगहं अणुपत्तो, भीममहावेअणा अणेगविहा ।**
**जम्मण-मरणऽरहट्टे, अणंतखुत्तो परिब्भमिओ ॥६३॥**

सं. छाया-देवत्वे मनुजत्वे, पराभियोगत्वमुपगतेन ।
भीषणदुःखं बहुविधम्, अनन्तकृत्वः समनुभूतम् ॥६२॥
सं. छाया-तिर्यग्गयतिमनुप्राप्तो, भीममहावेदना अनेकविधाः ।
जन्म-मरणाऽरघट्टे, अनन्तकृत्वः परिभ्रान्तः ॥६३॥

(ગુ. ભા.) હે જીવ ! તેં દેવભવને વિષે તથા મનુષ્યભવને વિષે પરતંત્રતાના પાશમાં સપડાઈ ભયંકર ઘણા પ્રકારનું દુઃખ અનન્તી વાર અનુભવ્યું. ૬૨. વળી તું તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયો ત્યાં અનેક

પ્રકારની ભયંકર મહાવેદનાઓ ભોગવી. આવી રીતે ચારે ગતિમાં જન્મ અને મરણરૂપી રેંટને વિષે અનંતી વાર ભટક્યો. આ જગત્‌માં એવું કોઈ દુઃખ નથી કે જે દુઃખ તેં સહન કર્યું ન હોય. આવી રીતે અનંતી વાર ઘોર મહાભયાનક દુઃખ તેં સહન કર્યાં! માટે હવે ધર્મસાધન કર, કે જેથી તેવાં દુઃખ ભોગવવાં ન પડે. ૬૩.

**जावन्ति केवि दुक्खा, सारिरा माणसा य संसारे।**
**पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥६४॥**

सं. छाया–यावन्ति कान्यपि दुःखानि, शारीराणि मानसानि च संसारे। प्राप्तोऽनन्तकृत्वो, जीवः संसारकान्तारे ॥६४॥

(ગુ. ભા.) જીવે આ સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ કરતાં જેટલાં કોઈ રોગ વિગેરે શારીરિક દુઃખો છે, અને જેટલાં ઈષ્ટવિયોગાદિ માનસિક દુઃખો છે, તે સર્વ અનંતીવાર ભોગવ્યાં છે. ૬૪.

**तण्हा अणंतखुत्तो, संसारे तारिसीया तुमं आसी।**
**जं पसमेउ सव्वो-दहीणमुदयं न तीरिज्जा ॥६५॥**
**आसी अणंतखुत्तो, संसारे ते छुहावि तारिसीया।**
**जं पसमेउ सव्वो, पुग्गलकाओ वि न तीरिज्जा ॥६६॥**

सं. छाया–तृष्णाऽनन्तकृत्वः, संसारे तादृशी तवाऽऽसीत्।

यां प्रशमयितुं सर्वोदधीनामुदकं न शक्नुयात् ॥६५॥

सं. छाया–आसीद् अनन्तकृत्वः, संसारे तव क्षुधाऽपि तादृशिका।
यां प्रशमयितुं सर्व्वैः, पुद्गलकायोऽपि न शक्नुयात् ॥६६॥

(ગુ. ભા.) હે જીવ! તને નરકભવરૂપ સંસારને વિષે અનંતીવાર એવી તીવ્ર તૃષાનાં દુઃખ ભોગવવાં પડયાં છે કે જે તૃષાને છીપાવવાને સઘળા સમુદ્રનું જલ પણ સમર્થ ન થાય. અહો! તું પરાધીન હતો ત્યારે તારે કેવી તૃષાને સહન કરવી પડી? જ્યારે અહીં સ્વતંત્રપણે ધર્મનિમિત્તે-તારા પોતાના હિતને માટે ચોવિહારો ઉપવાસ છઠ અઠ્ઠમ, અથવા છેવટે રાત્રિનોજ ચોવિહાર કરવાનો ગુરુમહારાજ ઉપદેશ આપે છે ત્યારે તને વિચાર થાય છે! ૬૫. વળી નરકભવને વિષે અનંતીવાર એવી તીવ્ર ક્ષુધાની વેદનાઓ ભોગવવી પડી, કે જે ક્ષુધાને શાન્ત કરવાને જગત્ના સર્વ પુદ્ગલો પણ સમર્થ ન થાય, આવી સાંભળતાં કંપારી છૂટે એવી અવર્ણનીય ક્ષુધાની વેદનાઓ તેં પરવશપણે અનંતીવાર અનુભવી, જ્યારે અહીં સ્વાધીનપણામાં ધર્મનિમિત્ત–આત્માના કલ્યાણને માટે ઉપવાસ અથવા એકાસણું કરવાને પણ લાંબો વિચાર કરવો પડે છે! આત્મન્! નરકને વિષે આવી આવી અસહ્ય તૃષા અને ક્ષુધાની વેદનાઓ પરાધીનપણે તારે સહન કરવી પડી, કે જે સહન કરવા છતાં તારી

સિદ્ધિ થઈ નહીં. પણ અત્યારે તું મનુષ્યભવ પામ્યો છે, સારાસારનો વિચાર કરી શકે છે; તો હવે પણ રસનેન્દ્રિયને વશ થઇ, આવેલા અવસરને ચૂકે તો તારા જેવો મૂર્ખ કોણ ? માટે સ્વાધીનપણામાં જ તપસ્યાદિ કરી આત્માના સહજ ગુણો પ્રગટાવ, કે જેથી ભયંકર નારકીની વેદનાઓ ભોગવવાનો વખત ન આવે. ૬૬.

**काऊणमणेगाइं, जम्म-मरणपरियट्टणसयाइं ।**
**दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छयं जीवो ॥६७॥**
**तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं च मणुअत्तं ।**
**धम्मम्मि जो विसीयइ, सो काउरिसो न सप्पुरिसो ॥६८॥**

सं. छाया--कृत्वाऽनेकानि, जन्म-मरणपरिवर्तनशतानि ।
दुःखेन मानुषत्वं, यदि लभते यथेच्छितं जीवः ॥६७॥
सं. छाया--तत् तथा दुर्लभलाभं, विद्युल्लताचञ्चलं च मनुजत्वम् ।
धर्मे यो विषीदति, स कापुरुषो न सत्पुरुषः ॥६८॥

(ગુ. ભા.) જીવ અનેક સેંકડો જન્મ અને મરણના પરાવર્તનના ઘણા દુઃખો ભોગવીને મહાકષ્ટે પોતાને ઇષ્ટ એવું મનુષ્યપણું પામે છે. ૬૭. આવા દસ દૃષ્ટાન્તે દુર્લભ અને વીજળીના ઝબકારા જેવો ચંચલ મનુષ્ય-ભવ પામીને પણ જે કોઇ ધર્મકૃત્યમાં પ્રમાદ કરે તે કાયર પુરુષ સમજવો, તે સત્પુરુષોની પંક્તિમાં ગણાવા

લાયક થતો નથી. માટે હે જીવ! તું મહાકષ્ટે પૂર્ણ પુણ્યોદયે મનુષ્યભવ પામ્યો છે, તો તેને સાર્થક કર. ૬૮.

**माणुस्सजम्मे तडि लद्धियम्मि,**
**जिणिंदधम्मो न कओ य जेणं ।**
**तुट्टे गुणे जह धाणुक्कएणं,**
**हत्था मलेव्वा य अवस्स तेणं ॥६९॥**

सं. छाया-मानुष्यजन्मनि तटे लब्धे, जिनेन्द्रधर्मो न कृतश्च येन। त्रुटिते गुणे यथा धानुष्केण, हस्तौ मलयितव्यौ च अवश्य तेनं॥६९॥

(ગુ. ભા.) અનંતા ભવરૂપ સમુદ્રમાં ભટકતાં ભટકતાં કાંઠારૂપ મનુષ્યજન્મ પ્રાપ્ત કરવા છતાં જેણે જિનેન્દ્રપ્રરૂપિત ધર્મ કર્યો નહીં તેને, જેમ ધનુષ્યની દોરી તૂટતાં ધનુર્ધારી પુરુષને હાથ ઘસવા પડે છે તેમ અવશ્ય હાથ ઘસવા પડે છે-પશ્ચાત્તાપ કરવો પડે છે. માટે હે આત્મન્! તને ધર્મ કરવાને મનુષ્યભવાદિ સામગ્રીઓ મળી છે, છતાં જો પ્રમાદ કરી તેઓનો ઉપયોગ નહીં કરે, અને નિરર્થક દિવસો ગુમાવીશ, તો મરણ સમયે અતિશય પશ્ચાત્તાપ થશે. ૬૯.

**रे जीव ! निसुणि चंचलसहाव,**
**मिल्लेवि णु सयलवि बज्झभाव ।**

नवभेयपरिग्गहविविहजाल,
संसारि अत्थि सहु इंदयाल ॥७०॥

सं. छाया--रे जीव निशृणु चञ्चलस्वभावान्, मुक्त्वापि सकलानपि बाह्यभावान् । नवभेदपरिग्रहविविधजालान्, संसारेऽस्ति सर्वमिन्द्रजालम् ॥७०॥

(ગુ. ભા.) અરે જીવ! હિતકર વાકય સાંભળ- આ સર્વ ધન્ય ધાન્યાદિ નવપ્રકારના પરિગ્રહનો સમૂહ છે તે તારા આત્મગુણથી બાહ્યભાવ છે, તારા પોતાના ગુણ તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. વળી આ નવ પ્રકારનો પરિગ્રહ ચંચળસ્વભાવી છે-ક્ષણવિનાશી છે, સંસારમાં સર્વ ઇન્દ્રજાલ સમાન છે-પરમાર્થે જોતાં અસાર છે. વળી પરિગ્રહ છોડીને તારે અવશ્ય પર- લોકમાં જવું જ પડશે, તો પછી અત્યારથીજ આ સર્વ ચંચળસ્વભાવી બાહ્યભાવ ઉપરથી મોહત્યાગી અચલ સ્વભાવી તારા આત્મધર્મનો શા માટે આદર નથી કરતો? ૭૦.

पियं-पुत्त-भित्त-घर-घरणि-जाय
इहलोइय सव्व नियसुहसहाय ।
नत्रि अत्थि कोइ तुह सरणि मुक्ख !,
इक्कल्लु सहसि तिरि-निरयदुक्ख॥७१॥

सं. छाया--पितृ-पुत्र-मित्र-गृह-गृहिणीजातम्, ऐहलौकिकं सर्वं निजसुखसहायम् । नाऽप्यस्ति कोऽपी तव शरणे मूर्ख ! एकाकी सहिष्यते तिर्यग्नरकदुःखानि ॥७१॥

(ગુ. ભા.) રે મૂર્ખ આત્મન્! આ લોકમાં તને અતિશય વહાલા એવા પિતા, પુત્ર, મિત્ર, સ્ત્રી તથા ઘરના માણસો વિગેરે પોતાનોજ સ્વાર્થ તાકતા ફરે છે, તે કોઈ તારું શરણ નથી. તેઓને માટે કૂડ-કપટ કરી તારે એકલાનેજ તિર્યંચ અને નરકગતિનાં દુઃખો સહન કરવાં પડશે; અને તે મહાભયંકર દુઃખ વખતે કોઈ તારૂં રક્ષણ કરવા આવશે નહીં. માટે હે મૂઢ! હજુ કાંઇક વિચાર, અને આશ્રવભાવમાંથી નિવૃત્ત થઈ સંવરભાવમાં પરિણત થા, કે જેથી પરલોક સુધરે. ૭૧.

**कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।**
**एवं मणुआण जीवियं, समयं गोयम ! मा पमायए ॥७२॥**

सं. छाया-कुशाग्रे यथाऽवश्यायबिन्दुकः, स्तोकं तिष्ठति लम्बमानकः। एवं मनुजानां जीवितं, समयं गौतम ! मा प्रमादीः ॥७२॥

(ગુ. ભા.) પ્રભુ શ્રીમહાવીર ગૌતમ સ્વામીને ઉપદેશે છે કે-હે ગૌતમ! જેમ ડાભના અગ્રભાગ ઉપર લટકી રહેલું ઝાકળનું ટીપું થોડોજ સમય રહે છે-જોતજોતામાં નીચે પડી જાય છે, તેમ મનુષ્યોનું

જીવિત પણ જલદી નાશ પામે તેવું છે. માટે એક સમય પણ પ્રમાદ કરીશ નહીં-ધર્મને વિષે નિરંતર ઉદ્યમ કર. ૭૨.

**संबुज्झह किं न बुज्झह, संबोहि खलु पेच्च दुल्लहा ।**
**नो हूवणमन्ति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥७३॥**

सं. छाया--संबुध्यध्वं किं बुध्यध्वं, संबोधिः खलु प्रेत्य दुर्लभा ।
नैवोपनमन्ति रात्रयो, नो सुलभं पुनरपि जीवितम् ॥७३॥

(ગુ. ભા.) હે ભવ્ય પ્રાણીઓ ! તમે બુઝો-સમ્યક્ત્વ રત્ન મેળવવાને ઉદ્યમ કરો, આવો અવસર ફરીફરીને મળવો મુશ્કેલ છે. સમગ્ર પ્રકારની ધર્મસામગ્રી મળવા છતાં હજુ કેમ પ્રતિબોધ પામતા નથી? કારણ કે જેમણે ધર્મકૃત્ય કર્યું નહીં તેમને પરલોકમાં સમ્યક્ત્વ મળવું દુર્લભ છે. ગયેલા રાત્રિ-દિવસો પાછા આવવાના નથી, અને ધર્મસાધન કરવાને યોગ્ય જીવિત પાછું મળવું સુલભ નથી, માટે ધર્મસામગ્રી પામી પ્રમાદ ન કરો. ૭૩.

**डहरा बुड्ढा य पासह, गब्भत्थावि चयन्ति माणवा ।**
**सेणे जह वट्टयं हरे, एवमाउक्खयम्मि तुट्टइ ॥७४॥**

सं. छाया-बाला वृद्धाश्च पश्यत, गर्भस्था अपि च्यवन्ते मानवाः ।
श्येनो यथा वर्तकं हरति, एवमायुःक्षये त्रुट्यति (जीवितम्)॥७४॥

(ગુ. ભા.) હે પ્રાણીઓ! તમે જુઓ–કેટલાએક મનુષ્યો ગર્ભમાંજ મરણ પામે છે! કેટલાએક બાલ્યાવસ્થામાંજ મૃત્યુને શરણ થાય છે, કેટલાએક યુવાવસ્થામાં વહાલા સ્ત્રી–પુત્રાદિને મૂકી મરી જાય છે, જ્યારે કેટલાએક વૃદ્ધાવસ્થાનાં દુઃખ ભોગવી ભોગવી પગ ઘસતા મરણને આધીન થાય છે. આવી રીતે જેમ બાજપક્ષી તેતરને ઓચિંતો ઝાલી લે છે, તેમ આયુષ્યક્ષય થતાં યમદેવ જીવિતને હરે છે, માટે ક્ષણ માત્ર પણ જીવિતનો વિશ્વાસ નહીં રાખી ધર્મસાધન કરવાને સાવધાન થાઓ. ૭૪.

**तिहुयणजणं मरन्तं, दट्ठूण नयन्ति जे न अप्पाणं।**
**विरमन्ति न पावाओ, धी धी ! धिट्टत्तणं ताणं ॥७५॥**

**सं.छाया-त्रिभुवनजनं म्रियमाणं, दृष्ट्वा नयन्ति ये नात्मानम् (धर्मे)।**
**विरमन्ति न पापाद्, धिग् धिग् धृष्टत्वं तेषाम् ॥७५॥**

(ગુ. ભા.) જેઓ ત્રણે ભુવનના પ્રાણીઓને દેખતા છતાં પોતાના આત્માને ધર્મને વિષે જોડતા નથી, અને પાપ થકી વિરામ પામતા નથી, એવા નિર્લજ્જ પુરુષોની ધિટ્ટાઇને ધિક્કાર હો! ધિક્કાર હો! ૭૫.

**मा मा जंपह बहुयं, जे बद्धा चिक्कणेहि कम्मेहिं ।**
**सव्वेसिं तेसि जायइ, हिओवएसो महादोसो ॥७६॥**

सं. छाया-मा मा जल्पत बहुकं, ये बद्धाश्चिक्कणैः कर्मभिः ।
सर्वेषां तेषां जायते, हितोपदेशो महाद्वेषः ॥७६॥

(ગુ. ભા.) અયોગ્ય શિષ્યો ઉપર કૃપાસાગર ગુરુ-મહારાજને કરુણા આવવાથી વારંવાર ઉપદેશ આપતા જોઇ, તે ગુરુ મહારાજ પ્રતિ યોગ્ય અને વિનયી શિષ્યો કહે છે-પ્રભો! કૃપાનિધાન! જેઓએ ઘણાં ચીકણાં અને નિકાચિત કર્મો બાંધ્યા છે-જેઓ મગ-શેળીયા પત્થરની જેમ નહીં પીગળે એવા કઠણ હૃદય-વાળા છે, એવા આ અયોગ્ય પ્રાણીઓને બહુ ઉપદેશ ન આપો ન આપો. કારણ કે-તેઓને આપ ગમે તેટલો પ્રતિબોધ આપશો તો પણ તેઓ પ્રતિબોધ પામવાના નથી, એટલું જ નહીં પણ, સર્પને જેમજેમ દૂધ પાઇયે તેમ તેમ ઝેર વધે છે તેમ અયોગ્ય પ્રાણી-ઓને હિતોપદેશ કેવળ મહાદ્વેષની જ વૃદ્ધિ કરે છે, માટે તેવા અયોગ્ય જીવોને ઉપદેશ આપવો વ્યર્થ છે. ૭૬.

**कुणसि ममत्तं धण-सयण-विहवपमुहेसु अणंतदुक्खेसु ।**
**सिढिलेसि आयरं पुण, अणंतसुक्खम्मि मुक्खम्मि ॥७७**

सं. छाया-करोषि ममत्वं धन-स्वजन-विभवप्रमुखेषु अनन्तदुःखेषु ।
शिथिलयसि आदरं पुनरनन्तसौख्ये मोक्षे ॥७७॥

(ગુ. ભા.) હે જીવ! અનંતા દુઃખના હેતુભૂત ધન, સ્ત્રી પુત્રાદિ સ્વજન, અને વૈભવ વિગેરેને વિષે

તું મમત્વભાવ રાખે છે, જ્યારે અનંતું સુખ જેમાં છે એવા મહાદુર્લભ મોક્ષને વિષે આદર ઓછો કરે છે! એવો કોણ મૂર્ખ હોય કે જે દુઃખ આપનારા પદાર્થોમાં આસક્તિ રાખે? અને સુખ આપનારા પદાર્થમાં ઉપેક્ષા રાખે? પણ આત્મન્! તેં તો તેમજ કર્યું! માટે હજુ તારા અનાદિકાળના ભ્રમને દૂર કર, અને સુખી થવા ઇચ્છતો હોય તો બાહ્યભાવ ઉપરના મમત્વને ત્યાગી મોક્ષમાં આદર રાખ—મોક્ષને માટે પ્રયત્ન કર. ૭૭.

**संसारो दुहहेऊ, दुक्खफलो दुसहदुक्खरूवो य ।**
**न चयन्ति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥७८॥**

**सं. छाया-संसारो दुःखहेतुः, दुःखफलो दुःसहदुःखरूपश्च ।**
**न त्यजन्ति तमपि जीवा, अतिबद्धाः स्नेहनिगडैः ॥७८॥**

(ગુ. ભા.) આ સંસાર દુઃખનું કારણ છે, દુઃખરૂપી ફળને આપનારો છે, અને અસહ્ય ઘોર દુઃખસ્વરૂપ છે, આવા મહાભયંકર સંસારનો પણ, સ્નેહરૂપી બેડીથી અતિશય બંધાયેલા જીવો ત્યાગ કરતા નથી! જીવો સંસારને દુઃખમય જાણે છે, છતાં રાગબંધનથી જકડાએલા તેનો ત્યાગ કરી શકતા નથી. માટે હે જીવ! રાગબંધનને દૂર કરવાને ઉદ્યમવંત થા, કે જેથી આવા દુઃખમય સંસારથી તારો છૂટકારો થાય. ૭૮.

**नियकम्मपवणचलिओ, जीवो संसारकाणणे घोरे ।**

का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ? ॥७९॥

सं. छाया-निजकर्मपवनचलितो, जीवः संसारकानने घोरे ।
काः का विडम्बना, न प्राप्नोति दुस्सहदुःखाः ॥७९॥

(ગુ. ભા.) પોતાના કર્મરૂપી પવનને પરાધીન થઈ પતિત થયેલો આ જીવ સંસારરૂપી મહાવિકટ જંગલમાં અસહ્ય દુઃખોથી ભરપૂર કઈ કઈ વિડંબનાઓ પામતો નથી? અર્થાત્ સર્વ વિડંબનાઓ પામે છે. હે આત્મા! તેં કર્મને વશ થઈ અસહ્ય દુઃખો સહન કર્યાં, અને વિવિધ પ્રકારની વિડંબનાઓ સહી, તેના આગળ ધર્મકૃત્ય કરતાં થતું ઘણું જ અલ્પ દુઃખ શા હિસાબમાં છે? કે જેથી અનંતુ અને અક્ષય સુખ મળે તેમ છે. માટે ધર્મસંચય કરવામાં પ્રમાદી ન થા. ૭૯.

सिसिरम्मि सीयलानिल-
लहरिसहस्सेहि भिन्नघणदेहो ।
तिरियत्तणम्मिऽरण्णे,
अणंतसो निहणमणुपत्तो ॥८०॥

गिम्हायवसंतत्तो-रण्णे छुहिओ पिवासिओ बहुसो ।
संपत्तो तिरियभवे, मरणदुहं बहु विसूरन्तो ॥८१॥

वासासुऽरण्णमज्झे, गिरिनिज्झरणोदगेहि वज्जन्तो ।
सीयाऽनिलडज्जविओ, मओऽसि तिरियत्तणे बहुसो ॥८२॥

**एवं तिरियभवेसु कीसन्तो दुक्खसयसहस्सेहिं ।
वसियो अणंतखुत्तो, जीवो भीसणभवारण्णे ॥८३॥**

सं. छाया-शिशिरे शीतलाऽनिल–लहरिसहस्रैर्भिन्नघनदेहः । तिर्यक्त्वेऽरण्ये, अनन्तशो निधनमनुप्राप्तः ॥८०॥ ग्रीष्मातप-सन्तप्तो-ऽरण्ये क्षुधितः पिपासितो बहुशः । संप्राप्तस्तिर्यग्भवे मरणदुःखं बहु खिद्यमानः ॥८१॥ वर्षास्वरण्येमध्ये, गिरिनि-र्झरणोदकैरुह्यमानः । शीताऽनिलदग्धो, मृतोऽसि तिर्यक्त्वे बहुशः ॥८२॥ एवं तिर्यग्भवेषु, क्लिश्यमानो दुःखशतसहस्रैः । उषितोऽनन्तकृत्वो, जीवो भीषणभवाऽरण्ये ॥८३॥

(ગુ. ભા.) હે જીવ! તું તિર્યંચ ભવમાં હતો, કે જે વખતે તારૂં શરીર મજબૂત હતું તો પણ અટવીમાં શીયાળાની સખ્ત ઠંડીમાં હિમ પડવાથી તારો દેહ ફાટી ગયો–ભેદાઇ ગયો! અને પોષ મહિનાની કડકડતી ટાઢથી અટવીમાં અનન્તીવાર મરણને શરણ થયો, તે દુઃખ સંભાર. ૮૦. વળી રે આત્મા! તું તિર્યંચ ભવમાં ઘોર જંગલને વિષે ઉનાળાના આકરા તાપથી તપ્ત થઇ–વિહ્વલ બની ભૂખ્યો તરસ્યો ઘણોજ ખેદ પામતો મરણદુઃખ પામ્યો! ૮૧. વળી હે ચેતન! તું વર્ષા ઋતુમાં તિર્યંચ ભવમાં ભયાનક અરણ્યને વિષે પર્વતોના ધોધમાર પાણીમાં તણાતો-અથડાતો-કૂટતો અને ઠંડા પવનથી જકડાઇ ગયેલો ઘણી વખત મૃત્યુ પામ્યો! ૮૨.

આવી રીતે અતિભયાનક ભવરૂપી અરણ્યમાં તિર્યંચ ભવોને વિષે અસહ્ય લાખો દુઃખો ભોગવી ક્લેશ પામતો આ જીવ અનંતીવાર વસ્યો. શિયાળામાં જંગલને વિષે અસહ્ય ઠંડીથી અનંતીવાર મૃત્યુને શરણ થયો! ઉનાળાના આકરા તાપથી તપ્ત થઈ ભૂખ્યો તરસ્યો મરી ગયો! અને વરસાદની ઋતુમાં પાણીમાં તણાતો અથડાતો પ્રાણરહિત થયો! આવાં દુઃખો અનંતીવાર સહન કરવા છતાં તે કષ્ટોને આજ તું કેમ વિસરી જાય છે? ૮૩.

**दुट्ठट्ठकम्मपलया–निलपेरिओ भीसणम्मि भवरण्णे ।**
**हिंडन्तो नरएसु वि, अणंतसो जीव! पत्तो सि ॥८४॥**

सं. छाया–दुष्टाऽष्टकर्मप्रलया–ऽनिलप्रेरितो भीषणे भवारण्ये ।
हिण्डमानो नरकेष्वपि, अनन्तशो जीव! प्राप्तोऽसि ॥८४॥

(ગુ. ભા.) હે આત્મન! પ્રલયકાળના પવન જેવા ભયંકર એવા આઠ કર્મે કરી ઘોર એવા આ ભવરૂપી અરણ્યમાં ભટકતાં ભટકતાં તું નરકગતિમાં પણ અસહ્ય દુઃખો અનંતીવાર પામ્યો છે–દુઃખ ભોગવવામાં કાંઈ ખામી રાખી નથી, તોપણ હજુ તેવાંજ દુઃખો ભોગવવાં પડે તેવાં પાપમય કાર્યો કરે છે! અરે! કાંઈક સમજ, શુદ્ધિ ઠેકાણે લાવ, અને હવે પછી તેવાં દુઃખો ભોગવવાં ન પડે તેને માટે પ્રયત્નશીલ થા. ૮૪.

**सत्तसु नरयमहीसु, वज्जानलदाह–सीयवियणासु ।**
**वसियो अणंतखुत्तो, विलबन्तो करूणसद्देहिं ॥८५॥**

सं. छाया–सप्तसु नरकमहीषु, वज्राऽनलदाह-शीतवेदनासु ।
उषितोऽनन्तकृत्वो, विलपन् करुणशब्दैः ॥८५॥

(ગુ. ભા.) હે જીવ! તું સાતે નારકીઓમાં કરુણા ઉપજાવે એવા હૃદયભેદક શબ્દો વડે વિલાપ કરતો અનંતીવાર વસ્યો, કે જે નારકીઓમાં વજ્રસમાન અતિશય આકરા અગ્નિની અને શીતની અસહ્ય વેદનાઓ તારે ભોગવવી પડી! હવે તેથી ત્રાસ પામી ફરીથી ત્યાં જવું ન પડે માટે ધર્મકૃત્યમાં સાવધાન થા. ૮૫.

**पिय-माय-सयणरहिओ, दुरंतवाहिहिं पीडिओ बहुसो।**
**मणुअभवे निस्सारे, विलाविओ किं न तं सरसि ॥८६॥**

सं. छाया-माता–पितृ-स्वजनरहितो, दुरन्तव्याधिभिः पीडितो बहुशः । मनुजभवे निस्सारे, विलापितः किं न तं स्मरसि? ॥८६॥

(ગુ. ભા.) હે ચેતન! માતા પિતા અને સગાં સંબંધીઓથી વિયોગ પામેલા તને અસાધ્ય વ્યાધિઓએ ઘણોજ પીડિત કરી આ અસાર એવા મનુષ્યભવમાં બહુ બહુ વિલાપ કરાવ્યા, આ વાતને તું કેમ વિસરી જાય છે? ૮૬.

**पवणु व गयणमग्गे, अलक्खिओ भमइ भववणे जीवो।**
**ठाणट्ठाणम्मि समु-ज्झिऊण धण-सयण संघाए ॥८७॥**

सं छाया-पवन इवं गगनमार्गे, अलक्षितो भ्रमति भववने जीवः।
स्थानस्थाने समुज्झ्य धन-स्वजन संघातान् ॥८७॥

(गु. भा.) જેમ પવન આકાશમાં અદૃશ્યરૂપે ભિન્નભિન્ન સ્થાને ભમ્યા કરે છે, તેમ આ જીવ ઠેકાણે ઠેકાણે ધન અને સગાં વહાલાઓનો ત્યાગ કરી અજાણ-પણાથી ભટકયા કરે છે. માટે હે આત્મન! 'આ મારૂં ધન, આ મારા સગા-વહાલા' આ રીતે ખોટો મમત્વ ભાવ ત્યાગી, તારા શુદ્ધ સ્થિરસ્વભાવને પ્રાપ્ત કરવા વીતરાગપ્રભુનો ધર્મ આચર. ૮૭.

**विद्धिज्जन्ता असयं, जम्म-जरा-मरणतिक्खकुंतेहिं।**
**दुहमणुभवन्ति घोरं, संसारे संसरन्त जिआ ॥८८॥**
**तहवि खणंपि कयावि हु, अन्नाणभुयंगडंकिया जीवा।**
**संसारचारगाओ, न य उव्विज्जन्ति मूढमणा ॥८९॥**

सं. छाया-विध्यमाना असद्, जन्म-जरा-मरणतीक्ष्णकुन्तैः।
दुःखमनुभवन्ति घोरं, संसारे संसरन्तो जीवाः ॥८८॥
तथापि क्षणमपि कदापि खलु, अज्ञानभुजङ्गदष्टा जीवाः।
संसारचारकाद्, न चोद्विजन्ते मूढमनसः ॥८९॥

(ગુ. ભા.) આ અસાર સંસારમાં ભટકતા જીવો જન્મ જરા અને મરણરૂપી તીક્ષ્ણ ભાલાઓ વડે વારંવાર વિંધાઇ ઘોર દુઃખ અનુભવે છે, ૮૮. છતાં અજ્ઞાનરૂપી સર્પવડે ડસાયેલા મૂઢમાનવાળા જીવો આ સંસારરૂપી બંદીખાનાથી ક્ષણમાત્ર પણ ઉદ્વેગ પામતા નથી ! કેદખાનામાં પડેલો પ્રાણી એકજ વખત ભાલાની વેદના સહન કરી શકતો નથી, અને કંટાળી જઈ વિચારે છે કે-અરેરે! હવે હું આ દુઃખમાંથી કયારે છૂટું ? પણ જન્મ જરા અને મૃત્યુરૂપી ભાલાઓના કારી ઘા જીવો વારંવાર અનુભવે છે, છતાં આશ્ચર્ય છે કે-તેઓ આ સંસારરૂપી કેદખાનામાંથી છૂટવાને ક્ષણવાર પણ ઉદ્વિગ્ન થતા નથી. ૮૯.

**कीलसि कियंतवेलं, सरीरवावीइ ? जत्थ पइसमयं ।**
**कालऽरहट्टघडीहिं, सोसिज्जइ जीवियंभोहं ॥९०॥**

**सं. छाया-क्रिडिष्यसि कियद्वेलां, शरीरवाप्यां ? यत्र प्रतिसमयम् ।**
**कालाऽरघट्टघटीभिः, शोष्यते जीविताऽम्भओघः ॥९०॥**

(ગુ. ભા.) હે જીવ ! તું શરીરરૂપી વાવમાં કેટલો સમય ક્રીડા કરી શકીશ ? જે વાવમાંથી કાળરૂપી રેંટના ઘડાઓ જીવિતરૂપી જલસમૂહને સમયે સમયે શોષી રહ્યા છે!-જેમ જેમ કાળ જાય છે તેમ તેમ આયુષ્ય ઘટતું જ જાય છે. જેમ ફાંસીની સજા પામેલો અપરાધી જેમ જેમ ફાંસી સન્મુખ ડગલાં ભરે છે તેમ તેમ તેને

મૃત્યુ નજીક આવતું જાય છે, અને તેથી તેને ખાન-પાનાદિ કાંઈપણ ગોઠતું નથી, કારણકે તેણે જાણ્યું છે કે મૃત્યુ નજીક આવતું જાય છે; તેમ હે ચેતન ! તારી પણ જેમજેમ ઉમ્મર જાય છે તેમ તેમ મૃત્યુ નજીક આવતું જાય છે, આવી રીતે દિવસ પર દિવસ જતાં આયુષ્ય ઝપાટામાં પૂર્ણ થશે ત્યારે મરણને શરણ થવું પડશે ! માટે પ્રમાદ ત્યાગી પશ્ચાત્તાપ કરવાનો સમય ન આવે. ૯૦.

**रे जीव ! बुज्झ मा मुज्झ मा पमायं करेसि रे पाव ! ।**
**जं परलोए गुरुदुक्खभायणं होहिसि अयाण ! ॥९१॥**

सं. छाया-रे जीव ! बुध्यस्व मा मुह्य मा प्रमादं कुरु रे पाप ! ।
यत् परलोके गुरुदुःखभाजनं भविष्यसि अज्ञान ! ॥९१॥

(ગુ. ભા.) અરે જીવ ! બુઝ બુઝ, મોહ ન પામ. રે પાપી ! હવે ધર્મકાર્યમાં પ્રમાદ ન કર. હે અજ્ઞાની ! પ્રમાદ કરીશ તો પરલોકમાં ઘોર અસહ્ય દુઃખો તારે જ ભોગવવાં પડશે. માટે દુર્લભ મનુષ્યભવમાં ચિન્તા-મણિ સમાન જિનધર્મ પામી આવા ધર્મ કરવાના અમૂલ્ય સમયમાં સાવધાન થા, કે જેથી દુઃખ ન ભોગવવાં પડે. ૯૧.

**बुज्झसु रे जीव ! तुमं,**
**मा मुज्झसि जिणमयम्मि नाऊणं ।**

**जम्हा पुणरवि एसा,**

**सामग्गी दुल्लहा जीव ! ॥९२॥**

सं. छाया-बुध्यस्व रे जीव! त्वं, मा मुह्य जिनमते ज्ञात्वा ।
यस्मात् पुनरपि एषा, सामग्री दुर्लभा जीव! ॥९२॥

(ગુ. ભા.) અરે જીવ! હવે તું બોધ પામ, જિનમતને વિષે જીવ અજીવ વિગેરે તત્ત્વો જાણ્યા છતાં મોહ ન પામ, કારણ કે—હે ચેતન! મનુષ્યભવ તથા જિનેન્દ્રમત વિગેરે ધર્મસામગ્રી ફરીફરીને મળવી દુર્લભ છે, માટે આવેલો અવસર ન જવા દે. ૯૨.

**दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसी य ।**
**दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ॥९३॥**

सं. छाया-दुर्लभः पुनर्जिनधर्मः, त्वं प्रमादाकरः सुखैषी च ।
दुस्सहं च नरकदुःखं, कथं भविष्यसि तन्न जानीमः ॥९३॥

(ગુ. ભા.) હે પ્રાણી! આ જિનધર્મ ફરીથી મળવો અતિદુર્લભ છે, અને તું પ્રમાદની ખાણ છે! આવો ચિન્તામણિ સમાન જિનધર્મ પામવા છતાં તું પ્રમાદમાં દિવસો એળે ગુમાવે છે, અને પ્રમાદ કરીને પણ સુખની અભિલાષા રાખે છે! તે સુખ તને ક્યાંથી મળશે? નારકીનું દુઃખ દુઃસહ છે—ધર્મસામગ્રી મળવા છતાં પ્રમાદી બની ધર્મ તરફ ઉપેક્ષા રાખે છે, અને પાપમય કાર્યોમાં અમૂલ્ય આયુષ્ય

ગુમાવે છે, જેથી તને ઘોર અસહ્ય નરક દુઃખો ભોગવવાં પડશે. હે પ્રાણી! તું અહીં સામાન્ય દુઃખ પણ સહન કરી શકતો નથી ત્યારે નરકનાં દુઃસહ દુઃખ કેમ સહન થશે? અમે નથી જાણતા કે તારી ત્યાં શી અવસ્થા થશે! ૯૩.

**अथिरेण थिरो समलेण,**
**निम्मलो परवसेण साहिणो ।**
**देहेन जइ विढप्पइ,**
**धम्मो ता किं न पज्जत्तं? ॥९४॥**

**सं. छाया-अस्थिरेण स्थिरः समलेन, निर्मलः परवशेन स्वाधीनः।**
**देहेन यद्यर्ज्यते, धर्मस्तदा किं न पर्याप्तम्? ॥९४॥**

(ગુ. ભા.) હે જીવ! અસ્થિર અને અશાશ્વતા આ દેહ વડે સ્થિર અને શાશ્વતો જો ધર્મ ઉપાર્જન થાય છે તો શું ન મળ્યું? અર્થાત્ ધારેલો લાભ મળ્યો કહેવાય. વળી મળ-મૂત્રથી ભરેલા આ મલિન શરીર વડે નિર્મળ ધર્મ ઉપાર્જન થાય તો શું બાકી રહ્યું?-શું અપૂર્ણતા રહી?-અર્થાત્ મહાન્ લાભ મળ્યો કહેવાય. વળી અનેક પ્રકારના રોગ વિગેરેને આધીન-પરતન્ત્ર એવા આ દેહ વડે સ્વાધીન-સ્વતંત્ર એવો ધર્મ જો ઉપાર્જન થાય તો શું કાંઇ મળવાની ખામી કહેવાય? અર્થાત્ ઇચ્છેલો લાભ મળ્યોજ કહેવાય.

અસ્થિર; મલિન અને પરાધીન એવા આ અસાર દેહ વડે સ્થિર; નિર્મળ અને સ્વાધીન એવો જે ધર્મ ઉપાર્જન થઇ શકે છે, તો હે આત્મન્! આવેલો લાભ શા માટે ચૂકે છે, માટે આ અસાર શરીર ઉપરથી મોહ ઉતારી તે વડે ધર્મનું સાધન કરી લે. ૯૪.

**जह चिंतामणिरयणं,**
**सुलहं न हु होइ तुच्छविहवाणं ।**
**गुणविहववज्जियाणं,**
**जियाण तह धम्मरयणंपि ॥९५॥**

**सं.छाया-यथा चिन्तामणिरत्नं,सुलभं न खलु भवति तुच्छविभवानाम्।**
**गुणविभववर्जितानां, जीवानां तथा धर्मरत्नमपि ॥९५॥**

(ગુ. ભા.) જેમ તુચ્છ વૈભવવાળા-પુણ્યહીન પ્રાણીઓને ચિન્તામણિ રત્ન સુલભ ન જ હોય-પુણ્યહીન પ્રાણીઓ ચિન્તામણિ રત્ન પ્રાપ્ત કરી શકતાજ નથી, તેમ ગુણરૂપી વૈભવે કરીને રહિત જીવોને ધર્મરત્ન પણ સુલભ ન જ હોય-નિર્ગુણી પ્રાણીઓ ધર્મરત્ન પ્રાપ્ત કરી શકતા નથી. ૯૫.

**जह दिट्ठीसंजोगो, न होइ जच्चंधयाण जीवाणं।**
**तह जिणमयसंजोगो, न होइ मिच्छंधजीवाणं ॥९६॥**

**सं.छाया-यथा दृष्टिसंयोगो, न भवति जात्यन्धानां जीवानाम् ।**
**तथा जिनमतसंयोगो, न भवति मिथ्याऽन्धजीवानाम् ॥९६॥**

(ગુ. ભા.) જેમ જન્મથી અંધ અવતરેલા જીવોને દૃષ્ટિનો સંયોગ નથી–કોઇપણ પદાર્થને દેખતા નથી, તેમ મિથ્યાત્વે કરી અંધ થયેલા જીવોને જિનમતનો સંયોગ નથી-વીતરાગ ભાષિત મતની પ્રાપ્તિ થતી નથી. ૯૬.

**पच्चक्खमणंतगुणे, जिणिंदधम्मे न दोसलेसोवि ।**
**तहवि हु अन्नाणंधा, न रमन्ति कयावि तम्मि जिया ॥९७**

सं. छाया-प्रत्यक्षमनन्तगुणे, जिनेन्द्रधर्मे न दोषलेशोऽपि ।
तथापि खल्वज्ञानान्धा, न रमन्ते कदापि तस्मिन् जीवाः ॥९७॥

(ગુ. ભા.) શ્રીજિનેન્દ્રભાષિત ધર્મને વિષે પ્રત્યક્ષ અનન્ત ગુણો છે, અને દોષનો લવલેશ પણ નથી. આવો ગુણોનો ભંડાર અને નિર્દોષ જિનધર્મ છે. તો પણ અજ્ઞાન વડે અંધ થયેલા પ્રાણીઓ તેને વિષે ચિત્ત લગાવતા નથી–જોડાતા નથી. ૯૭.

**मिच्छे अणंतदोसा, पयडा दीसन्ति न वि य गुणलेसो ।**
**तह वि य तं चेव जिया ही मोहंधा निसेवन्ति ॥९८॥**

सं.छाया-मिथ्यात्वेऽनन्तदोषाः, प्रकटा दृश्यन्ते नाऽपिचगुणलेशः।
तथापि च तदेव जीवा, ही! मोहान्धा निषेवन्ते ॥९८॥

(ગુ. ભા.) મિથ્યાત્વમાં અનંત દોષો પ્રગટપણે દેખાય છે–સાક્ષાદ્ અનુભવીએ છીએ, અને ગુણનો લવલેશ પણ દૃષ્ટિગોચર થતો નથી, તોપણ અફસોસ

છે કે-મોહ વડે અંધ થયેલા પ્રાણીઓ તે મિથ્યાત્વને જ સેવે છે. ૯૮.

**धिद्धि ताणं नराणं विन्नाणे तह कलासु कुसलत्तं ।**
**सुहसच्चधम्मरयणे, सुपरिक्खं जे न जाणन्ति ॥९९॥**

**सं.छाया-धिग् धिक् तेषां नराणां, विज्ञाने तथा कलासु कुशलत्वं ।**
**शुभ-सत्यधर्मरत्ने, सुपरीक्षां, ये न जानन्ति ॥९९॥**

(ગુ. ભા.) પરલોકમાં કલ્યાણકારી અને સુખ આપનાર એવા સત્ય ધર્મરત્નની જેઓ સારી રીતે પરીક્ષા કરી જાણતા નથી તે પુરુષોના વિજ્ઞાન કૌશલ્યને ધિક્કાર હો ! તથા તે પુરુષોના કલાકૌશલ્યને ધિક્કાર હો! અર્થાત્ જેઓ 'આ ધર્મ સાચો છે, અને આ ધર્મ અસત્ય છે' એ પ્રમાણે સત્યાસત્ય ધર્મની પરીક્ષા કરી જાણતા નથી તેઓનું જ્ઞાન ડહાપણ ચતુરાઈ તથા કળાકૌશલ્ય નકામું છે, માટે દરેક મનુષ્યે પ્રથમ ધર્મની પરીક્ષા કરતાં શીખવું જોઈએ. ૯૯.

**जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।**
**सग्गापवग्गसुक्खाणं, फलाण दायगो इमो ॥१००॥**

**सं. छाया-जिनधर्मोऽयं जीवानाम्, अपूर्वः कल्पपादपः ।**
**स्वर्गा-ऽपवर्गसौख्यानां, फलानां दायकोऽयम् ॥१००॥**

(ગુ. ભા.) આ જિનધર્મ જીવોને અપૂર્વ કલ્પ-વૃક્ષ છે, કારણ કે-કલ્પવૃક્ષ તો આ લોકના જ સુખને આપે છે, પણ આ જિનધર્મરૂપી કલ્પવૃક્ષ તો સ્વર્ગ

અને મોક્ષના સુખરૂપ ફળોને આપે છે. ૧૦૦.

**धम्मो बंधु सुमित्तो य, धम्मो य परमो गुरू ।**
**मुक्खमग्गे पयट्टाणं, धम्मो परमसंदणो ॥१०१॥**

सं. छाया-धर्मो बन्धुः सुमित्रं च, धर्मश्च परमो गुरुः ।
मोक्षमार्गे प्रवृत्तानां, धर्म्मः परमस्यन्दनः ॥१०१॥

(ગુ. ભા.) આ જગત્‌માં ધર્મ બન્ધુસમાન છે-જેમ આપત્તિ સમયે ભાઈ સહાયતા કરે છે, તેમ આપત્તિમાં આવી પડેલા પ્રાણીને સહાયતા કરે છે. વળી ધર્મ હિતકર મિત્ર સમાન છે-જેમ સાચો મિત્ર સદ્‌બુદ્ધિ આપી સન્માર્ગે દોરે છે, તેમ ધર્મ પ્રાણીને સન્માર્ગે દોરે છે. વળી ધર્મ સદ્‌ગુરુ સમાન છે-જેમ સદ્‌ગુરુ ઉપદેશ આપી પ્રાણીને દુર્ગતિમાંથી બચાવે છે. તેમ ધર્મ પણ પ્રાણીને દુર્ગતિમાંથી બચાવે છે. વળી ધર્મ મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા પ્રાણીઓને માટે શ્રેષ્ઠ રથ સમાન છે-જેમ ઉત્તમ રથ હોય તો માર્ગમાં સુખેથી ગમન થઇ શકે છે, તેમ આ ધર્મરૂપી રથ મોક્ષમાર્ગને વિષે પ્રવર્તેલા પ્રાણીઓને મોક્ષમાં સુખ-શાન્તિથી પહોંચાડે છે. ૧૦૧.

**चउगइणंतदुहानल-पलित्तभवकाणणे महाभीमे ।**
**सेवसु रे जीव? तुमं, जिणवयण अमियकुंडसमं ॥१०२**

सं. छाया-चतुर्गत्यनन्तदुःखानल-प्रदीप्तभवकानने महाभीमे ।
सेवस्व रे जीव! त्वं, जिनवचनममृतकुण्डसमम् ॥१०२॥

(ગુ. ભા.) ચાર ગતિમાં રહેલા અનંત દુઃખરૂપી અગ્નિવડે આ સંસારરૂપી મહાભયંકર અરણ્ય સળગી ઉઠયું છે. આવા દુઃખરૂપી અગ્નિથી સળગી ઉઠેલા સંસારરૂપી અરણ્યમાંથી બચવું હોય તો હે જીવ! તું અમૃતકુંડ સમાન જિનધર્મનું સેવન કર. ૧૦૨.

**विसमे भवमरुदेसे, अणंतदुहगिम्हतावसंतत्ते ।**
**जिणधम्मकप्परुक्खं,सरसु तुमं जीव ! सिवसुहदं ॥१०३**

सं. छाया-विषमे भवमरुदेशे, अनन्तदुःखग्रीष्मतापसंतप्ते ।
जिनधर्मकल्पवृक्षं, सर त्वं जीव ! शिवसुखदम् ॥१०३॥

(ગુ. ભા.) હે જીવ! અનંત દુઃખરૂપી ગ્રીષ્મ ઋતુના તીવ્ર તાપવડે તપી રહેલા આ સંસારરૂપી વિષમ મારવાડ દેશમાં, મોક્ષસુખને આપનાર જિનધર્મરૂપી કલ્પવૃક્ષનો તું આશ્રય કર-જિનધર્મરૂપી કલ્પવૃક્ષને છાંયડે જા, કે જેથી તને શાન્તિ મળે. ૧૦૩.

**किं बहुणा ? जिणधम्मे, जइयव्वं जह भवोदहिं घोरं ।**
**लहु तरियमणंतसुहं, लहइ जिओ सासयं ठाणं ॥१०४**

सं.छाया-किं बहुना ? जिनधर्मे, यतितव्यं यथा भवोदधिं घोरम् ।
लघु तीर्त्वाऽनन्तसुखं, लभते जीवः शाश्वतं स्थानम् ॥१०४॥

(ગુ. ભા.) વધારે શું કહીયે ? હે ભવ્ય પ્રાણીઓ ! ઉપદેશનો સાર એજ છે કે-જિનધર્મને વિષે તે પ્રકારે પ્રયત્ન કરવો જોઇએ કે જેથી ભયંકર એવા આ ભવ-રૂપી સમુદ્રને જલદી તરી જીવ અનંત સુખવાળું શાશ્વત મોક્ષસ્થાન મેળવે. ૧૦૪.

विभाग २ जो.

॥ अर्हम् ॥

श्रीसोमसूरिविरचित

# श्रीआराधनासूत्र

## ( प्रकीर्णक )

अवचूरियुक्त

———:-:———

गुजराती भाषांतरयुक्त.

नत्वा तत्त्वार्थवेत्तारं, श्रीवीरं त्रिजगद्गुरुम् ।
आराधनाख्यसूत्रस्य, लिख्यतेऽर्थलवो मया ॥१॥

અવચૂરિકારકૃત મંગળ.

તત્ત્વાર્થના વેત્તા ( જાણનાર ) અને ત્રણ જગતના ગુરુ **શ્રી** વીરપરમાત્માને નમસ્કાર કરીને આરાધનાસૂત્ર નામના પ્રકીર્ણકનો કિંચિતમાત્ર અર્થ હું લખું છું.

**नमिऊण भणइ एवं, भयवं समओचिअं समाइससु।**
**तत्तो वागरइ गुरू, पज्जंताराहणं एअं ॥१॥**

"नत्वा" मनोवाक्कायशुद्ध्या प्रणम्य विधिपूर्वं "भणति" आरिरात्सुः श्राद्धादिः। "एवं" अमुना प्रकारेण "हे भगवन्!" हे पूज्य ! समयप्रस्तावादन्त्यकालस्तस्योचितं यत्कर्त्तव्यं तत् "समादिश" अर्थान्ममेति शेषः। "ततः" तदनन्तरं "व्यागृणाति" सम्यगादिशति गुरुः "पर्यन्ताराधनामेतां" वक्ष्यमाणलक्षणां दशभिर्द्वारैः ॥१॥

ગાથાર્થ—"પરમાત્માને મન-વચન-કાયાની શુદ્ધિવડે વિધિપૂર્વક નમસ્કાર કરીને આરાધના કરવાને ઈચ્છતા એવા શ્રાદ્ધાદિ આ પ્રમાણે કહે કે-હે ભગવન્! હે પૂજ્ય! સમયોચિત એટલે પ્રસ્તાવને અનુસરીને અંતકાળને ઉચિત જે કર્ત્તવ્ય હોય તે મને કહેવા કૃપા કરો. ત્યારે ગુરુમહારાજ આ વક્ષ્યમાણ લક્ષણવાળી એટલે આગળ કહેવાશે એવી **પર્યંત-રાધના** દશ દ્વારે કરીને કહે છે." ૧.

तानि द्वाराण्याह— (તે દશ દ્વારો કહે છે)

**आलोअसु अइयारे, वयाइं उच्चरसु खमसु जीवेसु।**
**वोसिरसु भाविअप्पा, अट्ठारस पावठाणाइं ॥२॥**
**चउसरणं दुक्कडगरहणं च, सुकडाणुमोअणं कुणसु।**
**सुहभावणं अणसणं, पंचनमुक्कारसरणं च ॥३॥**

"आलोचय" प्रकटीकुरु, अतिचरति अतिक्रामति स्वस्थानं व्रतलक्षणं यैस्ते तान् । द्वारम् १ । व्रतानि "उच्चरस्व" मुखेनाङ्गीकुरु । द्वाम् २ । "जीवेषु" प्राणिषु त्वं "क्षमस्व" क्षान्ति कुरु । द्वारम् ३ । व्युत्सृज दूरीकुरु त्वमिति । भावितो ज्ञानादिभिरात्मा येन स एवंविधः सन् अष्टादशसङ्ख्याकानि पापस्य स्थानानि कारणानि पापस्थानानि । द्वारम् ४ ॥२॥

चतुर्णां अर्हदादीनां शरणं चतुःशरणं कुर्विति क्रियासंबन्धः। द्वारम् ५ । दुष्कृतस्य पापस्य गर्हणं निन्दनम् द्वारम् ६ । सुकृतानां जिनभवनादिकृत्यानामनुमोदनं तत्फलाङ्गीकारः, तत् कुरु "चः" पुनरर्थे । द्वारम् ७ । "शुभभावनां" आर्त्तध्यानादिपरिहारेण तां कुरु । द्वारम् ८। "अनशनं" आहारपरित्यागस्तत्कुरु । द्वारम् ९ । पञ्चपरमेष्ठिनमस्कारस्मरणं कुरु । द्वारम् १० । एते दशाधिकारा आराधनाया वाच्याः ॥३॥

**ગાથાર્થ:**—વ્રતલક્ષણ સ્વસ્થાનથી જે અતિક્રમણ કરવું તે અતિચાર કહીએ, તેને આલોચ–પ્રકટ કર. (દ્વાર ૧.) વ્રતોને ફરીને ઉચ્ચર મુખે કરીને સ્વીકાર કર. (દ્વાર ૨.) જીવોને વિષે –પ્રાણીઓને વિષે તું ક્ષમા કર–ખમાવ. (દ્વાર ૩.) જ્ઞાનાદિવડે ભાવ્યો છે આત્મા જેણે એવો તું અઢાર સંખ્યાવાળા પાપના સ્થાન–કારણો તેને દૂર કર–તજી દે. ( દ્વાર ૪. ) અરિહંતાદિ ચારનું તું શરણ કર. (દ્વાર ૫) દુષ્કૃત જે પાપ તેની ગર્હા–નિંદા કર. (દ્વાર ૬) જિનભવન કરાવવા વિગેરે સત્કૃત્યો (સાતક્ષેત્રો) તેનું અનુમોદન

–તેના ફળને સ્વીકારવારૂપ કર. (દ્વાર ૭.) શુભભાવ–આર્ત્તધ્યાદિના પરિહારવડે તું કર. (દ્વાર ૮.) અનશન જે આહારનો પરિત્યાગ, તે તું કર. (દ્વાર ૯.) પંચપરમેષ્ઠિ નમસ્કાર–નવકાર મંત્રનું તું સ્મરણ કર. (દ્વાર ૧૦.) ૨–૩*

આરાધનાના આ દશ પ્રકાર કહેવા–જાણવા.

पञ्चाचारानाश्रित्यालोचनामाह—

હવે પ્રારંભમાં પાંચ આચારને આશ્રયીને આલોચના કહે છે.

**नाणंमि दंसणंमि अ, चरणंमि तवंमि तह य विरिअंमि**
**पंचविहे आयारे, अइआरालोअणं कुणसु ॥४॥**

"ज्ञाने," "दर्शने" सम्यक्त्वे, "चारित्रे" विरतिलक्षणे, "तपसि" द्वादशविधे, तथा च "वीर्ये" प्रशस्तमनोवाक्काय-सामर्थ्यरूपे, "पञ्चविधे" पञ्चप्रकारे आचारे सामान्यतः त्वमिति गम्यम् । अतिचारालोचनं गुरोः पुरतः प्रकटनं "कुरु" अशठवृत्त्या कथयेति तात्पर्यम् ॥४॥

ગાથાર્થ:—જ્ઞાને (જ્ઞાનને વિષે), દર્શને (સમ્યકત્વને વિષે ચારિત્રે (વિરતિરૂપ ચારિત્રને વિષે), તપમાં (બાર પ્રકારના

---

* અવચૂરિમાં માત્ર શબ્દાર્થની સ્પષ્ટતા બહોળે ભાગે હોવાથી ગાથાનો ને અવચૂરિનો જુદો જુદો અર્થ પુનરાવર્તન થવાને કારણે લખેલ નથી. અવચૂરિમાં જે વિશેષ છે તે ગાથાર્થમાં લીધુ છે

તપ વિષે); વીર્યે (પ્રશસ્ત મન–વચન--કાયાના સામર્થ્યને વિષે). આ પાંચ પ્રકારના આચારને વિષે સામાન્યથી જે અતિચાર લાગ્યા હોય તે તું ગુરૂની પાસે અશઠવૃત્તિ વડે (સરલતાથી) પ્રકટ કર--કહે. ૪.

श्रुतज्ञानस्य प्राधान्यात् तदाश्रित्याह—

હવે પ્રથમ શ્રુતજ્ઞાનની પ્રાધાન્યતા હોવાથી તેને આશ્રયી કહે છે.

**कालविणयाइअट्ठप्पयार आयारविरहिअं नाणं ।**
**जं किंचि मए पढिअं, मिच्छा मे दुक्कडं तस्स ॥५॥**

"काले विणए बहुमाणे" इत्याद्यागमोक्ताष्टप्रकारोऽष्टविधः, आचारविरहितं अनाभोगादिना, "ज्ञानं" श्रुतज्ञानं, यत्किञ्चिन्मया पठितं, उपलक्षणात्पाठितमन्येषाम् । "तस्य" ज्ञानाचारस्य देशसर्वविराधनारूपं दुष्कृतं पापं मम मिथ्याऽस्तु ॥५॥

કાળ, વિનય, બહુમાન ઈત્યાદિ આગમોક્ત આઠ પ્રકારના જે જ્ઞાનાચાર તેથી વિરહિત--રહિત અનાભોગાદિવડે કરીને જે યત્ કિંચિત્ શ્રુતજ્ઞાન હું ભણ્યો-ઉપલક્ષણથી મેં અન્યને જે ભણાવ્યું તે જ્ઞાનાચારની દેશ–સર્વ વિરાધનારૂપ જે મારું દુષ્કૃત (પાપ) તે મિથ્યા થાઓ. ૫.

**नाणीण जं न दिन्नं, सइ सामत्थंमि वत्थअसणाई ।**
**जा विहिआ य अवन्ना, मिच्छा मे दुक्कडं तस्स ॥६॥**

"ज्ञानिनां" साध्वादीनां "यन्न दत्तं" यन्न विश्राणितं, "सति सामर्थ्ये" तथाविधयोग्यतासद्भावे, वस्त्राहारादिः, आदेः पथ्यान्नादिग्रहः । या "विहिता" कृता, "च" पुनरर्थे, "अवज्ञा" तद्गुणावजाननं, मिथ्या मम दुष्कृतं, तस्येति पूर्ववत् ॥६॥

હવે જ્ઞાનાચારના અતિચારને અંગેજ વિશેષ કહે છે—

**ગાથાર્થ**:—જ્ઞાની એવા સાધ્વાદિકને મેં તેમનામાં તથાવિધ યોગ્યતાનો સદ્ભાવ છતે અને મારામાં સામર્થ્ય છતે આહારાદિ-પથ્ય એવા અન્નાદિનું દાન ન કર્યું, તેમના ગુણોને નહીં જાણવા-માનવા રૂપ જે અવજ્ઞા કરી તદ્રૂપ મારું દુષ્કૃત (પાપ) મિથ્યા થાઓ. ૬ વળી—

**जं पंचभेअनाणस्स, निंदणं जं इमस्स उवहासो ।**
**जो अ कओ उवघाओ, मिच्छा मे दुक्कडं तस्स ॥७॥**

यन्मतिज्ञानादिपञ्चप्रकारं ज्ञानस्य, निन्दनं निन्दा दोषोद्घट्टनं, यदस्य ज्ञानस्य उपहासोऽवज्ञया हास्यकरणं, कृतमिति शेषः । तथा यश्च कृतो विरचित उपघातस्तत्प्रवृत्तिबन्धनं तत्तत्स्थानेषु, मिथ्या मे दुष्कृतमित्यादि पूर्ववत्॥७॥

**ગાથાર્થ**:—મતિ વિગેરે પાંચ પ્રકારના જ્ઞાનોની મેં જે દોષોદ્ઘાટનરૂપ નિંદા કરી, તે જ્ઞાનનો જે ઉપહાસ કર્યો-અવજ્ઞા વડે હાંસી કરી તથા મેં જે તેની પ્રવૃત્તિમાં પ્રતિબંધ

કરવારૂપ તેનો ઉપઘાત કર્યો તે સંબંધી મને પ્રાપ્ત થયેલું દુષ્કૃત મિથ્યા થાઓ. ૭. વળી—

**नाणोवगरणभूआण, कवलिआ फलयपुत्थयाईणं ।**
**आसायणा कया जं, मिच्छा मे दुक्कडं तस्स ॥८॥**

ज्ञानस्यार्थात् श्रुतज्ञानस्योपकरणभूतानां तदाधारकाणां कपरिका कवलीति, फलकानि पुस्तकोभयपार्श्ववर्त्तीनि, पुस्तकम् लिखितपत्रसञ्चयः। एषां, आदेर्लेखिन्यादीनां आशातना विनाशः कृताऽज्ञानेन यत् मिथ्या मे दुष्कृत-मित्यादि पूर्ववत् ॥८॥

**ગાથાર્થ**:—જ્ઞાનના એટલે શ્રુતજ્ઞાનના ઉપકરણભૂત તેના આધારરૂપ કવલિકા (કવલી), ફલક–પાટલીઓ પુસ્તકની બન્ને બાજુ રાખવામાં આવે છે તે અને પુસ્તક–લખેલા પત્રના સંચયરૂપ તેમજ આદિ શબ્દથી લેખણ વિગેરેની જે આશાતના –તેના વિનાશરૂપ કરી હોય તે સંબંધી મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૮.

दर्शनाचारमाश्रित्याह—

**जं सम्मत्तं निस्संकिआइअट्ठविहगुणसमाउत्तं ।**
**धरिअं मए न सम्मं, मिच्छा मे दुक्कडं तस्स ॥९॥**

जं सम्मत्तं, यत्सम्यक्त्वं सम्यक्श्रद्धानं निःशङ्कितादि अष्टप्रकारगुणसमायुक्तं अष्टविधाचारप्रतिपालनप्रवचनं श्रद्धा-

नशुद्धं, कर्तव्यशुद्धं च, न धृतं नावधारितं मया मूढेन सता सम्यक्गुरूक्तयुक्त्या, मिथ्या मे दुःकृतमित्यादि पूर्ववत् ॥९॥

હવે બીજા દર્શનાચારના અતિચાર કહે છે—

**ગાથાર્થ:**—જે સમ્યક્ત્વ-સમ્યક્ શ્રદ્ધાનરૂપ નિઃશંકિતાદિ આઠ પ્રકારના ગુણ (આચાર) વડે યુક્ત, અષ્ટવિધ આચારના પ્રતિપાલનરૂપ શ્રદ્ધાનશુદ્ધ અને કર્તવ્યશુદ્ધ મેં ન અંગીકાર કર્યું હોય--મેં મૂઢે સમ્યક્ ગુરુકથિત યુક્તિવડે સ્વીકાર્યું ન હોય તે સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૯.

**जं न जणिया जिणाणं, जिणपडिमाणं च भावओ पूआ।**
**जं च अभत्ती विहिआ, मिच्छा मे दुक्कडं तस्स ॥१०॥**

जं न जणिया०, यन्न जनिता न कृता जिनानां विद्यमानतीर्थकृतां तत्तत्कालप्रभवानां, तथा जिनप्रतिमानां शाश्वत्यशाश्वतीनां, भावतः पूजाङ्गाग्रभावादिप्रकारैस्त्रिधाऽष्टधा वा यच्चाभक्तिः पुष्पाद्यर्चादिपञ्चप्रकाराकरणरूपा विहिता, मिथ्या मे दुष्कृतमित्यादि पूर्ववत् ॥१०॥

દર્શનાચાર સંબંધીજ વિશેષ કહે છે:—

**ગાથાર્થ:**—વિદ્યમાન તીર્થંકરોની--તે તે કાળમાં ઉત્પન્ન થયેલાની તેમજ શાશ્વતી અશાશ્વતી જિનપ્રતિમાની મેં જે અંગ, અગ્ર ને ભાવાદિ ત્રણે પ્રકારોવડે અથવા અષ્ટ પ્રકારોવડે ભાવથી પૂજા ન કરી તથા પુષ્પાદિ પાંચ પ્રકારની પૂજા ન કરવારૂપ અભક્તિ કરી તે સંબધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૦. વળી.

**जं विरइओ विणासो, चेइअद्व्वस्स जं विणासंतो ।**
**अन्नो उविरिक्ओ मे, मिच्छा मे दुक्कडं तस्स ॥११॥**

'जं विरइओ०, यत् विरचितो निष्पादितः विनाशः अङ्गोद्धारदानादिना चैत्याश्रितद्रव्यस्य नाणकादेः, यच्च तद्विनाशयन् भक्षणादिप्रकारैः अन्यः कश्चित् उपेक्षितः अनादृत्य मुक्तो मे मयेति मिथ्या मे दुष्कृतमित्यादि पूर्ववत् ॥११॥

**ગાથાર્થ**:- મેં જે કાંઇ દેવાશ્રિત દ્રવ્ય—નાણું વિગેરેનો * અંગુધાર આપવાદિ વડે વિનાશ કર્યો હોય અથવા તેનો ભક્ષણાદિ પ્રકારો વડે વિનાશ કરનારનો જે ઉપેક્ષાભાવ કર્યો હોય-અનાદરથી છોડી દીધેલ હોય તે સંબંધી મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૧

**आसायणं कुणंतो, जं कहवि जिणिंदमंदिराईसु ।**
**सत्तीए न निसिद्धो, मिच्छा मे दुक्कडं तस्स ॥१२॥**

'आसायणं कुणंतो०, अज्ञानाद्या शातना विनाश आशातना, तां कुर्वन् यत् कथमपि जघन्यमध्यमोत्कृष्टादिभेदैः, जिनेन्द्रभवनादिषु, शक्त्या निवारणशक्तिसम्भवे न निषिद्धो न निवारितः, मिथ्या मे दुष्कृतमित्यादि ॥१२॥

---

* કાંઇપિણ વસ્તુ રાખ્યા વિના અંગ ઉપરજ ઉધારે ધીર્યું હોય તે ખોટું થવા સંભવ છે

**ગાથાર્થ**:- અજ્ઞાનવડે જે શાતના-આશાતના-વિનાશ તેને જિનેશ્વરના મંદિરાદિકમાં જઘન્ય, મધ્યમ અથવા ઉત્કૃષ્ટ ભેદવડે કરતા એવા અન્યને, છતી શક્તિએ નિવાર્યા નહીં—નિષેધ્યા નહીં—અટકાવ્યા નહીં તે સંબંધી મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૨.

चारित्राचारमाश्रित्याह—

હવે ચારિત્રાચારના અતિચાર કહે છેઃ—

**जं पंचहिं समिईहिं, गुत्तीहिं तिहिं संगयं सययं ।**
**परिपालियं न चरणं, मिच्छा मे दुक्कडं तस्स ॥१३॥**

'जं पंचहिं समिईहिं०, यत्पञ्चभिः समितिभिः,गुप्तिभिस्तिसृभिश्च सङ्गतं सहितं अष्टप्रवचनमातृसहितं सततं निरन्तरं न परिपालितमस्मिन् जन्मनि चरणं चारित्रं साध्वाचारः, मिथ्या मे दुष्कृतमित्यादि पूर्ववत् ॥१३॥

**ગાથાર્થ**:—આ જન્મમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ-એ અષ્ટપ્રવચન માતા સહિત ચારિત્ર મેં જે નિરંતર ન પાળ્યું—સાધ્વાચારમાં ન વર્ત્યો તે સંબંધી મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૩.

**एगिंदिआण जं कहवि, पुढविजलजलणमारुअतरूणं ।**
**जीवाण वहो विहिओ, मिच्छा मे दुक्कडं तस्स ॥१४॥**

'एगिंदियाण जं कहवि०, एकमेव स्पर्शनरूपमिन्द्रियं येषां ते तेषां यत् कथमपि, पृथिवी काठिन्यरूपा, जलं द्रवरूपं, ज्वलन उष्णस्पर्शरूपः, मारुतो वातरूपः, तरवो वृक्षादि-रूपाः, एषां जीवानां यो वधो विनाशः कृतः, उपलक्षणात् कारितः, मिथ्या मम दुष्कृतमित्यादि प्राग्वत् ॥१४॥

ચારિત્રાચારને અંગેજ વિશેષ પ્રકારે પાંચ અહિંસાદિ વ્રતોમાં અતિચાર લાગ્યા હોય તેનું વર્ણન કરતાં પહેલાં વ્રતમાં પ્રથમ એકેંદ્રિય જીવોની વિરાધના જે કરી હોય તેને માટે કહે છે—

**ગાથાર્થ**—એક સ્પર્શનરૂપ ઈંદ્રિય છે જેને એવા પૃથિવી (કાઠિન્યરૂપ), જળ (દ્રવરૂપ), જ્વલન (ઉષ્ણ સ્પર્શરૂપ), મારુત (વાયુરૂપ), તરૂઓ (વૃક્ષાદિરૂપ) એ પાંચ પ્રકારના એકેંદ્રિય તરીકે ઓળખાતા જીવોનો જે વધ-વિનાશ મેં કર્યો હોય અથવા ઉપલક્ષણથી કરાવ્યો હોય તે સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૪.

**किमिसंखसुत्तिपूअर, जलो अगंडोयालसप्पमुहा ।**
**हणिया बेइंदिआ जं, मिच्छा मे दुक्कडं तस्स ॥१५॥**

'किमि०, कृमयः पुलाकृम्यादयः, शङ्खाः शंबूकाः, शुक्तयः, पूतरा जलमध्यवर्त्तिनः, जलौकसो जलसर्पिण्यः, गंडोलका उदरान्तरुत्पन्नाः, अलसाः, प्रथमवृष्टिसम्भवा, एतदादयः हता विनाशिताः, स्पर्शनरसनरूपे द्वे इन्द्रिये येषां ते तथा, मिथ्या मे दुष्कृतमित्यादि प्राग्वत् ॥१५॥

હવે બેઈંદ્રિય જીવો પરત્વે કહે છેઃ—

**ગાથાર્થ**—કૃમિઓ, શંખો, શુક્તિઓ (છીપો), પૂતરા (પૂરા—જળમાં રહેલા જીવો), જળો (જળસર્પિણી), ગંડોળા-ઉદરમાં ઉત્પન્ન થનારા, અળસીયા (પ્રથમ વૃષ્ટિ વખતે ઉત્પન્ન થનારા) ઈત્યાદિ સ્પર્શન અને રસન (શરીર ને જિહ્વા) રૂપ બે-ઈંદ્રિયવાળા જે જીવો તેનો મેં જે વધ-વિનાશ કર્યો હોય તે સંબંધી મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૫.

**गद्दहयकुंथुजूआ, मंकुणमंकोडकीडिआईआ ।**
**निहया तेइंदिआ जं, मिच्छा मे दुक्कडं तस्स ॥१६॥**

'गद्दहय०, गर्दभकाः गद्दहिआ, इति लोके । कुन्थवः, यूकाः षट्पदिकाः, मत्कुणाः कोलकुणाः, मत्कोटाः मंकोडा इति । कीटिकाः पिपीलिका इत्यादयो जीवा निहता विनाशिताः, त्रीणि स्पर्शनरसनघ्राणरूपाणि इन्द्रियाणि येषां ते तथा हता विनाशिता यत्तत् मिथ्या मे दुष्कृतमित्यादि पूर्ववत् ॥१६॥

હવે તેઈંદ્રિય-ત્રણ ઈંદ્રિયોવાળા જીવો સંબંધી કહે છેઃ—

**ગાથાર્થ**—ગર્દભકા (ગદ્દહિયા), કુંથુઆ, જુ (ષટ્પદી) માંકણ (કોલકુણ), મંકોડા, કીડી (પિપીલિકા) ઇત્યાદિ જીવો જે સ્પર્શન, રસન અને ઘ્રાણ (નાસિકા) રૂપ ત્રણ ઇંદ્રિયોવાળા છે તેનો મેં જે વિનાશ કર્યો હોય તે સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૬.

**कोलिअ य कुत्तिआ, विच्छुमच्छिआ सलहछप्पयपमुहा।**
**चउरिंदिया हया जं, मिच्छा मे दुक्कडं तस्स ॥१७॥**

'कोलि०, कोलिकाः कोलिका पुटाः कोलीआवडा, इति लोके । कुत्तिकाः कूती इति, वृश्चिकाः, मक्षिकाः, सरथाः शलभाः पतङ्गाः, षट्पदा भ्रमराः प्रमुखा एतदाद्याः स्पर्शनरसनघ्राणचक्षुर्लक्षणानि चत्वारि इन्द्रियाणि येषां ते, तथा हता विनाशिता यत् मिथ्या मे मम दुष्कृतमित्यादि पूर्ववत् ॥१७॥

હવે ચાર ઇંદ્રિયોવાળા જીવ સંબંધી કહે છેઃ—

**ગાથાર્થ**—કોલિકાપુટાં (કોલિયાવડા) કરોળીયા, કુત્તિકા (કુત્તિ), વીંછી (વૃશ્ચિકા), માખી (મક્ષિકા), શલભા (પતંગિયા) ષટ્પદા (ભમરા) ઈત્યાદિ સ્પર્શન, રસન, ઘ્રાણ ને ચક્ષુરૂપ ચાર ઇંદ્રિયોવાળા જે કોઇ જીવ મેં હણ્યા—વિનાશ પમાડયા હોય તે સંબધી મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૭.

હવે પંચેદ્રિયમાં મુખ્યત્વે તિર્યંચોની વિરાધના સંબંધીજ કહે છેઃ—

**जलयरथलयरखयरा, आउट्टिपमायदप्पकप्पेसु ।**
**पंचिंदिया हया जं, मिच्छा मे दुक्कडं तस्स ॥१८॥**

'जलयर०, जले चरन्तीति जलचरा मत्स्यकच्छपादयः, स्थले भूमौ चरन्तीति स्थलचराः शशशूकरादयः, खे आकाशे

चरन्तीति खचराः चटकादयः । उपेत्य करणमाकुट्टिः ।१। एतल्लक्षणगाथेयम्—"आउट्टिआउविच्चा, दप्पो पुण होइ वग्गणाईओ । कंदप्पाइपमाओ, कप्पो पुण कारणे करणं ॥१॥" कारणं तु ज्ञानादि कन्दर्पादिः प्रमादः २ । वल्गनादिदर्पः ३ । कारणेन करणं कल्पः ४ । एतेषु हेतुभूतेषु स्पर्शनरसनघ्राणचक्षुःश्रोतलक्षणानि पञ्च इन्द्रियाणि येषां ते पञ्चेन्द्रिया जीवा हता विनाशिता, यत् मिथ्या मे दुष्कृतमित्यादि पूर्ववत् ॥१८॥

**ગાથાર્થ**:—જળમાં ચરે–ફરે તે જળચર-મત્સ્ય તથા કાચબા વિગેરે, સ્થળ જે ભૂમિ તેના પર જે ચરે-ફરે તે સ્થળચર સસલા, હરણ, શુકર (ભુંડ) વિગેરે તથા ખે એટલે આકાશમાં જે ચરે–ફરે તે ખેચર ચકલા વિગેરે. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર (કાન) રૂપ પાંચ ઇંદ્રિયવાળા જે જીવો તેને આઉટ્ટિ, પ્રમાદ, દર્પ અને કારણે કરીને મેં હણ્યા હોય-તેનો વિનાશ કર્યો હોય તે સંબંધી મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ* ૧૮

આઉટ્ટિ વિગેરેનું લક્ષણ આ પ્રમાણે-

" આઉટ્ટિ એટલે ઉપેત્ય અર્થાત્ ઇરાદાપુર્વક જાણી બૂઝીને હિંસા કરવી તે, દર્પ તે વલ્ગનધાવનાદિ દોડવા વળગવાદિ વડે

---

* પંચેન્દ્રિયમાં માત્ર તિર્યંચો જ કહેવાનું કારણ એ છે કે—નારક ને દેવો તો મનુષ્યથી મરણ પામતા નથી અને મનુષ્યના પ્રાણ વિનાશ કરવાનો બહુધા સંભવ નથી તેથીજ એકલા તિર્યંચ પંચેન્દ્રિય લીધા છે.

હિંસા થાય તે, પ્રમાદ એટલે કંદર્પાદિકથી હિંસા થાય તે અને કલ્પ તે કારણે હિંસા કરવી પડે તે.

द्वितीयव्रतमाश्रित्याह—

હવે બીજા વ્રત સંબંધી અતિચાર-દોષ કહે છેઃ-

**जं कोहलोहभयहासपरवसेणं मए विमूढेणं ।**
**भासिअमसच्चवयणं, तं निंदे तं च गरिहामि ॥१९॥**

'जं कोहलोह०, यत् क्रोधलोभभयहास्यपरवशेन एतद्दोषपराभूतेन मया, उपलक्षणाच्चत्वारः कषाया नोकषायाश्च नवापि ग्राह्याः । मोहनीयकर्मपराभूतेनाज्ञेनेति भाषितं जल्पितं असत्यवचनं मृषावादनं शास्त्रविरुद्धं लोकविरुद्धं वा तत्पापं निन्दामि मनसा पश्चात्तापेन गर्हे च गुरुसाक्षिकमिति गाथार्थः ॥१९॥

**ગાથાર્થ**--ક્રોધ, લોભ, ભય અને હાસ્યના પરવશપણાએ કરીને-એ દોષોથી પરાભૂત થઈને મેં જે કાંઈ અસત્ય ઉચ્ચારણ મૃષાવાદન શાસ્ત્રવિરૂદ્ધ તેમજ લોકવિરૂદ્ધ કર્યું હોય, અસત્ય બોલ્યો હોઉં તેને હું મનના પશ્ચાત્તાપવડે નિંદુ છું અને ગુરૂ સાક્ષીએ ગર્હું છું (વિશેષ નિંદુ છું.) આમાં ક્રોધ-લોભના ઉપલક્ષણથી ચારે કષાય અને ભય-હાસ્યના ઉપલક્ષણથી નવ નોકષાય ગ્રહણ કરવા; કારણ કે તે બધા અસત્ય બોલવામાં કારણરૂપ હોય છે. ૧૯.

तृतीयव्रतमाश्रित्याह—

હવે ત્રીજા વ્રતના અતિચાર-દોષ સંબંધી કહે છે-

**जं कवडवावडेणं, मए परवंचिऊण थेवंपि ।**
**गहिअं धणं अदिन्नं, तं निंदे तं च गरिहामि ॥२०॥**

'जं कवडवावडेणं,यत् कपटव्यापृतेन कूटभाषितकूटनेपथ्यादिपरावर्त्तनेन तत्करणेन मया परमन्यं वञ्चयित्वा दृष्टिमुष्टिव्यामोहेन स्तोकमपि रूपकादिमात्रमपि गृहीतं लातं धनं गणिमादिचतुर्भेदं अदत्तं अनर्पितं तत्पापं निन्दामि गर्हे चेत्यादि पूर्ववत् ॥२०॥

**ગાથાર્થ**—મેં જે કપટ વાપરવાવડે, ખોટું બોલવાવડે અથવા ખોટા વેષાદિ પરાવર્તન કરવાવડે પરને ઠગીને દૃષ્ટિ મુષ્ટિના વ્યામોહમાં મુગ્ધ બનાવીને થોડાં પણ-એક રૂપીઆની કિંમત જેટલા પણ ગણિમધરિમાદિ ચાર પ્રકારના પદાર્થો (દ્રવ્ય) દીધા વિના (અદત્ત) લીધા હોય તેથી લાગેલા પાપને હું નિંદું છું, ગર્હું છું. ૨૦.

चतुर्थव्रतमाश्रित्याह—

હવે ચોથા વ્રત સંબંધી અતિચાર-દોષ કહે છે-

**दिव्वं व माणुसं वा, तेरिच्छं वा सरागहियएणं ।**
**जं मेहुणमायरिअं, तं निंदे तं च गरिहामि ॥२१॥**

'दिव्वं व माणुसं वा० दिव्यं देवतासम्बन्धि १, मनुष्यसम्बन्धि मानुषं २, तैरश्चं वा तिर्यग्सम्बन्धि ३, कृतकारितादिभेदैः सरागहृदयेन कामरागतप्तचेतसा यन्मैथुनमब्रह्म स्त्रीपुंसयोर्योगे कुकर्मसेवनमाचीर्णं तन्निन्दे तच्च गर्हे, इत्यादि पूर्ववत् ॥२१॥

**ગાથાર્થ**–દેવસંબંધી, મનુષ્યસંબંધી, ને તિર્યંચસંબંધી કરવા, કરાવવા વિગેરેના ભેદે કરીને સરાગહૃદયવડે–કામરાગથી તપેલા ચિત્તવડે જે મેં અબ્રહ્મ–સ્ત્રીપુરુષના યોગથી કરાતું કુકર્મનું (અબ્રહ્મનું) સેવન કર્યું હોય તે સંબંધી દુષ્કૃતને હું નિંદું છું–ગર્હું છું. ૨૧.

पञ्चमव्रतमाश्रित्याह—

હવે પાંચમા વ્રત સંબંધી કહે છેઃ–

**जं धणधन्नसुवन्नप्पमुहंमि परिग्गहे नवविहे वि ।**
**विहिओ ममत्तभावो, तं निंदे तं च गरिहामि ॥२२॥**

'जं धणधन्नसुवन्न० यत् धनं गणिमादि, धान्यं व्रीह्यादि, सुवर्णं हेम, एतदाद्ये परिग्रहे नवविधे नवप्रकारेऽपि, तत्र धनं रौक्यं १, धान्यं २, क्षेत्रं ३, वास्तु ४, रुप्यं ५, सुवर्णं ६, कुप्यं ७, द्विपदं ८, चतुष्पदं ९, एते नवभेदाः । एतल्लक्षणे परिग्रहे कृतो ममत्वभावस्तन्निन्दे, तच्च गर्हे, इत्यादि पूर्ववत् ॥ २२ ॥ मूलगुणानाश्रित्य प्रोक्तम् ॥

**ગાથાર્થ:**-ધન-ગણિમાદિ, ધાન્ય-વ્રીહી વિગેરે, સુવર્ણ સોનું, ઇત્યાદિ નવ પ્રકારના પરિગ્રહને વિષે મેં જે મમત્વભાવ કર્યો હોય તેને હું નિંદુ છું-ગર્હું છું. અહીં પરિગ્રહના નવ પ્રકાર આ પ્રમાણે-ધન (રોકડ), ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપું, સોનું, કુપ્ય (અન્ય ધાતુઓ), દ્વિપદ (દાસ દાસી)ને ચતુષ્પદ (ગાય ભેંસ વિગેરે) સમજવા. ૨૨. આ પ્રમાણે મૂળગુણ આશ્રીને કહ્યું.

उत्तरगुणानाश्रित्याह—

હવે ઉત્તરગુણ આશ્રયી કહે છે:-

**जं राईभोयणविरमणाई नियमेसु विविहरूवेसु ।**
**खलिअं मह संजायं, तं निंदे तं च गरिहामि ॥२३॥**

'जं राईभोअणविरमणाई॰ यत् रात्रिभोजनविरमणादि-नियमेषु, उपलक्षणादभक्ष्यानन्तकायविरतिरूपेषु नियमेषु विविधरूपेषु नैकप्रकारेषु स्खलितमनाभोगादिना मम सञ्जातं समुत्पन्नं इत्यादि तन्निन्दे पूर्ववत् ॥ २३ ॥

**ગાથાર્થ:**—રાત્રિભોજનવિરમણાદિ નિયમમાં-ઉપલક્ષણથી અભક્ષ્ય અનંતકાયના ત્યાગરૂપ અનેક પ્રકારના નિયમોમાં અનાભોગાદિવડે મને જે કાંઇ સ્ખલના થઈ હોય-દોષ લાગ્યા હોય તેને હું નિંદું છું-ગર્હું છું. ૨૩

तपआचारमाश्रित्याह—

આ પ્રમાણે ચારિત્રાચારના અતિચાર કહ્યા, હવે તપાચારના કહે છે:—

**बाहिरमब्भिंतरयं, तवं दुवालसविहं जिणुद्दिट्ठं ।**
**जं सत्तीए न कयं, तं निंदे तं च गरिहामि ॥२४॥**

'बाहिरमब्भिंतरयं॰ लौकिकैरपि क्रियमाणत्वाद् बाह्यं तपः षोढा, जिनशासन एव क्रियमाणत्वादाभ्यन्तरं षोढा, इति तपो द्वादशविधं जिनोद्दिष्टं जिनप्रणीतं यत् शक्त्या सामर्थ्यसम्भवे न कृतं न कारितं नानुमोदितं,तन्निन्दे इत्यादि पुर्ववत् ॥२४॥

**ગાથાર્થ**:-બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનો મળીને તપ બાર પ્રકારનો શ્રી જિનેશ્વરે કહ્યો છે. લૌકિકમાં પણ જે તપ કરાય છે તે તપ બાહ્ય કહેવાય છે. તેના છ પ્રકાર છે અને જે તપ જિનશાસનમાં જ કરાય છે તે તપ અભ્યંતર કહેવાય છે તેના પણ છ પ્રકાર છે. એ બારે પ્રકારનો તપ છતી શક્તિએ ન કર્યો, ન કરાવ્યો, ન અનુમોદ્યો તે સંબંધી જે દોષ લાગ્યો હોય તેને હું નિંદુ છું-ગર્હું છું. ૨૪.

वीर्याचारमाश्रित्याह-

હવે વીર્યાચાર સંબંધી દોષ કહે છે:—

**जोगेसु मुरकपहसाहगेसु जं वीरिअं न य पउत्तं ।**
**मणवायाकाएहिं, तं निंदे तं च गरिहामि ॥२५॥**

'जोगेसु मुरकूपहसाहगेसु० योगेसु मनोवाकायलक्षणेषु मोक्षमार्गसाधकेषु मोक्षप्राप्तिकारणभूतेषु यद्वीर्यं पराक्रमलक्षणं वीर्याचारप्रयोगरूपं न प्रयुक्तं मनोवाकायैःमनोयोगवचनयोग-काययोगैः कृत्वा तन्निन्दे इत्यादि पुर्ववत् ॥ २५ ॥

**ગાથાર્થ**:- મોક્ષમાર્ગના સાધક-મોક્ષપ્રાપ્તિના કારણભૂત મન-વચન-કાયાના યોગને વિષે રહેલું જે વીર્ય—પરાક્રમ—વીર્યાચારના પ્રયોગ રૂપ તેને મેં મન-વચન-કાયાવડે ન પ્રયુંજ્યું હોય-તેને અનુસરતા કાર્યમાં ન વાપર્યું હોય-તેથી લાગેલા દોષને હું નિંદુ છું—ગર્હુ છું. ૨૫.

अतिचारालोचनद्वारमुक्त्वा व्रतोच्चारद्वारमाह—

અતિચાર આલોચનરૂપ પ્રથમ દ્વાર કહીને હવે બીજું વ્રતોચ્ચાર દ્વાર કહે છે—

**पाणाइवायविरमणपमुहाइं तुमं दुवालसवयाइं ।**
**सम्मं परिभावंतो, भणसु जहागहिअभंगाइं ॥२६॥**

'पाणाइवायविरमण० स्थूलप्राणातिपातविरमणप्रमुखाणि त्वं द्वादश व्रतानि श्राद्धाधर्मोचितानि मूलोत्तरगुणलक्षणानि सम्यग् मनसा परिभावयन् अङ्गीकुर्वन् भणस्व मुखेनोच्चर, यथागृहीतभङ्गानि तत्र भङ्गा द्विविधत्रिविधादयो ज्ञेयाः। द्वारम् २ ॥२६॥

**ગાથાર્થ**:-સ્થૂલ પ્રાણાતિપાતવિરમણાદિ રૂપ બાર પ્રકારના

શ્રાદ્ધધર્મને ઉચિત મૂળોત્તર ગુણ લક્ષણ જે વ્રતો તેને તું સમ્યગ પ્રકારે મનથી ભાવવાપૂર્વક અંગીકાર કરવાપૂર્વક મુખે કરીને ઉચ્ચાર કર, કે જે ભાંગાવડે તેં પ્રથમ ગ્રહણ કર્યા હોય તે પ્રમાણે ઉચ્ચર, અહીં દ્વિવિધ ત્રિવિધ વિગેરે ભાંગા જાણવા. ૨૬

तृतीयं द्वारमाह—

હવે ત્રીજું દ્વાર સર્વ જીવને ખમાવવા રૂપ કહે છેઃ—

**खामेसु सव्वसत्ते, खमेसु तेसिं तुमं विगयकोवो।**
**परिहरिअपुव्ववेरो, सव्वे मित्तत्ति चिंतेसु ॥२७॥**

'खामेसु० क्षमयस्व सर्वसत्त्वान् त्वमपि तेषु क्षम क्षान्तिं कुरु क्षमावान् भव विगतकोपः, उपलक्षणान्मुक्तः सर्वकषाय-रहितः सन् परिहृतपूर्वभववैरः त्यक्तसमस्तवैरभावः, तान् सर्वान् मित्रानिति चिन्तय मनसा परिभावय। द्वारम्॥३॥२७॥

ગાથાર્થઃ—તું સર્વ જીવોને ખમાવ અને તું પણ સર્વને ક્ષમા કર. કોપ રહિત એટલે ક્ષમાવાન્ થા. ઉપલક્ષણથી મુક્ત-સર્વ કષાયરહિત-પૂર્વ વૈર જેણે સર્વે પરિહર્યા છે-સમસ્ત વૈરભાવ જેણે તજ્યો છે એવો થવાપૂર્વક સર્વ જીવ મારા મિત્ર છે એમ ચિંતવ—મનવડે વિચાર કર. ૨૭.

चतुर्थद्वारमाह—

હવે અઢાર પાપસ્થાનકો તજવારૂપ ચોથું દ્વાર કહે છેઃ-

**पाणाइवाय १ मलिअं २ चोरिक्कं३ मेहुणं४दविणमुच्छं५**
**कोहं६माणं७मायं८, लोभं९पिज्जं१०तहा दोसं।११।२८।**

**कलहं१२अब्भक्खाणं१३,पेसुन्नं१४ रइअरइसमाउत्तं१५**
**परपरिवायं१६मायामोसं१७ मिच्छत्तसल्लं च१८॥२९॥**
**वोसिरसु इमाइं, मुक्खमग्गसंसग्गविग्घभूआइं ।**
**दुग्गइनिबंधणाइं, अट्ठारस पावठाणाइं ॥३०॥**

'पाणाइवाइमलिअं० प्राणातिपातं व्युत्सृजेत्युत्तरगाथया क्रियासम्बन्धः, अलीकं मृषाभाषणं, चौर्यमदत्तादानं, मैथुनमब्रह्मसेवनं, द्रविणमूर्च्छां परिग्रहममतां, क्रोधं कोपं, मानमहङ्कारलक्षणं, मायां परवञ्चनात्मिकां, लोभमिच्छाभिवृद्धिं, प्रेम अभिष्वङ्गरूपं तथा द्वेषमप्रीत्यात्मकं वस्तु निन्दास्वरूपम् ॥२८॥

'कलहं० कलहं मिथो राटिकरणं, अभ्याख्यानं परेषामसद्दोषारोपणं, पैशून्यं चाटिका परेषां, रत्यरतिभ्यां समायुक्तं सहितं इष्टे वस्तुनि रतिस्तद्विपरीतेऽरतिरित्येकमेव, परेषां परिवदनं परपरिवादः अवर्णवादजल्पनं, मायया मृषाजल्पनं मायामृषा तां, मिथ्यात्वं शल्यमिव शल्यं मिथ्यात्वशल्यं, चः समुच्चये ॥२९॥

'वोसिरसु०, व्युत्सृज-त्यज इमानि पूर्वोक्तस्वरूपाणि, मोक्षस्य मार्गो ज्ञानादिस्तस्य संसर्गः-संसेवनं, तत्र विघ्नभूतान्यन्तरायकारणानि एतेषु सत्सु तदप्राप्तेः दुर्गतिनरकादिस्तस्या निबन्धनानि मूलकारणानि अष्टादशापि पापस्थानकानि तानि त्वं प्रत्येकं व्युत्सृजेति क्रियासम्बन्धः ॥ द्वारम् ४ ॥३०॥

૧ પ્રાણાતિપાત (જીવહિંસા), ૨ અલીક (મૃષાભાષણ), ૩ ચૌર્ય (અદત્તાદાન), ૪ મૈથુન (અબ્રહ્મસેવન), ૫ દ્રવ્યમૂર્ચ્છા (પરિગ્રહ મમતા), ૬ ક્રોધ (કોપ), ૭ માન (અહંકાર), ૮ માયા (બીજાને ઠગવારૂપ), ૯ લોભ (અસંતોષ), ૧૦ પ્રેમ (અભિષ્વંગ-રાગ), ૧૧ દ્વેષ (અપ્રીતિરૂપ-વસ્તુનિંદારૂપ), ૧૨ કલહ (અંદર અંદર કલેશ કરવો તે), ૧૩ અભ્યાખ્યાન (અન્યને કલંક આપવું તે), ૧૪ પૈશૂન્ય (અન્યની ચાડી ખાવી તે); ૧૫ રતિને અરતિવડે યુક્ત. ઈષ્ટ વસ્તુમાં રતિ (પ્રીતિ) કરવી અને અનિષ્ટ વસ્તુમાં અરતિ (અપ્રીતિ) કરવી તે, એ મળીને એક સ્થાન જાણવું, ૧૬ પરપરિવાદ (પારકા અવર્ણવાદ બોલવા તે), ૧૭ માયામૃષા (કપટ વડે અસત્ય બોલવું તે), ૧૮ મિથ્યાત્વ-રૂપ શલ્ય તે મિથ્યાત્વશલ્ય. આ ઉપરોકત સ્વરૂપવાળા ૧૮ પાપસ્થાનક ત્યજ, કારણ કે તે મોક્ષમાર્ગ જે જ્ઞાનાદિ તેનો સંસર્ગ જે સંસેવન તેમાં વિઘ્નભૂત-અંતરાય કરનારા છે કારણ કે એ પાપસ્થાનકો હોય ત્યાંસુધી તેની-મોક્ષમાર્ગની અપ્રાપ્તિ છે, વળી તે દુર્ગતિ જે નરક તિર્યંચાદિ તેના નિબંધન-મૂળ કારણભૂત છે; તેથી પ્રત્યેકને બુદ્ધિપૂર્વક તજી દે. ૨૮-૨૯-૩૦

चतुःशरणरूपं पञ्चमं द्वारमाह—

હવે ચાર શરણ કરવારૂપ પાંચમું દ્વાર કહે છેઃ—

પ્રથમ અરિહંતના શરણ માટે ચાર ગાથા આ પ્રમાણે—

**चउतीसअइसयजुआ, अट्ठमहापाडिहेरपडिपुन्ना ।**
**सुरविहिअसमोसरणा, अरहंता मज्झ ते सरणं॥३१॥**

चउविहकसायचत्ता, चउवयणा चउप्पयारधम्मकहा।
चउगइदुहनिद्दलणा, अरहंता मज्झ ते सरणं ॥३२॥

जे अट्ठकम्ममुक्का, वरकेवलनाणमुणिअपरमत्था ।
अट्ठमयट्ठाणरहिआ, अरहंता मज्झ ते सरणं ॥३३॥

भवखित्ते अरुहंता, भावारिप्पहणणे अरिहंता ।
जे तिजगपूअणिज्जा, अरहंता मज्झ ते सरणं ॥३४॥

'चउतीसअइसयजुआ॰ सहोत्थादिचतुस्त्रिंशदतिशययुताः, अशोकाद्यष्टमहाप्रातिहार्यप्रतिपूर्णाः, तत्र प्रातिहार्याणि तीर्थकृतां केवलोत्पत्तेः सदा भवन्त्येव, सुरविहितसमवसरणाः तत्र समवसरणं वप्रत्रयादिसामग्रीकं कादाचित्कमेव भवतीति । अर्हन्ति त्रिभुवनकृतां पूजामित्यर्हन्तोऽतीतानागतवर्त्तमानकालभाविनस्ते मम शरणं भवन्त्विति गम्यम् ॥३१॥

'चउविहकसायचत्ता॰ त्यक्तचतुर्विधकषायाः, उपलक्षणान्नोकषायाणामपि त्यागः, क्तान्तस्य परनिपातः प्राकृतत्वात् । चतुर्वदनाश्चतूरूपधारिणः समवसरणे देवविकुर्वितरूपत्रयसद्भावात् । दानादिचतुःप्रकारधर्मकथाकथकाः योजननीहारिण्या वाण्या धर्मोपदेशदानेन लोकोपकारिणः नरकादिचतुर्गतिदुःखं नितरां दलयन्ति चूर्णयन्ति भव्यानां ये ते तथा । एवंविधा उक्तविशेषणा अर्हन्तस्ते मम शरणं भवन्त्विति शब्दार्थः ॥३२॥

'जे अट्ठकम्ममुक्का० ये अर्हन्तो ज्ञानावरणाद्यष्टकर्ममुक्ताः मूलप्रकृतित उत्तरप्रकृतितश्च वरकेवलज्ञानेन सर्वोत्तमज्ञानेन, उपलक्षणात्केवलदर्शनेनापि ज्ञाता सकलजीवाजीवादिपदार्था यैस्ते तथा, जात्याद्यष्टविधमदस्थानरहिताः, उपलक्षणान्माया-स्थानादिपरिग्रहः, एवंविधा अर्हन्तो मम शरणं भवन्त्विति गम्यम् ॥३३॥

'भवखित्ते अरुहंता० भवनं भवः संसारः स एव क्षेत्रं जन्तूनां उत्पत्तिस्थानं तत्रारुहन्तः पुनर्भावमप्राप्नुवन्त इति अरुहन्तः ।१। भावारयो रागद्वेषादयस्तेषां प्रहननेन मूलतो विनाशनेन अरीणां हन्तारस्ते अरिहन्तारः।२। ये च जगत्त्र-यस्य जगत्त्रयवर्त्तिलोकसमूहस्य पूजनीया अर्चनयोग्याः, एवंविधा अर्हन्त इत्यादि पूर्ववत् । उक्तं प्रथमशरणम् ।१।॥३४॥

ગાથાર્થ:–ચોત્રીશ અતિશય સંયુકત, અશોકવૃક્ષાદિ આઠ મહાપ્રતિહાર્યથી પરિપૂર્ણ, (તીર્થંકર કેવળજ્ઞાન પામે ત્યારથી જે નિરંતર સાથે જ હોય તે પ્રાતિહાર્ય કહેવાય છે.) દેવોએ કર્યું છે સમવસરણ જેને માટે તે (આ સમવસરણ ત્રણ ગઢ વિગેરેથી સમલંકૃત હોય છે તે કવચિત્ જ હોય છે.) અને જે ત્રણ ભુવનની કરેલી પૂજાને યોગ્ય છે એવા અતીત, અનાગત અને વર્તમાનકાળ ભાવી જિનેશ્વરો તે મને શરણભૂત થાઓ. ૩૧

ચાર કષાયથી અને ઉપલક્ષણવડે નોકષાયોથી પણ મુક્ત (રહિત), ચાર મુખવાળા ( સમવસરણમાં પૂર્વદિશાએ પ્રભુ

પોતે બિરાજેલા છે અને બીજી ત્રણ દિશાએ દેવો તેમની જેવા પ્રતિબિંબો રચે છે તેથી ચાર વદનવાળા કહેવાય છે), દાનાદિ (દાન, શીલ, તપ ને ભાવરૂપ) ચાર પ્રકારના ધર્મને કહેનારા, એક યોજન પર્યંત વિસ્તાર પામતી વાણીવડે દેશના–ધર્મોપદેશ દેવાથી લોકોના ઉપકારી અને ભવ્ય જીવોના નરકાદિ ચાર ગતિના દુઃખોને અત્યંતપણે દળી નાખનારા–ચૂર્ણ કરી નાખનારા–નાશ પમાડનારા એવા અર્હંત મને શરણભૂત થાઓ. ૩૨.

વળી જે અર્હંતો જ્ઞાનાવરણાદિ આઠ કર્મથી મુક્ત એટલે મૂળપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિથી રહિત, તથા શ્રેષ્ઠ કેવળજ્ઞાનવડે તેમજ ઉપલક્ષણથી કેવળદર્શનવડે જીવાજીવાદિ પદાર્થોના જ્ઞાતા તથા જાત્યાદિ આઠ પ્રકારના મદસ્થાન રહિત ઉપલક્ષણથી માયાસ્થાનાદિકથી પણ મુકતએવા અરિહંત મને શરણભૂતહો. ૩૩

ભવ જે સંસાર તદ્રૂપ જે ક્ષેત્ર-જીવોનું ઉત્પત્તિસ્થાન તેમાં નહી ઉગનારા એટલે પુનર્ભવને નહીં પામનારા તેથી અરુહંત અને રાગાદિ ભાવશત્રુ તેને હણવાવડે–મૂળથી વિનાશ કરવા વડે શત્રુને હણનારા તે અરિહંત તેમ જ ત્રણ લોકવાસી લોકસમૂહના–દેવ તથા મનુષ્યાદિ પૂજનીય–અર્ચન યોગ્ય હોવાથી અર્હન્ત એવા ત્રણ પ્રકારના સાર્થક નામવાળા શ્રી અરિહંત-તીર્થંકરો મને શરણભૂત હો. ૩૪

द्वितीयं शरणमाह—

હવે બીજા સિદ્ધ ભગવંતના શરણ માટે ચાર ગાથા કહે છેઃ–

**तरिऊण भवसमुद्दं, रउद्ददुहलहरिलरकदुल्लंघं ।**
**जे सिद्धसुहं पत्ता, ते सिद्धा हुंतु मे शरणं ॥३५॥**

जे भंजिऊण तवमुग्गरेण, निविडाइं कम्मनिअलाइं ।
संपत्ता मुरकसुहं, ते सिद्धा हुंतु मे सरणं ॥३६॥

झाणानलजोगेणं, जाओ निद्दड्ढसयलकम्ममलो ।
कणगं व जाण अप्पा, ते सिद्धा हुंतु मे सरणं ॥३७॥

जाण न जम्मो न जरा, न वाहिणो न मरणं न वा बाहा
न य कोहाइकसाया, ते सिद्धा हुंतु मे सरणं ॥३८॥

'तरिऊण भवसमुद्दं' तीर्त्वा भवसमुद्रं संसारसागरं रौद्राणि भयङ्कराणि यानि दुःखानि तान्येव लहर्यस्तासां लक्षाणि तैर्दुर्लङ्घ्यो दुराक्रमणीयस्तं तथा । ये सिद्धा निष्ठितार्थाः प्राणिनस्तेषां सुखमविच्युतिरूपं प्राप्ताः ते सिद्धा भवन्तु मम शरणं, अनर्थप्रतिघातकारणम् ॥३५॥

'जे भंजिऊण तवमुग्गरेण' ये भंक्त्वा चूर्णीकृत्य क्षपयित्वेत्यर्थः। बाह्याभ्यन्तरभेदभिन्नतपोमुद्गरेण निकाचितान्यपि घनघात्यादिकर्मनिगडानि आठीलेति लोकोत्त्या संप्राप्ता मोक्षसुखं अपुनर्भवस्वरूपं, ते सिद्धा भवन्तु मम शरणमिति ॥३६॥

झाणानलजोगेण' ध्यानं शुक्लध्यानं तदेवानलो वह्निस्तस्य योगेन तद्बलेन जात उत्पन्नः निर्दग्धसकलकर्ममलः, तत्र कर्माणि ज्ञानावरणीयादीनि तान्येव मलो जात्यसुवर्णमिव येषामात्मा जीवः अततीत्यात्मा, ते सिद्धा इत्यादि पूर्ववत् ।३७।

जाण न जम्मो न जरा० येषां सिद्धानां न जन्म न पुनर्भवः, न जरा वयोहानिरूपा, न व्याधयः कुष्ठाजीर्णाद्याः, न मरणं प्राणत्यागः, न वा बाधा मिथः सङ्कीर्णतायां हस्तपादादिभञ्जनं, चः पुनरर्थे क्रोधादयः क्रोधा, उपलक्षणान्नोकषायाः अपि येषां न भवन्ति ते सिद्धा इत्यादि पूर्ववत् । द्वितीयं शरणम् ॥३८॥

**ગાથાર્થ**:–રૌદ્ર એટલે ભયંકર એવા જે દુઃખો તદ્રૂપ લાખો લહરીઓ–તરંગો તેનાવડે દુર્લંઘ્ય–દુરાક્રમણીય એવા સંસાર-સમુદ્રને તરીને જે સિદ્ધોના-નિષ્ઠિતાર્થ પ્રાણીઓના અવિચ્યુતિ-નહીં નાશ પામનારા એવા સુખને પામેલા છે તે સિદ્ધો મને શરણભૂત અનર્થપ્રતિઘાતના કારણરૂપ હો. ૩૫

બાહ્ય આભ્યંતર ભેદવાળા તપરૂપ મુદ્ગરવડે નિકાચિત એવી ઘનઘાતિ વિગેરે કર્મરૂપ બેડીને ભાંગી નાંખીને–ચૂર્ણ કરી નાંખીને ખપાવીને જે મોક્ષસુખને–અપુનર્ભવ સ્વરૂપને પામ્યા છે તેવા સિદ્ધો મને શરણભૂત હો. ૩૬.

શુક્લધ્યાનરૂપ અનલ જે અગ્નિ તેના બળવડે કરીને સર્વ કર્મરૂપ મળ જેણે બાળી નાખ્યો છે–જ્ઞાનાવરણીયાદિ જે કર્મ તદ્રપ મળને દુર કર્યો છે તેથી જાત્યસુવર્ણની જેવો જેનો આત્મા નિર્મળ થયો છે એવા સિદ્ધો મને શરણભૂત હો. ૩૭.

જે સિદ્ધોને જન્મ નથી–ફરીને આ સંસારમાં ઉપજવું નથી, વયની હાનિરૂપ જરા જેમને નથી, દુષ્ટ અજીર્ણાદિ વ્યાધિઓ જેને નથી, મરણ–પ્રાણનો ત્યાગ જેને નથી અને બાધા સંકડાશને લઇને અંદર અંદર ભીંસાવાથી હાથપગને ભાંગવારૂપ જેને નથી

અને જેને ક્રોધાદિ ચારે પ્રકારના કષાયો નથી-ઉપલક્ષણથી નોકષાયો પણ નથી એવા સિદ્ધો મને શરણભૂત હો. ૩૮

तृतीयं शरणमाह—

હવે ત્રીજા સાધુના શરણ સંબંધી ચાર ગાથા કહે છેઃ—

काउं महुअरवित्तिं, जे बायालीसदोसपरिसुद्धं ।
भुंजंति भत्तपाणं, ते मुणिणो हुंतु मे सरणं ॥३९॥

पंचिंदियदमणपरा, निज्जिअकंदप्पदप्पसरपसरा ।
धारंति बंभचेरं, ते मुणिणो हुंतु मे सरणं ॥४०॥

जे पंचसमिइसमिआ, पंचमहव्वयभरुव्वहणवसहा ।
पंचमगइअणुरत्ता, ते मुणिणो हुंतु मे सरणं ॥४१॥

जे चत्तसयलसंगा, सममणितणमित्तसत्तुणो धीरा ।
साहंति मुरकमग्गं, ते मुणिणो हुंतु मे सरणं ॥४२॥

'काउं महुअरवित्तिं० कृत्वा 'जहा दुमस्स० इत्यादि विधिना सूत्रोक्तां मधुकरवृत्तिं ये मुनयो द्वाचत्वारिंशद्दोषवर्जनात् सामस्त्येन शुद्धं तत्र १६ उद्गमदोषाः १६ उत्पादनादोषाः १० एषणादोषाः, एतेषां वर्जनेन निर्दोषमित्यर्थः । अभ्यव-हरन्ते मंडलीदोषान् पञ्चापि वर्जयन्तो भक्तमोदनादि पानं

सौवीरादि च ते मुनयः साधवः भवन्तु मे शरणं दुर्गतिगमन-निवारणकारणम् ॥३९॥

पंचिंदियदमणपरा० पञ्चेन्द्रियाणां स्पर्शनादीनां दमनं तत्तद्विषयत्यागस्तत्र परास्तत्परा ये मुनयः, इति प्राक्तनगा-याः। निर्जितो निराकृतः कन्दर्पस्य ये दर्पप्रधाना शरा बाणाः स्त्रीदृष्टिप्रमुखास्तेषां प्रसरोविस्तारो यैस्ते तथा। दधते प्रतिपालयन्ति ब्रह्मचर्यं चतुर्थमहाव्रतं, ते मुनय इत्यादि पूर्ववत् ॥४०॥

'जे पंचसमिइसमिआ० ये ईर्यादिपञ्चसमितिभिः समिताः सम्यक् तत्प्रवृत्तिषु निपुणाः पञ्चसंख्यानि महाव्रतानि तेषां प्रतिपालनरूपो भर इव भरस्तस्योद्वहने वृषभा इव वृषभास्ते तथा। पञ्चमी गतिर्मोक्षलक्षणा तस्यामनुकूलतया रक्तास्तदर्थिन इति। ते मुनय इत्यादि पूर्ववत् ॥४१॥

'जे चत्तसयलसंगा० ये मुनयस्त्यक्तसमस्तसङ्गाः तत्र सङ्गस्त्र्यादिषु परिचयः, सममणितृणमित्रशत्रवः तत्र मणयः चन्द्रकान्ताद्याः तृणमित्रशत्रवः प्रतीताः, एतेषु समा मनो भावाभिष्वङ्गाद्यभावात्। धीरा अविचलप्रतिज्ञाः साधयन्ति मोक्षमार्गं ज्ञानादिरत्नत्रयरूपं ते मुनय इत्यादि पूर्ववत्॥४२॥

**ગાથાર્થ**:-'જહા દુમસ્સ પુપ્ફેસુ' ઇત્યાદિ દશવૈકાલિક સૂત્રની ગાથામાં કહ્યા પ્રમાણે જે મુનિ મધુકરની જેવી વૃત્તિએ કરીને બેંતાળીશ દોષ વર્જવાથી સમસ્ત પ્રકારે શુદ્ધ (નિર્દોષ એવા આહારને, મંડળીના પાંચ દોષને પણ વર્જીને વાપરે છે.

ઓદનાદિ ભકતનું ભોજન તથા સોવિરાદિ જળનું પાન કરે છે તે મુનિઓ-સાધુઓ મને શરણભૂત (દુર્ગતિગમન નિવારણના કારણભૂત) થાઓ ૩૯. અહીં બેંતાળીશ દોષ ૧૬ ઉદ્‌ગમ દોષ ૧૬ ઉત્પાદનાં દોષ ને ૧૦ એષણા દોષ મળીને સમજવા. (આ દોષો અહીં ગ્રંથ વધી જવાના કારણથી વિસ્તારથી લખ્યા નથી)

જે મુનિઓ સ્પર્શનાદિ પાંચ ઈંદ્રિયના દમનમાં-તે તે ઈંદ્રિયોના વિષયના ત્યાગમાં તત્પર હોય, કંદર્પ જે કામદેવ તેના દર્પપ્રધાન જે સ્ત્રીદૃષ્ટિપ્રમુખ બાણો તેના પ્રસારને-વિસ્તારને જીતનારા-રોકનારા હોય તથા જે બ્રહ્મચર્યરૂપ ચોથા મહાવ્રતને પાળનારા હોય તે મુનિઓ મને શરણભૂત હો. ૪૦

જે ઇર્યાદિ પાંચ સમિતિએ સમિત-સમ્યક્ પ્રકારની તેની પ્રવૃત્તિમાં નિપુણ, પાંચ મહાવ્રતોના પ્રતિપાલનરૂપ જે ભાર તેને વહન કરવામાં વૃષભની જેવા વૃષભ અર્થાત્ સમર્થ અને પાંચમી ગતિ જે મોક્ષ નામની તેની અનુકૂળતામાં રકત-તેને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં તત્પર એવા જે મુનિઓ તે મને શરણભૂત હો. ૪૧

જે મુનિઓ સ્ત્ર્યાદિ સમસ્તના પરિચય રૂપ જે સંગ તેને તજનારા, મણિ અને તૃણ તેમજ શત્રુને મિત્ર તેમાં સમભાવવાળા અભિષ્વંગાદિના અભાવવાળા અને ધીર-અવિચળ પ્રતિજ્ઞાવાળા થઇને મોક્ષમાર્ગના સાધનારા છે તે મુનિઓ મને શરણભૂત હો ૪૨

**चतुर्थं शरणमाह—**

હવે ચોથા ધર્મના શરણ માટે ચાર ગાથા કહે છે.

**जो केवलनाणदिवायरेहिं तित्थंकरेहि पन्नतो ।**
**सव्वजगज्जीवहिओ, सो धम्मो होउ मह सरणं ॥४३॥**

कल्लाणकोडिजणणी, जत्थअणत्थप्पबंधनिद्दलणी ।
वन्निज्जइ जीवदया, सो धम्मो होउ मम सरणं ॥४४॥
जो पावभरक्कंतं, जीवं भीमंमि कुगइकूवंमि ।
धारेइ निवडमाणं, सो धम्मो होउ मम सरणं ॥४५॥
सग्गापवग्गपुरमग्गलग्गलोआण सत्थवाहो जो ।
भवअडविलंघणखमो, सो धम्मो होउ मम सरणं ॥४६॥

'जो केवलनाणदिवायरेहिं' यः श्रीधर्मः केवलज्ञानेन विशेषज्ञानोपयोगेन दिवाकरा इव दिवाकराः सूर्यास्तैरतीतादि-भेदभिन्नैः तीर्थ चतुर्विधः श्रमणसङ्घः प्रथमगणधरो वा तत्कर-णशीलास्तीर्थङ्करास्तैः प्रज्ञप्तः प्ररुपितः। सर्वेषांजगज्जीवानामे-केन्द्रियादीनां हितो हितकृत्सम्यक्प्ररुपणप्रतिपालनादिभिः स धर्मः भवतु मम शरणं त्राणमिति तत्र दुर्गतिप्रपतत्प्राणि धारणाद्धर्म उच्यते, इति धर्मः श्रुतचारित्ररूपो ज्ञेयः ॥४३॥

'कल्लाणकोडिजणणी' कल्याणानां द्रव्यभावभेदभिन्नानां कोट्यः शतलक्षप्रमाणास्तासां जननी उत्पादयित्री, एवंविधा। यत्र धर्मे अनर्थानामकल्याणानां प्रबन्धास्सन्तानपरंपराः, तेषां निर्दलनी समूलमुच्छेत्री। वर्ण्यते प्रशस्यते आचार्यादिभिः, जीवदया प्राणिरक्षणं स धर्म इत्यादि प्राग्वत् ॥४४॥

'जो पावभरक्कंतं० यः पापभरेणाक्रान्तं पापभारभारितं जीवं प्राणिनं भीमे भयङ्करे नरकतिर्यगादिकूपे महागर्ते धारयति अवलम्बयति निपतन्तं प्राणिनमिति। स धर्म इत्यादि प्राग्वत् ॥४५॥

सग्गापवग्ग० स्वर्ग ऊर्ध्वलोकः, अपवर्गो मोक्षस्तावेव पुरे नगरे तयोर्मार्गः पन्थाः तत्र लग्नास्तस्मिन्प्रवृत्ता ये लोका भव्यप्राणिनस्तेषां सार्थवाह इव सार्थवाहो मार्गविघ्नोपहन्ता यो धर्मः, भवः संसारः स एवाटवी अरण्यं तस्या लङ्घनमतिक्रमणं तत्र क्षमोऽर्थाज्जीवानां स धर्म इत्यादि पूर्ववत् । द्वारम् ॥ ५ ॥ ४६ ॥

ગાથાર્થ:-જે ધર્મ કેવળજ્ઞાન (સર્વોત્કૃષ્ટ જ્ઞાન) વડે દિવાકર (સૂર્ય) સરખા તીર્થંકરોએ કહેલો હોય–અહીં અતીત, અનાગત, વર્તમાન કાળવર્તી ત્રણે પ્રકારના તીર્થંકરો લેવા, તીર્થ એટલે શ્રમણાદિ ચાર પ્રકારનો સંઘ અથવા પ્રથમ ગણધરને કરનારા એટલે સ્થાપનારા તેને તીર્થંકર કહિએ. તેમણે કહેલો, એકેંદ્રિયાદિ સર્વ જીવોનો સમ્યક્ પ્રરૂપણા તથા પ્રતિપાલનાદિક વડે હિત કરનારો તે ધર્મ મને શરણભૂત હો. ૪૩. અહીં દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારી રાખવાથી ધર્મ શ્રતચારિત્રરૂપ કહેવાય છે એમ સમજવું.

જે ધર્મમાં ક્રોડાગમે કલ્યાણને ઉત્પન્ન કરનારી–ઉપજાવનારી દ્રવ્યભાવરૂપ દયા વર્ણવેલી હોય, તેમજ જે ધર્મમાં ક્રોડાગમે અનર્થોના પ્રબંધો–સંતાનપરંપરા તેને દળી નાખનારી દયા પ્રરૂપેલી હોય, આચાર્યાદિકોએ જેનું સ્વરૂપ વિસ્તારથી કહેલું હોય તે ધર્મ મને શરણભૂત હો. ૪૪.

જે ધર્મ પાપરૂપ ભારવડે ભારેલા આક્રાંત થયેલા જીવોને ભયંકર એવા નરકતિર્યંગાદિ કુગતિ કૂપમાં-મોટા ખાડામાં પડતાં ધારી રાખે છે. અવલંબનભૂત થાય છે પડવા દેતો નથી તે ધર્મ મને શરણભૂત હો. ૪૫

જે ધર્મ સ્વર્ગ જે ઊર્ધ્વ લોક (દેવલોક) તથા અપવર્ગ જે મોક્ષ તે બંને પ્રકારના પુર જે નગર તેનો માર્ગ જે પંથ, તે માર્ગે ચાલવા માટે તત્પર થયેલા ભવ્ય પ્રાણીઓને સાર્થવાહ તુલ્ય માર્ગના ભયને હણનાર તથા સંસાર રૂપ જે અટવી તેનું ઉલ્લંઘન કરાવવામાં સમર્થ હોય તે ધર્મનું મને શરણ હો. ૪૬.

दुष्कृतगर्हाद्वारमाह—

આ પ્રમાણે ચાર શરણ સ્વીકારવા રૂપ પાંચમું દ્વાર કહ્યું હવે દુષ્કૃત્યની ગર્હા-નિંદા કરવારૂપ છઠ્ઠું દ્વાર ચાર ગાથાવડે કહે છેઃ-

**एवं चउह्नं सरणं पवन्नो, निव्विन्नचित्तो भवचारगाओ । जं दुक्कडं किंपि समक्खमेसिं निंदामि सव्वंपि अहं तमिह्निं ॥४७॥**

'एवं चउह्नं० एवं अमुना प्रकारेण चतुर्णा अर्हदादीनां शरणं प्रपन्नः सन् निर्विण्णं निर्वेदमापन्नं चित्तं मनो यस्य स तथा, कुतः? भवः संसारः स एव चारको गुप्तिगृहं, तस्मात् यत् दुष्कृतं दुष्टं समाचीर्णं मयेति । किञ्चिदपि स्वल्पमपि समक्षं ससाक्षि यथा स्यात्तथा, एषामर्हदादीनामिति । निन्दामि सर्वमपि ऐहिकं पारत्रिकं वाऽहमिति तत् इदानीमस्मिन् प्रस्तावेऽन्तकाललक्षणे ॥४७॥

ગાથાર્થઃ-ઉપર કહ્યા પ્રમાણે ચાર શરણને અંગીકાર કરનારો હું કે જેનું મન આ સંસારરૂપ જે બંદીખાનું (ગુપ્તિ-ગૃહ) તેનાથી ઉદ્વિગ્ન થયેલું છે-નિર્વેદને-ખેદને પામેલું છે તે અરિહંતાદિ ચારેની સમક્ષ જે કાંઇ નાનું યા મોટું દુષ્કૃત્ય કર્યું હોય-આચર્યું હોય આ ભવ સંબંધી કે પરભવ-પાછળના ભવ સંબંધી તે સર્વને અત્યારે અંતકાળ સમયે નિંદું છું. ૪૭.

**जं इत्थ मिच्छत्तविमोहिएणं, मए भमंतेण कयं कुतित्थं। मणेण वायाइ कलेवरेणं, निंदामि सव्वं पि अहं तम्मिहिं ॥४८॥**

'जं इत्थमिच्छत्तविमोहिएणं॰ यत् अत्र भवे उपलक्षणात्प-रत्रापि मिथ्यात्वमाभिग्रहिकादि तेन विमोहितेन मूढेन मया भ्रमता इतस्ततः पर्यटता कृतं आराधितं कुतीर्थं हरिहरादि-कुदेवस्थानं मनसा वचसा कायेन च उपलक्षणात् कारितं, अनुमतं, अन्येषामुपदिष्टं च। तन्निन्दामि इत्यादि पूर्ववत् ॥४८॥

ગાથાર્થઃ-અભિગ્રહિકાદિ મિથ્યાત્વોથી મોહિત થયેલા મેં મૂઢે આ સંસારમાં આમતેમ ભટકતાં આ ભવે અને ઉપલક્ષણથી પરભવે પણ જે કાંઇ કુતીર્થ-હરિહરાદિ કુદેવના સ્થાન તેની આરાધના મનથી, વચનથી કે કાયાથી કરી હોય, ઉપલક્ષણથી કરાવી હોય, અનુમોદી હોય કે બીજાને ઉપદેશી હોય તે સર્વને હું નિંદું છું. ૪૮.

**पच्छाइओ जं जिणधम्ममग्गो, मए कुमग्गो**

पयडीकओ जं । जाओ अहं जं परपावहेऊ, निंदामि सव्वंपि अहं तम्मिहिं ॥४९॥

'पच्छाइओ जं जिणधम्म० प्रच्छादित उन्मार्गप्ररूपणया प्रच्छन्नीकृतः । यत् जिनधर्ममार्गो ज्ञानदर्शनचारित्ररूपः मया कुमार्गः स्नानयागहोमादिः प्रकटीकृतो लोकानां पुरत इति गम्यं यत् जातोऽहं यत् परेषां पापहेतुर्मिथ्यात्वाविरत्यादिसेवनेन प्रसङ्गदोषापत्त्या निन्दामीत्यादि पूर्ववत् ज्ञेयम् ॥४९॥

**ગાથાર્થ:**-મેં આ ભવમાં કે પરભવમાં જૈનધર્મનો માર્ગ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ રૂપ તેનું ઉન્માર્ગ પ્રરૂપણાદિવડે પ્રચ્છાદન-આચ્છાદન કર્યું હોય-તેને ઢાંકી દીધો હોય અને સ્નાન યાગ-હોમાદિ જે કુમાર્ગ તેનું મેં જે પ્રકટીકરણ કર્યું હોય-લોક પાસે તેની પ્રરૂપણા કરી હોય તેથી હું જે અન્ય જીવોને મિથ્યાત્વ, અવિરતિ વિગેરેના સેવનરૂપ પાપના કારણભૂત પ્રસંગ-દોષાદિ વડે થયો હઉં તે સર્વ પાપને અત્યારે હું નિંદું છું ૪૯.

जंताणि जं जंतुदुहावहाइं, हलउरकलाईणि मए कयाइं । जं पोसिअं पावकुडुंबयं च, निंदामि सव्वंपि अहं तम्मिहिं ॥५०॥

'जंताणि जं जंतुदुहा० यन्त्राणि पापोपकरणानि यत् जन्तूनां प्राणिनां दुःखानि मारणकुट्टनकंडनादीनि ते आवहन्ते

ददते यानि तानि, तथा हलोदूखलादीनि तत्र हलं उदूखलो धान्यकंडनक्षेपणस्थानं तदादीनि मया कृतानि कारितानि अनुमतानि स्वार्थे परार्थे वा इति गम्यम् । यत्पोषितं अन्नपानादिदानेन पापहेतुकुटुम्बकं पुत्रकलत्रस्वजनपरिजनादि रागद्वेषाद्याकुलितेन चः पुनरर्थे । निन्दामीत्यादि पूर्ववत् । द्वारम । ६ ॥५०॥

ગાથાર્થ:–પ્રાણીઓને દુઃખના કારણભૂત યંત્રો પાપોપકરણો કે જે પ્રાણીઓને મારણ, કુટ્ટન, ખંડનાદિના ઉપયોગમાં આવે છે તેવા હળ અને ઉદૂખળ–હળ જમીનને ખોદનાર અને ઉદૂખળ ધાન્યને ખંડન ક્ષેપણ કરનાર ઈત્યાદિ અધિકરણો મેં જે મારે માટે કે અન્યને માટે કર્યાં હોય, કારવ્યાં હોય કે અનુમોદ્યાં હોય તે સર્વને તેમજ પાપના હેતુભૂત કુટુંબ—સ્ત્રી પુત્ર સ્વજન પરિજનાદિ તેનું રાગદ્વેષાદિવડે આકુલિત ચિત્તવાળા થઈને અન્નપાનાદિ વડે પોષણ કર્યું હોય તે સર્વ દુષ્કૃત્યોને હું નિંદુ છું ૫૦

सुकृतानुमोदनाद्वारमाह—

આ પ્રમાણે છઠ્ઠું દ્વાર દુષ્કૃતનિંદારૂપ કહ્યું. હવે સાતમું સુકૃતની અનુમોદનરૂપ દ્વાર ચાર ગાથાવડે કહે છે:—

१ २ ३ ४ ५ ६ ७

**जिनभवणबिंबपुत्थय संघसरूवाइ सत्तखित्तीए ।**
**जं वत्तिअं धणबीअं, तमहं अणुमोअए सुकयं ॥५१॥**

'जिनभवणबिंबपुत्थय०' जिनप्रासादो जिनभवनं १, तस्य करणं कारापणं च । जिनबिम्बं जिनप्रतिमा २, पुस्तकं

सिद्धान्तोपकरणं ३, साधु ४ साध्वी ५ श्रावक ६ श्राविका ७ रूपसङ्घः, एतद्रूपायां सप्तक्षेत्र्यां मयेति गम्यम् । यदुप्तं धनं द्रव्यं तदेव धर्मवृद्धिहेतुत्वाद्बीजमिव बीजं तदहमनुमोदयामि प्रशंसनया वृद्धिं नयामि सुकृतं पुण्यकार्यमिति॥५१॥

**ગાથાર્થ**:–જિનપ્રાસાદ (જિનભવન), તેનું કરવું ને કરાવવું ૧, જિનબિંબ (જિંનપ્રતિમા) નવી ભરાવવી ૨, પુસ્તક (સિદ્ધાંતોપકરણ) ૩, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ (૪ થી ૭)-એતદ્રુપ સાત ક્ષેત્રમાં મેં જે દ્રવ્ય ધર્મવૃદ્ધિના હેતુભૂત હોવાથી બીજરુપે વાવ્યું હોય-વાપર્યું હોય તેને હું અનુમોદું છું, પ્રશંસાવડે તે સુકૃતને વૃદ્ધિ પમાડું છું ૫૧.

**जं सुद्धनाणदंणसचरणाइं भवण्णवप्पवहणाइं ।**
**सम्ममणुपालिआइं, तमहं अणुमोअए सुकयं॥५२॥**

'जं सुद्धनाणदंसण॰ यत् शुद्धज्ञानदर्शनचारित्राणि भव एवार्णवः समुद्रः तदुत्तारे प्रवहणानीव यानपात्राणीव यानि यानि तथा सम्यग्विधिनाऽनुपालितानि यथोक्तविधिनाऽऽराधितानि तदहमनुमोदयामि सुकृतमित्यादि प्राग्वत् ॥५२॥

**ગાથાર્થ**–જે શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ ભવાર્ણવ-ભવ જે સંસાર તદ્રુપ સમુદ્ર તેમાં પ્રવહણ તુલ્ય-તેનાથી પાર ઉતારનાર તેને મેં સમ્યગ્ વિધિપૂર્વક-જે પ્રમાણે આરાધવાનો કહ્યો છે તે પ્રમાણે આરાધ્યો હોય તેને–તે સુકૃત્યને હું અનુમોદું છું ૫૨.

**जिणसिद्धसूरिउवज्झायसाहुसाहम्मिअप्पवयणेसु ।**
**जं विहिओ बहुमाणो, तमहं अणुमोअए सुकयं ॥५३॥**

'जिणसिद्धसूरिउवज्झाय० जिनास्तीर्थकृतः, सिद्धाः मुक्तिप्राप्ताः, सूरयः आचार्याः, उपाध्यायाः एकादशाङ्गसूत्रपाठकाः, साधवः सप्तविंशतिगुणधारकाः, साधर्मिकाः समानधर्मिणः, प्रवचनं द्वादशाङ्गरूपं, एतेषु पदेषु यद्विहितो निष्पादितः बहुमानो वर्णसञ्जननादिः, तदहमनुमोदयामि, सुकृतमिति प्राग्वत् ॥५३॥

ગાથાર્થ:--જિન તે તીર્થંકર, સિદ્ધ તે મુક્તિ પામેલા જીવો, સૂરિ તે આચાર્ય, ઉપાધ્યાય તે અગ્યાર અંગરૂપ સૂત્રના પાઠક-ભણાવનાર, સાધુ સત્તાવીશ ગુણને ધારણ કરનારા, સાધર્મિક તે સમાન ધર્મવાળા, પ્રવચન દ્વાદશાંગરૂપ, એટલા પદ-સ્થાનને વિષે મેં જે કાંઈ બહુમાન તેમના વર્ણવાદ-પ્રશંસા વિગેરે કરવાવડે કર્યું હોય તે સુકૃતને હું અનુમોદું છું. ૫૩.

**सामाइअचउवीसत्थयाइ आवस्सगंमि छब्भेए ।**
**जं उज्जमिअं सम्मं, तमहं अणुमोअए सुकयं ॥५४॥**

'सामा० सामायिकं देशविरतिसर्वविरतिरूपं, चतुर्विंशतिस्तवो द्वितीयावश्यकं, आदिशब्दाद्वन्दनकप्रतिक्रमणकायोत्सर्गप्रत्याख्यानपरिग्रहः एतस्मिन् षड्भेदे आवश्यके अवश्यकर्त्तव्ये यद् उद्यमितं मयेति गम्यम् । सम्यक् निष्कपटवृत्त्येत्यर्थः। तदहमनुमोदयामि सुकृतमिति प्राग्वत् ॥५४॥ द्वारम् ७ ॥

**ગાથાર્થ**:–સામાયિક દેશવિરતિ સર્વવિરતિરૂપ પ્રથમાવશ્યક. ચતુર્વિંશતિ સ્તવ-વર્તમાન ચોવીશીના ૨૪ તીર્થંકરની સ્તવનારૂપ બીજું આવશ્યક, આદિ શબ્દથી વંદનક, પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગને પ્રત્યાખ્યાનને ગ્રહણ કરવા. એ રીતે છ પ્રકારના અવશ્ય કર્તવ્યરૂપ આવશ્યક-તેને વિષે મેં જે ઉદ્યમ કર્યો હોય. તેનું નિષ્કપટ વૃત્તિથી સમ્યક્ પ્રકારે આરાધન કર્યું હોય તે સુકૃતને હું અનુમોદું છું ૫૪

**शुभभावनाद्वारमाह—**

એ પ્રમાણે સુકૃતની અનુમોદના રૂપ સાતમું દ્વાર કહ્યું. હવે શુભ ભાવનારૂપ આઠમું દ્વાર ચાર ગાથાવડે કહે છેઃ—

**पुव्वकयपुन्नपावाणि, सुरकदुरकाण कारणं लोए ।**
**न य अन्ना कोति जणो,इअ मुणिउं कुणसु सुहभावं ॥५५॥**

'पुव्वकयपुन्नपावा०' पूर्वकृतपुण्यपापे पूर्वभवविहित-सुकृतदुष्कृते सुखदुःखयोः कारणं हेतुर्लोके इह जगति वर्त्तते न चास्ति अन्यः कोऽपि जनो देवोऽसुरादिः मातापित्रादिर्वा तयोः कारणम् । इति मत्वा मनसि विभाव्य । त्वं कुरुष्व शुभभावं अप्रशस्तमनोनिराकरणेनेति ॥५५॥

**ગાથાર્થ**:–આ લોકમાં સુખ-દુઃખની પ્રાપ્તિના કારણભૂત પૂર્વ ભવમાં કરેલા પુણ્ય-પાપ અથવા સુકૃત-દુષ્કૃતજ છે, બીજું કોઈ અન્ય દેવો કે માતા-પિતા વિગેરે તેના કારણ નથી. આ પ્રમાણે મનમાં વિચારીને અપ્રશસ્ત મનને દૂર કરી તું શુભ ભાવ ધારણ કર. ૫૫.

**पुव्विं दुच्चिण्णाणं, कम्माण वेइआण जं मुक्खो।**
**न पुणो अवेइआणं, इय मुणिउं कुणसु सुहभावं ॥५६।**

'पुव्वि दुच्चिण्णाणं॰ पूर्वजन्मसु दुश्चीर्णानां दुरनुष्ठितानां कर्मणां शुभाशुभानां वेदितानां निर्जीर्णानां यन्मोक्षो भवतीति शेषः। न पुनरवेदितानां अनिर्जीर्णानां क्षयमप्राप्तानां, इति मत्वेत्यादि पूर्ववत् ॥५६॥

**ગાથાર્થ**:-પૂર્વભવમાં કરેલાં દુશ્ચીર્ણ-દુરનુષ્ઠિત જે શુભાશુભ કર્મ તેને વેદવાવડે-નિર્જરવાવડેજ મોક્ષ થાય છે, વેદ્યા વિના-નિર્જર્યા વિના-ક્ષય પમાડ્યા વિના મોક્ષ થતો નથી. આવા પ્રકારે જાણીને શુભ ભાવ મનમાં ભાવ. ૫૬.

**जं तुमए नारए नारएण, दुक्खं तितिक्खिअं तिक्खं।**
**तत्तो कित्तिअमित्तं, इअ मुणिउं कुणसु सुहभावं ॥५७॥**

यत् त्वया नरके नारकेण नारकभवोत्पन्नेन सता दुःखमसातं तितिक्षितं सोढमनुभूतमिति तीक्ष्णं कटु ततो दुःखात् कियदेतन्मात्रं ज्वरादिसमुत्थं, इति मत्वेत्यादि पूर्ववत् ॥५७॥

**ગાથાર્થ**:-જે તેં તારા જીવે પૂર્વે નારકપણે ઉત્પન્ન થઇને અસાતાજન્ય તીક્ષ્ણ-કટુ દુઃખ અનુભવેલ છે-સહન કરેલ છે તે દુઃખની પાસે આ ભવમાં પ્રાપ્ત થતાં જ્વરાદિ વ્યાધિજન્ય દુઃખ કિયન્માત્ર છે? શું ગણત્રિના છે? આ પ્રમાણે જાણીને શુભ ભાવને ઉત્પન્ન કર. ૫૭.

जेण विणा चारित्तं, सुअं तवं दाणसीलमवि सव्वं ।
कासकुसुमं वविहलं, इअ मुणिऊं कुणसु सुहभावं ॥५८

'जेण विणा चारित्तं॰ येनेति द्वितीयार्थे तृतीया । यं भावं विना चारित्रं श्रुतं तपो दानं च, शीलमपि सर्वं पुण्यकृत्यं काश इषीका तस्य कुसुमं पुष्पं तदिव विफलं फलरहितं भवति, इति मत्वा कुरु शुभभावं भावेनैव कृतं सर्वपुण्यकृत्यं सफलमिति भावः । द्वारम् । ८ ॥५८॥

**ગાથાર્થ**:-જે શુભ ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, દાન અને શીલ વિગેરે સર્વ ધર્મકરણી કાસના કુસુમ ( પુષ્પ )ની જેમ નિષ્ફળ છે-ફળ રહિત છે. એમ જાણીને તું શુભ ભાવ ઉત્પન્ન કર કે જે શુભ ભાવવડે કરેલું સર્વ પુણ્ય કૃત્ય સફળ થાય ૫૮.

अथानशनद्वारमाह—

આ પ્રમાણે શુભ ભાવ ઉત્પાદન કરવા રૂપ આઠમું દ્વાર કહ્યું હવે નવમું અનશનદ્વાર ચાર ગાથાવડે કહે છે:-

जं भुंजिऊण बहुहा, सुरसेलसमूहपव्वएहिंतो ।
तित्ती न एव पत्ता, तं चयसु चउव्विहाहारं ॥५९॥

'जं भुंजिऊण बहुहा॰ यमाहारं भुक्त्वाऽऽस्वाद्य बहुधा बहुभिः प्रकारैः सुरशैलो मेरुस्तेषां समूहः समुदायः । स इव ये पर्वतास्तत्प्रमाणाः पर्वताः इत्यर्थस्तेभ्योऽप्यधिकमिति

गम्यम् । तृप्तिः सन्तुष्टिः, त्वया न प्राप्ता नासादिता तमाहारं अशनादिभेदतः चतुःप्रकारमपि त्वं त्यजेति सम्बन्धः ॥५९॥

ગાથાર્થઃ—હે જીવ ! તેં સુરશૈલ જે મેરૂપર્વત તેના સમુદાયરૂપ પર્વતો તેથી પણ અધિક અશનાદિક ચાર પ્રકારના આહારો ભોગવ્યા છે—ખાધા છે, પણ તેથી તને તૃપ્તિ થઈ નથી તેથી હવે તું તે ચારે પ્રકારના આહારોને તજી દે. ૫૯

जो सुलहो जीवाणं, सुरनरतिरिनरयगइचउक्के वि ।
मुणिउं दुलहं विरइं, तं चयसु चउव्विहाहारं ॥६०॥

'जो सुलहो जीवाणं०' य आहारः सुलभः सुप्रापः जीवानां प्राणिनां सुरा देवाः, नरा मनुष्याः, तिर्यञ्चो जलचरादिभेदाः, नारकाः प्रतीताः । एतल्लक्षणगतिचतुष्केऽपि 'मुणिउं ति' इति ज्ञात्वा मनसा विभाव्य, दुर्लभां दुष्प्रापां च विरतिं, तत्परित्यागं, तमाहारं त्यज चतुर्द्धाऽपि इति पूर्ववत् ॥६०॥

ગાથાર્થઃ—જીવોને સુર (દેવગતિ), નર ( મનુષ્યગતિ ), તિર્યંચ (જળચરાદિ તિર્યંચગતિ ) અને નારકગતિ કે જે પ્રસિદ્ધ છે એ ચારે ગતિમાં જે આહાર સુલભ છે, સુપ્રાપ્ય છે તેમજ તેના ત્યાગરૂપ વિરતિ દુર્લભ છે-દુષ્પ્રાપ્ય છે એમ સમજીને તે ચારે પ્રકારના આહારને તજી દે; ૬૦.

छज्जीवनिकायवहे, अकयंमि कहंपि जो न संभवइ ।
भवभमणदुहाहारं, तं चयसु चउव्विहाहारं ॥६१॥

'छज्जीवनिकायवहे०' पृथिव्यादयः षड्विधा जीवनिकायाः जीवसमुदायास्तेषां वधे विनाशे अकृते, अकारिते, अननुमते च, कथमपि केनापि प्रकारेण य आहारो न सम्भवति नो जायते । भवेषु भ्रमणं भवभ्रमणं, तत्सम्बन्धीनि यानि दुःखानि तेषामाधारं एवंविधं, आहारं त्यजेति पूर्ववत् ॥६१॥

**ગાથાર્થઃ**-જે ચાર પ્રકારનો આહાર પૃથિવ્યાદિ છ પ્રકારના જીવસમુદાયનો વિનાશ (વધ) કર્યા વિના, કરાવ્યા વિના કે અનુમોદ્યા વિના કોઈપણ પ્રકારે પ્રાપ્ત થતો નથી અને જે ભવભ્રમણ સંબંધી જે દુઃખ તેના આધારભૂત છે-કારણભૂત છે તેવા આહારને હે જીવ! તું તજી દે. ૬૧.

**चत्तंमि जंमि जीवाण, होइ करयलगयं सुरिंदत्तं ।**
**सिद्धिसुहं पिअ सुलहं, तं चयसु चउव्विहाहारं ॥६२॥**

'चत्तंमि जंमि जीवाण०' त्यक्ते भावतः प्रत्याख्याते यस्मिन्नाहारे जीवानां प्राणिनां भवति जायते करतलगतं हस्तमध्यगतं सुरेन्द्रत्वं सुराधिपतित्वं सिद्धिसुखमपि च क्रमेण मुक्तिसुखमपि सुलभं सुप्रापं भवति, तमाहारं त्यजेति प्राग्वत् । द्वारम् । ९ ॥६२॥

**ગાથાર્થઃ**-જે ચાર પ્રકારના આહારનું ભાવપૂર્વક પ્રત્યાખ્યાન કર્યે છતે-તેનો ત્યાગ કર્યે છતે જીવોને સુરાધિપતિપણું (દેવેંદ્રપણું) અને સિદ્ધિસુખ પણ હસ્તમધ્યગત હાથમાં આવેલાની જેવું સુલભ થાય છે તેને એટલે ચારે પ્રકારના આહારના ત્યાગને તું કર-તેને તજી દે. ૬૨.

पञ्चनमस्कारस्मरणद्वारमाह—

આ પ્રમાણે નવમું અનશનદ્વાર કહ્યું. હવે દશમું પંચનમસ્કારના સ્મરણરૂપ દ્વાર કહે છે—

**नाणाविहपावपरायणोवि जं पाविऊण अवसाणे।**
**जीवो लहइ सुरत्तं, तं सरसु मणे नमुक्कारं ॥६३॥**

'नाणाविहपावपरायणोवि०' नानाप्रकारपापतत्परोऽपि यं नमस्कारं प्राप्य पाठतोऽनुस्मरणतश्च, अवसाने आयुषोऽन्ते मरणवेलायामित्यर्थः। जीवः प्राणी लभते प्राप्नोति सुरत्वं देवत्वं, तं स्मर ध्यायस्व मनसि चित्ते चिन्तय नमस्कारं मूलमन्त्रम् ॥६३॥

**ગાથાર્થ:**—જે નમસ્કારરૂપ મૂળ મંત્રને—તેના પાઠરૂપ અનુસ્મરણને આયુષ્યને છેડે ભવાંત સમયે પામીને નાનાપ્રકારના પાપમાં તત્પર પ્રાણી પણ દેવપણાને પામે છે તે નમસ્કાર મહામંત્રનું તું મનમાં ધ્યાન કર—ચિંતવ. ૬૩.

**जेण सहाएण गयाण, परभवे सम्भवन्ति भविआणं।**
**मणवंछिअसुखाइं, तं सरसु मणं नमुक्कारं ॥६४॥**

'जेण सहाएण गयाण० येन नमस्कारेण सख्या सता साहाय्यदात्रा गतानां प्राप्तानां परभवेऽन्यजन्मनि जीवानां सम्भवन्ति संपद्यन्ते भव्यानां मोक्षगमनयोग्यानां मनोवाञ्छि-

तसौख्यानि ऐहिकानि पारत्रिकाणि वा तं नमस्कारं महा-मन्त्रं मनसि चित्ते स्मर ध्यायस्वेति ॥६४॥

**ગાથાર્થ**:-મોક્ષગમન યોગ્ય ભવ્યપ્રાણીઓને અંત સમયે નમસ્કાર મંત્રના શ્રવણની સહાય મળવાથી પરભવમાં-અન્ય જન્મમાં મનોવાંછિત સુખની-આ ભવસંબંધી ને પરભવ સંબંધી સુખની પ્રાપ્તિ સંભવે છે તે નમસ્કાર મહામંત્રનું તું મનમાં ધ્યાન કર. ૬૪.

**सुलहाओ रमणीओ, सुलहं रज्जं सुरत्तणं सुलहं ।**
**इक्कुच्चिअ जो दुलहो, तं सरसु मणे नमुक्कारं ॥६५॥**

'सुलहाओ रमणीओ० सुलभाः सुप्रापा रमण्यो मनोऽनु-कूलाःस्त्रियो मुख्यकामाङ्गभूताः, सुलभं राज्यं प्रतिभवं, देवत्वमपि सुलभं बालतपोऽकामनिर्जरादिभिः, परमेक एव यः श्रीनमस्कारः श्रवणतोऽपि दुर्लभो दुष्प्रापः, तं नमस्कारं स्मर इत्यादि पूर्ववत् ॥६५॥

**ગાથાર્થ**:- બાળતપ (અજ્ઞાન કષ્ટરૂપ) અને અકામ નિર્જરા-દિકવડે કામના મુખ્ય અંગભૂત રમણીઓની પ્રાપ્તિ સુલભ છે, દરેક ભવમાં રાજ્યની પ્રાપ્તિ પણ સુલભ છે. અને દેવત્વ પણ સુલભ છે પરંતુ એક નમસ્કાર મહામંત્રનું શ્રવણ દુર્લભ છે તેથી તું તે પંચ નમસ્કારરૂપ મહામંત્રનું સ્મરણ કર. ૬૫.

**लद्धंमि जंमि जीवाण, जायए गोपयं व भवजलही ।**
**सिवसुहसच्चंकारं, तं सरसु मणे नमुक्कारं ॥६६॥**

'लद्धंमि॰ लब्धे प्राप्ते श्रवणतोऽपि यस्मिन् नमस्कारे जीवानां जन्तूनां जायते भवति गोष्पदमिव अतीव लघु-जलाशयमिव भवजलधिः संसारसमुद्रः मोक्षसुखप्राप्तये सत्यङ्कारमिव सत्यङ्कारः, सच्चंकार, इति तं नमस्कारं स्मर मनसि चिन्तयेत्यादि पूर्ववत् ॥६६॥

ગાથાર્થ:- જે નમસ્કારમંત્ર પ્રાણીને શ્રવણવડે પણ પ્રાપ્ત થયે છતે આ સંસારરૂપ સમુદ્ર જે પારાવાર છે તે ગોષ્પદ જેવો-અતીવ લઘુ જળાશય (ખાબોચીઆ) જેવો થાય છે અને મોક્ષ-સુખની પ્રાપ્તિમાં જે સત્યંકાર જેવો-કોલ આપવા જેવો છે તે નમસ્કારમંત્રનું હે જીવ ! તું મનમાં સ્મરણ કર. ૬૬.

पंचपरमिट्ठिसमरणपरायणो पाविऊणं पंचत्तं ।
पत्तो पंचमकप्पंमि, रायसीहो सुरिंदत्तं ॥६७॥

'पंचपरमिट्ठिसमरण॰ पंचपरमेष्ठिस्मरणपरायणः श्रीनमस्कारमहामन्त्रध्याने तत्परस्तदेकमनाः प्राप्यासाद्य पञ्चत्वं मरणं, प्राप्तः पञ्चमे स्वर्गे ब्रह्मलोकनामके राजसिंहकुमारः सुरेन्द्रत्वं सकलविमानाधिपतित्वं चतुर्दशसागरायुषा ॥६७॥

ગાથાર્થ:-પંચપરમેષ્ઠિના સ્મરણમાં પરાયણ-તત્પર-શ્રી નવ-કાર મહામંત્રનું ધ્યાન કરનાર-તેમાં એકચિત્ત થયેલ રાજસિંહ-કુમાર પંચત્વને (મરણને) પામીને પાંચમા બ્રહ્મ દેવલોકમાં ઇંદ્રપણાને તેમજ ચૌદ સાગરોપમના આયુષ્યને પ્રાપ્ત થયેલ છે ૬૭

**तप्पत्ति रयणवई तहेव आराहिऊण तक्कप्पे।**
**सामाणिअत्तं पत्ता, तओ चुआ निव्वुइस्संति ॥६८॥**

'तप्पत्ती रयणवई०' तत्पत्नी तद्भार्या रत्नवतीनाम्नी पट्टराज्ञी तथैव तेनैव प्रकारेणासेव्य आराध्याराधनां विधाय तत्कल्पे तस्मिन्नेव देवलोके सामानिकत्वमिन्द्रसामानिकत्वं प्राप्ता, ततश्चुतौ महाविदेहक्षेत्रे सुकुलेऽवतारं प्राप्य द्वावपि निर्वृतिं प्राप्स्यतः ॥६८॥

**ગાથાર્થ**:-તેની પત્ની-પટરાણી રત્નવતી પણ તેજ રીતે નમસ્કાર મહામંત્રનું આરાધન-સેવન કરીને તેજ દેવલોકમાં તે ઇંદ્રિના સામાનિક દેવપણાને પામેલ છે. તે બંને ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં સુકુળમાં અવતરીને-મનુષ્યપણું પામીને મોક્ષ સુખને પ્રાપ્ત કરશે. ૬૮.

द्वारदशकार्थं निगमयन्नाह—

ઉપર પ્રમાણેના દશ દ્વારના નિગમન માટે કહે છે:—

**एवं गुरूवइट्ठं, पज्जंताराहणं निसुणिऊणं ।**
**वोसट्ठसव्वपावो, तहेव आसेवए एसो ॥६९॥**

'एवं गुरूवइट्ठं०' एवं अमुना प्रकारेण गुरुणोपदिष्टां पर्यन्ताराधनां आराधनाग्रन्थपद्धतिं निशम्य मनसा विभाव्य भव्यः व्युत्सृष्टानि प्रत्याख्यातानि समस्तपापानि येन एवंविधः सन् तथैव पूर्वोक्तप्रकारेण आसेवते तथैव रीत्या तिष्ठते, एष प्रत्यक्षः ॥६९॥

ગાથાર્થ:-ઉપર પ્રમાણે ગુરૂમહારાજે કહેલી-પર્યંત આરાધનાને-આરાધના ગ્રંથની પદ્ધતિને સાંભળીને-મનમાં ધારણ કરીને ભવ્ય જીવ વોસિરાવ્યા છે સર્વ પાપો જેણે એવો થયો છતો તેવીજ રીતે-પૂર્વોક્ત પ્રકારે ધર્મનું સેવન કરતો છતો વિચરે છે-રહે છે ૬૯

**सिरिसोमसूरिरइअं, पज्जंताराहणं पसमजणणिं ।**
**जे अणुसरंति सम्मं, लहंति ते सासयं सोक्खं ॥७०॥**

'सिरि॰ श्रीसोमसूरिरचितां गाथाबन्धेन बद्धां पर्यन्ताराधनां प्रशमजननीमुपशमोत्पादयित्रीं येऽनुसरन्ति सम्यक् प्रवृत्त्या प्रवर्त्तते ते सम्यक् लभन्ते शाश्वतं सौख्यं मोक्षप्राप्तिलक्षणमिति गाथाक्षरार्थलेशः ॥७०॥

॥ इति पर्यन्ताराधनासूत्रम् ॥

इति पर्यन्ताराधनाऽसूत्रस्य गाथाक्षरार्थः संपूर्णः ॥

ગાથાર્થ:-શ્રી સોમસૂરિએ ગાથાના પ્રબંધે રચેલી પ્રશમ સુખને-ઉપશમને ઉત્પન્ન કરનારી આ પર્યંતારાધનાને જે ભવ્ય જીવો અનુસરે છે-સમ્યક્ પ્રકારે પ્રવૃત્તિ કરે છે તે જીવો શાશ્વત સુખ જે મોક્ષસુખ તેને પ્રાપ્ત કરે છે. ૭૦

ઇતિ શ્રી પર્યંતઆરાધના સૂત્રાનુવાદ
સંપૂર્ણ.

### શ્રી આરાધના સૂત્ર પયન્ના ઉપરથી બનાવેલું
### શ્રી विनयविजयोपाध्यायविरचित

# શ્રી પુન્યપ્રકાશનું સ્તવન

**-: દુહા :-**

સકલસિદ્ધિદાયક સદા, ચોવીશે જિનરાય,
સહગુરૂ સામિની સરસતી, પ્રેમે પ્રણમું પાય. ૧

ત્રિભુવનપતિ ત્રિશલાતણો. નંદન ગુણ ગંભીર
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમસ્વામ. ૩

મુક્તિમાર્ગ આરાધીએ, કહો કિણ પેરે અરિહંત?
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪

અતિચાર આલોઈએ, વ્રત ધરીએ ગુરૂસાખ;
જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫

વિધિશું વળી વોસરાવીએ, પાપસ્થાન અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિતાચાર. ૬

શુભ કરણી અનુમોદીએ, ભાવ ભલો મન આણ;
અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. ૭

શુભ ગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવ પાર. ૮

## ઢાળ ૧ લી

( એ છિંડી કીંહા રાખી—એ દેશી )

જ્ઞાન દરિશણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર; એહ તણા ઈહ ભવ પરભવના, આલોઇએ અતિચાર રે પ્રાણી ! જ્ઞાન ભણો ગુણ ખાણી; વીર વદે એમ વાણી રે પ્રા૦ ૧ એ આંકણી ગુરૂ ઓળવીએ નહિ ગુરૂ વિનયે, કાળે ધરી બહુમાન; સૂત્ર અર્થ તદુભય કરી સૂધાં, ભણીએ વહી ઉપધાન રે પ્રા૦ ૨. જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકરવાળી; તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભકિત ન સંભાળી રે પ્રા૦ ૩ ઇત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ; આભવ પરભવ વળી રે ભવો ભવ, મિચ્છા દુક્કડં તેહ રે પ્રા૦ ૪. સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણી રે પ્રા૦ સ૦ જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાખ; સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખ રે. પ્રા૦ સ૦ ૫ મૂઢપણું છંડો પરશંસા ગુણવંતને આદરીએ; સામીને ધરમે કરી થિરતા, ભકિત પ્રભાવના કરીએ રે પ્રા૦ સ૦ ૬. સંઘ ચૈત્ય પ્રસાદતણો જે, અવર્ણવાદ મન લેખ્યો; દ્રવ્યદેવકો જે વિણસાડ્યો, વિણસંતાં ઉવેખ્યો રે. પ્રા૦ સ૦ ૭. ઇત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ, આભવ૦ મિચ્છા૦ પ્રા૦ ૮. ચારિત્ર લ્યો ચિત્ત આણી પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય; સાધુતણે ધરમે પરમાદે, અશુદ્ધ વચન મન કાયરે. પ્રા૦ ચા૦ ૯. શ્રાવકને ધરમે સામાયક,

પોસહમાં મન વાળી; જે જયણાપૂર્વક એ આઠે, પ્રવચન માય ન પાળી રે. પ્રા૦ ચા૦ ૧૦. ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોળ્યું જેહ; આ ભવ૦ મિચ્છા૦ પ્રા૦ ચા૦ ૧૧. બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે નિજ શકતે; ધર્મે મન વચ કાયા વીરજ, નવિ ફોરવીયું ભગતે રે. પ્રા૦ ચા૦ ૧૨. તપ વીરજ આચારે એણી પરે, વિવિધ વિરાધ્યા જેહ, આ ભવ૦ મિ૦ પ્રા૦ ચા૦ ૧૩ વળીય વિશેષે ચારિત્રકેરા, અતિચાર આલોઇએ; વીરજિનેશર વયણ સુણીને, પાપ મેલ સવી ધોઇએ રે. પ્રા. ચા૦ ૧૪.

## ઢાળ ૨ જી

( પામી સુગુરૂ પસાય—એ દેશી )

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ; એ પાંચે થાવર કહ્યાં એ ૧. કરી કરસણ આરંભ, ખેત્ર જ ખેડીયાં; કુવા તળાવ ખણાવીયા એ. ૨. ઘર આરંભ અનેક, ટાંકા ભોંયરા; મેડી માળ ચણાવીઆ એ. ૩. લીંપણ ગુંપણ કાજ, એણીપરે પરપરે; પૃથ્વીકાય વિરાધીયા એ. ૪ ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય; છોતી ધોતી કરી દુહવ્યા એ. ૫. ભાઠીગર કુંભાર, લોહ સોવનગરા, ભાડભુંજા લિહાળાગરા એ. ૬. તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ; રંગણ રાંધણ રસવતી એ. ૭. એણી પરે કર્માદાન, પરેપરે કેળવી; તેઉ વાયુ વિરાધિયા એ ૮. વાડી વન આરામ, વાવીંવનસ્પતિ; પાન ફૂલ ફળ ચૂંટીયા એ. ૯. પુંખ પાપડી શાક, શેકયાં સૂકવ્યાં છેદ્યાં છુંદ્યાં આથીઆં એ. ૧૦. અળશીને એરંડ, ઘાણી ઘાલીને; ઘણા તિલાદિક પીલીયા એ. ૧૧. ઘાલી કોલુમાંહે, પીલી શેરડી કંદમૂળ ફળ વેચીયાં એ. ૧૨ એમ એકેંદ્રી જીવ, હણ્યા હણાવીયા

હણતાં જે અનુમોદિયા એ. ૧૩. આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે; તે મુજ મિચ્છાદુક્કડં એ. ૧૪. કૃમી સરમીયા કીડા; ગાડર ગંડોલા; એળ પૂરા અલશીયાં એ. ૧૫. વાળા જળો ચૂડેલ, વિચલિત રસતણા; વળી અથાણાં પ્રમુખના એ. ૧૬. એમ બેઈંદ્રી જીવ, જે મેં દુહવ્યા; તે મુજ મિચ્છાદુક્કડં એ. ૧૭ ઉધેહી જૂ લીખ, માંકડ મંકોડા, ચાંચડ કીડી કુંથુઆ એ. ૧૮ ગદ્ધઈઆં ધીમેલ, કાનખજુરીયા, ગીંગોડા ધનેડીયાં એ. ૧૯. એમ તેઈંદ્રી જીવ, જે મેં દુહવ્યા; તે મુજ મિચ્છાદુક્કડં એ. ૨૦ માખી મચ્છરડાંસ, મસા પતંગીયાં, કંસારી કોલિયાવડા એ ૨૧ ઢીંકણુવિંછુ તીડ, ભમરા ભમરીયો; કોતાં બગ, ખડમાંકડી એ.૨૨ એમ ચૌરિંદ્રી જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છાદુક્કડં એ.૨૩ જળમાં નાંખી જાળ રે, જળચર દુહવ્યાં; વનમાં મૃગ સંતાપીયા એ. ૨૪. પીડયાં પંખી જીવ; પાડી પાસમાં; પોપટ ઘાલ્યા પાંજરે એ. ૨૫. એમ પંચેંદ્રી જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છાદુક્કડં એ. ૨૬

## ઢાળ ૩ જી

( પ્રાણી વાણી જિનતણીજી—એ દેશી. )

ક્રોધ લોભ ભય હાસ્યથી જી, બોલ્યા વચન અસત્ય, કૂડ કરી ધન પારકાં જી, લીધાં જેહ અદત્ત રે; જિનજી! મિચ્છાદુક્કડં આજ, તુમ સાખે મહારાજ રે જિનજી! દેઈ સારું કાજ રે જિનજી! મિચ્છાદુક્કડં આજ ૧ એ આંકણી. દેવ મનુજ તિર્યંચના જી, મૈથુન સેવ્યાં જેહ, વિષયારસલ પટપણે જી ઘણું વિડંબ્યો દેહ રે જિનજી૦ ૨. પરિગ્રહની મમતા કરી જી, ભવે ભવે મેલી આથ, જે જીહાંની તે તીહાં રહી જી; કોઈ ન આવી સાથરે. જિનજી૦ ૩

રયણીભોજન જે કર્યાં જી, કીધાં ભક્ષ અભક્ષ; રસના રસની લાલચે જી, પાપ કર્યાં પ્રત્યક્ષ રે. જિનજી૦ ૪. વ્રત લેઇ વિસારીયાં જી, વળી ભાંગ્યાં પચ્ચખાણ; કપટ હેતુ કિરિયા કરી જી, કીધાં આપ વખાણ રે. જિનજી૦ ૫ ત્રણ ઢાળ આઠે દુહે જી, આલોયા અતિચાર; શિવગતિ આરાધનતણો જી, એ પહેલો અધિકાર રે. જિનજી૦ ૬

## ઢાળ ૪ થી

( સાહેલડીની દેશી )

પંચ મહાવ્રત આદરો સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો યથાશક્તિ વ્રત આદરી સાહેલડી રે, પાળો નિરતિચાર તો ૧ વ્રત લીધાં સંભારીયે સા૦ હૈડે ધરીયાં વિચાર તો, શિવગતિ આરાધનતણો સા૦, એ બીજો અધિકાર તો ૨ જીવ સવે ખમાવીએ સા૦ યોનિ ચોરાશી લાખ તો; મન શુદ્ધે કરી ખામણાં સા૦ કોઈશું રોષ ન રાખતો. ૩ સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઈ ન જાણો શત્રુ તો; રાગ દ્વેષ એમ પરિહરી સા૦ કીજે જન્મ પવિત્ર તો. ૪ સામી સંઘ ખમાવીએ સા૦ જે ઉપની અપ્રીતિ તો, સજન કુટુંબ કરો ખામણાં સા૦, એ જિનશાસન રીતિ તો. ૫ ખમીએ ને ખમાવીએ સા૦ એહજ ધર્મનો સાર તો; શિવગતિ આરાધનતણો સા૦, એ ત્રીજો અધિકાર તો ૬. મૃષાવાદ હિંસા ચોરી સા૦ ધનમૂર્ચ્છા મૈથુન તો, ક્રોધ માન માયા તૃષ્ણા સા૦, પ્રેમ દ્વેષ પૈશુન તો ૭. નિંદા કલહ ન કીજીએ સા૦, કુડાં ન દીજે આળ તો; રતિ અરતિ મિથ્યા તજો સા૦, માયામોહ જંજાળ તો. ૮ ત્રિવિધ ત્રિવિધ વોસિરાવીએ સા૦ પાપસ્થાન અઢાર તો; શિવગતિ આરાધનતણો, સા૦, એ ચોથો અધિકાર તો ૯.

## ઢાળ ૫ મી

( હવે નિસુણો ઇહાં આવીયાએ—એ દેશી. )

જનમ જરા મરણે કરી એ, એ સંસાર અસાર તો; કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઇ ન રાખણહાર તો ૧. શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો, શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો ૨. અવર મોહ સવિ પરિહરી એ, ચાર શરણ ચિત્ત ધાર તો; શિવગતિ આરાધનતણો એ, એ પાંચમો અધિકાર તો ૩. આ ભવ પરભવ જે કર્યાં એ. પાપ કર્મ કેઇ લાખ તો; આત્મસાખે તે નિંદીએ એ, પડિકમીએ ગુરૂ સાખ તો. ૪. મિથ્યામતિ વર્તાવીયા એ, જે ભાખ્યા ઉત્સૂત્ર તો, કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો. ૫. ઘડયાં ઘડાવ્યાં જે ઘણાં એ, ઘંટી હળ હથિયાર તો; ભવ ભવ મેળી મૂકિયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬. પાપ કરીને પોષીયાં એ, જનમ જનમ પરિવાર તો, જનમાંતર પહોંત્યા પછીએ, કોઇએ ન કીધી સારતો ૭. આ ભવ પરભવ જે કર્યાં એ એમ અધિકરણ અનેક તો; ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ, આણી હૃદય વિવેક તો ૮. દુષ્કૃતનિંદા એમ કરી એ, પાપ કરો પરિહાર તો; શિવગતિ આરાધનતણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૯.

## ઢાળ ૬ ઠ્ઠી

( આદિ તું જોઈ લે આપણી—એ દેશી )

ધનધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ; દાન શિયળ તપ આદરી, ટાળ્યાં દુષ્કર્મ. ધન૦ ૧. શેત્રુંજાદિક તીર્થની, જે કીધી

જાત્ર; જુગતે જિનવર પૂજીયા, વળી પોખ્યાં પાત્ર ધન૦ ૨. પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિનઘર જિનચૈત્ય; સંઘ ચતુર્વિધ સાચવ્યા એ સાતે ખેત્ર. ધન ૩. પડિકકમણાં સુપરે કર્યાં અનુકંપા દાન; સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુમાન ધન૪. ધર્મકાજ અનુમોદીએ, એમ વારોવાર; શિવગતિ આરાધનતણો, સાતમો અધિકાર. ધન૦૫. ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ; સમતા ભાવે ભાવીએ એ આતમરામ. ધન૦ ૬ સુખ દુઃખ કારણ જીવને; કોઇ અવર ન હોય; કર્મ આપે જે આચર્યાં; ભોગવીએ સોય, ધન૦ ૭. સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યના કામ, છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮. ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર, શિવગતિ આરાધનતણો, આઠમો અધિકાર. ધન૦ ૯.

## ઢાળ ૭ મી

( રૈવતગિરિ ઉપરે-એ દેશી. )

હવે અવસર જાણી, કરીએ સંલેખણ સાર, અણસણ આદરીએ, પચખી ચારે આહાર, લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ, એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧. ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક, પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક, દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ; એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨. ધન ધના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર; અણસણ આરાધી, પામ્યા ભવનો પાર; શિવમંદિર જાશે, કરી એક અવતાર; આરાધનકેરો, એ નવમો અધિકાર. ૩. દશમે અધિકારે, મહામંત્ર નવકાર; મનથી નવિ મૂકો,

શિવસુખ ફળ સહકાર; એ જપતાં જાયે, દુર્મતિ દોષવિકાર; સુપરે એ સમરો, ચૌદ પૂરવનો સાર. ૪. જનમાંતર જાતાં, જો પામે નવકાર; તો પાતિક ગાળી, પામે સુરઅવતાર; એ નવપદ સરિખો, મંત્ર ન કોઇ સાર; ઇહ ભવ ને પરભવે, સુખસંપત્તિ દાતાર. ૫. જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય; રાણી રત્નવતી બેહુ, પામ્યા છે સુરભોગ; એક ભવ પછી લેશે, શિવવધૂ સંજોગ. ૬. શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તતકાળ; ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફૂલમાળ; શિવકુમરે જોગી, સોવનપુરુષો કીધ; એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭. એ દશ અધિકારે, વીર જિનેશર ભાખ્યો; આરાધનકેરો, વિધિ જેણે ચિત્તમાં રાખ્યો; તેણે પાપ પખાળી, ભવભય દૂરે નાંખ્યો; જિનવિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮.

## ઢાળ ૮ મી

( નમો ભવિ ભાવશું એ – એ દેશી .)

સિદ્ધારથ રાય કુળતિલો એ, ત્રિશલા માત મલ્હાર તો; અવનીતળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર. જયો જિન વીરજી એ. ૧ મેં અપરાધ કર્યા ઘણાએ, કહેતાં ન લહું પાર તો; તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર. જયો૦ ૨. આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો; આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ? જયો૦ ૩. કરમ અલુંજણ આકરાં એ, જનમ મરણ જંજાળ તો; હું છું એહથી ઉભગ્યો એ, છોડવ દેવ દયાળ. જયો૦ ૪. આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ

દંદોળતો; તુઠયો જિન ચોવીશમો એ, પગટયા પુન્ય કલ્લોલ જયો૦ ૫. ભવભવ વિનય તુમારડો એ, ભાવભક્તિ તુમ પાય તો; દેવ દયા કરી દીજીએ એ, બોધિબીજ સુપસાય. જયો૦ ૬

**કળશ**

ઇહ તરણતારણ સુગતિકારણ, દુઃખનિવારણ જગ જયો;
શ્રીવીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. ૧

શ્રીવિજયદેવસૂરીંદ પટધર, તીરથ જંગમ ઇણે જગે;
તપગચ્છપતિ શ્રીવિજયપ્રભસૂરિ, સૂરિતેજે ઝગમગે. ૨

શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરૂ સમો;
તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિન ચોવીશમો. ૩

સય સત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસ એ;
વિજયદશમી વિજયકારણ, કિયો ગુણ અભ્યાસ એ; ૪

નર ભવ આરાધન સિદ્ધિસાધન, સુકૃત લીલવિલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુન્યપ્રકાશ એ. ૫

ઈતિ પુન્યપ્રકાશનું સ્તવન.

## ॥ प्रमादपरिहारकुलकम् ॥

दुक्खे सुखे सया मोहे अमोहे जिणसासणं ।
तेसिं कयपणामोऽहं संबोहं अप्पणो करे ॥ १ ॥

दसहि चुल्लगाइहिं दिट्ठंतेहिं कयाइओ ।
संसरंता भवे सत्ता पावंति मणुयत्तणं ॥ २ ॥

नरत्ते आरियं खित्तं खित्तेवि विउलं कुलं ।
कुलेवि उत्तमा जाई जाईए रूवसंपया ॥ ३ ॥

रूवेवि हु अरोगत्तं अरोगे चिरजीवियं ।
हियाहियं चरित्ताणं जीविए खलु दुल्लहं ॥ ४ ॥

सद्धम्मसवणं तंमि सवणे धारणं तहा ।
धारणे सद्दहाणं च सद्दहाणे वि संजमे ॥ ५ ॥

एवं रे जीव दुल्लंभं वारसंगाण संपयं ।
संपयं पाविऊणेह पमाओ नेव जुज्जए ॥ ६ ॥

पमाओ अ जिणिंदेहिं अट्ठहा परिवज्जिओ ।
अन्नाणं संसओ चेव मिच्छानाणं तहेव य ॥ ७ ॥

रागद्दोसो मइब्भंसो धम्मंमि य अणायरो ।
जोगाणं दुप्पणिहाणं अट्ठहा वज्जियव्वओ ॥ ८ ॥

वरं महाविसं भुत्तं वरं अग्गीपवेसणं ।
वरं सत्तूहि संवासो वरं सप्पेहि कालियं ॥ ९ ॥

मा धम्मंमि पमाओ जं एगमच्चु य विसाइणा
पमाएणं अणंताणि जम्माणि मरणाणि य ॥ १० ॥

चउद्सपुव्वी आहारगा य मणनाणवीयरागावि ।
हुंति पमायपरवसा तयणंतरमेव चउगइया ॥ ११ ॥

सग्गापवग्गमग्गंमि लग्गं वि जिणसासणे ।
पडिया हा पमाएणं संसारे सेणियाइया ॥ १२ ॥

सोढाइं तिक्ख (व्व) दुक्खाई सारीरमाणसाणि य ।
रे जीव नरए घोरे पमाएणं अणंतसो ॥ १३ ॥

दुक्खाणणेगलक्खाइं छुहातन्हाइयाणि य ।
पत्ताणि तिरियत्तेवि पमाएणं अणंतसो ॥ १४ ॥

रोगसोगविओगाई रे जीव मणुयत्तणे ।
अणुभूयं महादुक्खं पमाएणं अणंतसो ॥ १५ ॥

कसायविसयाईया भयाईणि सुरत्तणे ।
पत्ते पत्ताइं दुक्खाइं पमाएणं अणंतसो ॥ १६ ॥

जं संसारे महादुक्खं जं मुक्खे सुक्खमक्खयं ।
पावंति पाणिणो तत्थ पमाया अप्पमायओ ॥ १७ ॥
पत्तेवि सुद्धसम्मत्ते सत्ता सुत्तनिवत्तया ।
उवउत्ता जं न मग्गंमि हा पमाओ दुरंतओ ॥ १८ ॥
नाणं पढंति पाढिंति नाणासत्थविसारया ।
मुल्लंति ते पुणो मग्गं हा पमाओ दुरंतओ ॥ १९ ॥
अन्नेसिं दिंति संबोहं निस्संदेहं दयालुया ।
सयं मोहहया तहवि पमाएणं अणंतसो ॥ २० ॥
पंचसयाण मज्झंमि खंदगायरिओ तहा ।
कहं विराहओ जाओ पमाएणं अणंतसो ॥ २१ ॥
तयावत्थं हओ खड्डु देवेण पडिबोहिओ ।
अज्जसाढमुणी कट्ठं पमाएणं अणंतसो ॥ २२ ॥
सूरिवि महुरामंगू सुत्तअत्थधरा थिरं ।
नगरनिद्धमणे जक्खो पमाएणं अणंतसो ॥ २३ ॥
जं हरिसविसाएहिं चित्तं चिंतिज्जए फुडं ।
महामुणीणं संसारे पमाएणं अणंतसो ॥ २४ ॥
अप्पायत्तं कयं संतं चित्तं चारित्तसंगयं ।
परायत्तं पुणो होइ पमाएणं अणंतसो ॥ २५ ॥

एयावत्थं तुमं जाओ सव्वसुत्तो गुणायरो ।
संपयंपि न उज्जुत्तो पमाएणं अणंतसो ॥ २६ ॥

हा हा तुमं कहं होसि पमायकुलमंदिरं ।
जीवे मुक्खे सयासुक्खे किं न उज्जमसी लहुं ॥ २७ ॥

पावं करेसि किच्छेण धम्मं सुखेहिं नो पुणो ।
पमाएणं अणंतेणं कहं होसि न याणिमो ॥ २८ ॥

जहा पयट्टंति अणज्जकज्जे, तहा विनिच्छं मणसावि नूणं ॥
तहा खणेगं जई धम्मकज्जे, ता दुक्खिओ होइ न कोइ लोए ।२९॥

जेणं सुलद्धेण दुहाई दूरं, वयंति आयंति सुहाई नूणं ॥
रे जीव एयंमि गुणालयंमि, जिणिंदधम्मंमि कहं पमाओ ॥३०॥

हाहा महापमायस्स सव्वमेयं वियंभियं ।
न सुणंति न पिच्छंति कन्नदिट्ठीजुयावि जं ॥ ३१ ॥

सेणावई मोहनिवस्स एसो । सुहाणुहं विग्धकरो दुरप्पा ॥
महारिऊ सव्वजियाण एसो । अहो हु कट्ठंति महापमाओ ॥३२॥

एवं वियाणिऊणं मुंच पमायं सयावि रे जीव ।
पाविहिसि जेण सम्मं जिणपयसेवाफलं रम्मं ॥ ३३ ॥

इति प्रमादपरिहारकुलक संपूर्ण.

# પ્રમાદપરિહારકુલક

## ભાષાંતર

દુઃખમાં ને સુખમાં, મોહમાં ને અમોહમાં જેણે જિનશાસનને સ્વીકાર્યું છે તેમને કર્યો છે પ્રણામ જેણે એવો હું સંબોધને (સમ્યક્ પ્રકારના બોધને) પોતાનો કરું છું (સ્વીકારૂં છું) ૧.

સંસારમાં પરિભ્રમણ કરતાં જીવો દશ દ્રષ્ટાંતવડે દુર્લભ મનુષ્યપણાને કદાચિત (ભાગ્યયોગે) પામે છે. ૨.

મનુષ્યપણું પામે છતે પણ આર્યક્ષેત્ર પામવું દુર્લભ છે, આર્ય-ક્ષેત્ર પામે છતે પણ વિપુલ-વિસ્તીર્ણ-શ્રેષ્ઠ કુળ પામવું દુર્લભ છે, ઉત્તમ કુળ પામે છતે પણ ઉત્તમ જાતિ પામવી દુર્લભ છે, ઉત્તમ જાતિ પામે છતે પણ રૂપસંપત્તિ-પાંચ ઈંદ્રિય પૂરી પામવી દુર્લભ છે, રૂપસંપત્તિ પામે છતે આરોગ્યની પ્રાપ્તિ દુર્લભ છે, આરોગ્ય પ્રાપ્ત થયા છતાં ચીરજીવિત-દીર્ઘ આયુ પામવું દુર્લભ છે. દીર્ઘ જીવિત પામે છતે પણ ચારિત્રથી થતા હિતાહિતને જાણવું દુર્લભ છે. ૩-૪.

તે સઘળું પ્રાપ્ત થયે છતે પણ ધર્મનું શ્રવણ-સાંભળવું દુર્લભ છે, ધર્મશ્રવણ કર્યા છતાં તેને ધારી રાખવું દુર્લભ છે અને ધારી રાખ્યા છતાં તેનું સદ્દહવું દુર્લભ છે. સદ્દહણા (શ્રદ્ધા) પ્રાપ્ત થયા છતાં પણ સંયમની પ્રાપ્તિ દુર્લભ છે. ૫.

એ પ્રમાણે રે જીવ! ઉપર જણાવેલા મનુષ્યજન્માદિ બાર અંગની (પ્રકારની) સંપદા પામવી દુર્લભ છે. તે પામ્યા છતાં પ્રમાદ કરવો તે યોગ્ય નથી. ૬.

જિનેશ્વરે આઠ પ્રકારનો પ્રમાદ વર્જવાનો કહ્યો છે. તે આઠ પ્રકાર આ પ્રમાણે-૧ અજ્ઞાન, ૨ સંશય ૩ મિથ્યાજ્ઞાન, ૪ રાગ ૫ દ્વેષ, ૬ મતિભ્રંશ, ૭ ધર્મમાં અનાદર અને ૮ યોગનું દુષ્પ્રણિધાન. આ આઠે પ્રકાર વર્જવા. ૭-૮.

મહાવિષ ખાવું સારૂં, અગ્નિમાં પ્રવેશ કરવો સારો, શત્રુની સંગાતે વસવું સારૂં અને સર્પદંશથી કાળધર્મ પામવો સારો, પરંતુ ધર્મમાં પ્રમાદ કરવો સારો નહીં; કારણ કે વિષાદિના પ્રયોગથી તો એક વાર મૃત્યુ પ્રાપ્ત થાય છે, પરંતુ પ્રમાદવડે તો અનંતા જન્મમરણ કરવા પડે છે ૯-૧૦

ચૌદ પૂર્વી, આહારક શરીરની લબ્ધિવાળા, મનઃપર્યવજ્ઞાની અને વીતરાગ (અગ્યારમે ગુણસ્થાને પહોંચેલા) તે પણ પ્રમાદના પરવશપણાથી તદનંતર ચારે ગતિમાં ગમન કરે છે. ૧૧

જૈનશાસનમાં સ્વર્ગાપવર્ગના માર્ગે લાગેલા છતાં પ્રમાદવડે શ્રેણિકાદિક સંસારમાં પ્રતિપાત પામેલા છે તે ખેદની વાત છે. ૧૨

રે જીવ! તેં શારીરિક ને માનસિક તીક્ષ્ણ દુઃખો પ્રમાદવડે અનંતી વાર ઘોર નરકમાં સહ્યાં છે. ૧૩.

તેં તિર્યંચપણામાં પણ ક્ષુધા-તૃષાદિ અનેક લક્ષ દુઃખો અનંતી વાર પ્રમાદવડે પ્રાપ્ત કર્યાં છે. ૧૪.

અરે જીવ! મનુષ્યપણામાં પણ રોગ-શોક-વિયોગાદિ મહા દુઃખો પ્રમાદવડે અનંતી વાર તેં અનુભવ્યાં છે. ૧૫.

દેવપણામાં પણ કષાયથી, વિષયથી અને ભયાદિક પ્રાપ્ત થયે છતે પ્રમાદવડે તું અનંતીવાર દુઃખોને પામ્યો છે. ૧૬.

સંસારમાં જે મહાદુઃખ અને મોક્ષમાં જે અક્ષય સુખ પ્રાણી પામે છે તે પ્રમાદથી ને અપ્રમાદથી જ પામે છે. અર્થાત પ્રમાદથી દુઃખ પામે છે અને અપ્રમાદથી સુખ પામે છે. ૧૭.

શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા છતાં શ્રુતના નિર્વર્તક-પ્રવર્તક એવા જીવો પણ જે માર્ગમાં ઉપયુક્ત રહેતા નથી તે હા ઇતિ ખેદે! દુરંત એવા પ્રમાદનું જ ફળ છે. (તેથી તેવા દુરંત પ્રમાદને ધિક્કાર હો!) ૧૮.

નાના પ્રકારના શાસ્ત્રના વિશારદ પંડિતો અન્યને ભણાવે છે ને પોતે ભણે છે, છતાં તે પણ માર્ગને ભૂલી જાય છે તે દુરંત એવા પ્રમાદનું જ ફળ છે. ૧૯

દયાળુ એવા મનુષ્યો અન્યને નિઃસંદેહ એવા સંબોધને (ઉપદેશને) આપે છે, છતાં પોતે અનંતી વાર પ્રમાદવડે હણાય છે. (તેથી તેવા પ્રમાદને ધિક્કાર હો!) ૨૦

પાંચશે શિષ્યોમાં (તે સઘળા આરાધક થયા છતાં) ખંધક આચાર્ય કેમ વિરાધક થયા? (તેનું કારણ ક્રોધરૂપ પ્રમાદજ છે) એવી રીતે પ્રમાદવડે જીવ અનંતી વાર વિરાધક થયેલ છે. ૨૧

તેવી અવસ્થાવાળા-પૃથ્વીકાઈયા વિગેરે નામવાળા ક્ષુલ્લકોને (બાળકોને) હણનારા અષાઢામુનિ આર્યને દેવે પ્રતિબોધ

પમાડયો. હા ઈતિ ખેદે ! કષ્ટકારી હકીકત છે કે પ્રમાદવડે આ જીવ અનંતી વાર હણાયો છે. ૨૨.

મથુરાવાસી મંગુ નામના આચાર્ય સૂત્ર અર્થને ધારણ કરનારા અને સ્થિર ચિત્તવાળા છતાં નગરની ખાળમાં યક્ષ થયા. પ્રમાદવડે કરીને આમ અનંતી વાર બને છે. ૨૩.

હર્ષ અને વિષાદવડે મુનિઓ જે સ્ફુટપણે વિચિત્ર ચિંતવન કરે છે તે તેમને સંસારમાં ભમાડે છે. આ પ્રમાણે પ્રમાદ અનંતી વાર કરે છે. ૨૪.

ચિત્તને ચારિત્રસંગત બનાવી આત્માયત્ત (આત્માધીન) કર્યા છતાં તે પાછું પરાયત્ત (પરાધીન) થાય છે તે પ્રમાદનુંજ ફળ છે. આ પ્રમાણે પ્રમાદે અનંતી વાર કરેલ છે. ૨૫

એવી અવસ્થાવાળો તું સર્વસૂત્રનો પારગામી અને ગુણાકાર (ગુણવાન) થયા છતાં સાંપ્રતકાળમાં–અત્યારે તું તેમાં (સંયમમાં ઉદ્યુક્ત થતો નથી તે પ્રમાદનુંજ ફળ છે. પ્રમાદે તેવું અનંતી વાર કર્યું છે. ૨૬

હા હા ઈતિ ખેદે ! પ્રમાદના કુળમંદિર (સ્થાન) એવા તારું શું થશે ? તું સદા સુખવાળા મોક્ષમાં કેમ શીઘ્ર–ઉદ્યમવાળો થતો નથી ? ૨૭.

તું કષ્ટ સહીને પણ પાપ કરે છે. અને સુખીપણામાં પણ ધર્મ કરતો નથી, તેથી અનંતા પ્રમાદવડે કરીને હે જીવ ! તારું શું થશે તે હું જાણતો નથી (કહી શકતો નથી.) ૨૮

જેવી રીતે જીવો (અનાર્ય) પાપકાર્યમાં પ્રવૃત્તિ કરે છે તેવી રીતે નિશ્ચે મનવડે પણ શુભ કાર્યમાં પ્રવૃત્તિ કરતા નથી. તે એક ક્ષણ માત્ર પણ જો ધર્મકાર્યમાં તેવી પ્રવૃત્તિ કરે તો આલોકમાં કોઈ પણ જીવ દુઃખી ન થાય ૨૯.

જે પ્રાપ્ત થયે છતે દુઃખો દૂર જાય છે અને સુખો નજીક આવે છે, રે જીવ ! એવા ગુણાલય (ગુણના સ્થાનરૂપ) જિનેંદ્ર-ધર્મને વિષે શા માટે પ્રમાદ કરે છે ? ૩૦

હા હા ઈતિ ખેદે ! મહાપ્રમાદનું આ સર્વ વિજૃંભિત છે કે જેથી કાનને નેત્ર છતાં પણ આ જીવ સાંભળતો નથી અને જોતો પણ નથી. ૩૧

એ મહાપ્રમાદ મોહરાજાનો સેનાની છે, સુખીજનોને ધર્મમાં વિઘ્ન કરનારો દુરાત્મા છે. સર્વ જીવોનો એ મહા મોટો રિપુ (શત્રુ) છે. અહો, એ મહાકષ્ટકારી હકીકત છે. ૩૨.

આ પ્રમાણે જાણીને રે જીવ ! તું નિરંતરને માટે પ્રમાદને તજી દે-મૂકી દે કે જેથી સમ્યગ્ જિનચરણની સેવાનું રમ્ય એવું ફળ પામે (પ્રાપ્ત કરે) ૩૩.

ઈતિ પ્રમાદપરિહારકુલક સાર્થ

સંપૂર્ણ.

( શ્રી ઉત્તરાધ્યયનના દશમા અધ્યયન ઉપરથી )

## પ્રમાદ ન કરવા વિષે સજ્ઝાય

સમવસરણ સિંહાસને જી, વીરજી કરે રે વખાણ;
દશમે ઉત્તરાધ્યયનમેં જી, દીયે ઉપદેશ સુજાણ.
સમયમે* ગોયમ ! મ કર પ્રમાદ. ૧
વીર જિણેશર શિખવે જી, પરિહર મદ વિખવાદ. સ૦
એ આંકણી

જિમ તરુ પંડુર× પાંદડો જી, પડતાં ન લાગે વાર;
તિમ એ માણુસ જીવડો જી, થિર ન રહે સંસાર. સ૦ ૨
ડાભ અણી જળ ઓસનો+ જી, ખિણ એક રહે જળબિંદ;
તિમ એ ચંચળ જીવડો જી, ન રહે ઇંદ નરીંદ. સ૦ ૩
સૂક્ષ્મ નિગોદ ભમી કરી જી, રાશિ ચડયો વ્યવહાર;
લાખ ચોરાશી જીવાયોનિમાં જી, લાધો નરભવ સાર. સ૦ ૪
શરીર જરાએ જાજરો જી, શિર પર પળિયાં। રે કેશ;
ઈંદ્રિય–બળ હીણાં પડ્યાં જી, પગ પગ પેખે કલેશ. સ૦ ૫
ભવસાયર તરવા ભણી જી, ચારિત્ર પ્રવહણ÷ પૂર;
તપ જપ સંજમ આકરાં જી, મોક્ષ નગર છે દૂર. સ૦ ૬
ઈમ નિસુણી પ્રભુ દેશના જી, ગણધર થયા સાવધાન;
પાપ પડળ પાછાં પડયાં જી, પામ્યા કેવળજ્ઞાન. સ૦ ૭
ગૌતમના ગુણ ગાવતાં જી, ઘર સંપત્તિની કોડ;
વાચક **શ્રીકરણ** ઈમ વદે જી, પ્રણમું બે કર જોડ. સ૦ ૮

---

* સમયમાત્ર × પીળું થઇ ગયેલું. + ઝાકળનો । ધોળા ÷ વહાણ.

# ભાગ ત્રીજો.

## વ્રતોને ધારણ કરવા

પન્નવણાસૂત્રમાં શ્યામાચાર્ય મહારાજે તીર્થંકર મહારાજની વાણીનો પ્રકાશ કરતાં જણાવ્યું છે જે આ જીવે ઔદારિક શરીર અનંતાં કર્યાં પરંતુ સમ્યક્ દર્શન પૂર્વક વ્રત ઉચ્ચારણ વિના કાર્યની સિદ્ધિ થઈ નહિ. ખાલી આ શરીરથી દુનીયાની મજુરીમાંજ કાળ ગુમાવ્યો જેથી હવે આ અવસરે બુદ્ધિપૂર્વક મુનિરાજનાં પાંચ મહાવ્રતને ગ્રહણ કરવાની તીવ્ર ભાવના રાખવી. અથવા શ્રાવકપણાનાં સમ્યકત્વ પૂર્વક બાર વ્રતો ગ્રહણ કરવાં. પ્રથમ ગ્રહણ કર્યાં હોય તો તેને સંભારવાં વીતરાગના શાસનમાં વિરતિ એ મુખ્ય ધર્મ છે જેટલા જેટલા અંશે એ ધર્મને ભાવ પૂર્વક ગ્રહણ કરાય તેટલા તેટલા અંશે જીવ પાપ કર્મથી રહિત થાય છે. અનંત કાળનાં પાપોને ભસ્મ કરી આત્મોન્નતિના શીખર ઉપર આત્મા ચઢે છે.

સાધુઓએ આ સમયે પાંચ મહાવ્રતો ફરીથી ઉચ્ચારવાં ગુર્વાદીક અગર સુવિહિત મુનિવરોનો સંયોગ મેળવી તેમની પાસે ઉચ્ચરવાં કારણ જે આ કાળનુ સંજમ સાતિચારી હોવાથી જીવનમાં પાળેલ મહાવ્રતોમાં કેટલાયે અતિચાર લાગેલા હોય જેથી છેવટની ઘડીયે પણ નિરતિચાર ચારિત્રની ભાવના આવે તે સમયે થોડો સમય પણ શુદ્ધ ચારિત્ર પળાઈ જાયતો મહા કલ્યાણકારી થઈ જાય એ કારણથી મહાવ્રતો ફરીથી ઉચ્ચરાવાય છે. શૂરવીર થયેલ આત્માને જરાપણ કઠીન નથી.

જેથી આત્મા તે વખત ઘણી આરાધના કરી આત્મકલ્યાણ કરી જાય છે ભવનો ફેરો સફળ થાય છે. થોડાજ ભવમાં મુક્તિ મેળવી શકે છે. હવે શ્રાવકના માટે એ વિધિ છે કે આખી જીંદગી ચારિત્ર લેવાની ભાવના હોવા છતાં મોહદશાથી અથવા અશક્તિ આદિ અનેક કારણોથી લઇ શકાયું ન હોય તો અંત સમયે ચારિત્રની શુદ્ધ ભાવનાપૂર્વક સાગારિક એટલે અમુક ટાઇમ (અણુસણ કરે) હિતચિંતક આરાધના કરાવનારે ગ્લાનના સંયોગો જોઈ તેના હૃદયમાં વ્રતો તથા નિયમોનો મહિમા બરાબર ઉતારીને તેને વ્રતો પ્રત્યે ખૂબ પ્રેમ ઉત્પન્ન કરે અને તેજ વખત વ્રતોના પરિણામ આવે–ટકે–વધે અને અંતસુધી અન્ય વિચાર ન આવે એ માટે પૂર્વના અને હાલના અનેક વ્રતધારી આત્માઓના જીવન સંબંધી ત્યાગ સંબંધી વાતો કરવી જેથી ઉચ્ચ આલંબનો લઇને તે આત્મા ઘણી નિર્જરા કરી શકે છે. કદાચ વધુ ન બની શકે તો અમુક મુદતને માટે આરંભાદિક ત્યાગ બ્રહ્મચર્ય પાલન રાત્રી ભોજન અભક્ષ ત્યાગ આદિ અનેક નાના મોટા વ્રતો લેવરાવવા જેથી આરાધના કરનારને મહાન્ લાભ પ્રાપ્ત થાય.

## સર્વ જીવોને ખમાવવા.

સંસારમાં રહેલા તમામ જીવોને હું ખમાવુ છું ચારે ગતિ ચોવીસ દંડક તથા ચોવીસ લાખ જીવાયોનીમાં ભટકતા જન્મ મરણ કરતાં મારા જીવે કેટલાયને ઉપદ્રવ કર્યા હશે, રંજાડયા હશે પીડા આપવામાં બાકી રાખી નહી હોય તિર્યંચ ગતિમાં બલધ વિગેરે બનીને નબળાને હેરાન કરવામાં પોતાના સર્વ

બળનો ઉપયોગ કર્યો હશે તે સર્વ જીવોને હું મન, વચન, કાયાથી ખમાવું છું, સર્વ જીવો મને પણ ક્ષમાપના આપો મારો કોઈ શત્રુ નથી સર્વે મારા મિત્રો છે, દુનિયાદારીના વ્યાપાર સંબંધી, વ્યવહાર સંબંધી, જ્ઞાતિ સંબંધી, કુટુંબ સંબંધી કામકાજ કરતાં મારી ઉદ્ધતાઈના કારણે મેં કોઈને શત્રુ બનાવ્યા હોય તે બધાને હું મારા મિત્ર માનું છું. સરળ ભાવે સહુની સાથેના વૈર વિરોધને ખમાવું છું, સર્વ જીવોનું કલ્યાણ થાઓ, સર્વે દુઃખથી મુક્ત થઈ સુખી બનો સાચા સુખના માર્ગને પામો, કારમા સંસાર પ્રત્યે ઔદાસીન્ય વૃત્તિ વાળા થાઓ, અત્યંત ધર્મરસીક બનીને સંપૂર્ણ સુખી બનો ચૌદ રાજલોકમાં કોઈ જીવ દુઃખી ન રહો, જે જીવો પોતાની બુદ્ધિના ફેરફારથી મારા પ્રત્યેનો રોષ રાખતા હોય તેમના પ્રત્યે હું તો ઉપશમ ભાવનેજ રાખું છું, ટુંક જીવનમાં વૈર બાંધીને ભવાંતરમાં વૈર પરંપરા વધારવી એ કોઈપણ જીવને માટે હિતકારી નથી તો પછી પરમાત્માનું શાસન પામનારને તો અંતરમાં કાંટો રાખવો શોભે નહી, પગલે પગલે નમ્રતા વડે મારા આત્માને મન વચન કાયાયે કરી ઉજ્વળ બનાવું છું.

## પાપસ્થાનકોને વોસરાવવા

પ્રાણાતિપાતથી લઈ અઢારમું મિથ્યાત્વશલ્ય એ અઢારે અરિહંતના શાસનમાં પાપસ્થાનકોને કહેવામાં આવે છે એ અઢારે પાપસ્થાનકોને આ ભવમાં કે પરભવમાં પુદ્‌ગલનાવશે મેં આચર્યાં હોય તેને વોસરાવું છું. મોક્ષ-માર્ગને અટકાવનાર નરક તિર્યંચાદિ દુર્ગતિનાં કારણો એ

પાપ કાર્યોને કર્યાં હોય, કરાવ્યાં હોય, કરનારને પ્રેરણા કરી હોય, કરનારે સારા માન્યા હોય તે તમામને નિર્મળ મનથી વોસરાવું છું આવાં દુર્ગતિનાં કારણભૂત પાપસ્થાનકોના ફંદમાં હવે ન ફસાઉં એવી મારી હંમેશને માટે માગણી છે પૂર્વે કરાયેલ તે મહાદોષોને ત્રિવિધે ત્રિવિધે નિંદુ છું વોસરાવું છું.

## ચાર શરણાં અંગી કરવાં

આરાધના કરનારે અરિહંત, સિદ્ધ, સાધુ, કેવળી પ્રરૂપિત ધર્મ આચારનું શરણુ અંગીકાર કરવું આ જગતમાં ભ્રમણ કરતા જીવોને કોઈપિણ શરણ છેજ નહી. કોઇ દુઃખથી છોડાવનાર નથી સાચું શરણ જો હોય તો આ ચારનુંજ છે એમ ધારી ચારે શરણને હૃદયમાં સ્થાપિત કરવાં.

## દુષ્કૃત્યોની નિંદા

સંસારમાં અનેક ગતિયોમાં ભટકતા મારા જીવે આ ભવમાં કે પરભવમાં મિથ્યાત્વમાં મસ્ત બનીને કુદેવ, કુગુરૂ કુધર્મને માન્યા પૂજ્યા હોય મિથ્યા માર્ગનો પ્રચાર જાણતાં અજાણતાં કર્યો હોય, બીજાઓના પાપ કાર્યોના કામોમાં નિમિત્ત બન્યો હોઉં તે મારાં પાપોની આત્મ સાક્ષીએ નિંદા કરૂં છું.

## સુકૃત્યોની અનુમોદના કરવી

શ્રી જિનમંદિર, જિનપ્રતિમા, જિનાગમ સાધુ સાધ્વી શ્રાવક-શ્રાવિકા આ સાતે ક્ષેત્રમાં જે કાંઇ સુકૃત્ય કર્યું હોય

તે સુકૃતને અનુમોદુ છું.

સંસાર સાગર તરવામાં ઉત્તમ પ્રવહણ સમાન સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્રને રૂડીરીતે પાળ્યાં હોય. અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સાધુ સાધાર્મિક અને પ્રવચનનું બહુમાન કર્યું હોય પ્રતિક્રમણ સામાયક, જીનપૂજા ઉપધાન ઉજમણાં પર્યુષણ અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં કહેલ ૧૧ કાર્યો વીગેરે કર્યા હોય બીજાઓને તન મન ધન વીગેરેથી સહાય આપી હોય વીગેરે વીગેરે શુભ કાર્યોને અનુમોદું છું.

## શુભ ભાવના ભાવવી

આ જીવને પોતાનાં કરેલાં પુણ્ય પાપ સુખ દુઃખનાં કારણો છે બીજો કોઈ સુખી કે દુઃખી કરી શકતો નથી. આપણા પુણ્ય પાપના ઉદય સમયે સુખ તથા દુઃખ આવે તેમાં બીજો નિમિત્ત માત્ર બને છે. શરીરમાં ઘણીજ વેદના ઉત્પન્ન થઈ હોય ત્યારે નજીકનાં સગાંવ્હાલાં પણ કંઈ કરી શકતાં નથી. કારણ જે સ્નેહીયોની શક્તિ કર્મસત્તા આગળ ચાલી શકતી નથી જે રીતે જેવાં કર્મો બાંધ્યાં હોય તેવાં ભોગવ્યા વિના છુટકો થતો નથી. હું એકલો આવ્યો છું. એકલો જવાનો છું આત્મા અને આત્માના ગુણો સિવાય મારૂ કાંઈ નથી જગતના મોહક દેખાતા સર્વે પદાર્થો નાશવંત છે. ચાર પ્રકારના ધર્મ વિના જીવનું સાચું શરણ કોઇ નથી. તે વિષય ઉપર ઉતરાધ્યયન સૂત્રમાં બતાવેલ વીશમા અધ્યયનમાં અનાથિ મુનિનુ દ્રષ્ટાંત ખુબ મનન કરવા લાયક છે તેમને ભયંકર રોગથી કોઈ બચાવી શક્યું નથી. સંયમ ધર્મની ભાવના

એ પણ તેમના રોગનો નાશ કર્યો છે ઇત્યાદીક ધ્યાનમાં લેવાનું છે. માટે ચાર શરણ શિવાય આળ પંપાળ કાઢી નાખવો. સંસારરૂપી નાટકશાળામાં જીવ નાટકીયો અનેક પ્રકારના જુદી જુદી ગતિમાં નાટક નાચી રહ્યો છે આ શરિર અપવિત્ર પદાર્થોથી બનેલુ પોતે અપવિત્ર અને પોતાના સહવાસમાં આવતા પવિત્ર પદાર્થોને અપવિત્ર કરનારૂં છે મિથ્યાત્વદિ કર્મબંધનના હેતુથી જીવને કર્મ આવે છે સમકિત વૈરાગ્ય વિરતિ આદિથી કર્મો આવતાં રોકાય છે બાર પ્રકારના તપથી કર્મો ખપી જાય છે ધર્મ સર્વત્ર સૌથી વધુ રક્ષણ કરનાર છે ચારે ગતિમાં ધર્મનાં સાધનો મળવાં બહુ દુર્લભ છે બાંધી મુઠીયે આવ્યો છું અને જો ધાર્મિક કાર્યો કાંઈ નહિ કરૂં તો ખુલ્લી મુઠીયે જવાનો છું માટે વીચાર કરીને છેવટ સમયે પણ કાંઈ કરી લે.

આ ભવમાં મારે કહેવાની વસ્તુઓ તમામ અહીં રહી જવાની છે બીજા ભવમાં નવો સંબંધ બાંધવાનો અને વળી તોડવાનો છે આ પ્રમાણે સંબંધ જોડવો અને તોડવો એવું દરેક ભવોમાં કરતો આવ્યો છું હું ગયો ત્યારે તમામે રૂદન કર્યાં છે એમનાથી છુટા પડતી વખતે મેં પણ રૂદન કરવામાં બાકી રાખી નથી એ તમામ આંસુ પાસે, સમુદ્રનાં પાણી ઓછાં પડે છતાં કાંઈ વળ્યું નથી આ શરીર તથા બીજી કોઈ વસ્તુ મારી નથી મારૂં હોય તે મારી પાસે કાયમ રહે છે પરની લાલસાએ મેં મારૂં બહુ બગાડયું છે અનેકવાર નરક નિગોદાદિની મુસાફરીમાં પારાવાર કષ્ટો મારે અનુભવવાં પડ્યાં છે એ તમામ દુઃખોની આગળ વર્તમાનનાં દુઃખો કાંઇ ગણતરીમાં નથી

વર્તમાનમાં આવેલા રોગો મારા કર્મના કારણે છે. એ રોગોને મારે સમ ભાવે સહન કરવાજ જોઈયે કલ્પાંત કરવાથી કોઈ મટાડી શકતું નથી માટે સમભાવે સહન કરવાથી શાંતિ મળે છે અને ભવિષ્યમાં પણ વિશેષ પીડાઓ આવતી અટકી જવા સંભવ છે કારણ જે સમતા વિના સુખ નથી સમતા વિના દાન શીયલ તપ વીગેરે ધર્મનાં અનુષ્ઠાનો પણ વાસ્તવિક રીતે ફળી શકતા નથી એકજ સમતા મારી પાસે રહી જાય તો પછી કોઈ પ્રકારની ચિંતા નથી દેહની ક્ષણભંગુરતા વિનાશ શીલતા સંભારીને આત્માના ગુણો જ્ઞાનદર્શનચારિત્રનું ધ્યાન કરવું વિવેક દ્રષ્ટિની જાગૃતિ રાખવી જીવનના અંત સુધી મારા હૃદયમાં સમતારૂપી સુખનો નિવાસ રહો એજ ભાવના રાખવી.

## નવકાર મંત્રનું સ્મરણ કરવું.

જે નવકાર મંત્ર જૈન શાસનનો સાર છે અંત સમયે પણ જેને પામીને તરી જવાય છે જીવનમાં અનેક પાપો આચરવા છતાં છેવટે જેના સ્મરણ માત્રથી જીવો દેવ ગતિને પામે છે તે શ્રી નવકાર મંત્ર અચિંત્ય મહિમાથી ભરેલો છે. જુવો શાસ્ત્રકારનું વચન—

**स्मृतेन येन पापोऽपि जन्तुस्याद् नियतं सुरः ।**
**परमेष्ठिनमस्कारं स्मर तद्‌निजमानसे ॥**

દેવપણું, રાજય સુંદર સ્ત્રીઓ રત્નના ઢગલા સોનાના ડુંગરો વીગેરે મળવું સહેલું છે પરંતુ નવકાર મંત્ર મલી જવો અને તેના પ્રત્યે અંતરંગ પ્રેમ જાગવો તે તમામ

કરતાં ઘણોજ દુર્લભ છે, હંમેશાં સુતાં બેસતાં હરતાં ફરતાં દરેક કામકાજ વખતે નવકાર મંત્રનું સ્મરણ કરવાનું છે. (ગમે તેવી અપવિત્ર જગ્યામાં પણ મનમાં તેનું સ્મરણ કરી શકાય છે.) આશાતનાની સંભાવના તો જીભથી જ્યાં ત્યાં બોલાય ત્યારે સમજવાની છે તેમાં પણ તેવા આકસ્મિક પ્રસંગોમાં તો અપવિત્રતાનો ભય રાખ્યા વિના તે મહામંત્રનું ઉચ્ચારણ પુર્વક શ્રવણ કરવું કરાવવું જોઈએ)

ચૌદ પૂર્વધર પણ અંત સમયે તે મહામંત્રનું સ્મરણ કરે છે તેના પ્રભાવથી સમુદ્ર સમાન સંસાર સારી રીતે તરી શકાય છે અને મોક્ષના અવીચળ સુખો જલ્દી પ્રાપ્ત થાય છે તે મહામંત્રનું અખંડ સ્મરણ મારા હૃદયમાં સ્થાન કરો (આ સમયે પાસે બેઠેલા હિતચિંતકોયે દરદીનું મન બીજે જતું અટકાવીને નવકાર મંત્રનું વિશેષ લક્ષ કરાવવું અને અનેક પ્રકારની વિકથાની વાતો થવા દેવી નહી જેથી પરમાત્માનું ધ્યાન શાંતિપૂર્વક થઈ શકે તે ખાસ લક્ષમાં રાખવું) એજ.

## પ્રમાદનું ત્યાજ્યપણું.

पुरापि पापैः पतितोऽसि दुःखराशौ पुनर्मूढ ! करोषि तानि।
मज्जन्महापंकिलवारिपुरे, शिलां निजे मूर्ध्नि गले च धत्से ॥

"હે મૂઢ ! પૂર્વે પણ પાપવડે તું દુઃખના ઢગમાં પડયો
"છે અને વળી હજુ પણ તેજ કરે છે. મહાકાદવવાળા પાણીના
"પૂરમાં પડતાં પડતાં ખરેખર તું તો તારે ગળે અને મસ્તકે
"મોટો પથ્થર ધારણ કરે છે !" ઉપજાતિ.

**ભાવ**-પાપથી સંસારમાં ડુબે છે અને વળી તેજ કરે છે. ડુબતો માણુસ સાથે ઘંટીનું પડ અથવા મોટો પથરો ગળે બાંધે તો તે વિશેષ ડુબી જાય છે અને તેનું મડદું પણ હાથ આવતું નથી, કારણ કે તે ભાર વધારે હોવાથી ઊંચો આવતોજ નથી. પાપી ડુબતાં ડુબતાં પણ એવાં પાપો કરે છે કે જેથી તે વિશેષ વિશેષ ડુબતોજ જાય છે. અર્થ સ્પષ્ટ છે.

## સુખપ્રાપ્તિ અને દુઃખનાશનો ઉપાય.

**पुनःपुनर्जीव तवोपदिश्यते, विभेषि दुःखात्सुखमीहसे चेत् ।**
**कुरुष्व तत्किंचन येन वांछितं, भवेत्तवास्तेऽवसरोयमेव यत् ॥**

"હે ભાઇ! અમે તો તને વારંવાર કહીએ છીએ કે જો
"તું દુઃખથી બીતો હોય અને સુખની ઇચ્છા રાખતો હોય તો
"તું કાંઇક એવું કર કે જેથી વાંછિત થઇ જાય, કારણ કે આ
"તને પ્રાપ્ત થયેલો અવસર છે (આ તારો વખત છે")

વંશસ્થ.

**ભાવાર્થ**-જ્ઞાની ગુરૂ મહારાજ દયાના ભંડાર હોય છે. તેઓને આ જીવની દુઃખી સ્થિતિ જોઇ અત્યંત દયા આવી જાય છે, તેથી તેને બધા ઉપદેશનો સાર કહે છે કે હે ભાઇ! તું અત્યારે પંચેન્દ્રિયપણું, આર્યક્ષેત્ર, મનુષ્યભવ, ધર્મ સાધવા માટે સર્વ ઇંદ્રિયોની અનુકુળતા, જૈનધર્મ, સત્ય તત્ત્વોપદેશક ગુરૂ મહારાજનો યોગ અને એવી એવી બીજી અનેક જોગવાઇ પામ્યો છે માટે અમે તને ટુંકામાં કહીએ છીએ. જે આખા શાસ્ત્રમાં કહ્યું છે તેનો સાર તને અર્ધા શ્લોકમાં કહીએ છીએ

કે તું કાંઈક કર કે જેથી તારૂં વાંછિત સફળ થાય. આ વખત તો એવું **અભિનવ** તપ, સંયમ, ધૃતિ, વ્યવહારશુદ્ધિ, વિરતિ વિગેરે કર કે તારે બધી ભવની પીડા મટી જાય. અત્યારનો વખત એ તારા હાથમા સોના જેવી તક છે. **આવો અવસર ફરી ફરીને આવવાનો નથી** અને પછી ગરથ ગયા પછી જ્ઞાન અને વય વહી ગયા પછી તો વૈરાગ્ય વ્યર્થ છે.

## સુખપ્રાપ્તિનો ઉપાય-ધર્મસર્વસ્વ.

**धनांगसौख्यस्वजनानसूनपि, त्यज त्यजैकं न च धर्ममार्हतम् ।**
**भवन्ति धर्माद्धि भवे भवेऽर्थितान्यमून्यमीभिः पुनरेष दुर्लभः ॥**

"પૈસો, શરીર, સુખ, સગાસંબંધીઓ અને છેવટ પ્રાણ
"પણ તજી દે, પણ એક વીતરાગ અર્હંત પરમાત્માએ
"બતાવેલો ધર્મ તજીશ નહીં; ધર્મથી ભવોભવમાં આ પદાર્થો,
"(પૈસો, સુખ વિગેરે) મળશે, પણ એથી ( પૈસા વિગેરેથી )
"તે (ધર્મ) મળવો દુર્લભ છે." વંશસ્થ

**ભાવાર્થ**-ગત શ્લોકમાં કહ્યું કે તારે અત્યારે ધર્મ કરવાનો સમય છે, તે હકીકત અત્ર વિશેષ સ્ફુટ કરે છે. ધર્મને માટે સર્વ તજી દેવું એ યોગ્ય છે, પણ કોઈપણ વસ્તુ માટે-ગમે તેવા લાભ માટે ધર્મનો ત્યાગ કરવો એ યોગ્ય નથી. માણસ પાંચ દશ રૂપિયા માટે ધર્મનો ત્યાગ કરે છે, જુઠું બોલે છે અને કેટલાક જીવો તો એક દમડી માટે સો સોગન ખાય છે. ઇંદ્રિયોને તૃપ્ત કરવા અભક્ષ્ય ભક્ષણ કરે છે, અકાળે ભોજન કરે છે, અપેયનું પાન કરે છે અને ગમે તેમ બોલે છે.

આ સર્વ થાય છે તેનું કારણ બહુ વિચારવા જેવું છે. આ જીવને પોતાનું શું છે અને પારકું શું છે, આત્મિક શું છે અને પૌદ્ગલિક શું છે તેનું ભાન નથી એટલે ભેદજ્ઞાન નથી. આ જ્ઞાન જ્યાંસુધી યોગ્ય રીતે થતું નથી ત્યાં સુધી સર્વ નકામું છે. એ જ્ઞાન વગર જીવ જેટલાં કહો તેટલાં માઠાં આચરણો કરે છે, પણ બિચારો સમજતો નથી કે-

**धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहन्ति यः ।**
**कथं शुभायतिर्भावी स स्वामिद्रोहपातकी ॥**

'જે ધર્મના પ્રભાવથી ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે તેજ ઐશ્વર્યથી તેના ધણી ધર્મનો નાશ કરે છે ત્યારે તેનું સારૂં તે કેમ થાય? તે તો સ્વામીદ્રોહી છે અને મહાપાપી છે.' આવી રીતે ધર્મનો નાશ કરનાર સ્વામીદ્રોહ કરે છે અને સ્વામીદ્રોહ કરનાર આ ભવ અને પરભવમાં દુઃખી થાય છે. શાસ્ત્રકાર કહે છે કે "ધર્મ અર્થ ઇહાં પ્રાણ તેજી, છંડે પણ નહિ ધર્મ" સત્ત્વવંત **પ્રાણી હોય છે તે ધર્મને માટે જીવિતવ્યને તજે પણ જીવિતવ્યને માટે ધર્મ ન તજે**. કારણ કે ધર્મ એ સર્વસ્વ છે અને એનાથી સર્વ મળે છે, પણ જ્યારે ધર્મને ગુમાવી દેવામાં આવે છે ત્યારે પછી ઐશ્વર્ય, યૌવન કે વૈભવ કાંઇપણ મળતું નથી અને રાખેલું પણ જાય છે, માટે પ્રાણાંત કષ્ટે પણ ધર્મનો ત્યાગ ન કરવો. આ હેતુથીજ સુકિતમુકતાવલિકારે ધર્મ અર્થ અને કામ રૂપ ત્રણ પુરૂષાર્થોમાં કેવળ ધર્મનેજ પ્રધાન કહ્યો છે. तत्रापि धर्मं प्रवरं वदन्ति-તે ત્રણે પુરૂષાર્થમાં ધર્મ પુરૂષાર્થને જ્ઞાનીઓ શ્રેષ્ઠ બતાવે છે. ગૃહસ્થોએ ત્રણે પુરૂષાર્થ

સરખી રીતે સાધવા યોગ્ય છે એમ જે કહેવામાં આવે છે તે પણ જ્યારે ધર્મને બાધ ન થતો હોય ત્યારેજ સમજવું.

### અકામ દુઃખસહન-તેનાથી લાભ

दुःखं यथा बहुविधं सहसेऽप्यकामः,
कामं तथा सहसि चेत्करुणादिभावैः ।
अल्पीयसापि तव तेन भवांतरे स्या-
दात्यंतिकी सकलदुःखनिवृत्तिरेव ॥

"વગર ઇચ્છાએ જેમ તું બહુ પ્રકારનાં દુઃખો સહન કરે 'છે, તેમજ તું કરુણાદિક ભાવનાથી ઈચ્છાપૂર્વક થોડાં પણ દુઃખો "સહન કરીશ તો ભવાંતરે હંમેશને માટે સર્વ દુઃખોની "નિવૃત્તિ થશેજ". વસંતતિલકા.

**ભાવાર્થ**—આ પ્રાણી પૈસા ખાતર અને કર્મના પરાધીનપણાથી ટાઢ, તડકો, ભુખ, તરસ વિગેરે સર્વ વેઠે છે, બે વાગે ખાય છે, આખો દિવસ ભુખ્યો રહે છે, ચીડાઉ શેઠીઆઓના કાંટાવાળા હુકમો ઉઠાવે છે, માર ખમે છે અને સ્વાધીન અને પરાધીનપણે સર્વ પ્રકારનાં દુઃખો ખમે છે. આજ પ્રકારના કષ્ટો કર્મક્ષયની ઇચ્છા સહિત સહન કરવાથી યતિઓ મોક્ષ મેળવે છે. આ જીવનો ઈરાદો ફેર હોવાથી તેને લાભ મળતો નથી. પણ જો મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ એ ચાર ભાવના ભાવીને રીતસર દુઃખો સહન કરવામાં આવે તો તો કામ થઇ જાય. **મેઘકુમારે** હાથીના ભવમાં કરૂણા લાવી

ત્રણ દિવસ પગ ઊંચો રાખ્યો તેથી કેટલું દુઃખ પામ્યા? હજારો વરસો સુધી ઘોર તપસ્યા કરે, છતાં મનમાં ઇચ્છા પૌદગલિક સુખની હોય તો અજ્ઞાન કષ્ટવડે ઉલટો સંસાર વધારે છે. વળીબીજી રીતે જોઈએતો એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરિંદ્રિપણામાં તેમજ તિર્યંચપણામાં આ જીવ કર્મક્ષયની ઇચ્છા વિના ઘણાં દુઃખો સહન કરે છે. હવે જે દુઃખો આ જીવે સહન કર્યાં છે તેથી થોડાં દુઃખો પણ તે પૌદ્‌ગલિક સુખની વાંચ્છના સિવાય સહન કરે તો તેને હંમેશાંને માટે દુઃખનો છેડો આવી જાય. આવાં દુઃખો સમકિતદ્રષ્ટિ જીવો પુદ્દગળના સુખની બુદ્ધિ સિવાય સહન કરે છે તેથી તેને સકામ નિર્જરા થાય છે. "સકામ" શબ્દનો અર્થ અત્ર વિચારવા જેવો છે. સકામ એટલે ઈચ્છા પૂર્વક-જાણી જોઇને-સમજીને કરેલું કાર્ય; પણ એમાં ફળાપેક્ષા હોતી નથી અથવા હોય છે તો માત્ર કર્મક્ષય કરવાનીજ હોય છે, પૌદ્‌ગળિક સુખ મેળવવાની હોતી નથી. અમુક ગુણસ્થાનક પ્રાપ્ત થયા પછી જ્યારે અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે એટલે જ્યારે આત્મ પરિણતિ એવી સીધી થઇ જાય છે કે વગર ધારણાએ પણ શુદ્ધ વર્તનજ થાય ત્યારે પછી 'કર્મકાર્ય'ની પણ કામના રહેતી નથી. કીર્તિ, લાભ કે એવી ઇચ્છા રાખીને અનુષ્ઠાન કરવાની આજ્ઞા નથી, પણ કર્મક્ષયનું નિમિત્ત ધ્યાનમાં રાખી તે કામનાથી અનુષ્ઠાન કરવાની આજ્ઞા છે અને જ્યારે અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે ત્યારે તે કામના પણ પોતાની મેળેજ જતી રહે છે. ભક્તિમાર્ગની પુષ્ટિને અંગે પ્રભુચરણે સર્વ અર્પણ કરવાનો જે પ્રવાદ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહેલો છે તેને આ વિષય સાથે સંબંધ નથી; કારણ કે એમાં પોતાની સ્થિતિ-અધિકાર

કે યોગ્યતા વગર કાંઇ પણ ફળની અપેક્ષા રાખ્યા વગર કાર્ય-કર્મ કરવાની આજ્ઞા છે, એવા પ્રકારનું વર્તન અત્ર ઇષ્ટ નથી. કર્મક્ષયનું નિમિત્ત રહે તોજ નવાં બંધાતાં અશુભ કર્મોનો ડર અને મોક્ષ મેળવવામાં અનુકૂળ થઈ પડે તેવાં શુભ કર્મોપર સારૂં લક્ષ્ય રહે. આવા પ્રકારના અનુષ્ઠાનને 'સકામ' અનુષ્ઠાન જૈન પરિભાષામાં કહેવામાં આવે છે.

## પાપકર્મોમાં ડહાપણ માનનાર પ્રત્યે

प्रगल्भसे कर्मसु पापकेष्वरे, यदाशया शर्म न तद्विनानितम् ।
विभावयंस्तच्च विनश्वरं द्रुतं, बिभेषि किं दुर्गतिदुःखतो न हि ॥

"જે સુખની ઇચ્છાથી તું પાપકર્મોમાં મૂર્ખાઇથી તલ્લીન "થાય છે તે સુખો તો જીવિતવ્ય વગર કાંઈ કરવાના નથી; "અને જીન્દગી તો શીઘ્ર નાશવંત છે એમ જ્યારે તું સમજે "છે ત્યારે અરે ભાઈ! તું દુર્ગતિનાં દુઃખથી કેમ બીતો નથી ?" વંશસ્થ.

**ભાવાર્થ**-ઘણા જીવો પાપમાં પણ મગરૂબી માને છે. પોતે પાપકારી વ્યાપાર કરતો હોય તો બીજાને જણાવે છે કે અરે ભાઈ! આ વ્યાપારથી આવો લાભ અને અર્થશાસ્ત્રીઓનો આવો વિચાર છે અને આમ છે ને તેમ છે વિગેરે વ્યાપારની પ્રવૃત્તિમાં જે અસદ્‌વ્યાપાર કરે છે અને તેનાથી જે સુખ મેળવવા ઇચ્છે છે તે સુખનો આધાર તો માત્ર જીન્દગી ઉપર છે, એટલે પ્રાપ્ત કરેલું સુખ બહુ તો આ ભવ સુધી ચાલશે, તેથી વધારે કાંઇપણ સાથે આવતું નથી. પેદા કરેલા પૈસા,

બાંધેલી હવેલીઓ, વાડીઓ, સુંદર ઘોડાની જોડીઓ અને પહેરવાનાં કપડાં તથા છાંટવાનાં સેન્ટ લવંડર સર્વ અહીંજ રહેવાનાં છે. વળી જીન્દગીનો ભરોસો નથી. પૂરેપૂરો તંદુરસ્ત દેખાતો માણુસ પલવારમાં ઉડી જાય છે. વળી જીન્દગી આવી અસ્થિર છે અને પાપકર્મોથી આગામી ભવમાં દુઃખ તો બહુ પડવાનું છે; ત્યારે તને આ દુઃખો વધારે આકરાં લાગે છે કે અહીંનું જરા સુખ વધારે સારું લાગે છે? હે ભાઈ! જરા વિચાર કર. પાપકર્મો કરી તેનાપર પંડિતાઇનો તીવ્ર રસ ચડાવી નીકાચિત બંધ કર મા. અમુક પ્રવૃત્તિ કર્યા વગર ચાલે તેવું નજ હોય તો તે અણછુટકે કરવી પણ તેનાપર વળી અભિમાન કરી નવો રસ ચડાવવો એ વિદ્વત્તાનું લક્ષણ નથી.

## શેઠ અને મહંત

આ સંબંધમાં એક દ્રષ્ટાંત બહુ મનન કરવા યોગ્ય છે. એક શેઠે સુંદર બંગલો બંધાવ્યો. તેમાં બહુ સારૂં ફરનીચર વસાવ્યું અને રંગ રોગાન કરી ભવ્ય મંદિર તૈયાર કરી દીધું. પોતાને ત્યાં જેટલા પરોણા આવે તેને બંગલાના દરેક વિભાગમાં ફેરવી બતાવે અને વખાણ સાંભળી મનમાં મલકાય. એક વખત તેને ત્યાં એક મહંત આવ્યા. બીજાની પેઠે તેને પણ આખો બંગલો બતાવ્યો અને વારંવાર તેની પાસેથી વખાણ સાંભળવાની આશા રાખે, પણ મહંત મહારાજ તો કાંઈ બોલે નહિ. આ પ્રમાણે જોઇ શેઠ બોલ્યા કે 'સાહેબ! પ્રથમ હોલમાં આપને બતાવેલ ફરનીચર ચીનથી ઓર્ડર કરી મંગાવ્યું છે, દીવાનખાનાનું સર્વ ફરનીચર જાપાનીઝ છે, ડ્રૉઇંગ રૂમનું સર્વ ફરનીચર ઇગ્લીશ છે, કબાટોપર ફ્રેન્ચ પોલીશ ખાસ કારીગર

પાસે કરાવ્યો છે. ચીની કામ સર્વ જર્મની છે, અને રંગ વોર્નીશ સર્વ જયપુરના ચિતારાને બોલાવી કરાવ્યા છે.' આ સર્વ હકીકત સાંભળવા છતાં પણ મહંત તો મૌનજ રહ્યા કારણ વગર વખાણ કરવાથી આરંભના ભાગી થવાય છે એ નિયમ મહંતના મનમાં સુવિદિત હતો. છેવટે શેઠે કહ્યું, 'સાહેબ ! આપ કેમ તદ્દન મૌન રહ્યા છો ? કેમ કાંઈ બોલતા નથી ? આપ શું વિચાર કરો છો?' મહંત પ્રસંગ જોઈ બોલ્યા, શેઠ ! હું તમારા ઘરના ફરનીચર વિગેરેનોજ વિચાર કરૂં છું. પણ તમે ઘરની બાંધણીમાં એક ભૂલ કરી હોય એમ મને જણાય છે'. શેઠ તો ચમકયા કે આવા સુંદર ફરનીચરથી ફરનીશ કરેલા બંગલામાં વળી ભૂલ તે શું રહી ગઈ હશે ! સ્વભાવિક રીતે 'ભૂલ શું છે' એવો સવાલ કર્યો. પ્રત્યુત્તરમાં મહંત બોલ્યા કે 'શેઠ ! તમે આ બારણાં મૂકયાં છે તે ન મૂકવાં જોઇએ.' શેઠે પૂછયું, 'સાહેબ ! આપ આ પ્રમાણે કેમ બોલો છો ? બારણાં વગરનાં તે ઘર હોય ?' મહંત કહે છે કે 'હું સકારણજ બોલું છું. એક દિવસ એવો આવશે કે બીજાં માણસો તને આ બારણાંમાંથી બહાર કહાડશે, અને તારાથી કદિ ફરી પ્રવેશ પણ થઈ શકશે નહિ. તું પ્રવેશ કરવા ઇચ્છા રાખીશ તો બીજા તને આવતો જોવા ઇચ્છશે પણ નહિ; માટે જો તેં બારણાં મુકાવ્યાં ન હોત તો તારે બહાર જવું પડત નહિ. શેઠ આનો ભાવાર્થ સમજી ગયા અને ઘરપરનો મમત્વ મુકી દીધો. મહાજ્ઞાનેશ્વરી થઇ સર્વનો ત્યાગ કર્યા પછી મહંત પાસેજ વ્રત લઈ આત્મકર્મમાં ઉદ્યત થઈ ગયા. આ શ્લોકનો આ ભાવ વિચારવા યોગ્ય છે.

[१४९]

## પોતાના શત્રુ મિત્ર-સ્વપર ઓળખવાનો ઉપદેશ.

न वेत्सि शत्रून् सुहृदश्च नैव, हिताहिते स्वं न परं च जंतोः[1] ।
दुःखं द्विषन् वांछसि शर्म चैत न्निदानमूढः कथमाप्स्यसीष्टम् ॥

"હે આત્મન્! તું તારા શત્રુ અને મિત્રને ઓળખતો નથી, તારૂં હિત કરનાર અને અહિત કરનાર શું છે તે જાણતો નથી અને તારૂં પોતાનું અને પારકું શું છે તે જાણતો નથી; (વળી) તું દુઃખપર દ્વેષ કરે છે અને સુખ મેળવવાને ઈચ્છે છે, પણ તેનાં કારણો નહિ જાણતો હોવાથી તું તે ઈચ્છિત વસ્તુ કેવી રીતે મેળવીશ? ઉપેંદ્રવજ્રાવૃત્ત

**ભાવાર્થ**-એક સાધારણ નિયમ છે કે શત્રુપર જય મેળવવા માટે તેને બરાબર ઓળખવો જોઇએ અને તેના બળનો ખ્યાલ કરવો જોઇએ. ટ્રાન્સવાલના રહેવાશી બોર લોકોના બળનો ઓછો ખ્યાલ કરવાથી અંગ્રેજ સરકારને શરૂઆતમાં બહુ મુશ્કેલી નડી હતી. તું તો તારા શત્રુઓ કોણ છે તે પણ જાણતો નથી તો પછી તેઓ કેવા છે એ જાણવાનો તો તને અવકાશ પણ કયાંથી હોય? રાગ, દ્વેષ અથવા તજ્જન્ય કષાય, વેદોદય, મોહ અથવા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તારા શત્રુઓ છે અને ઉપશમ, વિવેક, સંવર વિગેરે તારા મિત્રો છે. આ સર્વને બરાબર ઓળખ અને તે પ્રત્યેકનું તારી વિરૂદ્ધમાં અને તારી મદદમાં કેટલું બળ છે, તેનો ખ્યાલ કર. આવી રીતે શત્રુ મિત્રને

---

१ जंतो इति वा पाठः संबोधने.

ઓળખવાથી તું આત્મગુણ વ્યકતીકરણરૂપ સોનાની ખાણો તુરતજ પ્રાપ્ત કરી શકીશ.

વળી તને હિત કરનાર શું છે, અને કોણ છે? તે પણ તું જાણતો નથી. તારૂં તાત્કાલિક હિત દેખાતું હોય પણ તેથી પરિણામે તને અહિત થતું હોય તો તે આદરવા યોગ્ય નથી, એ કહેવાની જરૂર નથી. એથી પણ વધારે તારૂં શું છે અને પારકું શું છે તે પણ તું બરાબર જાણતો નથી. તું કોણ? તું શરીર નહિ, કપડાં નહિ, આભૂષણો નહિ, પણ કોઈ બીજો છે. શરીરને ગતિમાં રાખનાર, કપડાં પહેરનાર, આભૂષણો ધારણ કરનાર કોઈ **બીજોજ** છે. તે આત્મા છે. તે તું છે. તેની વસ્તુ તે **આત્મિકવસ્તુ** કહેવાય છે. બાકી ઘર, કપડાં, ઘરેણાં પૈસા અને શરીર સર્વ પારકાં છે, અપર છે અને અજ્ઞાનતાથી તેમને તું તારાં માની બેઠો છે, પણ તેમાં તારી મોટી ભૂલ થાય છે **પૌદ્ગલિક પદાર્થ સર્વથા પારકાજ** છે; તેઓ સાથે આવતા નથી અને લાંબો વખત રહેતા પણ નથી. તારૂં છે તે તો તારારૂપજ છે, તારી પાસેજ છે, તારાથી ભિન્ન નથી. આ વિવેક જ્યારે તારામાં આવશે ત્યારે તને વસ્તુસ્વરૂપનું બરાબર ભાન થશે અને પછી તને બહુ આનંદ આવશે. અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્રજ તારાં છે અને તેજ તને પરિણામે હિત કરનારાં છે, બાકી સર્વ વસ્તુઓ પારકી છે. અને પરિણામે અહિત કરનારી છે.

વૈદ્ય પાસે વ્યાધિગ્રસ્ત માણસ જાય ત્યારે પહેલાં તો તેને શું વ્યાધિ છે તેનું તે નિદાન કરે છે, વ્યાધિનું કારણ શોધે છે અને કયો વ્યાધિ છે તેનો તે નિર્ણય કરે છે તને

વિભાગ દશામાં રાચવામાચવારૂપ વ્યાધિ થયો છે અને તેમાંથી મુકત થઈ તું સુખ મેળવવા ઇચ્છે છે, તો તેનું કારણ શોધી કાઢ. જ્યાં સુધી આ કારણ તને જડશે નહિ ત્યાં સુધી તારા વ્યાધિઓ જશે નહિ. માટે સ્વપર વિવેક લાવી હિતકર અને અહિતકર શું છે તે બરાબર સમજી લે. આ ગ્રંથકર્ત્તાના વૈદ્યપણામાં તને ભરોસો હોય તો આ ગ્રંથ જોઇ જા. તું બરાબર વિચાર કરીશ તો આ ગ્રંથમાંથી તેનું નિદાન તને જડી આવશે. વળી આ ગ્રંથકારે ચિકિત્સા પણ બતાવી છે તે ધ્યાનમાં રાખી શોધી કાઢજે. વસ્તુસ્વરૂપ સમજવાની જરૂર કેટલી છે તે હવે વધારે સ્પષ્ટ થતું જાય છે. જ્યાં સુધી વસ્તુ–સ્વરૂપ સમજાય નહિ ત્યાંસુધી સમતા પ્રાપ્ત થાય નહિ. અને સમતા પ્રાપ્ત થયા વગર વ્યાધિનો નાશ થાય નહિ. તેથી સમતાપ્રાપ્તિના આ ત્રીજા સાધન ઉપર અનેક રીતે ભાર મૂકવામાં આવ્યો છે. વૈદ્યરાજે બતાવેલા નિદાનપર બહુ ધ્યાન આપવાની જરૂરિયાત છે, તે હવે સ્પષ્ટ થાય છે.

## વસ્તુ ગ્રહણ કરવા પહેલાં વિચાર કરવાની જરૂર.

**कृती हि सर्वं परिणामरम्यं, विचार्य गृह्णाति चिरस्थितीह ।**
**भवान्तरेऽनन्तसुखाप्तये तदात्मन् किमाचारमिमं जहासि ॥**

"આ લોકમાં જે ડાહ્યા માણુસ હોય છે તે વિચાર કરીને એવી વસ્તુ ગ્રહણ કરે છે કે જે લાંબો વખત સુધી ચાલે તેવી અને પરિણામે સુંદર હોય. ત્યારે હે ચેતન! આ ભવ પછી અનંત સુખ મેળવવા માટે આ ધાર્મિક આચારને તું કેમ તજી દે છે?"

**ભાવાર્થ**-વસ્તુસ્વરૂપ અને સંબંધનું જ્ઞાન મેળવવાની જરૂરિયાત કેટલી બધી છે તે આપણે ઉપર જોયું, હજી પણ તેજ સાધનને વિશેષ પ્રતિપાદન કરવા માટે કહે છે. સમજુ વ્યવહારકુશળ માણસ કોઇપણ વસ્તુ ખરીદ કરતાં બે જાતનો વિચાર કરે છે. એક તો તે વસ્તુ ટકાઉ હોવી જોઇએ અને બીજું તે વસ્તુ ઉપયોગી હોવી જોઇએ. આપણા પોતાના આત્મિક વ્યવહારમાં આ નિયમનો ભંગ થતો જોવામાં આવે છે અને તે એક બે બાબતમાં નહિ, પણ આખો વ્યવહારજ ઉંધી ઈંટથી મંડાએલો માલુમ પડે છે. દાખલા તરીકે આપણને યૌવનાવસ્થાના સુખભોગમાં આનંદ લાગે છે; પણ તે સુખને અંતે વૃદ્ધાવસ્થાનું દુઃખ છે અને તે સુખ ચાલે છે ત્યારે પણ બહુ થોડો વખત ચાલે છે; ધન મળે છે ત્યારે સુખ લાગે છે, પણ તેનો નાશ થાય છે ત્યારે દુઃખ થાય છે; સ્નેહીને જોઇ આનંદ થાય છે પણ તેના મરણથી શોક થાય છે-એવી રીતે સર્વ પૌદ્ગલિક વસ્તુઓમાં પરીણામે દુઃખ છે એટલુંજ નહિ પણ આનંદ અલ્પકાળ સુધીનોજ છે. (વસ્તુતઃ તો આને આનંદ કહિજ શકાય નહિ) વળી થોડા કાળના સુખની ખાતર બહુ કાળના સુખનો ભોગ આપવો પડે છે, તેથી વ્યવહારકુશળ માણસે વિચાર કરવાની જરૂર છે. તું કોણ? તારું શું? તારી ફરજ શી છે? આ સર્વ વસ્તુઓ તારી કેવી રીતે છે? તેમનો ને તારો શો સંબંધ છે? તારી અન્ય પ્રાણીઓ તરફ તથા વસ્તુઓ તરફ કાંઈ ફરજ છે? તો કેવી છે? વિગેરે બાબતનો વિચાર કરવાની આવશ્યકતા અનેકવાર પુનરાવર્તન કરી કરીને સમજવાની જરુર છે. આવી રીતે જ્યારે આત્મનિરીક્ષણ કરવાની ટેવ પડશે ત્યારે વસ્તુસ્વરુપ બરાબર જણાશે. આ જીવ વિચાર કર્યા

વગર-ધર્મબુદ્ધિએ પણ ઘણીવાર અજ્ઞાનદશાથી મહા પાપો કરી નાખે છે; એનું કારણ એ છે કે કોઇપણ કાર્ય કરી, તેનું પરીણામ શું થશે અને આત્માને તેથી કેટલી હાનિ થઈ અને પોતાની કેટલી અવનતિ થઇ તથા ગુણથી અધો અવતરણ કેટલું થઈ ગયું, તે સર્વનો તોલ કરવાની આ જીવને ટેવ નથી. ઘણાં સુકૃત્યો આવી રીતે અલ્પફળ આપે છે, ઘણા સદુપદેશો ખાસ આ જીવને ઉદ્દેશી બોલાયલા હોય છતાં નિષ્ફળ થાય છે અને હૃદયભૂમિની સપાટીપરથી ચાલ્યા જાય છે; પરંતુ હૃદયને જરાપણ આર્દ્ર કરતા નથી. એ સર્વનું કારણ એકજ છે કે આ જીવને આત્મવિચારણાની ટેવ નથી. આત્મવિચારણા કરનાર પોતાના દરેક કાર્યને તપાસી શકે છે; અને તેથી કાર્યક્રમમાં ભૂલ કરેલી છે, મેલ કેટલો છે અને દોષ કેટલો છે તે શોધી દૂર કરી શકે છે. આત્મનિરીક્ષણ કરનાર સર્વદા જાગૃત રહે છે અને કદીપણ શક્તિનો નાશ કરતો નથી.* આવાં અનેક કારણોને લીધે આત્મવિચારણાથી બહુ પ્રકારના લાભ થાય છે. તો હે ચેતન ! આવી જાગૃતિનો આચાર× (વ્યવહાર) તું શા માટે તજી દે છે? એ વ્યવહાર તજી દેવાથી બહુ નુકશાન છે, કારણ કે તારૂં સાધ્ય તેથી દૂર થતું જાય છે.

---

* 'આત્મનિરીક્ષણ'ના વિષય ઉપર શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકના પુસ્તક ૧૮ માં પૃષ્ઠ ૧૦૦ થી શરૂ થતો એક લેખ આ શ્લોક ટાંકીને લખ્યો છે, તે પર ધ્યાન ખેંચવામાં આવે છે. ગ્રંથગૌરવના ભયથી એ લેખ અત્રે લખ્યો નથી.

× આચાર શબ્દનો અર્થ કેટલાક પંચાચાર એમ કરી તેને ભવાંતરમાં અનંત સુખનું સાધન બતાવી તે અર્થ અત્ર ઘટાવે છે. જ્ઞાન,

## આત્મા અને બીજી વસ્તુઓના સંબંધપર વિચારણા.

अनादिरात्मा न निजः परो वा,
कस्यापि कश्चिन्न रिपुः सुहृद्वा ।
स्थिरा न देहाकृतयोऽणवश्च,
तथापि साम्यं किमुपैषि नैषु ॥

" આત્મા અનાદિ છે; કોઇને કોઇ પોતાનું નથી અને કોઈ પારકું નથી; કોઇ શત્રુ નથી અને કોઈ મિત્ર નથી; દેહની આકૃતિ અને (તેમાં રહેલા) પરમાણુઓ સ્થિર નથી-તોપણ તેમાં તું સમતા કેમ રાખતો નથી ? ઉપજાતિ.

**વિવેચન**—આત્મા શું છે અને કોણ છે તેની વિચારણા કરવાનો ત્રીજો સાધ્ય ઉપાય હજુ પણ વિશેષ સ્પષ્ટ કરે છે. રાગદ્વેષે સ્વપરનો વિભાગ ખોટો કર્યો છે એવું સમુચ્ચયે ઉપર બતાવ્યું. હવે આત્મા કોણ છે અને તેનો બીજાઓ સાથે કેવો સંબંધ છે, તે અત્ર જોઇએ. આત્મા દ્રવ્યરૂપે ધ્રુવ અનાદિ છે, પર્યાયથી પલટન ભાવ પામે છે, પુદ્ગળના સંગમાં રહી વિચિત્ર જાતિ, નામ, શરીર ધારણ કરે છે, પણ સ્વસ્વભાવે શુદ્ધ ચૈતન્યવંત સનાતન છે. એનું સ્વરૂપ બહુ ગ્રંથમાં

---

દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરુપ પંચ આચાર. ભગવંતે ઉપદેશ્યા છે અને તે અપ્રમત્તપણે પાળવા અત્રે ઉપદેશ છે. આ પ્રમાણે કરેલો અર્થ અસમીચીન નથી, પણ મુનિસુંદરસૂરિ મહારાજે યતિશિક્ષા ઉપદેશ સિવાયનો આખો ગ્રંથ જેમ બને તેમ પારિભાષિક ન થવા દેવા યત્ન કર્યો હોય એમ મને લાગે છે અને તેથી સામાન્ય અર્થ થઈ શકતો હોય ત્યાં વિશેષ અર્થ ન કરવો એ પદ્ધતિ મને વિશેષ અનુકૂળ લાગીછે.

બતાવ્યું છે. શ્રીલોકપ્રકાશ * ગ્રંથમાં તેનું સ્વરૂપ બતાવ્યુ છે, તેનો અત્ર સાર આપીએ છીએ. "જીવનું સામાન્ય લક્ષણ ચેતના છે, વિશેષ સ્વરૂપ પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એ બારેનો ઉપયોગ છે. સર્વ જીવને અક્ષરનો અનંતમો ભાગ તો સર્વદા ઉઘાડો રહે છે; તેથી ઉપયોગ વગરનો કોઈપણ જીવ ત્રણ લોકમાં નથી. ગમે તેટલાં આવરણ કરનાર કર્મો હોય તો પણ આ અક્ષરનો અનંતમો ભાગ તો અવરાતો નથીજ. અક્ષર એટલે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ સમજવો જેમ સૂર્ય ઉપર વાદળાં ઘેરાઇ ગયા હોય, છતાં પણ કાંઈ કાંઈ પ્રભા તો રહેજ છે; તેમજ આત્માનું અનંત જ્ઞાન અવરાઈ જાય તો પણ જરા ભાગ તો ઉઘાડો રહે છે અને દિવસ જે રાત્રિથી તેજ કારણે ભિન્ન થાય છે તેમ આત્મા પણ અજીવથી આ લક્ષણને લીધેજ જુદો પડે છે. જો કે આત્માનું જ્ઞાન લક્ષણ છે તો પણ કર્મથી આવૃત્ત હોવાને લીધે તે પ્રગટ જણાતું નથી, પરંતુ ખાણમાં રહેલ સોનામાં જેમ શુદ્ધ કંચનત્વ છે તેમ આત્મામાં અનંતજ્ઞાન સર્વદા છેજ; ફક્ત તેના પર પડ ફરી વળેલાં છે. વ્યકત અવ્યકતરૂપે જ્યારે આત્માને ક્ષયોપશમ થાય છે ત્યારે શકિત અને કાર્યરૂપે જ્ઞાન ઉત્પન્ન થાય છે અને વળી તેજ વીર્ય ચાલ્યું જાય છે ત્યારે કાદવ જેમ દર્પણને આવરી મૂકે છે, તેમ કર્મો જ્ઞાનને આવરી દે છે, પરંતુ જો બહુ પ્રયાસ કરી સર્વ કચરો દૂર કરવામાં આવે તો અનાદિ શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય. આત્માનું રૂપ એકજ છે, પરંતુ કર્માવૃત્ત હોય ત્યારે તે વિવિધરૂપ ધારણ કરે છે."

---

* દ્રવ્યલોક દ્વિતીય સર્ગ, શ્લોક ૫૩-૭૩

આવા અનાદિ કાળથી આવરિત સ્વરૂપવાળા આત્માને બીજું કોઇ પોતાનું નથી અને કોઇ પારકું નથી; તેમજ કોઈ તેનું શત્રુ નથી અને કોઇ મિત્ર નથી. એનું પોતાનું છે તે એજ છે. માતા, પિતા, સ્ત્રી, પુત્ર વિગેરે સર્વે અનેક પ્રકારના સંબંધમાં અનંતવાર આવ્યા કરે છે અને તેથી તેઓ પોતાના કહેવાયજ નહિ. પોતાના હોય તો અત્રે રહી જાયજ નહિ, માટે એવા ક્ષણિક સંબંધને પોતાનો કે પારકો માનવો એ ખોટું છે. એ હકીકતના સમર્થનમાં શાસ્ત્રકાર કહે છે કે–

न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुया जथ्थ, सव्वे जीवा अणंतसो ॥

'એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી, ને એવું કોઇ કુળ નથી કે જ્યાં સર્વે જીવો અનંતવાર જન્મ પામ્યા ન હોય અને અનંતવાર મરણ પામ્યા ન હોય' મતલબ કે સર્વ સ્થાનકે સર્વ સંબંધમાં આ જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે. અનંત કાળચક્રનું માન જોઇએ અને સાથે વિચાર કરીએ કે આ જીવે અનંત પુદ્ગળ પરાવર્તન* કર્યાં છે એટલે આ હકીકત સ્પષ્ટ સમજાઈ

* એક પુદ્ગળપરાવર્તનમાં કેટલો કાળ થાય છે તેનો ખ્યાલ આપવો મુશ્કેલ છે. કરોડો કે અબજો વરસથી તેનું માપ થઈ શકતું નથી. તેનો ખ્યાલ કરવા માટે જુઓ સુક્ષ્મ અદ્ધા સાગરોપમનું સ્વરૂપ ( લોક પ્રકાશ-દ્રવ્ય લોક-પ્રથમ સર્ગ-લોક ૯૫ ) એવા વીશ કોડાકોડિ સાગરોપમનું એક કાળચક્ર થાય છે અને એવા અનંત કાળચક્રે એક પુદ્ગળપરાવર્તન થાય છે. એના વિશેષ સ્વરૂપ માટે દશમા અધિકારના સાતમા શ્લોકપરનું વિવેચન જુઓ.

જાય છે. વળી એ પણ આથી સમજાય છે કે આપણે શત્રુ કોને કહેવા અને મિત્ર કોને કહેવા ! દરેક જીવ આ જીવના સંબંધમાં શત્રુ મિત્ર તરીકે અનંત કાળમાં અનંતવાર થઇ ગયાનો સંભવ છે. માટે આ તારા સગાઓમાં કોઈ તારા નથી અને કોઈ પારકા નથી છતાં તું તારાને પારકા માને છે તે સંસારનું સ્વરૂપ, તારૂં પોતાનું સ્વરૂપ અને સામાન્ય રીતે જીવનો કર્મ સાથેનો સંબંધ વિગેરે તું જાણતો નથી તેને લીધેજ છે.

આ તારો દેહ છે તે નાશવંત છે. તારા શરીરની આકૃતિ પણ નાશવંત છે. જરાવસ્થામાં તે બદલાઇ જશે અને અન્તે રાખ થઈ જશે. આ શરીરપરનો મોહ તે પારકી વસ્તુપરનો મોહ છે. યૌવન ગયા પછી રૂપ રહેતું નથી, દેહ જર્જરિત થાય છે, મ્હોંમાંથી લાળ પડે છે, આંખે ઝાંખ પડે છે. શરીર ધ્રુજે છે, વાળ શ્વેત થઈ જાય છે અને કપાળે કરચલી પડે છે-આવા શરીરપર પ્રેમ કરવો, તેને પંપાળ્યા કરવું, તેની દરેક તબીયત જાળવવી, તેને ગમે તેવા અભક્ષ્ય પદાર્થોથી પોષવું એ મૂર્ખતા છે, અજ્ઞતા છે, વસ્તુસ્વરૂપનું અજ્ઞાન છે. જે વસ્તુ પોતાની નથી તેને પોતાની માની તેની ખાતર કલેશ પામવો અર્થ વગરનો છે. શરીર કેવું નાશવંત છે અને એના પર મમત્વ રાખવાથી છેવટે ટલો ખેદ થાય છે, તે ચોથા દેહ **મમત્વ મોચન અધિકારમાં** વિસ્તારમાં બતાવ્યું છે. લોકસ્થિતિ આ પ્રમાણે છે તેથી સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખવો, સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ રાખવો અને આત્મિક દશા ઉન્નત કરવાનું સાધ્ય નજર સમીપ રાખવું. આ પ્રમાણે આત્મસ્વરૂપ વિચારવાની જરૂરિઆત કેટલી છે, તે આપણે જોયું.

## પૌદ્‌ગલિક પદાર્થોની અસ્થિરતા-સ્વપ્નદર્શન.

स्वप्नेन्द्रजालादिषु यद्वदाप्तैरोषश्च तोषश्च मुधा पदार्थैः ।
तथा भवेऽस्मिन् विषयैः समस्तैरेवं विभाव्यात्मलयेऽवधेहि ॥

"જેવી રીતે સ્વપ્ન અથવા ઇંદ્રિજાળ વિગેરેમાં પ્રાપ્ત થયેલા પદાર્થોપર રોષ કરવો કે તોષ કરવો તે તદ્દન નકામો છે તેવી રીતે આ ભવમાં પ્રાપ્ત થયેલા પદાર્થો ઉપર પણ (રોષ કરવો કે તોષ કરવો તે નકામો છે): આવી રીતે વિચાર કરીને આત્મ સમાધિમાં તત્પર થા" ઉપજાતિ.

**ભાવાર્થ:**—સ્વાર્થ સાધવાનું ચોથું સાધન અત્ર વિશેષ પુષ્ટ કરે છે. 'કુસુમપુર નગરમાં એક ભિક્ષુક રહેતો હતો. આખો દિવસ રખડી રઝળીને ભિક્ષાનું અન્ન જરા જરા લઈ આવ્યો, ગામ બહાર એક ઝાડ તળે બેસી અન્ન ખાવું અને પાણી પીધું. મંદ પવનની લહરીમાં તે ઉંઘી ગયો. સ્વપ્નમાં જોયું કે રાજ્ય મળ્યું, ભોગ મળ્યા, સ્ત્રીઓ મળી, બે બાજુ ચામરો વિંજાય છે અને ભાટલોકો બિરૂદાવલિ બોલે છે. કવે સૈન્ય, પ્રધાનમંડળ વિગેરેથી પરિવૃત થઇ નગરમાં પોતે ફરવા નીકળે છે, અને કચેરી વખતે અનેક સામંત વર્ગ તથા રાજાઓ તેને માન આપે છે. આવી સ્થિતિમાં મનમાં મોજ માને છે ત્યાં સ્વપ્ન પૂર્ણ થયું, આંખ ઉઘડી ગઈ, જુએ છે તો ન મળે રાજ્ય કે ન મળે પ્રધાનમંડળ, ન મળે કવિઓ કે ન મળે સેનાનીઓ; ન મળે સામંતચક્ર કે ન મળે ભવ્ય સિંહાસન એક બાજુ ફાટીતૂટી ગોદડી અને બીજી બાજુ અવશિષ્ટ ભિક્ષાન્નથી ખરડાયલું ઠીકરૂં પડ્યું છે.' સંસારનું સુખ આવા

પ્રકારનું છે. પ્રથમ તો એમાં સુખજ નથી. કદાચ તેને સુખ કહીએ તોપણ તે કેટલું છે? કેવું છે? સ્વપ્નમાં મળેલા સુખને સુખ કહેવું એજ પ્રથમ તો ભૂલ છે. વળી તે બહુ અલ્પકાળ-સ્થાયી છે, પાછી અસલ સ્થિતિ પ્રાપ્ત કરાવનાર છે અને માનસિક ખેદ વધારનાર છે; ત્યારે એ સુખમાં આસક્તિ રાખવી તદ્દન નિરૂપયોગી છે એટલુંજ નહિ પણ હાનિકારક છે. ભિખારીના સુખમાં જેમ કાંઇ દમ જેવું નથી તેમ આ સંસારના માની લીધેલા સુખમાં પણ વસ્તુતઃ કાંઈજ નથી. આવીજ રીતે આપણને પસંદ ન આવે તેવો કોઈ પદાર્થ પ્રાપ્ત થાય તો તેથી રોષ કરવો પણ નકામો છે, કારણ કે વસ્તુ પોતે કોઇ પણ રીતે આપણું હિત અહિત કરી શકતી નથી. એના સંબંધમાં આવનાર મનને કેવા પ્રકારનું વલણ આપવું એ સુજ્ઞના વિચારનું ક્ષેત્ર છે, પરંતુ ઈષ્ટ કે અનિષ્ટ વસ્તુપર હર્ષ કે રોષ કરવો એ વસ્તુસ્વરૂપનું અજ્ઞાન સૂચવે છે. દેવતાઓ અને તેવી શકિત પ્રાપ્ત કરેલ મનુષ્યો કોઇ કોઇ નિમિત્તને લઈને ઇંદ્રિજાળ બતાવે છે. અંબડ પરિવ્રાજકનું * દ્રષ્ટાંત આપણે સારી રીતે જાણીએ છીએ. વસ્તુતઃ આમાં સત્ય કાંઇ નથી. 'ચાર દહાડાનું ચાંદરડું ને ઘોર અંધારી રાત.' સ્વપ્ન અથવા ઇંદ્રજાળમાં દેખાતા પદાર્થોની પ્રાપ્તિ અથવા નાશથી હર્ષ કે શોક કરવો તે મિથ્યા છે, તેવીજ રીતે સાંસારિક સર્વ પદાર્થો માટે સમજવું.

આ હકીકત જરા સ્ફુટ રીતે જોઈએ. આપણને અનુકુળ કોઇ પદાર્થ પ્રાપ્ત થાય ત્યારે તેનાપર પ્રીતિ થાય છે અને

---

* જુઓ સુલસા ચરિત્ર.

રાગથી જે સુખ થાય છે તે માની લીધેલુંજ છે. એમાં સુખ શું ? વળી એ સુખ છે પણ બહુ થોડા વખત સુધી ચાલે તેવું છેવટે અસલની સ્થિતિ તો પાછી જરુર પ્રાપ્ત થવાની છે પૌદ્ગલિક વસ્તુઓનો એવો ધર્મ છે કે જ્યાં સુધી એક વસ્તુ પ્રાપ્ત થઇ ન હોય ત્યાં સુધી તેના પર બહુ પ્રેમ રહે છે પણ પ્રાપ્ત થયા પછી થોડા વખતમાં તેના પરથી મન ઉતરતુ જાય છે. નાની વયમાં ઘડિયાળ પ્રાપ્ત કરવાની અથવા મેળામાં ગયા પછી નવીન રમકડાં પ્રાપ્ત કરવાની જે હોંસ બાળકમાં જોવામાં આવે છે તેવી હોંસ તે મળ્યા પછી બે ચાર દિવસે રહેતી નથી. આવી રીતે બીજી સર્વ વસ્તુઓ માટે સમજી લેવું. તેમાં આનંદ છેજ નહિ, માન્યો છે તે પણ અલ્પ છે, અલ્પકાળ સુધી ચાલે તેવો છે અને પરિણામે અધઃપાત કરાવનારો છે, આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે. સંસારના સર્વ પદાર્થ અને સંબંધનું સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ વસ્તુ સાથે અથવા ઇંદ્રજાળ સાથે સંમેલન બહુ મનન કરવા યોગ્ય છે, ચમત્કારી છે અને વિચાર કરવાથી સર્વ બાબતમાં લાગુ પડતી રીતે ઘટી શકે તેવું છે. વસ્તુધર્મ આવા પ્રકારનો છે, એટલે સાંસારિક કોઇપણ પદાર્થમાં સુખ માનવું અથવા ઈંદ્રિયના કોઇપણ વિષયમાં સ્થિરતા માનવી એ અયોગ્ય છે, ખોટું છે, આડે રસ્તે દોરનારું છે. ત્યારે સવાલ પ્રાપ્ત થાય છે કે કરવું શું? જ્યારે પૌદ્ગલિક વિષયોમાં આનંદ નથી, ત્યારે આનંદ છે કયાં? આ જીવના પોતાના સહજ ધર્મો હોય તે પ્રાપ્ત કરીને તેમાં જો લીનતા કરવામાં આવે, તો પરમસુખ પ્રાપ્ત થાય અને નકામી અસ્થિરતા મટી જાય. માટે બીજી નકામી વાતો બાજુએ મૂકી સ્વગુણ પ્રકટ કરવા માટે આત્મલય કરવો એજ

કર્તવ્ય છે. આત્મલય કરવા માટે યમ અને નિયમ પ્રબળ સાધન છે. જ્યારે મન અમુક નિયમોથી નિયંત્રિત થઇ કબજામાં આવે છે ત્યારે આત્મસ્થિરતા બહુ અંશે પ્રાપ્ત થતી જાય છે અને અભ્યાસથી તે વધારે અંશમાં રમણુતા કરાવે છે. સગાસ્નેહીઓના અસ્થિર સંબંધ અને પૌદ્ગલિક વસ્તુપર ખોટો પ્રેમ દૂર કરી આપણું પોતાનું શું છે તેની વિચારણામાં અને તેવું જ્ઞાન પ્રાપ્ત થયા પછી તેની વિશેષ ખીલવણી કરવાના કાર્યમાં મગ્ન રહેવું એ સમતા પ્રાપ્ત કરવાનું ચોથું સાધન છે અને પંડિત પુરૂષો તેને 'આત્મલય'નું સાર્થ નામ આપે છે.

## કષાયનું ખરૂં સ્વરૂપ—તેના ત્યાગનો ઉપદેશ.

किं कषायकलुषं कुरुषे स्वं, केषुचिन्ननु मनोऽरिधियात्मन् ।
तेपि ते हि जनकादिकरूपैरिष्टतां दधुरनंतभवेषु ॥

"હે આત્મન્ ! કેટલાક પ્રાણીઓ ઉપર શત્રુબુદ્ધિ રાખીને તું તારાં મનને શા સારૂ કષાયથી મલીન કરે છે? (કારણકે) તેઓ માતાપિતા વિગેરે રૂપોમાં તારી પ્રીતિ અનંતા ભવોમાં પામ્યા છે.

સ્વાગતા.

**ભાવ**–કોઈના ઉપર ક્રોધ કરવો તે બહુ મુશ્કેલ છે. તે કરતી વખતે મુખને લાલચોળ કરવું પડે છે અને મનનો કબજો મૂકી દેવો પડે છે. ક્રોધ કરવો એ આત્મિક શુદ્ધ દશા નથી એ આટલા ઉપરથીજ જણાય છે, કારણ કે એમાં સ્વાભાવિક્તા બહુ ઓછી છે. ત્યારે આવી કૃત્રિમ દશા ધારણ કરવામાં લાભ શું છે? એવી દશા શા માટે ધારણ કરવી ? સામી બાજુએ ક્ષમા ધારણ

કરવામાં કોઈપણ પ્રકારની મહેનત કરવી પડતી નથી, કોઈ જાતની તૈયારી કરવી પડતી નથી અને કાંઈ વિચાર પણ કરવો પડતો નથી. તે આત્મિક શુદ્ધ દશા હોવાથી તેનાપર વિચાર કરનારને તે સહજ પ્રાપ્તવ્ય છે અથવા અપેક્ષા બરાબર ધ્યાનમાં રાખીને બોલીએ તો તે પ્રાપ્તજ છે. આ આખું અપેક્ષા વચન બતાવે છે કે **સંસારમાર્ગ સરલ નથી, પણ મોક્ષમાર્ગ સરલ છે.** આવો વાંકો ચુંકો કષાય માર્ગ શામાટે તું આદરે છે? વળી તું એક બીજો પણ વિચાર કરીશ તો તને જણાશે કે કષાય કરવો અનુચિત છે. જેઓની ઉપર તું કષાયકરેછે તેઓ તારા માતાપિતા રૂપે અનેકવાર તારા પ્રીતિપાત્ર થયા છે. એકવાર જે પ્રીતિપાત્ર થયું હોય તેનાપર કષાય કરવો એ સુજ્ઞનું કાર્ય હોયજ નહિ. કષાય પર વસ્તુછે, પૌદ્ગલિક છે, પુદ્ગળ જન્ય છે, સંસારમાં રખડાવનાર છે, દર્શનથી પણ ખેદ આપે તે વર્ગમાં તેનો સમાવેશ થાયછે. એનું સેવન કરતાં સ્વાર્થસાધન જરાપણ સિદ્ધ થતું નથી, ઉલટો સંસારવધે છે. તેથી સંસારનો સંબંધ તોડવાની ઇચ્છાવાળા ખપી જીવે કષાયના સંબંધમાં પણ ન આવવું વધારે સારું છે. કષાયના સંબંધમાં વિશેષ વિવેચન સાતમા અધિકારમાં આવશે; અત્ર કષાય સમતાને પૂરેપૂરા બાધ કરનારા છે, સમતાના વિરોધી છે અને જેનાપર કષાય કરવામાં આવે છે તે ન્યાયદ્રષ્ટિથી કષાયનું પાત્ર થઇ શકતા નથી એટલુંજ બતાવે છે. તારૂં સાધ્ય (મોક્ષ) અને તારૂં સાધન જો વિરોધવાળું હશે તો તારાં દરેક કાર્યમાં વિસંવાદ પ્રાપ્ત થશે અને છેવટે સાધ્ય મળશે નહિ. મોક્ષ અને કષાયને વિસંવાદ છે એવું અનુભવી પુરૂષો સિદ્ધ કહી ગયા છે; માટે હવે યોગ્ય વિચારણા કરજે.

## સ્ત્રી શરીરમાં શું છે તે વિચારવાની જરૂર.

अंगेषु येषु परिमुह्यसि कामिनीनां,
चेतः प्रसीद विश च क्षणमंतरेषां ।
सम्यक् समीक्ष्य विरमाशुचिपिंडकेभ्य-
स्तेभ्यश्च शुच्यशुचिवस्तुविचारमिच्छत् ॥

"હે ચિત્ત! તું સ્ત્રીઓનાં શરીર ઉપર મોહ પામે છે, પણ તું (અસ્વસ્થતા મુકીને) પ્રસન્ન થા, અને જે અંગો ઉપર મોહ પામે છે તે અંગોમાં પ્રવેશ કર. તું પવિત્ર અને અપવિત્ર વસ્તુના વિચાર (વિવેક)ની ઇચ્છા રાખે છે તેથી બરાબર સારી રીતે વિચાર કરીને તે અશુચિના ઢગલાથી વિરામ પામ."

વસંત તિલક

**વિવેચન**—આ પ્રાણી બહારના દેખાવ માત્રથી ફસાઇ જાય છે. કર્ત્તા કહે છે કે તને શરીરના જે ભાગ ઉપર મોહ થતો હોય તેની અંદર જરા ઊંડો ઉતર અને તેમાં શું છે તે વિચાર, જરા વિચાર કરીશ તો કદિ પણ મોહ થશે નહિ. રાવણ સરખા ભૂલ્યા તે આટલો વિચાર ન કરવાનુંજ પરિણામ હતું અને નેમનાથ સંસાર છોડી ચાલ્યા ગયા તે એ વિચારનુંજ પરિણામ હતું, તેને પ્રથમથીજ સમજાઇ ગયું હતું કે સ્ત્રી સંબંધથીજ અનેક પ્રકારની ઉપાધિ જરૂર વધશે. અનેક મહાત્માઓ સંસાર છોડી જંગલમાં ચાલ્યા જાય છે તે આ બંધન તોડવા માટેજ છે. સ્ત્રીના રૂપમાં આસક્ત થયેલા મનુષ્યરૂપ અનેક પતંગીઆ બહારના મોહથી ફસાઈ સારાં કપડાં પહેરીને શોભીતી થયેલી પરસ્ત્રીરૂપ

દીવાની ઝાળમાં પડે છે અને પછી શું થાય છે તે સર્વ સમજે છે. શૃંગારને પોષણ કરનારા કવિઓની કવિત્વશકિત ગમે તેટલી વખાણવા જેવી હોય, પણ તેઓની મનનશકિત આટલેથીજ અટકી છે. કોઇ આવાજ પ્રકારના હેતુથી શાંતરસને રસમાં ગણવાની તેમના તરફથી ના પાડવામાં આવી છે. કવિઓ પણ મનુષ્યજ હતા અને મનુષ્યની નબળી બાજુમાં મોહ રહે છે તેને વશ થઇ જવાથી મોહ તેઓના ઉપર પોતાની શકિત અજમાવે એ સ્વાભાવિક છે.

આ શ્લોકનો ભાવ વિચારવા જેવો છે. સંસારમાં ભમાડનાર કર્મો પૈકી મોહનીય કર્મ બહુ તીવ્ર છે, બળવાન્ છે અને સામે થવામાં જરા મુશ્કેલી પમાડે તેવું છે. ઉપમિતિ ભવ પ્રપંચના કર્ત્તા સિદ્ધર્ષિ ગણિ તેમજ અન્ય મહાત્માઓ કર્મોની અંદર તેને રાજાની પદવી આપે છે, અને બીજા કર્મોને તેના પ્રધાન, સિપાઇ તરીકે ઓળખાવે છે. ધર્મધનની હાનિ કરનાર મોહનીય કર્મના પ્રભાવથી ધર્મધનથી રહિત થઈ જઈ આ જીવ સંસારમાં રખડયા કરે છે. સંસાર ઓછો કરવો, ભવના કલેશ મટાડવા, સ્વસ્થાન પ્રાપ્ત કરવા અને નિરતિશય આનંદ મેળવવા સ્ત્રીપરનો મમત્વ ઓછો કરવો એ અત્ર ઉપદેશ છે. સાંસારિક ભોગ ભોગવનારાઓએ તેને ત્યજતી વખત શાળિભદ્ર અને સ્થુળિભદ્રાદિનું ચરિત્ર જોવું અને સંસારમાં ન પડયા હોય તેમણે પડયા અગાઉ નેમનાથ અને મલ્લિનાથાદિકનું ચરિત્ર જોવું.

[१६५]

## પૈસા પાપના હેતુભૂત છે.

**याः सुखोपकृतिकृत्त्वधिया त्वं, मेलयन्नसि रमा ममताभाक् ।**
**पाप्मनोऽधिकरणत्वत एता, हेतवो ददति संसृतिपातम् ॥**

"લક્ષ્મીની લાલચમાં લેવાયેલો તું (સ્વ) સુખ અને ઉપકારની બુદ્ધિથી જે લક્ષ્મી મેળવે છે તે અધિકરણ હોવાથી પાપનીજ હેતુભૂત છે અને સંસારભ્રમણને આપનારી છે."

સ્વાગતાવૃત.

**વિવેચન**-ધન મેળવતી વખતે પોતાને સુખ મેળવવાની અને સ્વજન કુટુંબ મિત્રાદિપર ઉપકાર કરવાની બુદ્ધિ હોય છે. (ગ્રંથકર્ત્તા બહુ સારો ભાવ લઈને આ લખે છે, પરંતુ સત્ય હકીકત જોઈએ તો આવી બુદ્ધિ પણ બહુ થોડાને હોય છે. ઘણા લક્ષ્મીવાનો તો પોતે સુખ ભોગવતા નથી, દાન દેતા નથી, માત્ર લક્ષ્મીની તીજોરી ઉપર ચોકીજ કર્યા કરે છે) આવા હેતુથી મેળવાતી અને મેળવેલી લક્ષ્મી પણ કર્માદાન વિગેરે અનેક પાપોથી ભરપૂરજ હોય છે, અને એવા પાપથી ભારે થયેલો પ્રાણી સંસારસમુદ્રમાં ડુબતો જાય છે અને પછી અનંતકાળ સુધી ઉંચો આવી શકતો નથી.

**મમ્મણ શેઠ** પાસે બહુ દ્રવ્ય હતું, છતાં પોતે તો તેલને ચોળાજ ખાતા હતા અને ઘોર અંધારી રાત્રીએ વરસતા વરસાદમાં પૂર આવેલી નદીમાંથી લાકડાં ખેંચીને પૈસા સારૂ અનેક કષ્ટ વેઠતા હતા. તેઓ મરીને ક્યાં ગયા? નરકમાં જવાથી સંસારપાતજ થયો. ઇતિહાસમાં આપણે જોઇએ છીએ તો ધન-પૈસા ખાતર અનેક જીવોનો નાશ કરવામાં આવે છે, અને

જેઓ પૈસા મેળવે છે તેઓ પોતાનો લોભ પૂરો પાડવા સારૂજ પૈસા મેળવે છે. જુલીયસ સીઝર, પોમ્પી, મેરીયસ, નેપોલીયન બોનાપાર્ટ અને છેલ્લા વખતમાં બોર અને અંગ્રેજોનું યુદ્ધ અને જાપાન તથા રૂશીઆનું યુદ્ધ પૈસાપ્રાપ્તિ સારૂજ છે. ઈતિહાસમાં લોહીની નદીઓ વહી છે તે સર્વ આ લક્ષ્મીની પ્રાપ્તિ માટેજ બહુધા થયેલી હોય છે. આવાં કારણોથી તીર્થંકર મહારાજ તો થાળી ટીપી ટીપીને કહી ગયા છે કે ભાઈઓ! પૈસાનો લોભ કરશો નહિ. પૈસાથી નરક બહુ નજીક આવે છે.

## ધનથી સુખ કરતાં દુઃખ વધારે છે.

**ममत्वमात्रेण मनःप्रसादसुखं धनैरल्पकमल्पकालम् ।**
**आरंभपापैःसुचिरं तु दुःखं, स्याद्दुर्गतौ दारुणमित्यवेहि ॥**

"આ પૈસા મારા છે એવા વિચારથી મનપ્રસાદરૂપ થોડું અને થોડા વખતનું સુખ પૈસાથી થાય છે--પણ આરંભના પાપથી દુર્ગતિમાં લાંબા વખત સુધી ભયંકર દુઃખ થાય છે; આ પ્રમાણે તું જાણ." ઉપજાતિ.

**વિશેષાર્થ**—"આ ઘર મારું, આ ઘરેણાં મારાં, વટાવ ખાતામાં આટલી રકમ જમે છે તે મારી" એવા માની લીધેલાં મારાપણાના મમત્વથી મન જરા પ્રસન્ન થાય છે, અને તેવી મનની પ્રસન્નતામાં આ જીવે સુખ માનેલું છે. વાસ્તવિક સુખનો અનુભવ ન હોવાથી આમાં સુખ લાગે છે પણ તે સુખ માત્ર નામનું છે. મનની શાંતીમાં અગાઉ જે સુખ બતાવ્યું છે તે સુખ આગળ આની કાંઈ ગણતરી પણ નથી વળી આ સુખ **બહુ થોડો વખત** રહે છે. હાલ મનુષ્યનું બહુ તો સો

વર્ષનું આયુષ્ય ગણીએ તો અનંતકાળની પાસે તે લેખામાં નથી. વળી આટલા અલ્પ સમયમાં આરંભાદિ વડે દ્રવ્ય મેળવીને જે સુખ મેળવવા પ્રયત્ન કરીએ તેને પરિણામે અસંખ્ય વર્ષો સુધી નારકીનાં દુઃખો અને નિગોદનાં દુઃખો ખમવાં પડે છે. **ધર્મદાસગણિ** કહી ગયા છે કે 'જે સુખની પછવાડે દુઃખ હોય તેને સુખ કહી શકાયજ નહિ.' આ સંસારમાં પણ પચાસ વર્ષ સુધી ગૃહસ્થસ્થિતિમાં રહેલો માણસ પછવાડેના પાંચ વર્ષ જો દુઃખી થાય છે તો તેનું પ્રથમનું સુખ કાંઈ ગણતરીમાં પણ આવતું નથી.

પૈસાથી સુખ કેવું અને કેટલું છે તેની ફીલસુફી જાણ્યા પછી તને યોગ્ય લાગે તો તેનાપર મોહ કરજે. કેટલીક બાબતમાં પ્રાકૃત લોકપ્રવાહથી ખેંચાઇ જવું યોગ્ય નથી. દુનિયા જે દ્રવ્યવાનોને મહાસુખી ધારતી હોય તેના અંતઃકરણને જઈને પૂછવું કે તેને ખરૂં સુખ છે? દુનિયાના પાકા અનુભવીઓ કહે છે **પૈસાથી એકાંત ઉપાધિ છે, સુખ હોય તો સંતોષમાંજ છે, અને ચાલુ સ્થિતિને તાબે થઈ મનને આનંદમાં રાખવું એજ સુખ મેળવવાનો ઉપાય છે.** બાકીતો **રાવણ, જરાસંઘ** અને **ધવળશેઠનાં** ચારિત્રોનો વિચાર કરવો, જેથી સુખનું ખરું તત્વ સમજાઇ જશે.

## ધનથી થતી અનેક પ્રકારની હાનિ, તેને તજી દેવાનો ઉપદેશ.

आरंभैर्भरितो निमज्जति यतः प्राणी भवांभोनिधा-
वीहंते कुनृपादयश्च पुरुषा* येनच्छलाद्बाधितुम् ।

*પુરુષં એવો ક્વચિત્ પાઠ છે, તે પરિગ્રહવંત પુરૂષ માટે સમજવો.

**चिंताव्याकुलताकृतेश्च हरते यो धर्मकर्मस्मृतिं,**
**विज्ञा ! भूरिपरिग्रहं त्यजत तं भोग्यं परैः प्रायशः ॥**

"આરંભના પાપથી ભારે થયેલો પ્રાણી જે ધનને લીધે સંસાર સમુદ્રમાં ડુબે છે, જે ધનના પરિગ્રહથી રાજા વિગેરે પુરૂષો છિદ્ર જોઈને દુઃખ દેવાને ઇચ્છે છે, અનેક ચિંતામાં આકુળવ્યાકુળ રાખીને જે પૈસા ધર્મકાર્ય કરવાનું તો યાદ આવવા દેતાજ નથી, અને ઘણે ભાગે જે પારકાનાજ ઉપભોગમાં આવે તેવા એ પૈસાના મોટા સંગ્રહને હે પંડિતો તમે તજીદો."

શાર્દૂલવિક્રીડિત.

**વિશેષાર્થ**–સંસાર દરિયો છે, ભારે વહાણ જેમ દરિયામાં ડુબી જાય છે તેમ પાપથી ભારે થયેલો જીવ સંસારસમુદ્રમાં ડુબી જાય છે. પૈસા કમાવામાં, તેનું રક્ષણ કરવામાં અને અકાર્યમાં વ્યય કરવામાં અનેક આરંભ કરવા પડે છે; આરંભથી પાપ થાય છે અને પાપથી આત્મા ભારે થાય છે. માટે પૈસા સંસારભ્રમણનોજ હેતુ છે.

રાજાઓ અગાઉના વખતમાં પૈસા ખુંચવી લેતા હતા, અને તેમ કરવા સારૂ દ્રવ્યવાનનાં છિદ્ર જોયા કરતા હતા. આવા ભયમાં ગૃહસ્થોને હંમેશાં રહેવું પડતું અને તેટલા સારૂ પૈસા હોય તોપણ ગરીબાઈનો દેખાવ કરવો પડતો હતો. અત્યારે પણ ચોર, લુચ્ચાઓ અને સોનેરી ટોળીવાળાથી પૈસાદારને ડરવાનું રહે છે.

પૈસાના વિચારમાં આ પ્રાણી એટલો બધો લુબ્ધ થઈ જાય છે કે પોતાનો પુત્રધર્મ, પિતૃધર્મ, પતિધર્મ, ભક્તધર્મ વિગેરે ધર્મો તદ્દન ભૂલી જાય છે. પૈસાના વિચારમાંજ તેને મઝા આવે

છે. પૈસા કેમ રળવા, કેમ વધારવા કેમ ખરચવા વિગેરે વિગેરે આબતો તેના મનપર એટલી બેસી જાય છે કે પોતાનો સર્વ ધર્મ ત્યજી દેછે; ધર્મનું નામ પણ યાદ આવતું નથી.

ધન તજી દેવામાં ત્રણ કારણો કહ્યાં. **પરભવમાં દુર્ગતિ આ ભવમાં ચાલુ ભય** અને **ધર્મવિમુખતા.** તે કરતાં ચોથું કારણ વધારે મજબૂત છે, તે એ છે કે **પેદા કરેલા પૈસા ઘણે ભાગે બીજાનાજ ઉપયોગમાં આવે છે.** પૈસા પેદા કરનાર તો આખી જીંદગી વેઠ કરે છે, મોટો વારસો મૂકી જનારા પોતે સુખ ભોગવતા નથી, છોકરા હોય છે તો તે સુખ ભોગવે છે અથવા બીજા માલેક થાય છે. ખાસ કરીને કૃપણનું તેમજ થાય છે. નીતિશાસ્ત્રમાં કહે છે કે—

> कीटिकासंचितं धान्यं, मक्षिकासंचितं मधु ।
> कृपणैः संचितं वित्तं, परैरेवोपभुज्यते ॥

'કીડીએ ભેગું કરેલું અનાજ, માખીએ સંગ્રહ કરેલું મધ અને કૃપણ પુરૂષે એકઠું કરેલું ધન, પારકા વડેજ ભોગવાય છે'.

આ ચાર કારણોનો અંતઃકરણથી વિચાર કરે તો ધન ઉપર મોહ શું રહે? આવો વિચાર તો કરો. તમારી પાસે પાંચ દશ લાખ રૂપીઆ હોય તો તેથી મોહ પામી જશો નહિ. **શાલિભદ્રને** ઘેર દેવતાઈ આભૂષણાદિની દરરોજ નવાણું પેટીઓ ઉતરતી, તોપણ તેને લાગ્યું કે પોતાને માથે રાજા છે, માટે આ સંસાર અસાર છે. તો તમારા બે પાંચ લાખ તે શી ગણતરીમાં છે? તમે સામાન્ય સ્થિતિના હો તો ધનનો ત્યાગ બહુ મુશ્કેલ નથી. ધનથી લાભ કાંઇ પણ નથી. કોણ જાણે કેવા અનાદિ પ્રવાહથી આ જીવ

લોભમાં તણાતોજ જાય છે, અને પૈસા ત્યાગ કરતાં વિચાર કરે છે કે મારાથી આના વગર રહેવાશે કે કેમ? પણ ભાઇઓ! ઉપર લખેલા અને બીજા અનેક દોષોથી ભરેલા પૈસાને તજી દો. પૈસા તજી દેવા તે તમે ધારો છો તેટલું મુશ્કેલ નથી. કોઇપણ વસ્તુનો વિયોગ થાય ત્યારે એમ લાગે છે કે જાણે તે વગર ચાલશેજ નહિ, પણ વસ્તુતઃ તે વગર ચાલે છે. એજ નિયમ પૈસા માટે પણ સમજવો.

## સાત ક્ષેત્રમાં ધન વાપરવાનો ઉપદેશ.

क्षेत्रेषु नो वपसि यत्सदपि स्वमेत-
द्यातासि तत्परभवे किमिदं गृहित्वा ।
तस्यार्जनादिजनिताघचयार्जितार्त्ते,
भावी कथं नरकदुःखभराच्च मोक्षः ॥

"તારી પાસે દ્રવ્ય છે છતાં પણ તું (સાત) ક્ષેત્રમાં વાપરતો નથી, ત્યારે શું પરભવે ધનને તારી સાથે લઈજવાનો છે? વિચાર કર કે પૈસા મેળવવા વિગેરેથી થયેલા પાપસમુહથી મેળવેલાં નારકીનાં દુઃખોથી તારો મોક્ષ (છુટકારો) કેમ થશે?"

વસંતતિલકા.

**ભાવાર્થ**—પ્રાપ્ત કરેલા પૈસા પરભવમાં સાથે આવતા નથી, વળી તેને પેદા કરવામાં, જાળવવામાં અને તેનો વ્યય કરતાં અથવા નાશ થતાં અનેક દુઃખપરંપરા થાય છે અને પરભવમાં હીનગતિ થાય છે. હવે ત્યારે કરવું શું? કરવાનું એજ છે કે પ્રાપ્ત થયેલ, પૈસાનો શુભ રસ્તે વ્યય કરવો. દ્રવ્ય વાપરવાના અનેક રસ્તા છે. જિનબિંબસ્થાપન, જિનદેરાસરના જીર્ણોદ્ધાર,

પુસ્તકોનું લખાવવું, છપાવવું, રક્ષણ કરવું અને પુસ્તકભંડારો કરવા, લાયબ્રેરી કરવી તથા કેળવણીનો પ્રચાર કરવો, સાધુ-સાધ્વીઓ, સ્વામીભાઈઓ અને બ્હેનોનો ઉત્કર્ષ કરવો, અનાથનું પ્રતિપાલન કરવું અને શાસનની શોભા વધારવી; આવાં આવાં અનેક ઉપયોગી સ્થાનો છે, તેમાં જે જે સ્થાનકે આવશ્યકતા લાગતી હોય તે તે સ્થાનકે વ્યય કરવો સમજીને ડહાપણ ભરેલો લાગતો હોય તે તે સ્થાનકે વ્યય કરવો. દ્રવ્ય વ્યય કરવામાં લોકોની આધુનિક સ્થિતિ અને જરૂરીઆતપર ખાસ ધ્યાન આપવું. જો આવી ઉત્તમ ભાવનાથી દ્રવ્ય વ્યય કરવામાં આવે તો સંસારદુઃખથી છુટવાનું જલ્દી બને તેમ છે. શાસ્ત્રકારનું ખાસ ફરમાન છે કે **સાત ક્ષેત્રમાં ધનનો વ્યય** કરવો, **તેમાં પણ જે ક્ષેત્ર સીદાતું હોય તે તરફ પ્રથમ ધ્યાન આપવું.** જમણવાર કરવાની આ જમાનામાં ઘણા માણસો સમજીને-વિચારીને ના પાડે છે. તેઓને લાડવા કડવા લાગતા નથી, પરંતુ તેઓ સમજે છે કે જમણવાર કરતાં શ્રાવકોની સ્થિતિ સુધારવાની, તેઓને ઉદ્યમે ચડાવવાની અને અભણને ભણાવવાનાં સાધનો યોજી જૈન પ્રજાને બીજી પ્રજાની સપાટી પર મૂકવાની પ્રથમ જરૂરીઆત છે, તેવીજ રીતે દેરાસર વધારવા કરતાં તેમની પૂજા કરનારાઓને વધારવાની અને જે દેરાસર છે તેમને જાળવનારા ઉત્પન્ન કરવાની વધારે જરૂરીઆત છે. આ વિચાર સશાસ્ત્ર છે એમ તને જણાય તો તારે તે આદરવો ફક્ત લોકપ્રવાહથી ખેંચાઈ જવું નહિ. જ્યારે આવી રીતે વિચાર કરીને ધનનો વ્યય કરવામાં આવશે ત્યારે બેવડો લાભ થશે.

આવી રીતે **ધનમમત્વ મોચનદ્વાર** પૂર્ણ થયું. આ ધનનો વિષય બહુજ ઉપયોગી છે, એ સમજાવવાની જરૂર નથી. ગ્રંથકર્તાએ વિષય લીધો છે તે પ્રમાણે તેના બે ભાગ થઈ શકે છે. ધન ઉપર મમતા ન રાખવાનાં કારણો શરૂઆતમાં વિગતવાર બતાવ્યાં છે. અત્ર જે જે કારણો બતાવ્યાં છે તેપર પ્રાણી વિચાર કરે તો તેની ચક્ષુ ઉઘડયા વગર રહે નહિ. ચોથા શ્લોકમાં જે તત્વજ્ઞાન બતાવ્યું છે તે બહુ ઉપયોગી છે, અને ત્રીજા શ્લોકમાં કહ્યું છે કે **ममत्वमात्रेण मनःप्रसादसुखम्** આ વાકય બહુ રહસ્યથી ભરપૂર છે. ટુંકામાં કહીએ તો પ્રથમના ચારે શ્લોકમાં જે કારણો બતાવ્યાં છે તે બહુ વિચારવા યોગ્ય, મનન કરવા યોગ્ય અને અનુકરણ કરવા યોગ્ય છે. વિષયના બીજા ભાગમાં મળેલા ધનનો યોગ્ય માર્ગ વ્યય કરવા સૂચના કરી છે અને તે સંબંધમાં કેટલુંક ઉપયોગી જ્ઞાન આપ્યું છે. મુખ્ય ઉપદેશ અને ઉદ્દેશ ધન ત્યાગનોજ છે; પણ કદાચ તદ્દન મમત્વ છુટી શકે નહિ તો પછી શુભ માર્ગે વ્યય કરવાનું કહ્યું છે.

બંધુઓ ! આ સંસારમાં અનેક પ્રકારે રઝળાવનાર સ્ત્રી અને ધન એ બેજ વસ્તુઓ છે. એમના ઉપર રાગ એવા પ્રકારનો થાય છે કે તેનું વર્ણન જ્ઞાનીઓ પણ પૂરેપૂરૂં આપી શકતા નથી. આમાં ધન ઉપરનો સ્નેહ વધારે સખ્ત છે કે સ્ત્રી ઉપરનો વધારે સખ્ત છે તે કહેવું મુશ્કેલ છે. સ્ત્રી ઉપરનો સ્નેહ મોટી ઉંમરે શરુ થઇ થોડા વર્ષમાં ઓછો થઇ જાય છે; પણ જેટલો વખત રહે છે તેટલો વખત તેનો રસ (intensitv) બહુધા વધારે હોય છે. દ્રવ્ય પરનો મોહ દરરોજ વધતો જાય છે. અને વૃદ્ધાવસ્થામાં તે પરાકાષ્ઠાએ પહોંચે છે. અમુક વ્યક્તિને માટે કયો મોહ વધારે છે તે કહી શકાય, પણ સામાન્ય

રીતે મારૂં પોતાનું તો માનવું એવું છે કે દ્રવ્યપરનો મોહ કદાચ સ્ત્રીમોહથી ચઢીઆતો હોય કે ન હોય, પણ તેથી ઉતરે એવો તો નથીજ. કોઇપણ વસ્તુ પ્રાપ્ત કરવામાં પ્રાણીને અમુક ઇરાદો હોય છે, પણ ધનપ્રાપ્તિમાં તો કાંઇ પણ ઈરાદા વગર માત્ર પૈસાની ખાતરજ પૈસા મેળવવા યત્ન કરવામાં આવે છે. પુત્રને મ્હોટો વારસો આપવાનું પણ બ્હાનું છે. આ દલીલના પૂરાવામાં બે હકીકત જોવાની છે. એક તો વગર પુત્રના અને પુત્ર થવાની આશા વગરના માણુસો પણ એટલીજ ખંતથી પૈસા પ્રાપ્ત કરે છે, અને પાસેના પૈસાનો શુભ માર્ગે પણ વ્યય કરતા નથી; અને બીજી એ કે જો આવતા ભવ માટે પૈસા રોકાઈ શકતા હોય (investing of money) તો કોઈપણ માણુસ પુત્રને વારસો આપવાની દરકાર કરે તેમ નથી. વળી બીજું એ પણ જાણુવા યોગ્ય છે કે દરેક કાર્યમાં અમુક હદ હોય છે એટલે કે અમુક વખત પછી અમુક પ્રાપ્તિ થયા પછી તે કાર્ય પુરૂં થયું ગણાય. પૈસાની બાબતમાં આ નિયમ પણ જુડો પડે છે. હજાર મળે લાખની અને લાખ મળે કરોડની ઉત્તરોત્તર ઇચ્છા વધતીજ જાય છે. વધતી ઈચ્છા અનુસાર કર્તવ્યમાં જોડાઇ જીવન પૂર્ણ થાય છે, પણ પૈસા કમાવાનું કાર્ય કદી પણ પુરૂં થતું નથી. કાર્યસિદ્ધિના આ બે નિયમોને ધનપ્રાપ્તિ ખોટા પાડે છે.

ધનપ્રવૃત્તિ નિર્હેતુક છે એ આપણે જોયું, છતાં જેઓ તેને ઇચ્છતા નજ હોય તે ઉત્કૃષ્ટ પ્રશંસાને પાત્ર છે. જેઓ શ્રાવક અવસ્થામાં છે તેમણે સર્વ ત્યાગની ઈચ્છા રાખવી અને સાથે ચાલુ સ્થિતિમાં સંતોષ રાખવો. પોતાની સ્થિતિ સુધારવા મહત્વાકાંક્ષા રાખવી પણ તેમાં પરોવાઇ જઇ દુર્ધ્યાન ન થવા

દેવું. ચાલુ સ્થિતિમાં આનંદ પામવો અને ખાસ કરીને કર્મના સિદ્ધાંતને તાબે થઈ જવું નહિ પણ પુરૂષાર્થ કરવો. ગેરસમજુતી ન થાય તેટલા માટે જણાવવાની જરૂર છે કે સંતોષ ને પુરુષાર્થને વિરોધ નથી; પણ દુર્ધ્યાન થાય, પૈસાની જપમાળા જપાય, પૈસા પૈસાનુંજ ધ્યાન રહે એવી સ્થિતિ ન થવા દેવી. **you may aspire, but don't be dissatisfied with your present lot. તમે મોટા થવાની આશા-ઇચ્છા રાખો પણ તમારા ચાલુ સંયોગોથી અસંતોષી બનો નહિ.**

ધન મેળવ્યા પછી શું કરવું, એ બાબતમાં ગ્રંથકારે વિવેચન કર્યું છે. ધન મેળવતાં કેવા કેવા સંસ્કાર થાય છે તે પર જો ધ્યાન આપવામાં આવે તો ઉપદેશ લાગ્યા વગર રહે નહિ. પૈસા માટે પરદેશગમન, નીચ સેવા, ટાઢ તડકા અને તીવ્ર વચનો સહન કરવામાં આવે છે, પૈસા માટે ખુશામત કરવામાં આવે છે, પૈસા માટે ખટપટ કરવામાં આવે છે અને પૈસા માટે અનેક વિટંબના સહન કરવામાં આવે છે. જે કદર્થનાનો અંશ સહન કરવાથી મુનિમાર્ગમાં મોક્ષ મળે તેવી કદર્થના પૈસા સારૂ અનાદિ મોહમદિરામાં ચકચૂર થયેલ જીવ કરે છે, પણ વિચારતો નથી કે આ બધું શા સારૂ ? મૂઢ અવસ્થામાં અથડાઈ પછડાઇ અનંતકાળ રખડયા કરે છે. સિંદૂર પ્રકરણમાં કહે છે કે–'ધનથી અંધ થયેલી બુદ્ધિવાળા પુરૂષો વિષમ અટવીમાં ભ્રમણ કરે છે, વિકટ દૂર દેશાંતરમાં ફરે છે, ગહન સમુદ્રનું ઉલ્લંઘન કરે છે, બહુ દુઃખવાળી ખેતી કરે છે, કૃપણ પતિની સેવા કરે છે અને હસ્તીઓના સંઘટ્ટનથી અપ્રવેશ્ય સંગ્રામમાં જઈ પ્રાણ આપે છે. આ સર્વ લોભનું ચેષ્ટિત છે.'

સુખ ક્યાં ? પૈસાદારોની હવેલીમાં, રાજાના મહેલમાં, ચક્રવતીના આવાસમાં, ઇંદ્રના ઇંદ્રાસનમાં કે બે ઘોડાની ગાડીમાં ? વિચારીને જવાબ દેવો એ સરત છે. જરા જુઓ. બહારના આડંબરમાં સુખ નથી. સુખી લાગતાં માણુસોનાં હૃદય સળગી જતાં હોય છે, ઘરમાં અનેક ખટપટ હોય છે અને મનમાં તો યુદ્ધ ચાલ્યાજ કરે છે, સુખ સંતોષમાંજ છે, ચાલુ સ્થિતિને તાબે થવામાંજ છે. ધન અસ્થિર છે, કોઈનું થયું નથી અને કોઇનું થવાનું નથી. વળી પ્રાયે વિદ્યા અને ધનને વૈર છે. જ્ઞાન વગર સુખ નથી, અને પૈસાદારને સુખી માનવા એના જેવી બીજી મૂઢતા નથી.

અનેક દોષોથી ભરપૂર, **ધવળ શેઠ, મમ્મણ શેઠ, સુભૂમચક્રી** વિગેરેને નરકમાં નાખનાર, એકાંત ઉપાધિથી ભરપુર મનની અશાંતિનું પ્રબલ સાધન અને દુઃખનો વરસાદ વરસાવનાર વિદ્વાનોથી અંધનું ઉપનામ મેળવનાર લક્ષ્મીનું સુખ ભોગવનાર ધનિકોને તે સુખ મુબારક હો. ચાલુ જમાનાના વિચિત્ર રંગથી ભરપુર જીંદગીમાં અને ખાસ કરીને સખ્ત પ્રવૃત્તિના મધ્યબિંદુ ગણાતાં મોટાં શહેરોના સુખી દેખાતા લોકોને જોઈ જરાપણ મુંઝાવું નહિ; તેઓને સુખી માનવા નહિ. કારણ કે તેઓના ખાસ નજીકના સંબંધમાં ગયેલાઓ જાણે છે કે તેઓ સુખી નથી. આપણું સુખ આપણી સાથેજ છે, અને આપણે તો પરમાનંદપદ પ્રાપ્ત કરવાની ઇચ્છામાં ચાલુ સ્થિતિને તાબે થઈ, શુદ્ધ વૃત્તિએ રહી, ધર્મમય જીવન કરવાનો ઉદ્દેશ રાખી, ઉચ્ચતર અને વિશુદ્ધતર જીવન ગાળવાનો આશય, ઉદ્દેશ અને ઇચ્છા રાખવી. મનુષ્યજીવનનો ઉંચો

હેતુ પાર પાડવા સારૂ મનપર અંકુશ રાખવાની અને લોભનો ત્યાગ કરવાની બહુ જરૂર છે.

## શરીરને પાપથી પોષવું નહિ,

पुष्णासि यं देहमघान्यचिंतयं-
स्तवोपकारं कमयं विधास्यति ।
कर्माणि कुर्वन्निति चिंतयायतिं,
जगत्ययं वंचयते हि धूर्त्तराट् ॥

"પાપને અણુવિચારતો જે શરીરને તું પોષે છે તે શરીર તારા ઉપર શું ઉપકાર કરશે ? (તેથી તે શરીર માટે હિંસાદિક) કર્મો કરતાં આવતા કાળનો વિચાર કર. આ શરીરરૂપ ધૂતારો પ્રાણીને દુનિયામાં છેતરે છે. વંશસ્થ

**ભાવાર્થ**—શરીરને પોષણ કરવા સારૂ હીન ખોરાક અને ઉપચાર કરાવવા પડે છે અને તે માટે પૈસા પેદા કરવા પડે છે. હિંસા અસત્ય વિગેરે પાપો પણ સેવવાં પડે છે શરીર ધીમે ધીમે નાજુક તબીયતનું બની જાય છે. તેને સાબુ ચોળવા, પંખા નંખાવવા અને અખાદ્ય પદાર્થો દવારૂપે ખવરાવવા પડે છે. આવી રીતે પોષણ કરેલું શરીર પણ જરાએ બદલો વાળતું નથી, વારંવાર કંટાળો આપ્યા કરે છે અને ઉલટું ઘણી વખત તો રોગનું ઘર થઇ પડે છે.

વળી આવાં કર્મો કરતી વખતે પ્રાણીએ ભવિષ્ય કાળનો વિચાર કરવો જોઇએ. શરીરને જરા સુખ આપવા ખાતર જેનાં નામ ન આપી શકાય તેવી દવાઓ ખાતાં છતાં તે તો

પોતાનું ધાર્યુંજ કામ કરે છે અને પરભવમાં નીચ ગતિ થાય છે તે નફામાં રહે છે. વળી આવાં કર્મોથી પોષેલ શરીર પણ નાશ તો પામેજ છે. આપણે તેને પોતાનું માની બેઠા છીએ પણ વાસ્તવિક સ્વરૂપ તેમ નથી. ખરેખર, વિદ્વાન ગ્રંથકર્તા કહે છે તેમ શરીરરૂપ ધૂતારો સર્વ પ્રાણીઓને ઠગે છે. કહેવાની મતલબ એ છે કે શરીરને પાપી કાર્યથી પોષવું નહિ. ધાર્મિક કાર્યમાં ઉપયોગી થાય છે તેથી તેને જોઇતો નિરવદ્ય ખોરાક આપી મમત્વ વગર પાળવું એટલુંજ કર્તવ્ય છે.

શરીરપરનો મોહ સંસારમાં રઝળાવે છે એ નિઃસંશય છે. **સનતકુમાર ચક્રવર્તીને** શરીરપર બહુ પ્રેમ હતો, પણ જ્યારે તે મોહ પરાકાષ્ઠાએ પહોંચ્યો ત્યારે **વિષમય** થઇ ગયું, અને પુરાણમાં **ત્રિશંકુ માટે** એક દષ્ટાંત આપેલ છે તે પણ શરીર પર અત્યંત પ્રેમ રાખનારને બોધ આપે તેવું છે. આ 'ત્રિશંકુ રાજાને શરીરપર એટલો બધો પ્રેમ હતો કે એજ શરીરથી સ્વર્ગમાં જવાની તેને ઇચ્છા થઇ. પોતાના કુળગુરૂ વશિષ્ઠને આ વાત જ્યારે કહી ત્યારે તેઓએ વાતને હસી કાઢી. ત્યાર પછી પોતાના પુત્રોને પ્રયત્ન કરવા કહ્યું પરંતુ તેઓએ પણ મશ્કરી કરી વાત ઉડાવી દીધી. આટલા ઉપરથી ત્રિશંકુ ગુસ્સે થઈ ગયો અને વિશ્વામિત્ર પાસે ગયો. વિશ્વામિત્રના કુટુંબ ઉપર દુકાળના વખતમાં ત્રિશંકુએ ઉપકાર કર્યો હતો તેથી વિશ્વામિત્રે તેની માંગણી કબૂલ કરી અને યજ્ઞ કરવા માંડયો. તપના પ્રભાવથી વિશ્વામિત્રે ત્રિશંકુને આકાશમાં ચડાવવા માંડયો પણ સ્વર્ગના ગઢ આગળ પહોંચ્યો ત્યાં ઇંદ્રે તેને ઉંધે માથે પછાડયો. અર્ધ રસ્તે પહોંચ્યો ત્યાં વિશ્વામિત્રે આ વાત

જાણી એટલે બોલ્યા કે तिष्ठ त्रिशंकु तिष्ठ આ ઉચ્ચારથી ત્રિશંકુ ઉંધે માથે લટકી રહ્યો. ન મળ્યું સ્વર્ગસુખ અને ન મળ્યું સંસારસુખ. શરીરપરના મમત્વથી સર્વ ખોયું. (આપ્ટે ડીક્શનેરી) આ હકીકતપરથી શરીરમોહ કેટલો નુકશાનકર્તા છે એ જોવાનું છે.

## જીવ અને સૂરિ વચ્ચે થયેલી વાતચીત.

दुष्टः कर्मविपाकभूपतिवशः कायाह्वयः कर्मकृत्,
बद्ध्वा कर्मगुणैर्हृषीकचषकैः पीतप्रमादासवम् ।
कृत्वा नारकचारकापदुचितं त्वां प्राप्य चाशुच्छलं
गंतेति स्वहिताय संयमभरं तं वाहयाल्प ददत् ॥

"શરીર નામનો નોકર કર્મવિપાક રાજાનો દુષ્ટ સેવક છે, તે તને કર્મરૂપી દોરડાએ બાંધીને ઇંદ્રિયોરૂપી દારૂ પાવાનાં પાત્રો વડે તને પ્રમાદરૂપ મદિરા પાશે. આવી રીતે તને નારકીનાં દુઃખ ખમવાને યોગ્ય કરીને પછી કાંઇ બ્હાનું લઇને તે સેવક નાસી જશે; માટે તારાં પોતાનાં હિતને માટે તે શરીરને જરા જોર આપીને સંયમના બારને તું સહન કર."

**વિવરણ**—એક **કર્મવિપાક** નામે રાજા **ચતુર્ગતિ** નગરીમાં રાજ્ય કરે છે. આ રાજાને અનેક સેવકો છે અને **શરીર** પણ અનેકમાંનો એક સેવક છે. હવે રાજા દરરોજ કચેરી ભરે છે, તેમાં એક દિવસ આ જીવ યાદ આવ્યો એટલે પોતાના સેવકોને હુકમ કર્યો કે આ જીવને બંદીખાનામાં નાંખી દો, નહિતો કદાચ તે મોક્ષનગરમાં ચાલ્યો જશે જ્યાં આપણી સત્તા (Jurisdiction) જરા પણ નથી. શરીર નામના સેવકે

તૈયારી કરી અને રાજાને કહ્યું કે જીવને કબજે રાખવા સારુ દોરડાનો ખપ પડશે. કર્મવિપાકે કહ્યું કે "અરે કાયા! તેમાં તારે મુંઝાવાનું નથી આપણી શાળામાં કર્મ નામનાં હજારો દોરડાં છે તેમાંથી તારે જોઇએ તેટલાં લઇ લે, ફક્ત તું આ જીવથી સાવચેત રહેજે; નહિ તો તને થાપ ખવરાવી દેશે." વળી પાછો શરીરસેવકને વિચાર થયો કે કામ આ કરું છે તેથી રાજાને કહ્યું કે "મહારાજ! આ જીવમાં તો અનંત શક્તિ છે તેથી મને મારીને હઠાવી દે, માટે કોઇ એવી વસ્તુ આપો કે તેના ઘેનમાં પડયો રહે અને પોતાની શક્તિ છે તેનો ખ્યાલજ આવે નહિ." આ ઉપરથી બહુ વિચાર કરીને રાજાએ મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદરુપ આસવ (દારુ) આપ્યા, અને ભલામણ કરી કે ઇંદ્રિયોરુપ વાસણમાં આ આસવ લઇ આ જીવને પાયા કરવો.

શરીરે આવી રીતે પોતાના રાજાનો હુકમ થતાં તરતજ અમલમાં આણ્યો. દારૂના ઘેનમાં મગ્ન થઇ ગયેલા જીવને કૃત્યાકૃત્યનો પણ વિવેક રહ્યો નહિ; અને જ્યારે શરીરને અચોક્કસ થયું કે આ જીવ હવે મોક્ષે જશે નહિ પણ નારકીમાંજ જશે, ત્યારે પોતાનું કાર્ય ફતેહ થયું છે એમ માની આ જીવને છોડીને ચાલ્યો જવાનો વિચાર કરવા લાગ્યું. હવે એવા વખતમાં અકસ્માત્ ગુરૂ મહારાજ (મુનિસુંદરસૂરિ) આ જીવને મળી ગયા. બંદીખાનામાં પીધેલ અવસ્થામાં પડેલા આ જીવને જોઇને તેઓને બહુ દયા આવી. એટલે તેમણે તે જીવને કેદખાનાનું સ્વરૂપ સમજાવ્યું અને પછી કહ્યું કે "હે ભાઈ! આ બંદીખાનામાંથી અત્યારે પણ નીકળી જા. આ શરીર જરા લોભી છે, માટે તારે એવી યુક્તિ કરવી કે તેને

થોડું થોડું ખવરાવવું અને મોક્ષનું સાધન તેના વડેજ તૈયાર કરવું, અને તારે પાંચ ઇંદ્રિયોપર સંયમ રાખવો ને પાંચ પ્રમાદરૂપ દારૂ તો કદી પીવોજ નહિ.”

મુનિસુંદરસૂરિ મહારાજના આ ઉપદેશ ઉપર હાલમાં જીવ વિચાર ચલાવે છે. ઉપદેશ પ્રમાણે અમલ થવાની બહુ જરૂર છે.

## શાસ્ત્ર ભણેલા પ્રમાદીને ઉપદેશ.

यस्यागमांभोदरसैर्न धौतः प्रमादपंकः स कथं शिवेच्छुः ।
रसायनैर्यस्य गदाः क्षता नो, सुदुर्लभं जीवितमस्य नूनम् ॥

“જે પ્રાણીનો પ્રમાદરૂપ કાદવ સિદ્ધાંતરૂપ વરસાદનાં જળ પ્રવાહથી પણ ધોવાતો નથી તે કેવી રીતે મુમુક્ષુ (મોક્ષ મેળવવાની ઇચ્છાવાળો) હોઈ શકે? ખરેખર, રસાયણથી પણ જો કોઈ પ્રાણીના વ્યાધિઓ નાશ પામે નહિ તો પછી તેનું જીવન રહેવાનુંજ નહિ એમ જાણવું.” ઉપજાતિ.

**ભાવાર્થ**—જ્યારે શાસ્ત્રશ્રવણથી પણ પ્રમાદનો નાશ થાય નહિ ત્યારે પછી આ જીવને અનંતકાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરવાનુંજ છે, એમ સમજવું. પ્રમાદ આઠ પ્રકારના છે. ૧ સંશય. ૨. વિપર્યય (ઉલટો બોધ). ૩ રાગ. ૪ દ્વેષ. ૫ મતિભ્રંશ. ૬ મન વચન કાયાના યોગોનું દુઃપ્રણિધાન. ૭ ધર્મપર અનાદર. ૮ અજ્ઞાન. અથવા પાંચ પ્રકારે પણ પ્રમાદ છે. મદ્ય, વિષય, કષાય, વિકથા ને નિદ્રા. આનું વિશેષ સ્વરૂપ છઠ્ઠા અધિકારમાં છે. અત્ર આઠ પ્રકારના પ્રમાદનો ત્યાગ

સમજવો. શાસ્ત્રાભ્યાસ કે શ્રવણ પછી તે બન્યાજ રહે તો પછી થઈજ રહ્યું ! વૈદ્યશાસ્ત્રોકત વિધિપૂર્વક મારેલાં તામ્ર કે પારદ પ્રમુખના પ્રયોગથી પણ જ્યારે વ્યાધિ મટે નહિ ત્યારે તે કેસની આશા છોડવી. તેમજ સંસાર દુઃખરૂપ વ્યાધિ પણ તેને માટેના રસાયણ શાસ્ત્રથી પણ જો મટે નહિ તો જાણવું કે તેવા વ્યાધિવાળો પ્રાણી 'દુઃસાધ્ય' કે 'અસાધ્ય'ના વર્ગમાં છે. દરેક ભૂલને સુધારવાના ઉપાય હોય છે, દરેક વિમાર્ગગમનને સુમાર્ગે લાવવાનાં સાધન હોય છે, દરેક વ્યાધિનાં ઔષધ હોય છે.

પ્રમાદનો પારિભાષિક અર્થ ન કરીએ તો સામાન્ય ભાષામાં તેનો આલસ-પુરૂષાર્થનો અભાવ એ અર્થ થાય છે. દરેક વ્યકિત પછી તે ઉપાધિ રહિત હોય તેને સ્વકર્ત્તવ્યથી ભ્રષ્ટ કરનાર આ મહા દુર્ગુણ છે. એની હાજરી હોય ત્યારે કોઈપણ કાર્ય થઈ શકતું નથી અને દરેક પગલે સ્ખલના પ્રાપ્ત થાય છે. સાધુ જીવનમાં પ્રમત્ત અવસ્થા અધઃપાત કરાવનારી થાય છે અને સાધ્યને રસ્તે વધારો કરાવવાને બદલે એક પગલું પાછી હઠાડે છે.

આ પ્રમત્ત અવસ્થા દૂર કરવા માટે શાસ્ત્રાભ્યાસ પરમ ઉપાય છે. શાસ્ત્રાભ્યાસથી પોતે કોણ છે, પોતાની ફરજ શી છે, પોતાનું સાધ્ય શું છે, તે સાધ્ય પ્રાપ્ત કરવાના ઉપાય શા છે તે જાણવાનું સમજવાનું બની આવે છે અને તેથીજ પ્રમાદને દૂર કરવાની યોગ્યતા શાસ્ત્રાભ્યાસીને પ્રાપ્ત થાય છે. આ અભ્યાસ પણ મનનપૂર્વક અને વર્તનપર અસર કરનારો જોઇએ. વાગાડંબર કે ચપળતા કરાવનારો શાસ્ત્રાભ્યાસ બહુ લાભપ્રદ

નથી, કારણકે એવી સ્થિતિમાં વ્યાધિના ઔષધ તરીકે તેમાં જે ગુણ રહેલો છે તે નાશ પામે છે, અને ધારેલ પરિણામ ન નીપજાવનાર ઔષધ નકામું થઇ પડે છે તેમ શાસ્ત્રાભ્યાસ પણ આવા સંયોગોમાં ઉપયોગ વગરનો થઈ પડે છે રસાયનનું ઉકત દષ્ટાંત તેથી બરાબર થાય છે. કહેવાની મતલબ એ છે કે શાસ્ત્રાભ્યાસ બહુ મનનપૂર્વક કરવો, તે પ્રમાણે વર્તન કરવું અને પ્રમાદ વિગેરે દુર્ગુણો હોય તેને દૂર કરવાનું સાધ્ય લક્ષમાં રાખવું. પરમ સાધ્ય તો 'શિવ' (મોક્ષ) છે એ ખાસ ધ્યાનમાં રાખવું અને બુદ્ધિ તથા શકિતને આવિર્ભાવ આપવાના આવા અનુકુળ પ્રસંગો પ્રાપ્ત થયા છતાં તેનો સદુપયોગ ન થાય અને દરેક શુભ કાર્યમાં પ્રમાદ થયાજ કરે એ સ્થિતિ દૂર કરવાની આવશ્યકતા સમજવી અને દૂર કરવા પરમ પુરૂષાર્થ પ્રગટ કરવો.

## નરક ગતિનાં દુઃખો.

दुर्गंधतो यदणुतोपि पुरस्य मृत्यु-
रायूंषि सागरमितान्यनुपक्रमाणि ।
स्पर्शः खरः क्रकचतोऽतितमामितश्च,
दुःखावनंतगुणितौ भृशशैत्यतापौ ॥
तीव्रा व्यथाः सुरकृता विविधाश्च यत्रा-
क्रंदारवैः सततमभ्रभृतोऽप्यमुष्मात् ।
किं भाविनो न नरकात्कुमते बिभेषि,
यन्मोदसे क्षणसुखैर्विषयैः कषायी ॥ युग्मम्

"જે નારકીની દુર્ગંધીના એક સૂક્ષ્મ ભાગ માત્રથી (આ મનુષ્ય લોકના) નગરનું (એટલે નગરવાસી જનોનું) મૃત્યુ થાય છે, જ્યાં સાગરોપમથી મપાતું આયુષ્ય નિરૂપક્રમ હોય છે, જેનો સ્પર્શ કરવતથી પણ બહુ કર્કશ છે, જ્યાં ટાઢ તડકાનું દુઃખ અહીં કરતાં (મનુષ્યલોક કરતાં) અનંતગણું વધારે છે, જ્યાં દેવતાઓની કરેલી અનેક પ્રકારની વેદનાઓ થાય છે અને તેથી રડારોળ અને આક્રંદવડે આકાશ ભરાઇ જાય છે–આવા પ્રકારની નારકી તને ભવિષ્યમાં મળશે એ વિચારથી હે કુમતિ! તું બીનો નથી કે કષાય કરીને અને થોડો વખત સુખ આપનારા વિષયો સેવીને આનંદ માને છે?"

**વિવેચન**–નારકીમાં દુર્ગંધ એટલી હોય છે કે તેના બહુ સૂક્ષ્મ ભાગથીજ આખા નગરવાસી જનોનાં મરણ થઇ જાય.

મનુષ્યનું આયુષ્ય મહામારી, શસ્ત્રઘાત, ભય વિગેરે કારણોથી નાશ પામે છે એટલે સોપક્રમ હોય છે, પણ નારકીના જીવનું આયુષ્ય તો ગમે તે કારણથી તુટતુંજ નથી. ઘણા કટકા શરીરના થઈ જાય તો પણ પારાની પેઠે તે જોડાઈ જાય છે. વળી નારકીનું આયુષ્ય સાગરોપમથી ગણાય છે. સાગરોપમ એટલે અસંખ્યાતા વરસનુ એક પલ્યોપમ અને દશ કોટાકોટિ પલ્યોપમે એક સાગરોપમ. પલ્યોપમનો પણ ખ્યાલ આવવો મુશ્કેલ છે. (પાંચમા કર્મગ્રંથની ગાથા ૮૫ મી જુઓ) આવું મોટું આયુષ્ય અને તેમાં દુઃખ દુઃખજ છે એટલે ક્ષણ માત્ર પણ સુખ નથી. નરકભૂમિનો સ્પર્શ કરવતની ધારથી પણ સખત છે અને ત્યાંની ઠંડી આગળ ઉત્તરધ્રૂવની ઠંડી અને તાપ આગળ સહરાના રણનો

તાપ કાંઈ ગણતરીમાં નથી. ક્ષેત્રવેદના બહુજ સખત છે. કેટલાંક ક્ષેત્રો તદ્દન ગરમ છે. એનાં દુઃખનો ખ્યાલ એટલાથી આવશે કે તેને ઉપાડી ખેરના અંગારાની ખાઇમાં ભર ઉનાળામાં સુવાડવામાં આવે તો જેમ મનુષ્ય કમળની શય્યામાં સુખેથી સુઈ રહે તેમ છ માસ સુધી નિદ્રા કરે. આ પ્રથમ પ્રકારની **ક્ષેત્રવેદના** છે. જીજ્ઞાસુએ બીજા ગ્રંથોથી તેનું વિશેષ સ્વરૂપ જાણી લેવું.

બીજા પ્રકારની **પરમાધામીકૃત વેદના** છે. આ હલકી જાતના દેવોને જીવોને દુઃખ દેવામાંજ આનંદ આવે છે. તેઓ તેને મારે છે, કૂટે છે, તેના શરીરને તોડે છે, કાપે છે, રાડો પડાવે છે, એક પર બીજાને નાખે છે, કરવતથી વેરે છે અને જીભ ખેંચે છે અને એવી એવી બીજી અનેક પ્રકારની વેદનાઓ કરે છે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

આ ઉપરાંત ત્રીજી **અન્યોન્યકૃત વેદના છે.** અગાઉના વૈરભાવથી જીવો પરસ્પર કપાઇ મરે છે, લડે છે અને કદર્થના પામે છે, પમાડે છે.

ઉપરની હકીકત ઉપરથી જણાયું હશે કે ક્રોધી, અહંકારી, કપટી, લોભી, વિષયમાં આસકત જીવ સદરહુ ગતિમાં જાય છે. જો તારી કલ્પનાશકિત સારી હોય તો ઉપરનું સ્વરૂપ જોયા પછી પણ તને નારકીની બીક લાગતી નથી? વિષયજન્ય સુખ-માની લીધેલું સુખ ક્ષણવાર-પાંચ મિનિટ-કલાક-દિવસજ ચાલે છે અને તેના બદલામાં નારકીનાં દુઃખો સાગરોપમ ચાલે છે. માટે હવે ગમે તે આદર.

## તિર્યંચ ગતિનાં દુઃખો

**बंधोऽनिशं वाहनताडनानि, क्षुत्तृड् दुरामातपशीतवाताः ।**
**निजान्यजातीयभयापमृत्युदुःखानि तिर्यक्ष्विति दुस्सहानि ॥**

" નિરંતર બંધન, ભારનું વહન, માર, ભૂખ, તરસ, દુષ્ટ રોગો, તડકો, ઠંડી, પવન, પોતાની અને પારકી જાતિનો ભય અને કુમરણ–તિર્યંચ ગતિમાં આ અસહ્ય દુઃખો છે" ઉપજાતિ

**અર્થ**–બંધન તે ગાડા, હળ, ચક્કી વિગેરેમાં. તડકો, ઠંડી અને પવન તે અનુક્રમે ઉનાળો શિયાળો અને ચોમાસાની ઋતુના ઉપદ્રવ છે. પોતાની જાતિનો ભય તે હાથીને હાથીનો, ગોધાને ગોધાનો વિગેરે, અને પરજાતિનો ભય તે મૃગને સિંહનો, ઉંદરને બિલાડીનો વિગેરે; વળી નાક કાનનું છેદવું વિગેરે બહુ પ્રકારનાં દુઃખો તિર્યંચોને છે. બિચારાથી બોલી શકાય નહિ, સહનશીલતા રાખવી પડે. આવી પીડાઓ વિષય કષાયમાં રાચનારને ખમવી પડે છે માટે ચેતો. અત્ર તિર્યંચ ગતિનાં દુઃખો વર્ણવામાં આવ્યાં છે, તે સર્વ જીવોની અપેક્ષાઓ છે, એ ઉપરાંત અમુક જાતિને માટે દુઃખો વિચારીયે તો બહુ જાય દાખલા તરીકે કેટલાંક દુઃખો અશ્વને ખાસ હોય છે, કેટલાંક બળદને ખાસ હોય છે, કેટલાંક શ્વાનને ખાસ હોય છે, તે દરરોજનો અનુભવનો વિષય છે તેથી ગ્રંથગૌરવના ભયથી અત્ર વિસ્તાર કર્યો નથી. એકેન્દ્રિયાદિકના અવ્યકત દુઃખનું વર્ણન કરવું પણ અશકય છે. તે ગતિમાં સુખ નથી એ સાર છે.

## દેવગતિનાં દુઃખો

**मुधान्यदास्याभिभवाभ्यसूया, भियोऽन्तगर्भस्थिति दुर्गतीनाम् ।**
**एवं सुरेष्वप्यसुखानि नित्यं किं तत्सुखैर्वा परिणामदुःखैः ॥**

" ઇંદ્રાદિકની નિષ્કારણ સેવા કરવી, પરાભવ, મત્સર, અંતકાળ ગર્ભસ્થિતિ અને દુર્ગતિનો ભય-આવી રીતે દેવગતિમાં પણ નિરંતર દુઃખો છે. વળી જેને પરિણામે દુઃખ છે તેવા સુખથી શું ? ઉપજાતિ.

**ભાવ-૧** મનુષ્ય પારકી ચાકરી કરે છે તેનો હેતુ ગુજરાન ચલાવવાનો હોય છે પણ દેવતાને આજીવિકાનું કારણ નહીં છતાં તેમજ દ્રવ્યપ્રાપ્તિનો હેતુ નહીં છતાં પણ આભિયોગાદિક ભાવનાએ કરી પૂર્વોપાર્જન કરેલાં કર્મના આધીનપણાથી વગર કારણે ચાકરી કરવી પડે છે.

૨. પોતાથી વધારે બળવાન દેવો પોતાની સ્રીને ઉપાડી જાય ઇત્યાદિ **અભિભવ**-પરાભવ.

૩. પરનો ઉત્કર્ષ સહન ન કરવો તે **અસૂયા**. દેવતાને બીજા દેવોનું વિશેષ સુખ જોઈને ઇર્ષ્યા બહુ હોય છે.

૪ દેવતાને **મરણની** બીક બહુ લાગે છે. ફુલની માળાનું કરમાવું વિગેરે મરણનાં ચિન્હ જોઇ છ માસથી તો વિલાપ કરવા માંડે છે.

૫. મરણ પછી ગર્ભમાં નવ માસ **અશુચિ કર્દમમાં ઉંધું લટકાવું પડશે** એવા વિચારથી મૂર્છા પણ પામે છે, અથવા ઢોર પક્ષી કે એકેન્દ્રિયમાં જવું પડશે તેની બીક પણ બહુ લાગે છે.

૬. એજ રીતે દુર્ગતિમાં જવાની બીક બહુ લાગ્યા કરે છે. વળી દેવતાઓમાં ખટપટ બહુ ચાલે છે, લડાઇઓ પણ ઘણી વાર થાય છે અને ચિત્તવ્યગ્રતા બહુ રહે છે. એકલી રૂદ્ધિ

પ્રાપ્ત થયેલી હોય છે, પણ તેથી કાંઇ માનસિક સુખ મળતું નથી અને એ સુખ દેવતા ભોગવી શકતા નથી

વળી પૌદ્ગલિક સુખ જરાજરા છે એમ માનીએ તોપણ દેવગતિમાં કરેલી વિષયાસક્તિને પરિણામે દુર્ગતિ મળે છે ત્યારે પછી એને સુખ કેમ કહેવાય? ઉપદેશમાળામાં ધર્મદાસ ગણિ કહે છે કે "ચ્યવન સમયે દેવતા પોતાનું પૂર્વનું સુખ ભાવિમાં પ્રાપ્ત થનારૂં દુઃખ વિચારીને માથું કુટે છે અને ભીંત સાથે માથું અફાળે છે." પાંચ ઇંદ્રિયના વિષયમાં આસક્ત, અંગભંગ બગાસાથી છ માસ પહેલાં જાગ્રત થતા દેવો, કરોડો વર્ષનાં સુખને અંતે બધું હારી જાય છે. પૌદ્ગલિક સુખ એ સુખજ નથી એ અત્ર સ્ફુટ થઇ જાય છે.

જ્યાં સુધી માનસિક સુખ–જ્ઞાનાનંદ નથી ત્યાં સુધી સ્થૂળ પૌદ્ગલિક સુખ ગમે તેટલું હોય તોપણ તેથી જરાપણ આનંદ થતો નથી. દેવગતિમાં સ્થુળ સુખો તો કદાચ પરાકાષ્ટાએ પહોંચે તેટલા લભ્ય થઇ શકે તોપણ તે હોય ત્યારે પણ સુખ નથી અને પછીતો મહા કષ્ટ આપનાર થાય છે. દેવ જેવી એકાંત સુખ આપનારી લાગે તેવી ગતિમાં પણ સુખ નથી એ ખાસ વિચારવા યોગ્ય છે.

## મનુષ્ય ગતિનાં દુઃખો

सप्तभीत्यभीभवेष्टविप्लवानिष्टयोगगददुःसुतादिभिः ।
स्याच्चिरं विरसता नृजन्मनः, पुष्यतः सरसतां तदानय ॥

"સાત ભય, પરાભવ (અપમાન), વ્હાલાનો વિયોગ, અપ્રિયનો સંયોગ, વ્યાધિઓ, માંડી વાળેલ છોકરા વિગેરે વડે મનુષ્ય-

જન્મ પણ લાંબા વખત સુધી વિરસ (ખારોધુધવા) થઇ જાય છે, તેટલા માટે પુણ્યવડે મનુષ્યજન્મનું મધુરપણું પ્રાપ્ત કર"

સ્વાગતા.

**ભાવાર્થ**-આલોકનો ભય, પરલોકનો ભય, આદાન (પોતાની વસ્તુ ચોરાઇ જવાનો) ભય, અકસ્માત ભય, ભરણપોષણ (આજીવિકા) ભય, મરણભય, અને અપકીર્તિભય એ સાત ભય મનુષ્યભવમાં બહુ પીડા કરે છે. વળી એ ઉપરાંત આ મનુષ્યભવમાં રાજા ચોર વિગેરે તરફથી પરાભવ થાય છે. વ્હાલા પુત્રનું મરણ, સ્ત્રીથી વિયોગ, ધન કીર્ત્યાદિનાશ વિગેરે અનિષ્ટનો સંયોગ, (ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ એ ચેતન અચેતન આદિ સર્વ પદાર્થના સંબંધમાં હોય છે); એ ઉપરાંત ખરાબ સંજોગોમાં રહેવું, મૂર્ખ રાજા અથવા શેઠની નોકરી કરવી, મૂર્ખ સ્ત્રી સાથે ભવ કાઢવો, પુત્રપ્રાપ્તિ ન થવી, ઘણી દિકરીઓના પિતા થવું, દ્રવ્ય ખાતર પરદેશમાં રખડવું, નીચ શેઠીઆઓના ફાંટાદાર મગજમાંથી નીકળતાં વિચિત્ર હુકમોનો અમલ કરવો, એ આ મનુષ્યભવમાં મનાતાં અનેક દુઃખોમાંનાં થોડાં છે. પરંતુ આ જીવતો વિચારજ કરતો નથી. સંસ્કૃતમાં એક જગ્યાએ કહે છે કે "પ્રથમ તો, માની કુખમાં બહુ દુઃખ છે. ત્યાર પછી નાનપણમાં પરાધીનવૃત્તિનું દુઃખ, યુવાવસ્થામાં વિયોગનું દુઃખ અને ઘડપણ તો દુઃખનું ભરેલુ હોવાથી અસારજ છે. આ મનુષ્યજન્મમાં હે ભાઇઓ ? કહો કશુ સુખ છે ? હોય તો બોલો." આવું જાણે છે તોપણ સંસારમાં રાચ્યો માચ્યો રહે છે. કોઈ પ્રેમી સ્નેહી સગાના મરણ વખતે મોટી પોક મૂકીને રડે છે; પણ વિચારતો નથી કે આ મનુશ્યભવ અમર કરી દેવામાં આવે તો અહીં ગોઠે તેમ નથી. એ તો

પચાસ સાઠ વરસ રહેવાનું છે તે જરા ઠીક લાગે છે. બાકીતો મોટા થયા પછી શોકાદિના નિમિત્ત, જવાબદારી અને પંચાતી એટલી વધી જાય છે કે એવી જીંદગી અમર થઈ ગઈ હોય તો દુનિયાને છોડીને ચાલ્યા જવું પડે.

આવી રીતે મનુષ્યભવમાં પણ દુઃખજ છે તો દુખથી કડવા થયેલા મનુષ્યજન્મને પારમાર્થિક ધાર્મિક કાર્ય કરવાદ્વારા પુણ્યોપાર્જન કરી મધુર કર. હવે ચાર ગતિમાં થતાં દુઃખો બતાવી તે દુખો ન થાય તેનો પ્રયત્ન કરવા ઉપદેશ આપે છે.

## સંસારભ્રમણનો હેતુ—મન.

**सुखाय दुःखाय च नैव देवा, न चापि कालः सुहृदोऽरयो वा।**
**भवेत्परं मानसमेव जंतोः, संसारचक्रभ्रमणैकहेतुः ॥**

" દેવતાઓ આ જીવને સુખ કે દુઃખ આપતા નથી, તેમજ કાળપણ નહિ, તેમજ મિત્રો નહિ અને શત્રુ પણ નહિ મનુષ્યને સંસારચક્રમાં ભમવાનો માત્ર હેતુ મનજ છે. ઉપજાતિ.

**ભાવ**–દરરોજ સુખ દુઃખ થયાં કરે છે. કેટલીકવાર જીવ એમ ધારે છે કે ગોત્રદેવતા કે અધિષ્ઠાયક દેવતા દુઃખ આપે છે અથવા સુખ આપે છે, કેટલીકવાર વખત ખરાબ છે એમ બોલે છે, કેટલીકવાર સ્નેહીથી સુખ મળે છે અથવા શત્રુથી દુખ મળે છે એમ આ જીવ ધારે છે, આ બધું ખોટું છે. શાસ્ત્રકાર કહે છે કે–

સુખ દુઃખ કારણ જીવને, કોઇ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ તે સોય."

ત્યારે કર્મના ઉદયથીજ બધું સુખદુખ થાય છે. કર્મબંધ

મનના સંકલ્પો પર આધાર રાખે છે તે સ્પષ્ટ છે, અને તે પર હજુ વિશેષ વિવેચન કરવામાં આવશે. તેથી મિત્રો સુખ આપે કે વખત અનુકુળ થઇ જાય તે પણ મનપર આધાર છે. સંસારભ્રમણનો હેતુ પરવશ થતું મન છે.

સંસાર એ બરાબર ફરતું ચક્ર છે. એને એકવાર જોરશથી ધરી પર ફેરવ્યા પછી તેને અટકાવવા સારૂ મજબુત બ્રેક (brake)ની જરૂર પડે છે અને તે બ્રેક તે મનપર અંકુશ છે. એ મનપર અંકુશ રૂપ બ્રેક ચડાવી દેતાંજ સંસારચક્રની ગતિ મંદ પડતી જાય છે અને જો બહૂજ મજબૂત બ્રેક હોય તો એકદમ અટકી જાય છે મનના સંકલ્પો સંસારગમન–સંસરણમાં કેટલું કાર્ય બજાવે છે તે આ ઉપરથી ખાસ ધ્યાનમાં રાખવાનું છે. સંસારને ચક્ર સાથે સરખાવવામાં બહૂ દીર્ઘ દ્રષ્ટિ વાપરી છે. એ રૂપક બહુ સાર્થ છે અને બહુ રીતે અર્થઘટનાવાળો છે. ચક્રને એક વખત ખુબ જોસથી ચલાવવા માંડયા પછી તેને ગતિ આપવામાં ન આવે તો પણ ચાલ્યા કરે છે, તેમજ સૃષ્ઠિ (સંસારવ્યવહાર–આશ્રમ) માંડયા પછી થોડો વખત દૂર જાય તો પણ તે તો ચાલ્યાજ કરે છે. એક ચક્ર અનેક ચક્રોને ચલાવે છે તેવીજ સૃષ્ટિરચના જોઇ લેવી તેને અટકાવવા હાથ લગાડવામાં આવે તો હાથ ભાંગી જાય તેને અટકાવવાના બેજ ઉપાય છે. કાં તો સ્ટીમ (જે ચક્રગતિનું કારણ છે તે) કાઢી નાંખવી અને કાં તો ચક્રપર મજબૂત બ્રેક ચડાવવી. આપણો સર્વ પ્રયાસ તો સ્ટીમ કાઢી નાખવાનોજ છે, પણ તે જ્યાં સુધી થઇ શકે નહિ ત્યાં સુધી મજબૂત બ્રેક ચડાવવી એ પરમ હિતકર્તા છે અને સાધ્યને નજીક લાવનાર છે.

चिरंतन आचार्य कृत पञ्चसूत्रमध्ये प्रथमं

## पावपडिग्घाय गुणबीजाहाणसुत्तं.

णमो वीअरागाणं सव्वन्नूणं देविंदपूइआणं जहट्ठिअवत्थुवाईणं तेलुक्कगुरूणं अरूहंताणं भगवंताणं ।

जे एवमाइक्खंति–इह खलु अणाइ जीवे, अणाइ जीवस्स भवे, अणाइ कम्मसंजोगनिव्वत्तिए, दुक्खरूवे, दुक्खफले, दुक्खाणुबंधे ।

एअस्सणं वुच्छित्ती सुद्धधम्माओ, सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ, पावकम्मविगमो तहाभव्वत्ताइभावओ ।

( શ્રીમાન્ હરિભદ્રસૂરિ કૃત ટીકાના આધારે. )

**પાપ પ્રતિઘાત અને ગુણ બીજ–આધાન સૂત્રની વ્યાખ્યા.**

વીતરાગ, સર્વજ્ઞ; સૂરેન્દ્ર પૂજિત; યથાસ્થિત વસ્તુ–તત્વવાદી; અને ત્રૈલોકયગુરૂ એવા અરૂહંત× ભગવંતોને નમસ્કાર હો !

તેઓ એમ આખ્યાન કરે છે કે 'નિશ્ચે આ લોકમાં અનાદિ જીવાત્મા છે તથા અનાદિ કર્મસંયોગજનિત જન્મ, જરા મરણ રોગ, શોક લક્ષણ; દુઃખરૂપ; દુઃખફળવાળો અને દુઃખની પરંપરાવાળો અનાદિ સંસાર છે.'

એ અનાદિ સંસાર-ભ્રમણનો અંત શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ધર્મનું ઔચિત્યવડે સતત્ સત્કાર અને વિધિપૂર્વક સેવન કરવાથી થાય છે. ઉક્ત શુદ્ધ ધર્મની સંપ્રાપ્તિ; મિથ્યાત્વમોહનીય પ્રમુખ પાપકર્મનો વિનાશ થવાથી થાય છે, અને તે પાપકર્મનો વિનાશ તથાવિધ+ ભવ્યત્વ; કાળ; નિયતિ; કર્મ ને પુરૂષાતનવડે થવા પામે છે.

× જન્મ મરણ રહિત થયેલા અરિહંત. + સ્વભાવ.

तस्स पुण विवागसाहणाणि चउसरण गमणं, दुक्कड गरिहा, सुकडाण सेवणं ।

अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं भुज्जो भुज्जो संकिलेसे, तिकालमसंकिलिसे ।

जावज्जीवं मे भगवंतो, परम तिलोगनाहा, अणुत्तरपुन्नसंभारा, खीणरागदोसमोहा, अचिंतचिंतामणी, भवजलहिपोआ, एगंतसरणा अरहंता सरणं ।

तहा पहीणजरमरणा, अवेअकम्मकलंका, पणट्ठवाबाहा, केवलनाणदंसणा, सिद्धिपुरनिवासी, निरुवमसुहसंगया, सव्वहा कयकिच्चा, सिद्धा सरणं ।

તથાવિધ ભવ્યત્વપરિપાકનાં સાધન અરિહંતાદિક ચાર શરણ દુષ્કૃત નિંદા-ગર્હા અને સુકૃત કરણીનું અનુમોદન કરવારૂપ કહ્યાં છે. તેથી મોક્ષાર્થી જનોએ સદા સુપ્રણિધાન, સંક્લેશ સમયે વારંવાર અને અસંક્લેશ સમયે સામાન્ય રીતે ત્રિકાળ કર્યા કરવું.

પરમ ત્રિલોકીનાથ; પ્રધાન પુન્યના ભંડાર; રાગ દ્વેષ મોહથી સર્વથા રહિત; અચિન્ત્ય ચિન્તામણિરૂપ; ભવસાગરમાં પોત સમાન અને એકાન્ત શરણ કરવા યોગ્ય એવા અરિહંત ભગવંતોનું મ્હારે જીવિત પર્યંત શરણ હો !

તથા જન્મ જરા મરણથી મુક્ત-અજરામર, કર્મ-કલંક રહિત સર્વ પ્રકારની પીડા રહિત; કેવળજ્ઞાનદર્શનયુક્ત, શિવપુરનિવાસી; નિરૂપમ સુખ સંયુક્ત અને સર્વથા કૃતકૃત્ય એવા સિદ્ધોનું મને શરણ હો !

तहा पसंतगंभीरासया, सावज्जजोगविरया, पंचविहायार-जाणगा, परोवयारनिरया, पउमाइनिदंसणा, झाणज्झयण-संगया, विसुज्झमाणभावा साहू सरणं ।

तहा सुरासुरमणुअपूइओ, मोहतिमिरंसुमाली, रागद्दोस-विसपरममंतो, हेउ सयलकल्लाणाणं, कम्मवणविहावसू, साहगो सिद्धभावस्स, केवलीपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं।

सरणमुवगओ अ एएसिं गरहामि दुक्कडं ।

जण्णं अरहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा, उवज्झाएसु वा, साहुसु वा, साहुणीसु वा, अन्नेसु वा धम्मट्ठाणेसु, माणणिज्जेसु, पूअणिज्जेसु, तहा माईसु वा, पिईसु वा, बंधूसु वा,

તથા પ્રશાન્ત, ગંભીર આશયવંત, સાવદ્ય ( પાપ ) વ્યાપારથી વિરમેલા, પંચ પ્રકારના આચારમાં કુશળ, પરોપકારમાં રક્ત ( ઉજમાળ ), પદ્મકમળ જેવા નિર્લેપ, શરદ્‌જળ જેવા સ્વચ્છ હૃદયવાળા, જ્ઞાન ધ્યાનમાં સાવધાન અને વિશુદ્ધમાન પરિણામવાળા સંત-સાધુઓનું મને શરણુ હો !

તથા સુર અસુર અને મનુષ્યો વડે પૂજિત, મોહ-અંધકારને ટાળવા સૂર્ય સમાન, રાગદ્વેષ રૂપ વિષને ટાળવા પરમમંત્ર સમાન; સમસ્ત કલ્યાણના હેતુરૂપ, કર્મવનને બાળવા અગ્નિ સમાન, અને પરમ મોક્ષરૂપ સિદ્ધિસાધક સર્વજ્ઞપ્રણીત ધર્મનું મને જાવજ્જીવ શરણુ હો !

ઉક્ત ચારે શરણો આદરી હું દુષ્કૃત્ય ( પાપ ) ની નિંદાગર્હા કરૂં છું. અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, સાધ્વીઓ કે બીજા અનેરા પૂજનીય માનનીય ગુણાધિક આત્માઓ વિષે તથા માતા, પિતા, બંધુઓ, મિત્રો કે ઉપકારી જનો વિષે

मित्तेसु वा, उवयारीसु वा, ओहेण वा जीवेसु मग्गट्ठिएसु, अमग्गट्ठिएसु, मग्गसाहणेसु, अमग्गसाहणेसु, जंकिंचि वितहमायरिअं, अणायरिअव्वं, अणिच्छिअव्वं, पावं पावाणुबंधि सुहुमं वा, बायरं वा, मणेण वा, वायाए वा, काएण वा, कयं वा, काराविअं वा, अणुमोइअं वा, रागेण वा, दोसेण वा, मोहेण वा, इत्थ वा जम्मे जम्मंतरेसु वा गरहिअमेअं, दुक्कडमेअं, उज्झियव्वमेअं, विआणिअं मए, कल्लाणमित्तगुरुभगवंतवयणाओ, एवमेअंति, रोइअं सद्धाए, अरिहंतसिद्धसमक्खं, गरहामि अहमिणं दुक्कडमेअं उज्झियव्वमेअं इत्थ मिच्छामि दुक्कडं मिच्छामि दुक्कडं मिच्छामि दुक्कडं ।

અથવા ઓઘે ( સામાન્યતઃ ) સમકિતાદિ યુક્ત કે તેથી રહિત જીવો વિષે, પુસ્તકો વિગેરે કે ખડ્ગાદિક વિષે મેં જે કંઇ વિપરીત-અવિધિ ભોગાદિક વડે નહીં આચરવા યોગ્ય, નહીં ઇચ્છવા યોગ્ય પાપાનુબંધી પાપ-સૂક્ષ્મ કે સ્થૂલ મન વચન કે કાયાવડે, રાગ દ્વેષ કે મોહવડે, આ જન્મ કે અન્ય જન્મોમાં કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય, તે દુષ્કૃત્યને કલ્યાણમિત્ર ગુરૂ-દેવનાં વચનથી નિંદા-ગર્હા યોગ્ય અને છાંડવા યોગ્ય, જાણ્યું શ્રદ્ધા વડે એ વાત મને ગમી, એટલે અરિહંત-સિદ્ધની સમક્ષ એ છાંડવા યોગ્ય દુષ્કૃત્યને નિંદુ-ગર્હું છું. એ સંબંધે કરેલું પાપ મિથ્યા થાઓ. મિથ્યા થાઓ; મિથ્યા થાઓ! અર્થાત મારાં પાપ નિવેદન કરી તેની માફી માગું છું.

ઉક્ત પાપની આલોચના મારે ભાવ રૂપ થાઓ! ફરી ફરી તેવાં પાપ ન થવા પામે એમ બનો! એ બંને વાત મને બહુ

होउ मे एसा सम्मं गरिहा, होउ मे अकरणनियमो, बहुमयं ममेअंति इच्छामि अणुसट्ठिं अरहंताणं भगवंताणं, गुरूणं कल्लाणमित्ताणंति ।

होउ मे एएहिं संजोगो, होउ मे एसा सुपत्थणा, होउ मे इत्थ बहुमाणो, होउ मे इओ मुक्खबीअंति ।

पत्तेसु एएसु अहं सेवरिहे सिआ, आणारिहे सिआ, पडिवत्तिजुत्ते सिआ, निरइआरपारगे सिआ ।

संविग्गो जहासत्तीए सेवेमि सुकडं । अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं,सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरिआणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तपयाणं,सव्वेसिं

પસંદ પડી છે, તેથી અરિહંત ભગવંતો તથા કલ્યાણમિત્ર એવા ગુરૂમહારાજની હિતશિક્ષાને ઇચ્છું છું.

મને એમની જોડે ઉચિત યોગરૂપ સમાગમ થાઓ ! મને એવી રૂડી પ્રાર્થના કરવાનું પ્રાપ્ત થાઓ ! એ પ્રાર્થના કરતાં મને હૃદયપ્રેમ જાગો ! અને એ પ્રાર્થનાથી મને મોક્ષબીજ ( કલ્યાણકારક સફળ સાધન-માર્ગ )પ્રાપ્ત થાઓ !

અરિહંતાદિકનો સુયોગ પ્રાપ્ત થયે છતે હું તેમની સેવા કરવા લાયક થાઉં, આજ્ઞા પાળવા લાયક થાઉં, ભકિતયુક્ત થાઉં અને દોષ રહિત તેમની આજ્ઞાનો પારગામી થાઉં—અર્થાત્ તેમની આજ્ઞાને યથાર્થ રીતે પાળી પાર ઉતરી શકું.

મુમુક્ષુ-કેવળ મોક્ષાર્થી છતો, શકિતને ગોપવ્યા ( છુપાવ્યા) વગર સુકૃત્યને હું સેવું. સર્વે અરહંતો સંબંધી અનુષ્ઠાન-ધર્મદેશનાદિકને અનુમોદું છું તેમજ સર્વ સિદ્ધોના સિદ્ધભાવને સર્વ આચાર્યોના આચારને, સર્વ ઉપાધ્યાયોના સૂત્રપ્રદાનને, સર્વ

साहूणं साहुकिरिअं, सव्वेसिं सावगाणं मुक्खसाहणजोगे, सव्वेसिं देवाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे ॥

होउ मे एसा अणुमोअणा सम्मं विहिपुव्विआ, सम्मं सुद्धासया, सम्मं पडिवत्तिरूवा, सम्मं निरइआरा, परमगुण अरहंताइसामत्थओ, अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो वीअरागा सव्वण्णू, परमकल्लाणा, परमकल्लाण हेउ सत्ताणं, मूढे अम्हि पावे, अणाईमोहवासिए, अणभिन्ने भावओ, हिआहिआणं अभिन्ने सिआ, अहिअनिवित्ते सिआ, हिअपवित्ते सिआ,

સાધુજનોની સાધુક્રિયાને, સર્વ શ્રાવકોના મોક્ષસાધન યોગોને તેમજ ઇન્દ્રાદિક સર્વ દેવોના અને નિકટ-ભવી એવા શુદ્ધાશય વાળા સર્વ જીવોના માર્ગસાધન યોગો ( માર્ગાનુસારીપણા) ને હું અનુમોદું છું-પ્રશંસું છું.

ઉક્ત સુકૃત–અનુમોદના મારે સમ્યગ્ વિધિપૂર્વ (સૂત્રાનુસારે) ખરા શુદ્ધ આશયવાળી, આચરણરૂપે યથાર્થ પાલન કરવારૂપ, તેનો યથાર્થ નિર્વાહ કરવાવડે નિરતિચાર ભાવે પરમગુણયુક્ત અરિહંતાદિકના પ્રભાવથી હો ! કેમકે અચિન્ત્ય શક્તિવાળા તે ભગવંતો વીતરાગ સર્વજ્ઞ પરમ કલ્યાણરૂપ હોઈ ભવ્યજનોને પરમ કલ્યાણના હેતુભૂત થાય છે.

મૂઢ, પાપી, અનાદિ મોહવાસિત, વસ્તુઃ હિતાહિતનો અજાણ એવો હું હિતાહિતને સમજતો થાઉં, અહિતથી નિવૃત્ત થાઉં, હિતમાર્ગમાં પ્રવૃત્ત થાઉં અને સર્વ સત્ત્વ-પ્રાણીવર્ગ સંબંધી

आराहगे सिआ, उचिअपडिवत्तीए सव्वसत्ताणं सहिअंति, इच्छामि सुकडं इच्छामि सुकडं इच्छामि सुकडं ॥

एवमेअं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढिलीभवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा निरणुबंधे वाऽसुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं कडगबद्धे विअ विसे अप्पफले सिआ, सुहावणिज्जे सिआ, अपुणभावे सिआ।

तहा आसगलिज्जंति, परिपोसिज्जंति, निम्मविज्जंति, सुहकम्माणुबंधा, साणुबधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जिअं नियमफलयं सुपउत्ते विअ महागए, सुहफले सिआ, सुहपव-

ઉચિત સેવાવડે આરાધક થાઉં. (સ્વહિતરૂપ) સુકૃત (અનુમોદના) ને અંતઃકરણથી ઇચ્છું છું—ઇચ્છું છું.

એ રીતે આ સૂત્રને ખુબ વૈરાગ્યપૂર્વક ભણનાર, સાંભળનારને ચિંતવનારનાં અશુભ કર્મના અનુબંધ ઢીલા પડે છે, ઓછા થાય છે ને ક્ષીણ થાય છે. અથવા ઉક્ત સૂત્ર અભ્યાસજનિત શુભ પરિણામવડે, બાકી રહેલાં અશુભ કર્મ અનુબંધ રહિત ફળ પરંપરા આશ્રીને સામર્થ્ય (સત્વ)વગરનાં થઇ જાય છે; મંત્રસામર્થ્યવડે કટકબદ્ધ વિષની પેરે અલ્પ વિપાકવાળાં, સુખે ટાળી શકાય એવાં અને ફરી પાછાં ન બંધાય એવાં થવા પામે છે.

તથા શુભ કર્મના અનુબંધ સહેજે એકઠા થવા પામે છે, ભાવની વૃદ્ધિવડે ખુબ દ્રઢ ને સંપૂર્ણ થવા પામે છે; તથા પ્રધાન, શુભ ભાવાર્જિત, નિશ્ચયફલદાયી સાનુબંધ શુભકર્મ, સારી રીતે પ્રયોજેલા મહૌષધની પેરે એકાંત કલ્યાણકારી, શુભ પ્રવર્તક અને પરંપરાએ પરમસુખ–મોક્ષસાધક થાય છે. આ કારણથી

त्तगे सिआ, परमसुहसाहगे सिआ, अपडिबंधमेअं असुहभाव-निरोहेणं, सुहभावबिअंति सुप्पणिहाणं सम्मं पढिअव्वं, सम्मं सोअव्वं, अणुपेहिअव्वंति।

नमो नमिअनमिआणं परमगुरुवीअरागाणं, नमो सेसन-मुक्कारारिहाणं, जयउ सव्वण्णुसासणं, परमसंबोहीए सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा॥

इति पावपडिग्घाय गुणबीजाहाणसुत्तं सम्मत्तं ॥१॥

---

પ્રતિબંધરહિત નિયાણા રહિત અશુભ ભાવના નિરોધવડે શુભ ભાવનાના બીજરૂપ જાણીને, આ સૂત્રને પ્રશાન્ત આત્માએ, રૂડી એકાગ્રતા-સ્થિરતાથી સારી રીતે ભણવું, વ્યાખ્યાન વિધિવડે સાંભળવું, અને તેના અર્થરહસ્યનું ચિંતવન કરવું.

દેવર્ષિવંદિત એવા પરમગુરૂ વીતરાગ પરમાત્માઓને નમસ્કાર હો! તેમજ શેષ નમસ્કાર કરવા યોગ્ય ગુણાધિક આચાર્યાદિક પ્રત્યે નમસ્કાર હો! સર્વજ્ઞ શાસન જયવંતુ વર્તો! પરમસંબોધિ-વર બોધિના લાભવડે મિથ્યાત્વ દોષની નિવૃત્તિ યોગે પ્રાણીઓ સુખી થાઓ! સુખી થાઓ! સુખી થાઓ! ઇતિશમ્.

ઇતિ પાપપ્રતિઘાત ગુણબીજાધાન સૂત્રં સંક્ષિપ્ત વ્યાખ્યા સમેતં સમાપ્તમ્.

---

## —: બોધ વચનો :—

૧. દુર્ગતિમાં પડતા પ્રાણીને બચાવી ધર્મમાં સ્થાપન કરે તેનું નામ ધર્મ.

૨. અનાદિ કાળથી જન્મ મરણુના કારમા રોગોથી પીડાતા આત્માને તે રોગોથી મુક્ત કરવો એજ મનુષ્ય ભવથી આરાધવા લાયક શ્રેષ્ઠ કર્તવ્ય છે.

૩. જે પુરૂષોના ધર્મ વિનાના દિવસો આવે છે અને જાય છે. તે લુહારની ધમણુની માફક શ્વાસ લેવા છતાં મરેલા જેવાજછે.

૪ ધર્મ વિનાનો ધનવાન એજ સાચો કંગાળ છે અને ધર્મી દરિદ્રી હોવા છતાં સાચો ધનવાન અને શ્રીમાન્ છે.

૫. હે ચેતન વીજળીના ઝબકારા જેવું પૌદ્ગલિક સુખ મેળવવા અને પેટ ભરવાની વિદ્યામાટે અનેક વર્ષો ગુમાવ્યા પણુ આ સંસારથી તારનાર તત્વજ્ઞાન માટે કેટલા વર્ષો કાઢયાં એ કદીપણુ તને વિચાર છે ?

૬. ધર્મ વિનાનો મનુષ્યભવ એ જળ વિનાના સરોવર જેવો અને ચેતન વિનાના શરીર જેવો છે.

૭. હે મૂર્ખ તું સુખે બેસે છે. સુખે સુએ છે. સુખે ખાય છે. સુખે પીએ છે. પણુ પરલોકમાં પુણ્ય વિના તારા શા હાલ થશે તેનો શાન્ત ચિત્તે જરા વિચાર કર.

૮. સમુદ્ર જેમ પાણીથી અને અગ્નિ જેમ ઇંધનથી તૃપ્તિ પામતો નથી તેમ આ જીવ પણુ સંસારિક વાસનાઓથી કદાપિ તૃપ્તિ પામતો નથી માટે આવી તૃષ્ણાઓનો અંત લાવવા માટે તેના ત્યાગની જરૂર છે.

૯. વ્યાપારની મોસમ એકાદ વર્ષ નિષ્ફળ જાય તો બીજે વર્ષે પણુ તેની તક સાંપડે છે. પરંતુ મનુષ્ય ભવની મોંઘી મોસમ જો ધર્મ કરણી અને કમાણી વિના નિષ્ફળ ગઈ તો તેવી અમુલ્ય તક ફરીથી મલવી અત્યંત દુર્લભ છે માટે હે ચેતન ! સમય જતાં પહેલાં હજી ચેત કે પાછળ પસ્તાવો થાય નહિ.

૧૦. હે ચેતન ! રોગ વૃદ્ધાવસ્થા અને મરણ આ મહાન ભયો તારી પાછળ પડી રહેલાં છે તેવા સમયે ઊંઘવાથી યા વિશ્રામ લેવાની તક નથી પણ જાગતા રહી નાશી છુટવાની જરૂર છે.

૧૧. ભાથા વગરનો મુસાફર જેમ ખોરાકના અભાવે મુસાફરીમાં ભૂખે મરે છે તેમ પુણ્ય રૂપી ભાથા વગર ભૂખે મરવાની દશા પ્રાપ્ત ન થાય તેનો વિચાર કર.

૧૨. આજના જડવાદનો ઝેરી પવન તમારા શ્રદ્ધારૂપ વૃક્ષને જમીનદોસ્ત કરી ન નાખે તેની ખાસ કાળજી રાખો.

૧૩. પોતાના સંતાનોને ધર્મ માર્ગમાં જોડનાર એજ સાચા માત પિતા છે. ધર્મજ્ઞાન આપનાર એજ સાચા સદ્ગુરૂ છે. અને મળેલા જ્ઞાનનો સદુપયોગ કરવો એજ મનુષ્ય જીવનની સાચી સાર્થકતા છે.

૧૪. સંસારીક મળેલા વૈભવો અને વિલાસોથી આ ભવસાગર તરાતો નથી પરંતુ આ પૌદ્‌ગલિક સુખો ભારરૂપ થઇ ઉલટા ડુબાડે છે. અને સાચા ત્યાગથી ભવસાગર તરાય છે. માટે ત્યાગ ઉપર દ્રષ્ટિ રાખ.

૧૫. હે ચેતન ! ઓત ગઇ થોડી રહી હવે પરભવ માટે બરાબર કમ્મર બાંધ જેથી કોઇ ભવમાં દુઃખ આવશે નહિ.

૧૬. હે ચેતન ! તું તારા સ્નેહી કુટુંબ અને ધનમાલ મિલ્કતની જેટલી સંભાળ રાખે છે. તેટલીજ કાળજી તારા આત્માના જોખમની કદી વીચારી છે ખરી ?

૧૭. એક કલાક પણ સદ્ગુરૂનો સમાગમ કરી તેમના વચનામૃતનું પાન જરુર કરજે જેથી તારી અનાદિની ભૂલ દુર થશે.

૧૮ પારકી નિંદા નહીં કરતાં આત્મ નિંદા કરી સાવધાન થજે.

૧૯. બહિરાત્મપણું ત્યાગ કરી અંતર આત્માને ખુબ વિચારજે.